# વીણેલા મોતી

પૂ. દામોદર પુરુષોતમ નરહરિ ગોડસે (પૂ. શાસ્ત્રીજી)

આધુનીક યુગના યુગપુરુષ, આજના સમાજના મહાનતત્વચીંતક છે. પુ. શાસ્ત્રીજીને આ જ્ઞાન તેમના પ.પૂ. દાદા તરફથી તેમની ૭ વર્ષની ઉંમરે પ્રાપ્ત થયું હતું. આ જ્ઞાનને અગાધ પરિશ્રમ અને સંશોધન તથા વાંચનની મદદથી તેમણે વટવૃક્ષ જેટલું વિકસાવ્યું છે. અતિગહન વિષયને લોકભોગ્ય બનાવીને રજૂ કરવાની તેમની વિશિષ્ટતા છે. દરેક પ્રવચન એટલે અધ્યાત્મના ખજાનામાંથી ચૂંટેલા મોતી. તેમની વિશિષ્ટતા છે કે એક વિષય સમજાવવા અલગ અલગ વિષયોનો સ્પર્શ કરે અને આપણને શીખવે કે દરેક દ્વૈતમાથી અદ્વૈત કેવી રીતે શોધવું.

તેમના દરેક પ્રવચનમાં કૌંસમાં તે વિષયનું મથાળું આપ્યું છે જેમકે: વેદ, ભાગવત, પુરુષસૂક્ત, શ્રી સૂક્ત, ગણપતિ અથર્વશીર્ષ, યજ્ઞ, અદ્વૈત, અવિદ્યા, ૐ, ગીતા, રામાયણ, મહાભારત, શંકર, રામ, કૃષ્ણ, ગણપતિ, રાધા, સીતા, નંદી, યોગ, ધ્યાન, શંકરાચાર્ય, પતંજલી, પરીક્ષિત, અરબિંદો, વલ્લભાચાર્ય, નચિકેતા, વિષ્ણુસહસ્ત્રનામ, લલિતાસહસ્ત્રનામ, તંત્ર, મંત્ર, યંત્ર, કુંડલિની, નવરાત્રિ, ગુડીપડવો, ઉત્તરાયણ, માતૃત્વ, મન, શ્રધ્ધા, દિક્ષા, વિઠોબા, બ્રહ્મસૂત્ર, પંચદશી, ભક્તિ, મધુરાભક્તિ અને છેલ્લે સૂત્ર નીચે વિવિધ વિષયો જે જીવન ઉપયોગી છે અથવા જે વિષય ઉપર વધુ વિસ્તાર નથી કર્યો, તે બધાનું સંકલન છે. આ સંકલન પ્રવચનની અંગત નોંધમાંથી તૈયાર કરેલું છે, તેથી કોઇ પણ વિષયમાં કાંઇ પણ ભૂલ હોય તો એમાં અમે નોંધ લેવામાં કાચા ઉતર્યા છીએ તેમ સમજીને દરગુજર કરશો.

આ અત્યારે કાચો હીરો છે, તેનું ઓપ આપવાનું કાર્ય હજુ બાકી છે.

પૂ. શાસ્ત્રીજી એ આજે અમારા જેવા ઘણા બધા પરિવારોને યોગ્ય માર્ગદર્શન પૂરૂ પાડ્યું છે અને જીવનની આધ્યાત્મિક ઉન્નતિ માટેનો માર્ગ ચીંધ્યો છે તેના માટે અમે પરમપિતા પરમેશ્વરના ઋણી છીએ કે અમને આવા ઋષીતુલ્ય પૂ. શાસ્ત્રીજીની છત્રછાયા આપી છે.

આ ગુરુપૂર્ણિમાના શુભઅવસરે પૂ. શાસ્ત્રીજીના પ્રવચનોનું સંકલન પૂ. શાસ્ત્રીજીના ચરણોમાં ગુરુદક્ષિણા રુપે સમર્પિત કરીએ છીએ.

પૂ. શાસ્ત્રીજીએ વર્ષ ૨૦૦૧ અને ૨૦૦૨ દરમ્યાન આપેલા પ્રવચનોનો ટુંકસાર આ વીણેલામોતી રૂપે અમે રજુ કર્યો છે.

આ પ્રેમ પુષ્પ પૂ. શાસ્ત્રીજીના નિયમિત પ્રવચનોમાં જનારા સત્સંગી ભાઇ-બહેનોનો નમ્રપ્રયાસ છે.

૧૩.૭.૨૦૦૩

ગુરુપૂર્ણિમા (મુંબઇ)

(સુત્ર) સત્યમ શિવમ સુન્દરમ

ઈશ્વર કૃપા તો અવિરત અનરાધર વર્ષી રહી છે.

અમે અજ્ઞાન લોકો છત્રી ઓઢી ને બેઠા છીએ

અને ઈશ કૃપાથી ભીંજાયા વગર કોરા રહી ગયા છીએ.

કોઈપણ વિષયને ધ્યેય બનાવી સમગ્ર ચિત્તવૃતિઓથી

એકરૂપતા સાધવી, એમાં તન્મયતા પ્રાપ્ત કરવી એનું નામજ ધ્યાન.

પંચતત્વના શરીરની ક્ષુદ્રત્વમાં ગણના છે, જયારે સત સંસ્કાર અને બ્રમ્હત્વ પ્રતિનું પ્રયાણ એજ સંસ્કાર જન્મ છે.

"શ્રી કૃષ્ણ મતિ રસ્તુ" શ્રીકૃષ્માં મારી બુધ્ધિ સ્થિર થાઓ.

"શ્રી કૃષ્ણઃ શરણં મમ" શ્રીકૃષ્ણ શરણ મારૂ ઘર છે, વિરામ છે.

"અજ્ઞાન દશામાં જીવ, જ્ઞાન દશામાં આત્મા"

"તન્મે મનઃ શિવ સંકલ્પમ્ અસ્તુ" મારૂ મન શુભ સંકલ્પો વાળું થાઓ.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, યશ, શ્રી-વાન ભગવાન છે.

"જીવનનાં હેતુની શોધનું નામ છે, સાધના, હેતુ છે પરમની પ્રાપ્તિ"

"આ જગતમાં કંઈ ખોટુ નથી. વિવકેપૂર્વક જીવતા શીખો"

બુધ્ધિ જયારે સૂક્ષ્મ થાય, ત્યારે સૂક્ષ્મ (પરા) ને પકડી શકે ત્યારે તે પ્રજ્ઞા બને.

સમાધિ - જેમ આંબળા ચાસણીમાં ડૂબી, તેની મિઠાશ ચૂસી તેના મય થઈ જાય છે-તેમ પરમનાં ધ્યાનમાં ડૂબી તેનાં મય થઈ જવું - સમાધિ છે.

દીપક : જીવનમાં ઉર્ધ્વગમનનું ઘોતક છે, સંસારમાં (ઘી માં) રહીને પણ, ઈચ્છાશક્તિનાં તાતણે (રૂની વાટ) પ્રકાશ પ્રાપ્ત કરી, હરિમાં વિલીન થઈ જાય છે.

વલ્લભાચાર્યજીનાં સંપ્રદાય પુષ્ટિ નો અર્થ છે, ઈશ્વર અનુગ્રહ. ઈશ્વર જ્યારે તમને પોતાની સમીપ ખેંચવા ચાહે છે - ત્યારે પોકાર પણ તેજ આપે છે. ઝંખના તીવ્ર હોય તો અનુગ્રહ આપમેળે ઝીલાશે.

પોતાની જાતને લોટની કણક જેવો નરમ બનાવો (ભક્તીની દીનતા) ક્યો ઘાટ ઘડવો, તે તેની ઉપર છોડી દો.

આ શરીર પંચતત્વનું બનેલું છે. પૃથ્વી, આપ (પાણી),તેજ, વાયુ, આકાશ આ પંચ મહાભૂતનાં અધિષ્ઠાતા દેવ છે. (૧) પૃથ્વીનાં (શંકર) (૨) આપ(પાણી)નાં ગણેશ, (૩) તેજનાં દેવી (શક્તિ) (૪) વાયુનાં સૂર્ય અને (૫) આકાશનાં દેવ વિષ્ણુ છે.

૨૦-૧૧-૨૦૦૧ (આત્મ અનુભૂતિ) દેહ સાથે તાદાત્મય છે, તે જીવાત્મા, અને જયારે તે પરમાર્થ તત્વ સાથે છે ત્યારે આત્મા, (શુદ્ધ સ્વરૂપ, જ્ઞાન રૂપે) દેહ સાથેનું તાદાત્મય અજ્ઞાનને આધારે જ હોય છે (બિંબ-પ્રતિબિંબ વાદ).

સાધનાનું એક સાધ્ય હોય છે, આત્માની અનુભૂતિ કરવી એ જીવનનું સાધ્ય છે, સાધનામાં અનેકતા છે પણ સાધ્ય એકજ છે. કિરતાર આ બ્રમ્હાંડને વ્યાપીને બેઠો છે. - એ અમાપ્ય છે તેને માપી શકાય નહી - જેને માપી શકાય, તેનો કાપ છે પણ જેને માપીજ ન શકાય તેનો વ્યાપ્ત તમારી કલ્પના કરતા પણ પરે છે. ઈશતત્વ આ જગતને વ્યાપ્ત કરીને પણ દશ અંગુલમ્ વધારે છે.

યોગમાર્ગમાં દશઅંગુલ એટલે નાભિથી દશ અંગુલ ઉપર એટલે કે જીવ છે તે નાભિસ્થિત છે અને આત્મા હૃદયસ્થલમાં સ્થિત છે. જો જીવ ઉર્ધ્વગતિ કરે તો આત્મભાવમાં આવી પરમાત્મામાં ભળી જાય છે.

જીવ દેહભાવ સાથે જોડાયેલ છે. જેવો જેનો ભાવ, તેવો તેનો દેવ, બુધ્ધિની સહાય લઈને જીવે ઉપર ઉઠતા શીખવું જોઈએ. આપણી બુધ્ધિ સંસારમાં, વ્યવહારમાંજ અટવાયેલી છે - આપણે બહારજ ભટકીએ છીએ - અંર્તમુખ થતા નથી - વેદન્ત કહે છે સપ્તલોક તમાર અંદર જ છે. જે બ્રમ્હાંડમાં છે તેજ પિંડમા છે - એક મોટા સ્વરૂપમાં છે - બીજું નાના સ્વરૂપમાં છે - આ તમને ધ્યાનમાં જણાય છે. જે સાતલોક બહાર છે તેજ પાંચ કોષ દેહમાં પણ છે.

૧) અન્નમય કોષ ૨) મનોમય કોષ ૩) પ્રાણમય કોષ ૪) વિજ્ઞાનમય કોષ ૫) આનન્દમય કોષ

(લાભપાંચમ) લાભ એટલે શું ? શુભ એટલે શું ? લક્ષ્ય - લક્ષ્ય લાભ થવું એટલે લક્ષ્યની પ્રાપ્તિ થવી. લાભ શબ્દ - લભ ધાતું પરથી આવ્યું છે. - લાભ એટલે મેળવવું - માણસને લક્ષ્ય પ્રાપ્ત થવું જોઈએ - લક્ષ્ય અને લાભ ગણપિતનાં દિકરા, સિધ્ધિ અને બુધ્ધિ ગણપિતની પત્નીઓ. કેવળ ભૌતિકવાદને પકડીને તેનોજ વિચાર કરે તે બુધ્ધિ - તેનાં થી પરેનો વિચાર કરનારી (પ્રજ્ઞા), સિધ્ધ કરનારી, તેની પ્રાપ્તિ કરનારી, સિદ્ધિ (રિદ્ધિ) છે.

એક ઝાડ પર બે પક્ષ વસે - એક નીચે છે જે તેની દૈનિક દિનચર્યા કર્યા કરે છે. જે જીવ છે. - બીજું પક્ષી ઉપર ટોચ પર બેસી આ બધું જોયા કરે છે. (સાક્ષીભાવ) જે આત્મા છે - શિવ છે.

દેહ અને આત્માનું જોડાણ એટલે આપણે - આપણી દોડ આ પંચમહાભૂતની પાછળ છે - તેમાંથી આનંદ પ્રાપ્ત થાય છે. પણ તૃપ્તિ પ્રાપ્ત થતી નથી - ઓ દોડ ખોટી છે તેની પ્રતિતી થાય છે. પછી પ્રશ્ન ઉદ્ભવે છે - સાચો સંતોષ કયાં છે ? આનંદની અનૂભુતિ આપ મેળે ઉદ્ભવે - બોલીને પ્રગટ થતી નથી.

અંદર જવુ એ યોગમાર્ગ છે. - દશ અંગુલ ભેગા કરો (નમન કરો) એ ભક્તિમાર્ગ છે. ભગવાને તમને બુદ્ધિ આપી - તેનો વપરાશ કરવાની છૂટ તમને આપી છે.

(હાથ) હસ્ત જે છે તો, તમારા જીવનમાં હાસ્ય છે - હાથનો ઉપયોગ હથિયાર પકડવામાં પણ કરી શકો છો. (સત્તાની તમારી લાલસા દેખાડે છે) એજ હાથ તમે પ્રેમનાં સ્પર્શ માટે પણ વાપરી શકો છો - પોતાનો પ્રેમ, ઉર્જા બીજાને આપી શકવાનું સારામાં સારૂં માધ્યમ પ્રેમ છે.

શસ્ત્રો કરતા, સારા ભાવો કયાંય પણ જલ્દી પહોંચે છે. કોઈપણ કાર્ય પ્રેમથી કરો અને કર્તવ્યભાવથી કરો - બંન્નેમાં ફેર છે.

(ગણપતિ) ગણેશની ઉપાસના - વેદની ઉપાસના છે - વેદ કહે છે. વ્યવહારમાં રહો પણ પોતાની જાતને ભૂલો નહીં - સ્વાર્થ (સ્વ+અર્થ) અને પરમાર્થ (પરમ+અર્થ) બન્ને સાથે ચાલવું જોઈએ. તમારૂં લક્ષ્ય ભુલાવું જોઈએ નહીં.

સંસાર સરતુ રહે, પણ મન મારી પાસે. બુધ્ધિ શક્તિનાં પણ ટ્રસ્ટી બનો - યજ્ઞોપવિત ઉપવિત - ઉપર પહેરવાનું વસ્ત્ર, યજ્ઞ માટે પહેરેલું ઉપવસ્ત્ર - યજ્ઞોપવિત.

"યજ્ઞોપવિતમ્ પરમ પવિત્રમ્" - આજ યજ્ઞોપતિતની ભાવનાથી ઈશ્વરને અપાયુ છે અને પવિત્રા કહેવાયું છે.

યજ્ઞોપવિતમ્ છે શું ? આ ગાયત્રીની મુર્તિ છે. ગાયત્રી મૂર્તિનું પ્રતીક છે. દરેક ગાયત્રી મંત્ર બોલવાવાળો આ પહેરે છે. - આ અનેક રોગો દૂર કરનાર છે - ગાયત્રીમંત્ર પ્રમુખ છે હિન્દુઓ માટે આ ગાયત્રીમંત્ર હૃદયની પાસે રહે તે માટે જનોઇ ગળામાં પહેરાય છે.

૨૨-૧૧-૨૦૦૧ (વેદ) ભગવાનનાં શ્વાસોચ્છ્વાસ વેદ છે.

દુરિત - જેમ સુર્ય કાળા વાદળાઓથી તિમિરથી અંધકારથી ઢકાઇ જાય છે તેમ મારૂં મન કયારેક ખિન્ન થઇ જાય છે. - આધિભૌતિક

આપણે કોઇકની ઉપાસના કરતા હોઇએ - તે સાંચુ કે નહી તે શંકા આવવી - આ આધિદૈવિક અર્થ દૂર+ઇત =આત્માથી, પોતાથી દૂર જવું, દૂરિત એક જાતનો મનનો દોષ છે.

(વેદ) કોઇ પણ કાર્યની સફળતા માટે સાચું નિશાન અને સાચું લક્ષ જરૂરી છે.

નિશ્વાસ - ઉચ્છવાસ : વેદ પરમાત્માનો ઉચ્છવાસ છે તેમ શંકરાચાર્યજી બોલ્યા છે - ભગવાને જ્યારે (મહાભૂતે) ઉચ્છવાસ બહાર ફેંક્યો તો વેદ પ્રગટ થયો. ઉચ્છવાસમાંથી વેદ પ્રગટે એ કલ્પના છે તેમાંથી તત્વજ્ઞાન પકડવાનું છે.

નિશ્વસિત જે અપ્રયાસે પ્રગટ્યા, સહજતાથી ઋચાઓનું સ્ફૂરણ થયું. ઋષિઓનાં મોઢામાંથી, આ જગત શું છે તેનું દશર્ન, તે બાબતનું વિવરણ બહાર પડ્યું = ઋષિઓનાં મોંઢે ઇશ્વર બોલ્યા છે.

(વેદ) પુરાણ = એટલે પુરાણું નહીં - જુનું છતાં નવું છે - વેદ પરની કોમેન્ટ્રરી છે પુરાણ "પુના અપિ નવમ્"

વરાહ અવતાર જમ્મૂ-કાશ્મીરમાં કોઇ સરોવરને કાંઠે થયેલ છે વરાહ મૂલયમ નામનું ગામ છે અહિંયા વરાહઅવતાર થયો હશે. - જે આજે બારામુલ્લા તરીકે ઓળખાય છે.

વરાહ - એટલે ૧) વર = શ્રેષ્ઠ ૨) સુ = સારૂં, આહા = આનન્દનો ઉદગાર આહા - એક્સપીરીયન્સ ભાગવતમાં - યજ્ઞ, વરાહનું રૂપાંતર લઇને આવેલ છે - શ્રેષ્ઠ આનન્દની અનુભૂતિ યજ્ઞમાં આવી. ભગવાન નિંદ્રાઅવસ્થા બોલ્યા તે વેદ.

જાગૃત અવસ્થામાં બોલ્યા તે ગીતા (અર્જુનને આપેલ બોધ) વેદ = વિદ = એટલે જાણવું. માણસનો મોટામાં મોટો લાભ, જ્ઞાન છે.

વિદજ્ઞાને = વિદ્લાભે એટલે જ્ઞાન = લાભ. જ્ઞાન એટલે જાણવું, વેદ જાણવાની વસ્તુ નથી, અનુભવવાનો વિષય છે. પોતાને જયારે અનુભૂતિ થાય તે શ્રેષ્ઠ છે. પોતાની જાતને જાણવી તે સ્વાનુભૂતિ. પોતે જાતે પ્રસન્ન થઇ ગયા - એ સંજીવની મૂળ (સંજીવની બૂટી) છે.

ભાગવત વિગેરે પુરાણો બે પગથી ચાલે છે. ૧) જ્ઞાન ૨) ભક્તિ

ગુલાબરાવ બાબાએ મધુરાભક્તિ સંપ્રદાય આપ્યો છે - તેમનાં અનુસાર વરાહનો અર્થ - સંસ્કૃતમાં અહનો અર્થ - દિવસ છે. બીજો અર્થ પ્રકાશ, જ્ઞાન = જ્ઞાન માર્ગ વેદને જ્ઞાન તરીકે લે છે. = જ્ઞાનપ્રાપ્તિ = વરાહ અવતાર. તમારા જીવનનો વરાહ અવતાર એટલે જે દિવસે સંતોષ આવે એમ ભક્તિમાર્ગ કહે છે - સંતોષ પ્રાપ્ત થાય સત્સંગથી - સંતોષ = સંત

ઉષ=બેસવું=વસવું. જયાં સંતો બેસે ત્યાં બેસવું-સંતો સાથે વસવું

સંતો મૌન બેઠા હોય. છતાં તેમની પાસે જાવ, તો તમારી વૃતિઓ શાંત થાય છે - શાંતિ પ્રાપ્ત થાય છે - આ છે સત્સંગનો પ્રતાપ. નારદ ભક્તિમાર્ગનાં ખાં - કીર્તન ભક્તિ પરંપરાવાળા. નારદ = નારાયણ નામનું કીર્તન કરતા હર્ષોલ્લાસ થાય - એટલે ચોટલી ઉંચી થાય. સંપ્રદાય એટલે = સમ = છુપી રીતે પ્રદાય =આપવું.

ગુરૂ, શિષ્યને પોતાનું જ્ઞાન ગુપ્તરીતે આપી દે. આપનાર કે લેનારને ખબર ન પડે એવી સૂક્ષ્મ રીતે આપવું આ સિધ્ધ પરંપરા છે. આમાં આપવું, લેવું બન્ને સૂક્ષ્મરીતે થાય છે - સૂક્ષ્મનું આદાન પ્રદાન થાય છે - એક જયોતિ, બીજી જ્યોતિને આપે - બન્ને જ્યોતિ એક સરખીજ છે - આ થયુ સમ પ્રદાય - વેદમાં ઇશ્વરની પ્રાપ્તિ કેવી રીતે થાય - તેનાં જવાબમાં સંપ્રદાય આવ્યું.

(પુરૂષ) પુરૂષ સૂક્ત ૧૬ શ્લોક (૧૬ ઋચાઓ) છે. વેદનો દરેક મંત્ર તેનાં ઉચ્ચારણ થકી કંઈક ફાયદો કરે જ, હાવભાવનો અર્થ હોય, શબ્દનો પણ અર્થ હોય - તો વેદનાં મંત્રાચ્ચારના આઘાતથી, જે આંદોલન બહાર પડે તે બહુજ ફાયદો કરે છે. કાનુડાની વાંસળીની અસર મૂક ગાયો પર પણ થતી હતી.

સ્વરોદય શાસ્ત્ર કહે છે = સ્વરની અસર જડ, જેતન પર થાય છે. પુરૂષસૂક્તના પઠનથી આ સૂક્ત પઠન કરવાથી નેત્ર, પગ અને જ્ઞાનેન્દ્રિયો સંવેદનાક્ષમ થાય છે. સંવેદના ગ્રહણ કરવાની ક્ષમતા ઈન્દ્રિયોમાં વધે છે જેથી તેમનું કાર્ય સારી રીતે સહજ થાય છે - તેમની સેન્સીટીવીટી વધે છે.

સાંસારિક નિર્ણયો લેવાનો વિવેક, સામર્થ્ય આવે - પુરૂષની વીર્યશક્તિ વધે છે - આ સૂક્તને વિષ્ણુમંદિરમાં બેસી, બોલવાથી વધારે ફાયદો થાય છે.

કયા સમયે બોલવું ? - મૂર્તિ ઉપર અભિષેક કરતી વખતે બોલવું જોઇએ. જીવતી જાગતી તમારી મૂર્તિ જ્યારે સ્નાન કરતી હોય ત્યારે બોલવું - પુરૂષ એટલે શરીરરૂપી નગરીમાં બેસેલો આત્મા - મંદિરમાં જયારે અભિષેક થાય ત્યારે પુરૂષસૂક્ત બોલાય પછી ભગવાનનાં અંગો લુછતી વખતે વિષ્ણુસૂક્ત બોલાય - તમે નાહીને કોરા થતી વખતે વિષ્ણુસૂક્ત બોલો. અગ્નિહોત્ર યજ્ઞ કર્યા પછી તેની ભસ્મ વાપરવાથી શરીર ક્રાંતિમય થશે. ફલ, ફૂલ પણ સારા થાય.

ગણપતિ અથર્વશીર્ષ, પુરૂષસૂક્ત - શ્રી સૂક્ત ત્રણેય બોલવા લાભદાયક છે.

(ગણપતિ) ગણપતિની ત્રણ પત્નીઓ = રિધ્ધિ, સિધ્ધિ, ષુષ્ટિ (પ્રેમ) તુષ્ટિ = સંતોષ

(સૂત્ર) દુર્ગુણોની ઘાસ આપમેળે ઉગે છે - તેને આપણે પ્રયત્નપૂર્દક દૂર કરવી પડે. જ્યારે સદ્‌ગુણોની વાવણી કરવી પડે છે - પ્રયત્ન કરવા પડે છે.

બા પ્રેમ આપે એ પુષ્ટિ, બાપા આપે તે તૃષ્ટિ (જ્ઞાન). તૃષ્ટિ નામનાં પણ એક દેવી છે.

અભિષેક (ઇશ્વરકૃપા) ઇશ્વરકૃપા તો સદૈવ બધાપર સરખી રીતે વરસીજ રહે છે. જેમ વરસાદ વરસતો હોય અને આપણે છત્રી ઓઢીને બેઠા હોઇએ તો ભીંજાતા નથી તેમ આપણે જો સંવેદનશીલ હોઇએ તો આ કૃપાનો અનુભવ આપણે કરી શકતા નથી તેથી વંચિત રહી જઇએ છીએ.

(પુ) ૨૭-૧૧-૨૦૦૧ પરિમાણ = માત્ર હુમલાના સામેજ રક્ષણ નહીં પણ આંતરિક, બાહ્ય બધા દૂષણોથી, હે ઇશ્વર, અમારૂં રક્ષણ કરો.

સર્વસંપ્રદાયોમાં ભગવાન ઉપર (કાશ્મીરથી કન્યાકુમારી સુધી) કોઇ પણ દેવની મૂર્તિઉપર અભિષેક પૂરૂષસૂક્તથી અને સ્નાન વિષ્ણૂસૂક્તથી કરાવાય.

પુરૂષ એટલે આત્મા = પુરૂષસુક્ત બોલવાથી આત્મા પ્રસન્ન થાય પુરૂષસૂક્તનાં ઋષિ નારાયણ અને પુરૂષ એટલે નર. નર એટલે તેનો સુક્ષ્માર્થ (અધ્યાત્મમાં) "ન ભોગેષુ રમતે, ઈતિ નરઃ" જે ભોગવિલાસમાં લિપ્ત થતો નથી.

નર અને નારાયણ જુદા નથી - નર કરણી કરે તો નારાયણ થાય. ભોગવિલાસ જીવન નથી પોતાની જાતને જાણવું અનુભવવું જે તૂ પોતે છે તેની અભુભૂતિ થવી એ જીવન છે.

સુષુપ્તિ માં (સમાધિ) માં તમે બીજુ કંઇ પામતા નથી પણ જે છો તેમાં સ્થિર થાવ છો, "સ્વ" માં વસો છો.

(ભાગવત) શ્રેષ્ઠ પુરાણ - ભાગવત છે - તેમાં (વ્યાસ ભાગવતમાં) પહેલો શ્લોક મંગલાચરણ છે. તેમાં પ્રથમ નમન નારાયણને છે. શ્રીધરી ટીકામાં વલ્લભ સંપ્રદાયમાં, બધામાં જુદા જુદા મંગલાચરણ લીધા છે.

(વેદ) વેદમાં ઉપાસનાની ચર્ચા છે - વેદમાં નિર્ગણુોપાસના છે.

ઉપ બાજુમાં (સમીપ), આસન = બેસવું = મૂર્તિની નજીક બેસવું

ઘીનું ટીપું શ્રેષ્ઠ ઉપાસક છે. તાંતણા (કપાસ) નો સહારો લઈ ઉપર ગતિ પામી જ્યોતિ થઈ ગયું.

ઉપાસના = એટલે જેની ઉપાસના કરો - ગુણગ્રાહી થઈ તેનાં જેવાજ થઈ જવાનું (પાત્રતા કેળવવાની)

નિગુર્ણ નિરાકારમાં માનવાવાળા - નિર્ગુણોપાસના કરે - સગુણ સાકાર માનવાવાળા - સગુણોપાસના કરે.

એક અવ્યક્ત તત્વ સર્વત્ર વ્યાપીને રહેલું છે તેનું એક ચીન્હ પકડીને તેની ઉપાસના કરૂં છું.

સગુણોપાસના વાળા સગુણમાં અટવાઈ જાય ત્યારે તેમની ઉપાસના સીમિત બની જાય છે - નિર્ગુણ નિરાકારવાળા - કણ કણમાં ઈશ્વરને જુએ છે.

ઉપાસના કરવી એટલે તેની સાથે તાદાત્મય કેળવવું. નિર્ગુણ ઉપાસના કરવી અઘરી છે. એટલેજ સગુણ થી નિર્ગુણમાં જવાય. નિર્ગુણને સગુણ બનાવવા આકાર આપવામાં આવ્યો છે - આકારમાં ધ્યાન વધારે કેન્દ્રિત થાય છે.

શબ્દ, રસ, રૂપ, ગંધ, સ્પર્શ = જે પણ ઈન્દ્રિય સતેજ હોય તેનાંથી ઈશ્વરની અનુભૂતિ કરે છે = વલ્લભાચાર્યજી રસથી, મહમ્મદે ગંધથી અનુભૂતી કરી. નયન એટલે નેતા. આંખ પહેલી જાય (પહેલા જુએ) એટલે વધારે પડતા લોકો દર્શનમાં માને છે.

વેદમાં ગણપતિ માટે બ્રહ્મણસ્પતિ સૂક્તમ છે. વિષ્ણુ માટે પૂરૂષસૂક્ત, વિષ્ણૂસૂક્ત છે. પવમાનસૂક્ત (હવન માટે) શંકર માટે રૂદ્રી (પૂજા માટે બોલાય). દેવી માટે શ્રીસૂક્ર છે. (કોઈપણ દેવી) (કોઈ પણ સ્ત્રી વાચક દેવતા) શ્રી સૂક્ત બોલીને કુમકુમ અર્ચન થાય (શ્રી યંત્ર માટે) દેવી ઉપાસનામાં કંકુ વપરાય આ અચર્ન બહુ ધ્યાનથી કરવુ જોઈએ (ઋજુતાથી) સૂર્યને માટે સૌરસૂક્ત બોલાય સૂર્યને માટે શ્રેષ્ઠ મંત્ર આદિત્યહૃદય છે. સૌર એટલે સૂર્યસંબંધી.

નિર્ગુણ માટે બોલાતા વૈદિક મંત્રોજ સગુણ ઉપાસના માં બોલાય છે.

(પુ) પુરૂષસૂક્તનાં પઠનથી નેત્ર, પગ, જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય વધારે સંવેદનક્ષમ થાય તેની ગ્રાહ્યશક્તિ વધે અને કરનારની કર્મેન્દ્રિયોમાં સહજતા અને જ્ઞાનેન્દ્રિયોમાં સજગતા આવે. વિષ્ણુ મંદિરમાં આ સૂત્ર બોલવાથી વધારે પ્રભાવશાળી બને.

પુરૂષસૂક્તનાં શબ્દાર્થથી સૂક્ષ્મઅર્થ તરફ સહસ્ત્ર શીર્ષ, સહસ્ત્ર માથા, સહસ્ત્રયાક્ષ = સહસ્ત્ર આંખ, સહસ્ત્ર પાદ = સહસ્ત્ર પગ વાળો છે. અર્થાત એક ઈશ્વર સહસ્ત્ર રૂપ લઈને વિશ્વમાં વ્યાપ્ત છે. "સ ભૂમિ વિશ્વતા વૃત્તા" ઈશ્વર આ સંપૂર્ણ વિશ્વને વ્યાપીને (બહારથી) રહ્યો છે, પણ તેનાથી દશ અંગુલ વધારે જછે.

(યજ્ઞ) કોઈપણ યજ્ઞમાં અગ્નિ કોમન છે. કારણ આહુતિ અગ્નિ માંજ અપાય. યજ્ઞમાં સર્વપ્રથમ ભૂમિને ધન્યવાદ અપાય. ભૂમિએ એટલી જગ્યા આપણને આપી, આપણો ભાર ખમ્યો. વેદમાં યજ્ઞકર્મ = બ્રહ્મ કર્મ કહેવાય કારણ એ સમભાવ માં રહીને, સહુનાં કલ્યાણની ભાવના સાથે કરાય કોઈનો વિરોધ નથી કરવાનો ભકિતમાર્ગ એક ડગલુ આગળ વધે છે. વિરોધ કોઈનો નથી કરવાનો, પણ બધા પર પ્રેમ ભાવ રાખવાનો છે. યજ્ઞના અગ્નિને જાતવેદ કહેવાય.

સર્વે આચાર્યોએ સૂત્ર અધ્યાત્મનું રાખ્યું છે, પણ તત્વ વેદનું જ રાખ્યું છે.

(વેદ) "પોતાની જાતને ભૂલો નહીં - ઈશ્વરના અંશ છો તે યાદ રાખો, આપણી જાતને ઉચ્ચકોટિનાં જ ગણો."

દરેક વેદનો છેલ્લો ભાગ ઉપનિષદ છે. ઉપનિષદમાંથી વેદાન્ત આવ્યું. વેદાન્ત અને સિધ્ધાન્ત એકજ છે. ઉપનિષદ (વેદાન્ત - સિધ્ધાંત) વેદનો સાર છે.

પુરૂષોતમ સહસ્ત્ર ભાગવત નું ટૂક સ્વરૂપ છે. મૂર્તિપૂજામાં જ્યારે મૂર્તિનું આવાહન કરે ત્યારે આ પહેલો મંત્ર બોલાય પુરૂષસૂક્તનો.

પૂજાના ષોડષોવચારમાં પહેલા તે દેવનું ધ્યાન કરાય પછી આવાહન કરાય.

૨૯-૧૧-૨૦૦૧ શ્રી સૂક્ત લક્ષ્મીમનપગામિનીમ્

લક્ષ્મી+અન+પગામિનીન્  (અન+અપ+ગામિનીમ)

ઈશ્વર મને પડતી તરફ ન લઈ જાય તેવી લક્ષ્મી આપો.

(ઓમ) ઓમ પ્રણવ મંત્ર છે. અ+ઉ+મ = ઓમ. ૐ - બ્રમ્હતત્વને એક અક્ષર માં બોલવા માટે ૐ, બ્રહ્મતત્વની ઓળખ એટલે ૐ

ૐ નાં એકસો એક અર્થ છે, એક અર્થ સ્વીકૃતિ છે. ૐ એટલે ગણપિતનું શબ્દ ચિત્ર છે. ઓંકાર ગણેશ

ઓંમના ત્રણ પ્રકારનાં અર્થ છે શબ્દની એક શક્તિ છે - એકજ શબ્દનાં જુદા જુદા અર્થ મળતા હોય છે.

ૐ શબ્દનું જો રટણ લાગે - દીર્ઘમ પ્રણવ ઉચ્ચારમ્

ઓમનો જો દીર્ઘ ઉચ્ચાર કરતા શીખો તો મનોરાજ્ય વશ કરી શકો. મેડીટેશન માં બેસતા પહેલાં ૐ બોલો તો મન શાંત થાય છે તે અનુભવાય છે. ધ્યાન સારી રીતે લાગે છે.

ઘરનાં સદસ્યો જો સાથે બેસી ૐ નો ઉચ્ચારણ થાય તો ઘરમાં શાંતિનું વાતાવરણ નિર્મિત થાય છે.

હરિઃ ૐ = હરિ શા માટે ? કઇ દવા કોને, કેટલા, પ્રમાણમાં અસર કરે છે તેનો નિયમ નથી - એકલા ૐ નાં ઉચ્ચારણથી વેરાગ્ય આવે છે = હરિ સગુણ છે. ૐ નિર્ગુણ છે - ૐ શબ્દનો ઉદ્ગમ નાભિસ્નાન થી થાય છે નાભિસ્થાન સ્ત્રિયો માટે ગર્ભસ્થાન છે. અને તે ગર્ભધારણ માટે રોધક છે તેવી માન્યતા છે. તેથી હરિ : ૐ બોલો. અધ્યાત્મમાં પ્રવેશ કરો ત્યારે ૐ બોલવું જોઈએ.

સવારે તમારો શ્વાસ સૂર્યનાડી પર ચાલતો હોય તો જમણોપગ પહેલાં માંડો તો સફળતા નક્કી મળશે. સવારે તમારો શ્વાસ ચંદ્ર નાડી પર ચલાતો હોય તો ડાબોપગ પહેલાં માંડો તો સફલતા નક્કી મળશે.

(ગણપતિ) મંત્રશાસ્ત્રમાં સગુણ અને નિર્ગુણ બન્નેનો મેળ કરેલો છે. ૐ ગણપતયે નમઃ

હે ગણપતિ હું આપને નમન કરૂં છું - આપ ગણોનાં પતિ છો - આપને વંદન છે.

નમસ્તે - ગણપતયે, આને ઉંધી રીતે વાંચો તો એ ગણપિતને હું નમન કરૂં છું.  આ વેદનો બિંબ પ્રતિબિંબ વાદ છે. ગણપતિમાં પોતાની જાતને મુકીને જુઓ.

નમઃ આને ઉંધુ વાંચો તો તે મનઃ થાય - મનને ઉલટું કરો તો નમઃ થાય છે, સમાજ તરફ થોડી પીઠ રાખતા શીખો - તેની પ્રશંસા અને નિદાંથી બચો - (કાચબો રેતી પર ઉંધો સુવે છે.)

ગણપતયે નમઃ = ગણોનાં પતિને નમન છે - ગણ ગણેશનાં નથી - શંકરના છે - કાર્તિકેય સેનાપતિ છે - કાર્તિકેયને (સ્કધને) મુરૂગન કહે છે.

(મહાભારત) મહાભારત ૧૮ પર્વોનું છે. કૃષ્ણનો પ્રવેશ દ્રૌપદી સ્વયંવર વખતે થાય છે. કૃષ્ણનું વર્ણન કરવા માટે ૧૯ પર્વ (હરિવંશ) લખાવું જે કેવળ ઐતિહાસિક દ્રષ્ટિકોણથી જ લખાયું છે અને પાછળથી ઉમેરાયું છે - પછી ભક્તિરસથી ભરપૂર ભાગવત લખ્યું જેમાં કૃષ્ણ સંપૂર્ણપણે આચ્છાદિત છે. જીવને જયારે ઉદ્વેગ થાય, ચિંતા થાય ત્યારે ભાગવત વાંચવું. ભાગવતનું દશમસ્કંધ લખ્યા પછી વ્યાસજીને શાંતિ મળી. ભાગવત લખવાની પ્રેરણા વ્યાસને તેમના ગુરૂ નારદ તરફથી મળી. સત્સંગની મહિમા ભાગવતનાં પ્રથમ સ્કંધમાં નારદ-વ્યાસ સંવાદમાં બતાવેલ છે.

(ગણપતિ) આપણે પણ ગણપતિ છીએ. આપણા ગણ એટલે ઈન્દ્રિયો તેનાં પતિ આપણે થવાનું છે.

યાદવોનું રાજ્ય ગણરાજ્ય હતું, કૃષ્ણ કદી રાજગાદી પર બેઠા નથી, પાછળ બેસીનેજ કસના રાજ્યનું

સંચાલન કર્યું છે.

આત્મારૂપી આ નગરી (પુર) છે. તેનો રાજા આત્મા છે, ઈન્દ્રિયો તેની ચાકર છે.

સૂક્ષ્મ અર્થ, નમસ્તે ગણપતયે નો, શબ્દનો અર્થ : પતિ એટલે પતન - આ અર્થ અહીં નથી લેવાયો ગણપિત એટલે ઈન્દ્રિયોનાં સ્વામી - સ્વામી એટલે નિયામક.

ગણ = ગ + ણ, ગ એટલે જેની મને ખબર પડી અથવા જે મને જડયું તે બધું એટલે ગ

ણ એટ્લે જે મારી બુધ્ધિને ખબર નથી - તેનાંથી પરે છે - આના  ગ એટલે જ્ઞાન, ણ એટલે અજ્ઞાત તે બંન્નેના પતિ છે પરમાત્મા.

ણ જે જણી શકાય તેવું અને જે જાણી ન શકાય તેવું પણ છે. તેવા બ્રમ્હને મારા નમન છે - ગણપતિજ બ્રમ્હણસ્પતિ છે - મૂર્તિમાં વસેલ સૂક્ષ્મ તત્વને જે જ્ઞાત છે અને બુધ્ધિથી પરે પણ છે તેને નમન છે.

ત્વં પ્રત્યક્ષં તત્વમસિ = જ્ઞાત પણ તમે છો, અજ્ઞાત પણ તમે છો. અને આ બોલવાવાળા પણ તમજે જ છો. જ્ઞાતા, જ્ઞાત, અને જ્ઞેત ત્રણેય એક છે.

૪-૧૧-૨૦૦૧ (સૂત્રો)

યજ્ઞની આહુતિ ની અને આત્માને પીપલત્વની આહુતિ અપાય. પીપળનાં ઝાડમાં સંવેદના વધારે હોય છે. પીપળો ૨૪ કલાક ઓક્સીજન છોડ્યા કરે છે. - પીપળામાં ઔધીય ગુણો છે. શક્તિથી ભરપૂર છે. પીપળો બધી રીતે સારો છે. આપણે પણ પૂર્ણ રીતે (આચાર, વિચાર, વર્તન બધી રીતે) સારૂં થવાનું છે. એજ સૂક્ષ્મત્વ ને સાચી આહુતિ છે.

૨) કમળ જલતત્વ (જડતત્વ) માં ઉગીને જ ઉપર આવે છે અને જડથી લિપ્ત થતું નથી. હાથી છે તે જળતત્વમાં પણ રહે છે, અને સ્થળમાં પણ રહે છે. જ્યારે હંસ ઉડતો આવી કમળ પરાગ લઈ, હાથીનાં ગંડસ્થળ પર બેસી તે ગ્રહણ કરી ઉર્ધ્વ યાત્રા કરે છે. ભારતમાં મંદિરોમાં જે ભીંત ઉપર કંડાર્યા છે, તેની ઉપર કમળ, હાથી અને હંસનું જે ચિત્રણ હોય છે, તેનું રહસ્ય આ છે.

૩) વારાકરી - જન્મોજન્મનાં ફેરા (વારા) ટાળવા વારાકરી સંપ્રદાય વાળા સંઘયાત્રા યોજે છે.

૪) લાક્ષાગ્રહ - પાંચપાંડવ, દ્રૌપદી, સ્વયંવર સમયે કૃષ્ણનો પ્રવેશ થાય છે. પાંચ પાંડવ એટલે પાંચ કર્મેન્દ્રિયોની આસક્તિ જયારે છૂટે છે ત્યારે દ્રૌપદી - જે બુધ્ધિ તત્વ છે તે પ્રકાશિત થાય છે અને પરમાત્મ તત્વની ઝાંખી થાય છે.

પ્રસ્તાવના -

ચતુ શ્લોકી અને ચતુઃ સૂત્રી - વેદમાં અને ગીતામાં ચતુસૂત્રી આવે જ્યારે ભાગવતમાં ચતુઃશ્લોકી આવે.

વેદમાં ચતુઃસૂત્રી - દરેક વેદમાં એક એમ ચાર વેદનાં ચાર સૂત્રો

દરેક સૂત્રપર આચાર્યો એ ભાષ્ય લખ્યું છે. ભગવદગીતા ઉપનિષદનાં પગલે ચાલે છે, એટલે તેમાં પણ ચતુઃસૂત્રી આવે છે. આનો સૂત્રશ્લોક છે. “કર્મણ્યે વાધિકારસ્તે.”

ચતુઃયજ્ઞમાં આવેલ છે - યજ્ઞવેદીનાં ચાર ખૂણા, ચાર ખૂણા, ચાર દિશા, ચાર બ્રાહ્મણ

પહેલો બ્રાહ્મણ - ઋગ્વેદ,  બીજો - યજુર્વેદ, ત્રીજો-સામવેદ, ચોથો - અથર્વવેદ

પહેલો ઋગ્વેદ બ્રાહ્મણ (તેને બધાજ વેદો આવડે કારણ ઋગ્વેદ બધા વેદોનો જથ્થો છે. આગને અધર્વ્યુ કહેવાય)

સામવેદી = યજ્ઞનાં શ્લોકો ગાય

અથર્વવેદી = કયા કાષ્ઠની સમિધા અપાયતે બતાવે. આમ યજ્ઞમાં ૧૬ બ્રામ્હણ જોઈએ. યજ્ઞમાં પહેલા અગ્નિની સ્તુતિ કરાય છે. અગ્નિમ્ ઈડે. ઈડા = શક્તિ. યોગ પ્રક્રિયામાં ઈડાં એટલે કુંડલિની છે. મૂર્તિવાદમાં દેવનું પ્રાગ્ટય યજ્ઞમાંથી થયું છે. એટલે યજ્ઞવેદીનાં ચારખુણા = ચર્તુભુજ થયું.

ભાગતનાં બે ફાંટા - જ્ઞાનમાર્ગ (બીજા સ્કધમાં છે), ભક્તિમાર્ગ (છઠ્ઠા સ્કંધમાં છે),એ ભાગવતના બે પગ

છે. શ્લોક અહં હરે તવ પાદૈકમુળ, દાસાનુદાસો ભાર્વતાઆર્સ્મ ભુયઃ ાા

મનઃ સ્મરેતાસુપતેર્ગુણાંસ્તે, ગૃણીત વાક્ કર્મ કરોતુ કાયઃ ાા ૧ ાા

અહમ્ = ન હન્યતે ઈતિ અહમ્ - જે છેદાય નહીં તે અહમ છે. આ ભક્તિમાર્ગની વાત છે. વલ્લભાચાર્યજી એ ચતુઃશ્લોકના ચોથા શ્લોક પર ટીકા લખી. પહેલા શ્લોકની ટીકા વિઠ્ઠલનાથજી અને બીજા,ત્રીજા શ્લોકની ટીકા હરિરાયજીની છે. ચતુંશ્લોકી ચાર પગથી છે = ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ પહેલા શ્લોકમાં પુષ્ટિમાર્ગનો ધર્મ બતાવ્યો છે. શું બતાવ્યું છે. જવાબ : હરેર દાસ્યમ. એટલે હું હરિનો દાસ છું. આ ધર્મ પુરૂષાર્થ છે. બીજો પુરૂષાર્થ હરિહરરાયજી એ અર્થનો આવ્યો છે, જેમાં અર્થ એટલે પૈસા નહીં પણ અમારા જીવનનો અર્થ હરિનું દાસત્વ છે - કામ પુરૂષાર્થ છે.

શ્લોકનો અર્થ - હે હરે, હું તમારા પગપાસે બેસવા માગું છું. ભગવાન નિર્ગુણ રૂપમાં આકૃતિ નથી એટલે સગુણ સાકાર થવાની વિનંતી છે. ભક્તિમાર્ગમાં વલ્લભાચાર્યજીની ગુરૂ ગોપીઓ છે. દાસાનુદાસ ભક્તિમાં પગની મહત્તા છે.શ્રૃંગાર ભક્તિમાં ચેહરા (વદન) ની મહત્તા છે. પુષ્ટિસંપ્રદાયમાં બધુ રહસ્ય દર્શનમાં આવે છે - દર્શન અરૂપનું થાય નહીં. સ્વરૂપનું થાય. ભક્તિનાં પ્રેમ માર્ગમાં મુખારવિન્દનું મહત્વ અને દાસભક્તિ ચરણારવિન્દની છે. શ્લોકોનો અર્થ - હે પ્રભુ, તમે આવો, તમારા પગ પાસે બેસવા માંગુ છું, માટે તમે સગુણ થઈને આવો. નિર્ગુણ, નિરાકારમાં દશર્ન નથી થઈ શકતા.

શ્લોકોનો અર્થ - હે ભગવાન હું, વારંવાર તમારા ચરણાવિંદનાં આશ્રયમાં રમવાવાળા તમારા દાસનો દાસ થાઉં. આપ સર્વનાં પ્રાણનાથ છો, મારૂં મન આપનું સ્મરણ કરે. મારી વાણી આપના ગુણગાય, મારૂં શરીર આપની સેવા કરે તેવું માંગુ છું.

ન નાક પૃષ્ઠ ન ચ પારમેષ્ઠયં ન સાર્વભોમં ન રસાધિપત્યં ।
ન યોગ સિધ્ધીર પુતર્ભધવા, સમંજસત્વાં વિરહચ્ય કાંક્ષે ાા

હે સમંજસ, હે ભગવાન તમને છોડીને મારે બીજું કંઈ જોઈતું નથી - જેમ બાળકને સદૈવ મા(માતા) સાથે જોઈએ.

સમંજસ = સમ+અંજસ. જુના જમાનામાં શિક્ષણ પધ્ધતિ, ત્રણ કલાક ગુરૂ ભણાવે પછી ત્રણ કલાક શિષ્ય તેની પર ચિંતન કરે

અંજ એટલે આંજવુ = આંખમાં જ્ઞાનનું અંજન આંજવાથી જ્ઞાનની દૃષ્ટિની વિશાળતા વધે જ્ઞાનનું આકાશ જો મોકળું થાયતો બધે પ્રકાશ જ પ્રકાશ થાય - સમ એટલે સારામાં સારૂં - તેનું અંજક એટલે સમંજસ - આંખમાં અંજન માટે વપરાતી આંગળી એટલે ગુરૂ છે. આંજણથી આંખની શોભા વધે છે અને આંખમાંજ અંજન શોભે બીજે નહીં. શંકર પુરૂષ તત્વ છે. પાર્વતી પ્રકૃતિ તત્વ છે. એક શક્તિ, બીજું શક્તિમાન. શક્તિ અને શક્તિમાન બે મળીને અર્ધનારી નટેશ્વર છે. દ્વૈતમાંથી અદ્વૈત ઉભું થયું છે. પગ બે છે તેમાંથી ચાલ એક આવે, હોઠ બે, બોલી એક, હાથ બે નમન એક દ્વૈતમાંથી અદ્વૈત પ્રાપ્ત થાય છે. આ શ્લોકમાં અદ્વૈત દર્શન મળે છે. એ ચતુ;શ્લોકી ભક્તિમાર્ગની છે. અહિ અર્થ એટલે પુરૂષાર્થ છે. અહીં અર્થનો મતલબ પૈસા નહીં. અમારૂં ધન, સંપત્તિ બધું ઈશ્વર જ છે. કેવલ પ્રભનું દાસ્ય જોઈએજ.

શ્લોકનો અર્થ - સર્વ સૌભાગ્યનાં ભંડાર રૂપ આપને છોડીને હું સ્વર્ગલોક, બ્રહ્મલોક, ચક્રવર્તીનું રાજ્ય, રસાતળનું રાજ્ય, અણિમાં વિગેરે સિધ્ધિઓ કે મોક્ષને પણ ઈચ્છતો નથી.

અહીં કામ પુરૂષાર્થની વાત છે. હરિહરરાયજી પ્રમાણેઃ

હરેઃ દિદક્ષા = જોવાની ઈચ્છા. અમારી કામના હરિ દર્શનની છે, તેમ વલ્લભાભાર્યજીએ મતલબ ઘટાવ્યો છે - હરિદર્શનની તલપ જ કામ પુરૂષાર્થ છે.

શ્લોકનો અર્થ-પાંખો આવ્યા વગરનાં પક્ષીનાં બચ્ચા જેમ માંને જોવાની ઈચ્છા કરે, ભૂખે પીડાયેલ વાછરડા જેમ દૂધની ઈચ્છા કરે અને મૂંઝાયેલ સ્ત્રી જેમ પરદેશ ગયેલા પતિને જોવાની ઈચ્છા કરે તેમ હે પરમેશ્વર, મારૂં મન તમને જોવાની ઈચ્છા કરે છે.

જેમ સંસારમાં થોડોક પ્રેમ સ્ત્રીમાં, થોડોક ધનમાં, લોકકીર્તિમાં અને સગામાં રાખેલ છે. તેથી વહેંચાઈ જવાથી કોથળી ખાલી થઈ જાય છે. યોગ્ય ભાવ આપ્યા સિવાય જેમ યોગ્ય વસ્તુ પ્રાપ્ત થતી નથી તે પ્રમાણે ભગવાન પણ અનન્યભાવ વગર પ્રાપ્ત થાય તેમ નથી. તેવો પ્રેમ ઉત્પન્ન કરવા માટે થવા માટે સત્સંગ જોઈએ. બીજો સંગ દૂર કરવો જોઈએ.

મમોત્તમ શ્લોક જનેષુ સસ્યં, સંસાર ચક્રે ભ્રમતઃ સ્વકર્મભિઃ ।
ચિન્માયયાડત્માત્મજદાર ગેહેષ્વાસકત ચિમસ્ય ન નાથભૂયાત્ ॥

અહિ મોક્ષ પુરૂષાર્થનીજ વાત છે. વલ્લભાભાર્યાજી એ ટીકા લખી.

મોક્ષ = કૃષ્ણસ્ય ચેત ધ્રુવમ. શ્રીકૃષ્ણનાં થઈને રહેવું એજ મોક્ષ છે.

શ્રીકૃષ્ણનાં થઈને રહેવું એટલે ભગવાન નથી થવું. ભગવદીય થવું છે. વ્યવહારમાં અદ્વૈત છે. પરમાર્થમાં અદ્વૈત છે. (ખરો અર્થ અદ્વૈત છે.)

સુખ અદ્વૈતમાં છે - પણ આની પ્રાપ્તિ કરવા માટે દ્વૈતનો સહારો લેવો પડે. દ્વૈતનો સહારો એટલે કે પ્રમનો આધાર લેવો પડે કારણ પ્રેમ એવું તત્વ છે, જે બે ને જોડે છે. પ્રેમ એક સહજતા છે જે તત્વજ્ઞાનમાં નથી પ્રેમમાં એ શક્તિ છે જે તત્વજ્ઞાનમાં નથી. તત્વ, જ્ઞાન છે, જયારે પ્રેમ કરવો પડે. પ્રેમ સ્ફૂરે છે. ખીલે છે.

આ ચતુઃશ્લોકમાં વૃત્રાસુર ભગવાન પાસે ચારેય પુરૂષાર્થ માગે છે.

પુષ્ટિ સંપ્રદાયમાં ૪ પુરૂષાર્થ છે - વિઠ્ઠલરાયજી એ પાંચમો પુરૂષાર્થ ભગવાનને ગણ્યો છે. કારણ આ ચાર પુરૂષાર્થ આપવા વાળો પુરૂષ (ભગવાન) છે. અનુભવનું સુખ મેળવવા દ્વૈતભાવમાં આવવું પડે અનુભૂતિમાં અદ્વૈત મળે ત્યાં પાંચમો પુરૂષાર્થ પ્રાપ્ત થાય છે. ભક્તનું સૌંદર્ય, અહં રક્ષક બધુ ભગવાન છે. સાડી જેમ નારીને વીંટળે છે અને નારીનું સૌંદર્ય સાડીથી ખીલે છે, તેનું અહં પોષાય છે, તેમ ભક્તને સૌંદર્ય, અહં પ્રભુથી જ પ્રાપ્ત થાય છે. આજે નરસી મહેતા, મીરા, તુલસી, બધા ભક્તોને તેમના ભગવાનથીજ સૌંદર્ય પ્રાપ્ત થયું છે.

શ્લોકનો અર્થ - હે નાથ ! હું સંસારરૂપી ચક્રમાં પોતાનાં કર્મથી, પ્રારબ્ધ યોગે કદાચ ફર્યા કરૂ, તો પણ આપના ભક્તલોકોની સાથેજ મને મૈત્રી થજો. અને આપની માયાથી મોહિત થઈ જેઓ દેહ, પુત્ર, સ્ત્રી અને ઘરમાં આસક્ત હોય તેવા સંસારી માણસોમાં સંગ મને ન થાય તેવું માંગુ છું.

(ભાગવત) વૃત્રાસુર આખ્યાન ભાગવતનાં છઠ્ઠા સ્કંધમાં છે. વૃત્રાસાર કોણ ? ભાગવતના પાત્રોનું પૂર્વજન્મ ગર્ગસંહિતામાં આપ્યું છે.

વૃત્રાસુરનો પૂર્વજન્મ - પાર્વતીજી શંકરનાં ખોળામાં બેઠેલા ખુલ્લામાં તે જોઈ આકાશમાંથી પસાર થતા ગંવર્ધને હસવું આવ્યું - તેને પાર્વતીજી એ શ્રાપ આપ્યો અને તે ગંધર્વ વૃત્રાસુર રાક્ષસ બીજા જન્મમાં બન્યો. પણ શંકરજીની કૃપાથી ભક્તિરસ પ્રાપ્ત થયો - (કૃષ્ણ અને બળરામનું નામકરણ ગર્ગાચાર્યે કરેલું)

કૃપા = ભગવદગીતા ને અનુસાર ૩ અર્થ - જ્ઞાનમાર્ગ અનુસાર (તાત્તિક) કૃપા (કૃપા સાત્વિક), કૃપાણ (રાજસિક દોષ છે. કિરપાણ (તલવાર)) અને કાર્પણ્ય (તામસિક (કંજુસ) દોષ છે.)

પુષ્ટિમાર્ગ અનુસાર - પહેલી કૃપા - ગુરૂકૃપા શીશ દિયેભી ગુરુ મિલેતો સસ્તા જાણ = (ગુરૂ સસ્તા નથી)

૨) પ્રભુકૃપા = ગુરૂની કૃપા જેને મળે તેને પ્રભુકૃપા પ્રાપ્ત થાય

૩) શાસ્ત્રકૃપા = પ્રભુકૃપા થાય તો શાસ્ત્રકૃપા થાયજ

૪) આત્મકૃપા = આપણે આપણા નથી નિશ્ચય કરીએ કે હું રોજ આટલો નિશ્ચિય સમય એકાંતમાં બેસી. ગ્રંથનું ચિંતન કરીશ, નિદ્રા અને આલસ્યનો ત્યાગ કરી જો આ પ્રમાણે ગ્રંથનું ચિંતન કરો ત્યારે માનવાનું કે આત્મકૃપા થઇ.

આત્મકૃપાનાં આધાર પર ઉપરની ત્રણ કૃપા પગથી ક્રમવાર પ્રાપ્ત થાય ૧) ગુરૂકૃપા ૨) પ્રભુકૃપા ૩) શાસ્ત્રકૃપા

અર્જુનમાં કાર્પણ્યદોષ આવ્યું છે - તેમ કહે છે તેનો અર્થ કારપણ્ય = ક્રિપણનો ભાવ છે. ઉપનિષદમાં ક્રિપણનો અર્થ છે, કે જે આત્માને જાણતો નથી તે ક્રિષણ છે. અહીં ક્રિપણતા નો અર્થ દરિદ્રતા લઇ શકાય કારણ જેણે આત્માને જાણી લીધો છે, તે શ્રીમંત છે, સમૃધ્ધ છે.

ભાગવતમાં : દૈત દષ્ટાતાય દિક્ષુ, તીવકાઃ ત્યૈ ધૃતાસ્વાઃ ત્વામ વિચિન વતે

ભગવાન અદ્રશ્ય થયા ત્યારે ગોપીઓ બોલે છે, હે કૃષ્ણ તમે દ્રશ્યવ્યમાન થાવ. તમે સાકાર થઇ અમારી સામે આવો - ગોપીઓની ભક્તિ મુખારવિન્દની છે. ગોપીઓને આંખની પલકનાં પલકારા પણ ખમાતા નથી કારણ પલકારાવાર માટે પણ તેઓને કૃષ્ણ દર્શનથી  વંચિત થવું પડે છે.

ગુરૂદેવ રાનડે કહે છે - સાક્ષાત્કારની પાંચ પરી (પ્રકાર) છે.

સાક્ષાત્કાર શબ્દદર્શી, રૂપદર્શી, રસદર્શી, ગંધદર્શી, સ્પર્શદર્શી આમ પાંચ ઈન્દ્રિયો દ્વારા પાંચ પ્રકારથી થાય- આ પાંચ દ્વારા આનન્દ ની અનુભૂતિ થાય. ભગવાન ભક્તનું દર્શન કરે એ રૂપ દર્શી સાક્ષાત્કાર છે અહીં પ્રિયપાત્રને આંખથી સ્પર્શ થાય છે. આમ પાંચેય એકબીજા સાથે સંકળાયેલા છે.

રાનડેજીની સાક્ષાત્કાર ઉપર પુસ્તક વાંચવા જેવી છે. જ્ઞાનેશ્વરીમાં જ્ઞાનેશ્વરજી એ સાક્ષાત્કાર પાંચેય પ્રકારથી કરેલ છે તે વર્ણવ્યો છે.

પુષ્ટીનો અર્થ વલ્લભાચાર્યજી પ્રમાણે ઈશ્વરનો અનુગ્રહ છે.

ઈશ્વરનું નામ લેવાથી આ પાંચેય રસનો અનુભવ થાય છે. શરણાગતિ, પરમાર્થનું પહેલું અંગ છે, કઠોર વૈરાગ્ય એટલે કે ઈશ્વર માટે બધું છોડવાની તૈયારી. બધું છોડયું અને સન્યાસ લીધો, લેવું શા માટે ? સહજ રીતે વૈરાગ્ય સહજતાથી આવવું જોઇએ - જેમ પાકેલા ફળ ઝાડથી આપમેળે છૂટુ પડે છે તેમ સહજ વૈરાગ્ય થવો જોઇએ. "ઉર્વારિક મિલ બંવનાત, મૃર્ત્યોમુક્ષીય મામૃતામ્"

મત્સર એટલે ઈર્ષા. જગત સાથેનો તમારો પ્રેમ - પ્રભુને સ્વીકાર્ય નથી. યશોદા ને ગોરસની માટલી પ્રત્યે મોહ છે જે કૃષ્ણને મંજૂર નથી એટલે કૃષ્ણ માટલી ફોડી નાખે છે.

દાસાનુદાસ ભક્તિ, ગજેન્દ્રમોક્ષ ની વાત છે હાથી વિષ્ણુભક્ત છે તેનો ઉધ્ધારતો પ્રભુએ કર્યો પણ મગર હાથીનો પગ પકડીને પણ તરી ગયો.

૬-૧૨-૨૦૦૧ (શાસ્ત્ર)

શાસ્ત્રો બે પ્રકારનાં છે. ૧) વ્યાઘ્રમુખશાસ્ત્ર  ૨) ગોમુખ શાસ્ત્ર

વ્યાકરણ વ્યાઘ્રમુખી છે - શંકરના ડમરૂમાંથી જે અવાજ આવતો હતો તે ૧૪ સૂત્રોનો હતો - તે પાણીની (વ્યાકરણશાસ્ત્રી)  એ પકડયું (પાણીની - ગંધાર રાજયનાં), તક્ષશિલામાં ભણ્યા. આ ૧૪ સૂત્રો માહેશ્વરી સૂત્ર કહેવાય છે - વ્યાકરણ લખાણ પાણીનું તેની ઉપર ભાષ્ય પાતંજલીનું છે.

બ્રમ્હતત્વ ને પગ નથી પણ ચાલ તેજ છે. હાથ નથી પણ જેને પકડે તો છૂટે નહીં.

પાતંજલિ = જયાં પરાણે નમન કરવાનું મન થઇ જાય. તેમનાં સાહિત્યથી યોગ પ્રાપ્ત થયો, આયુર્વેદ, વ્યાકરણ પ્રાપ્ત થયું છે. યોગથી ચિત્તની મલીનતા દૂર થાય. વ્યાકરણથી વાણી (ભાષા)ની મલીનતા દૂર થાય આયુર્વેદથી શરીરની મલીનતા દૂર થાય. કાશ્મીરથી કન્યાકુમારી સુધી વિદ્ધાનોની ભાષા સંસ્કૃત પૂજામાં અભિષેક માં વૈદિક મંત્રોજ બોલાય.

૧) ગણપતિ અથર્વશીર્ષ  ૨) પૂરૂષ સૂક્ત  ૩) શ્રી સૂક્ત

દીપક જીવનની પ્રગતિ નું દ્યોતક છે - જીવ જો ઉર્ધ્વગમન કરે તો ઈશ્વર અવતરણ કરે (ઈશ્વરકૃપાનું ચીન્હ અભિષેક છે.) જીવનો ઉધ્ધાર કરવા ઈશ્વર અવતરણ કરે. જ્ઞાનને અંત નથી. અજ્ઞાનને પણ અંત નથી. ગોર શબ્દ ગુરૂનું અપભ્રંશ છે.

બજરંગ-વજ્રાંગ = વજ્ર+અંગ, હનુમાન-તનુ એટલે દાઢી-સૂર્યને પકડવા (નાનપણમાં) કુદકો માર્યો ત્યારે દાઢીમાં વાગ્યું એટલે હનુમાન નામ પડ્યું.

ઉર્ધ્વમૂલમ = ઉર્ધ્વ એટલે ઉત્કૃષ્ય છે મૂલ જેનું તે ઉર્ધ્વમૂલમ છે.

અધઃશાખા - ગીતાનો ૧૫મો અધ્યાય  આત્મા ઉત્કૃષ્ટ છે.

શરીર ગમે તે કદનું રૂપનું હોય પણ અંદરની આત્મા એકજ જેવી છે. ભગવદ્ગીતા સંપૂર્ણપણે અધ્યાત્મવાદી છે - તેને પોતા પર લગાવી, પોતાની તરફ ખેંચી કરી અર્થઘટન કરતા શીખવું જોઇએ. સ્મૃતિ પણ ભગવાનની દેન, વિસ્મૃતિ પણ ભગવાનની દેન છે. હનુમાનને વરદાન હતું કે - જેમ કોઇ તેમનાં વખાણ કરશે તેમ તેમ તેમની શક્તિમાં વધારો થતો જશે - (શ્રાપનું ઉશ્રાપ છે.) શક્તિ તમારામાં છે જ, ગુરૂ તેને ધક્કો આપે છે. પુરાણકાલમાં લોકો રક્ષણ માટે મોંઢે મ્હોરૂં પહેરતા, માથે સાફો પહેરે તેમાં છેડે છર્રો બાંધે અને કમર પર દોરડું બાંધતા - હનુમાન આવું મ્હોરૂં પહેરતા અને કમર પર દોરડું બાંધતા. એટલે તેમનું ચિત્રણ તેવું થાય છે.

(નવરાત્રિ) નવરાત્રિમાં નવનો આંકડો સંખ્યા અફર સંખ્યા છે નવ સંખ્યા પૂર્ણતાનું પ્રતીક છે. દેવીની શક્તિ પૂર્ણ અને અફર છે. તેથી નવરાત્રિ લીધી છે. નવની સંખ્યા પૂર્ણ છે - પૂર્ણમદઃ - પૂર્ણમિદં - તમે પણ પૂર્ણજ છો. પોતાની જાતને નબળી માનો નહીં - તમારા મૂળ ઉપર છે. તમે તમારા મૂળ ઈશ્વર જેવા જ પૂર્ણ જ છો. ગુરૂકૃપાથી ઉત્કૃષ્ટ થયેલા છો. કૃષ્ણ કહે છે, હમેશા મારૂં સ્મરણ કરતો યુધ્ધ કર. યુધ્ધ કર એટલે જીવન વિતાવ. તમે જીવન જેવું જિવ્યા, તેવાજ ભાવ છેલ્લી ઘડી સુધી, તેવા સંસ્કારો વાળા રહે, તેવા ભાવ તમારા મનમાં વણાયેલાજ રહે છે, એટ્લે જીવન પર્યત્ન ઈશ્વર સ્મરણ રહે તો તમારો વણાટ તેવો રહે.

અંતકાલમાં જેવી માનસિક સ્થિતિ હોય તેવું નવું જીવન મળે છે.

ગીતાનાં ૧૮ અધ્યાયોના ૧૮ સૂત્ર લઈ ઈશાવાસ્ય ઉપનિષદ આવ્યું છે. કૃતો સ્મરઃ કૃતઃ, સ્મર વાળા શ્લોકોમાં યજ્ઞદેવતાને સાક્ષી બનાવી પ્રાર્થના કરવામાં આવે છે કે હે યજ્ઞદેવતા આ કાર્યની તમે નોંધ રાખો.

બુધ્ધનાં પિત્રાઈ ભાઈ આનન્દ, બુધ્ધનાં પટ્ટ શિષ્ય, બુધ્ધ કરતા ૬ વર્ષ મોટા હતા, - તેનો બુધ્ધને પ્રશ્ન : - તમને લગ્નજીવનની ઈચ્છા નહોતી તો પરણ્યા શા માટે ? કરૂણામૂર્તિ છો, તો યશોધરા સાથે અન્યાય શા માટે ? તેનો ત્યાગ શા માટે ?

બુધ્ધનો જવાબ : આગલા જન્મોની વાત છે, યશોધરા તેમનાં પૂર્વ જન્મોની પત્ની હતી, કોઈક પૂર્વ જન્મની વાસના, તેમને આ જન્મમાં સાથે ખેંચી લાવી.

(સૂત્ર) પૂજામાં દર્ભ આસન પર શા માટે બેસવું ? તમે સાધના કરો છો ત્યારે જો દર્ભાસન વગર બેસો તો

પૃથ્વીની ગ્રેવીટી તમારી ઉર્જા ખેંચી લે છે જ્યારે દર્ભનો આ ગુણ છે કે ઉર્જાને ધરતીમાં શોષાવા દેતું નથી. અને ઉપરની ગતિ આપે છે જે સાધકને સહાયક બને છે.

સીતાનાં પુત્ર કુશની વાત, લવ, રામ - સીતાનો પુત્ર છે, જ્યારે કુશ વાલ્મીકી દ્વારા મંત્રથી કુશ (દર્ભ)માંથી ઉત્પન્ન કરેલ બાળક છે.

સીલ્ક પહેરો તો બહારનાં વિરુધ્ધ તરંગો તમને ટચ નથી કરતાં એટલે સીલ્ક પહેરી પૂજા કરાય છે.

(ભાગવત) વ્યાસની સ્તુતિ = બે હાથવાળા વિષ્ણુની કર્મશક્તિ ચાર મોઢાવાળા બ્રમ્હાની ઈચ્છા શક્તિ ત્રણ આંખવાળા શિવની જ્ઞાનશક્તિ. ઈશ્વરની ઈચ્છાશક્તિ, જ્ઞાન શક્તિ, ક્રિયાશક્તિ,ત્રણેયનું સમન્વયથી જ વ્યાસમુનિ ભાગવત જેવો મહાગ્રંથ રચી શક્યા. વ્યાસ માં ત્રણેય શક્તિઓ હતી.

(શબ્દ) સમય જ આત્મા છે.

સ્મરણ = સ+મરણ, સ એટલે આત્મા. આત્મા છે ત્યાં સુધી સ્મરણ છે. સ- છૂટ્યો એટલે મરણ

દેવકી એટલે અધ્યાત્મ વિદ્યા. તેનાં ખોળામાં સ્મરણને બેસાડી આપણે યાદ રાખવાની ચીજ યાદ નથી રાખતા.

સમય = સ, મય, સ એટલે તે, આત્મા મય થઈ જવું, એટલે સમય.

સમાધિ = જેમ આંબળા ચાસણીમાં ડૂબી તેની મિઠાશ ચૂસી તેના મય થઈ જાય છે - તેમ આત્મા, પરમાત્મા મય થઈ જાય તે સમાધિ. અંતર, બાહ્ય એક થવું, મય થવું. સમય એટલે આત્મા. સામયિક એટલે આત્મામાં રહેવું.

(પુ) પુરૂષસૂક્તના ૧ ૬ શ્લોક (મંત્ર), શ્રીસૂકતના ૧ ૬ મંત્ર છે., પૂજા ષોડશોપચાર થાય આ સોળ ઋચાઓમાં ષોડશોપચાર સમાઈ જાય છે. માનસી પૂજામાં જ્યારે તમે આ ઋચાઓ બોલો છો ત્યારે સમસ્ત પૂજાનો ષોડશોપચાર તેમાં સમાઈ જાય છે - બાહ્યોપચારની જરૂર નથી.

પહેલી ઋચામાં ભગવાન વિષ્ણુંનું ધ્યાન અને આવાહન કરાય છે. નિર્ગુણ નિરાકારને વાહનની જરૂર નથી. સગુણ સાકારને વાહન જોઈએ, આ+વાહન.

(પુ.) અધ્યાત્મની પરિભાષામાં વાહનોનો શો અર્થ છે ? શંકરાચાર્ય કહે છે કે જે પૂર્ણ તત્વ છે તેને આવવાની જરૂર ન પડે - તે તો સર્વત્ર વ્યાપ્તજ છે. પુરૂષસૂક્તનો પહેલોસૂત્ર ના  રાયણનાં આવાહન માટેનું છે.

(વાહન) દરેક દેવતાનું પોતાનું એક આસન છે, એક વાહન છે. દરેકના ત્રણ અર્થો છે, આધિ ભૌતિક, આધિ દૈવીક, આધ્યાત્મિક. મૂષક - ગણપિતનો વાહક ઉંદર શા માટે ? ઉંદર એટલે માયા, અધ્યાત્મ બુધ્ધિથી પરે છે અને વીશ્લેષણ બધું બુધ્ધિમાં થાય, અધ્યાત્મ છેલ્લો પડાવ છે. ત્યાં વીશ્લેષણ નું બંધન કામ ન લાગે અપર ગ્રેડ છે. ઉંદર માયાની નિશાની છે, ઉંદર રાત્રે કરડે, માયા પણ અજ્ઞાનની રાત્રિમાં કરડે - ઉંદર અને માયા કરડે ત્યારે ફૂક મારી મારીને કરડે, અને લોહીલુહાણ કરે પણ મજા આવે છે. માયાનું કરડવું અને ઉંદરનું કરડવું સરખું છે. ઉંદર નવુ કપડું, તાજું ભોજન કરડતો નથી, તે વાસી ભોજન થાય ત્યારે કરડે છે. માયા પણ વાસનાયુક્તને કરડે છે. જેને બ્રહ્મતત્વનો ચસકો લાગ્યો તેની ઉપર માયાની અસર થતી નથી.

માયાને જો તાબે કરી શકો તો તમે ગણોનાં પતિ બનો છો. ઈન્દ્રિયોનાં માલિક બની શકો છો.

જયારે બહારની મજા બંદ કરો છો ત્યારે અંદરના આનંદ નો સ્વાદ લઈ શકો છો.

દત્તાત્રેય એટલે ત્રણ ગુણોથી પરે ગયેલ તત્વ. આવી રીતે દરેક વાહનનો એક સંકેત છે.

યમનું વાહન પાડો કેમ ? પહેલાનાં જમાનામાં ગ્રામ્ય સંસ્કૃતિ હતી. તેની સાથે પશુ સંસ્કૃતિ હતી પશુઓમાં પાડાને પ્રતિકારશક્તિ ન હોય. જયાં સુધી તમારામાં પ્રતિકાર શક્તિ હોય યમરાજ ન આવે. ઓછી થાય

ત્યારે મરણ થાય એટલે કે યમરાજ આવે.

(અંગ) પિંડ બ્રમ્હાંડ વાદમાં, નાભિસ્થળથી હ્રદય સ્થલની દૂરી દસઆંગળ જેટલી છે. નાભિસ્થલ (જીવની જગ્યા) અને હ્રદયસ્થળ (પરમાત્માની જગ્યા)

મસ્તક પ્રાણીમાત્રનો સર્વોત્તમ અવયવ છે. પુરાણકાળમાં મૂર્તિ બનાવવી હોય ત્યારે (ધડ તો બધી મૂર્તિનું સરખું છે.) માંથુ શુક્રનું મુકાય છે. શુક્ર એટલે પોપટ. ઈશ્વરે દરેકને તેનાં સામર્થ્ય અનુસાર બુધ્ધિ આપી છે. તેથી દરેકની નિર્ણાયક શક્તિ જુદી જુદી છે.

વિશ્વનાં, નિર્ણાયક અને નિયંત્રણ ના શક્તિ કેંદ્રો, માનવ મસ્તકમાં છે. તેને હાડકાની પેટીમાં ભરીને રખાયું છે. મસ્ત બનાવે તે મસ્તક બીજું નામ ઉત્તમાંગ = ઉત્તમ બનાવે તે અંગ.

આંખમાં જોવાની શક્તિ છે. આંખનાં ખોબામાં અક્ષનામક ઈન્દ્રિય બેસેલી છે. અધ્યાત્મમાં અક્ષ એટલે અ થી ણ સુધી. આપણી નજર "અ" થી લઈ "ક્ષ" સુધી બધામાં જાય. બાહર જે બધું જુએ છે તે ચર્મચક્ષુ. તેની પાછળ જ્ઞાનચક્ષુ છે. (જે જાણે છે કે આ, આ છે) અંદર એક સૂક્ષ્મ અંતરચક્ષુ છે, આનું નામજ ત્રીજી આંખ છે.

મદ્રાસનાં મહાન ગણિતજ્ઞ રામાનુજાચાર્ય, જન્મે ગરીબ હતા, ગણિતમાં મહાન કોયડાઓ મિનટવારમાં ઉકેલી શકતા. કોયડાના જવાબનો વિચાર કરતી વખતે તેમની આંખની કીકીઓ ઉપર ચઢે ત્યાં પીનીયલ ગ્લેન્ડ જે જાગૃત જ હતી, તે બધું એકજ લાઇનમાં આવે (કીકીઓ+પીનીયલ) અને રામાનુજમ ગણિતનાં સવાલ ઉકેલી શકતા. ઇડા, પીંગલા અને સુષુમ્ના જયાં ભેગા થાય તે સ્થલ આજ્ઞાચક્ર તેજ પ્રયાગ કહેવાય છે.

૧૩-૧૨-૨૦૦૧ (પુરૂષાર્થ) ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચાર પુરૂષાર્થ ભગવાનના પ્રેમમાં પડવું એ પાંચમો પુરૂષાર્થ, ભગવાન આપણા પ્રેમમાં રહે એ છઠ્ઠો પુરૂષાર્થ - સ્વામી અખંડાનંદ

(પ્રભુકૃપા) પ્રભુકૃપા નિરંતર વરસી રહી જ છે. આપણે પ્રભુકૃપાની પ્રતીક્ષા કરવાની નથી, તેની સમીક્ષા કરવાની છે. સમીક્ષા એટલે કે ઓળખવાની છે. હ્રદયમાં કૃપાની ઝંખના હોવી જોઈએ. કૃપા આપમેળે ઝીલાશે, ઉતરશે. ભગવાન જયારે જીવને પોતાની ગોદમાં લેવા માંગે છે ત્યારે તેને પોકાર પણ ભગવાનજ આપે છે, આજ અનુગ્રહ છે.

બુધ્ધિને જરા ઝુડવા દો, અભિમાન ને ધક્કો મારો.

ઈશ્વર પર શ્રદ્ધા રાખો, તેનાં પર શ્રદ્ધા હશે તો, તેણે જે આપ્યું છે તે સારા માટે જ છે તે સમજીને સ્વીકાર્ય બનશે. પોતાની જાતને લોટની કણક જેવો નરમ બનાવો, કયો ઘાટ ઘડવો, તે તેના (ઈશ્વર) ઉપર છોડી દો.

(પ્રેમ) પ્રેમ શક્તિ છે. જ્ઞાન પ્રકાશક છે. જ્ઞાન જેવુ છે તેવુ દેખાડે છે. જયારે પ્રેમ કુરૂપને પણ સુરૂપ જુએ છે. (જેમ મા પોતાનાં બાળકને પ્રેમની અનુભૂતિ થાય, ભક્ત પોતાનાં પ્રિય પ્રભુનાં દર્શન કરતો કદી તૃપ્તિ અનુભવતો નથી, આ નિરન્તર અતૃપ્તિ, આ પ્યાસ (પ્રભુ દર્શન) ની, આજ તો ભક્તિ છે.

(ભાગવત) ભાગવતમાં, દશમ સ્કંધ ભગવાનનું હ્રદય છે. એકાદશ સ્કંધ ભગવાનનું મસ્તક છે.

(હ્રદય) હ્રદયને શુધ્ધ કરવા કામને નિઃસંકલ્પતાથી જીતો, ભયને તત્વ ચિંતનથી જીતો, યોગનાં વિઘ્નોને મૌનથી જીતવા, સત્વગુણને ઉપરતિથી જીતવું.

(શાંતિપાઠ) ૧૮-૧૨-૨૦૦૧ ૐ ભદ્રં કણોભિ સ્સવસ્તિનો બૃહસ્ય વિર્દ ધાતુ. મૂલવેદ=ઋગ્વેદ. ઋષીઓ જે જે ઋચાઓ બોલતા ગયા તે ઋગવેદ બન્યો. આ ચારેય વેદોનો જથ્થો છે.

બીજા બદા વેદો આમાંથી છુટ્ટા પાડવામાં આવ્યા છે.

શાંતીપાઠનો અર્થઃ ૐ ભદ્રં કર્ણેભિ ........................... અર્થ

ભદ્ર = એટલે કલ્યાણ, હે દેવો અમે જેનાથી કલ્યાણ થાય, તેવું સાંભળીયે એ તેનો શબ્દાર્થ થયો.

અક્ષભિ = આંખથી સારૂ જોઇએ.

આધ્યાત્મિક અર્થ - જલતત્વ એ બુધ્ધિતત્વ છે (અધ્યાત્મમાં) સાત નદીઓ તીર્થ છે. કૃષ્ણે રાસલીલા યમુના કિનારે કરી ઈશતત્વનો અને જીવતત્વનો મિલાપ બુધ્ધીને કાંઠે થાય છે. ઈશતત્વ (કૃષ્ણ) જીવતત્વ (ગોપી)

ઘોર અંધકારમાંથી સૂર્યનો પ્રકાશ આવે છે. બુધ્ધિ પણ જ્યારે બહુ થાકે ત્યારેજ શરણાગતિ આવ્યા બાદ ઈશતત્વની પ્રાપ્તિ થાય છે. ઈશતત્વ બુધ્ધિથી પરે છે. તેને પામવા શરણાગતિ આવવી જોઇએ તો ઈશ્વર હાથ પકડે. અર્જુન પણ જ્યારે અતિ મુંઝાયો ત્યારે જ્ઞાનગીતા પ્રાપ્ત થઈ. યજ્ઞ સંસ્કૃતિમાં ભદ્રંનાં પ્રતીકરૂપે સ્વસ્તિક બનાવાય છે. લઘુભદ્ર મંડળ કે સર્વતોભદ્ર પૂરાય. જીવન પણ એક યજ્ઞ છે, તેમાં લઘુભદ્ર મંડળ રોજીંદા જીવનમાં, સર્વતોભદ્ર સંપૂર્ણ જીવન માટે પૂરાય જીવનના યજ્ઞમાં સર્વતોભદ્ર કરવાનું છે. સુઅસ્તિનો અર્થ = સારૂ થવું. શરીરમાંથી બહાર આવ્યા, નેત્ર બહાર જાય અને રૂપ લઈને આવે. બધી ઈન્દ્રિયો બહિર્ગામી થાય તો તે પણ બધે કલ્યાણનુંજ વિસ્તાર કરે, સારૂં જુએ, સારૂં બોલે, સારૂ સાંભળે. આંખ અને કાન બીજી બધી ઈન્દ્રિયોમાં મુખ્ય છે.

સ્વસ્તિકની ચાર પાંખો - ધર્મ, અર્થ, કામ, મોક્ષ હે સૂર્યદેવ - તમે અમારા ઘરમાં પધારો અને સહુંનું કલ્યાણ કરો, આ ભાવનાથી બારણાની બહાર સ્વસ્તિકની રંગોળી પૂરાય. ૐ હ્રીં ભાસ્કરાય, સર્વ દુખહરાય નમઃ સવારમાં સૂર્યોદય જોઇ આ બોલાય.

(યજ્ઞ) યજત્રા - યજ = હવન, મ = કરવાવાળી

અક્ષનો એક અર્થ આંખ, બીજો અર્થ ઈન્દ્રિય,ત્રીજો અર્થ રમવાનાં પાસા, રમવાનાં પાસા જે અવાજ કરી ભૂમિ પર પડે, તેમ આપણી ઈન્દ્રિયો પણ જગત પર પછડાઈ અવાજ કરે છે. (સારા-નરસા આંદોલનો ઉભા કરે છે.) અક્ષનો ચોથો અર્થ = બધું (સર્વ). અક્ષ અ થી ક્ષ સુધી બધુ. યજત્રા એટલે અમે હવન કરવાવાળા, રોજનું હવન એટલે અગ્નિહોમનું હવન. એક જમાનામાં બધાંજ અગ્નિહોત્ર હવન કરતા હતાં. રામાયણ કાળ મહાભારતથી પહેલાનો છે, ત્યારથીજ અગ્નિહોત્રની પરંપરા છે. અગ્નિ = બધા દેવોના સર્વપ્રથમ દેવ છે.

સર્વ ઉપનિષદોની મૂળ ઈશાવાસ્ય ઉપનિષદ છે. તેમાં છેલ્લો શ્લોક, અગ્નિ ની સ્તુતિ છે - આમાં ક્રતુ એટલે અગ્નિ છે. આમાં વિનંતી છે કે હે અગ્નિદેવ, તારી સાક્ષી રાખીને મેં સંપૂર્ણ જીવન અગ્નિહોમ કર્યો છે, ને હે અગ્નિદેવ તું યાદ રાખ.

પક્ષીઓની પગદંડી પડતી નથી, મૃત માણસની પગદંડી પડતી નથી, આકાશની પગદંડી પડતી નથી, પગની પગદંડી પડતી નથી. આમાંથી બે માર્ગ આવ્યા ૧) પ્રકાશનો માર્ગ - ઉત્તરાયણ  ૨) અંધકારનો માર્ગ - દક્ષિણાયાન

દેવયાન-દેવ તરફ જવાનો રસ્તો, પિતૃયાન - પિતૃ તરફ જવાનો રસ્તો. (આ બે રસ્તા છે મૃત્યુ પછીનાં) પિતૃલોક = વાસના સાથે ગયા હોઈએ તો પાછા આવવું પડે. એટલે એમ કે હે પ્રભુઃ આખી જીંદગી હું પ્રકાશને માર્ગે ચાલ્યો છું, હવે આગળની સારી ગતિ, ઈશ્વરની ગતિ તરફ લઈ જા. ઈશાવાસ્યમ નાં ૧૮ શલોકમાંથી ગીતાનાં ૧૮ અધ્યાય થયા છે.)

“સ્થિર - અરે - અંગે - દેવા” - હે દેવ તમારી સ્તૂતિ કરવામાં અમારા અંગોનો યોગ થાય (છેવટ સુધી શરીર સારૂં રહે) એટલે કે દેવો જેમાંથી સારૂં કરે - તેવું કાર્ય અમારાથી થાય. ભગવાન પોતે કંઇ કરતા નથી - તેમનાં અનુયાયીઓ, સંતો દ્વારા બધું કરાવડાવે છે.

અમારી વાણી તમારા ગુણગાન કરે, કાન તમારી કથા સાંભળે, હાથ તમારા ગમતા કામ કરે, મન તમારા ચરણારવિન્દ્રનો સ્પર્શ કરે. (બધી ઇન્દ્રિયો દ્વારા હે પ્રભુ, અમારાથી તમારા કર્મો થાય.)

(કૃષ્ણ) - ભક્તિમાર્ગમાં કૃષ્ણ - નિર્ગુણ નિરાકાર થઇને નહીં, સગુણ - સાકાર થઇને તમને છોડાવવા આવશે. સગુણ = ગુણ એટલે દોરડું - જે દોરડાથી (પ્રેમનાં દોરડાથી) બંધાયેલ હશે તે જ તમને છોડાવશે.

કૃષ્ણ - યશોદાનાં દોરડાથી બંધાયા ત્યારે કુબેરનાં બે પુત્ર જે નર - મણિ વૃક્ષ થઇ આંગણામાં હતા તેમનો ઉધ્ધાર કર્યો. કૃષ્ણ જે ખાંડણિયે બંધાયેલા હતા - તે આડુ પડ્યું અને નર-મણિને તેનો સ્પર્શ થતા તેમનો ઉધ્ધાર થયો.

(ગણપતિ) બૃહસ્પર્તિધાતુ - બૃહસ્પતિ - બ્રહ્મણસ્પતિ (વેદમાં) અને એજ ગણપિત આવર્તન કરો - જયારે બીજી વાર ગણપતિ અથર્વશીર્ષ બોલો ત્યારે હરિ ૐ બોલીને શરૂ કરો.

ૐ આખો બ્રમ્હતત્વ, આખો વેદ એક શબ્દમાં છે.

ૐ નિર્ગુણ નિરાકાર છે. ૐ ની તાકતથી સંસારમાં વૈરાગ્ય આવે. વૈરાગ્યને થોડું મંદ કરવા હરિ બોલાય, - હરિ સગુણ છે. ૐ ને મંદ કરવો પડે, કારણ સંસાર છોડવાનો નથી, સંસારમાં રહી ને, મન ઇશ્વર પાસે રાખવાનું છે.

હનુમાનની મૂર્તિ  હંમેશા ઉભેલી હોય રામની તે રક્ષા કરવા હંમેશા તત્પર હનુમાન.

ગણપતિનું નામ છે મંગલમૂર્તિ, મંગલનું અધિષ્ઠાન હોય તે સ્થિર હોય, બેઠકમાંજ અધિષ્ઠાન બતાવી શકાય.

ગણપતિની મુર્તિ યંત્રજ છે. ગણપિતની મુર્તિ બેઠેલી (બેઠકવાળી જોઇએ.)

મૂર્તિવાદમાં, અધ્યાત્મ કંડરાયેલું છે.

(શંકર) જીવનનાં દરેક ક્ષેત્રમાં શંકર - પાર્વતી જોડાયેલ છે. જીવનમાં બધુ એક લય, તાલમાં હોય તો સંગીત મધુર આવે - તા + લ

તા = તાંડવ = શંકર, લ = લાસ્ય = પાર્વતી.

(સૂત્ર) રોજ બપોરે ૧૨:૨૦ થી ૧૨:૨૮ સુધીનો સમય અભિજીત નક્ષત્ર હોય છે. આને મધ્યાન્હ સંવન કહેવાય છે, આ સમય દિવસનો શ્રેષ્ઠ સમય છે, કોઇ પૂજા, હવન માટે. રામજન્મ અભીજીત નક્ષત્રમાં થયો છે. (રોજ થાય છે - મંદિરમાં) માનસીક પૂજા પણ કરી શકાય.

(સૂત્ર) કેકસી - રાવણની માતા,  માલ્યવાન રાવણનાં મામા,  પુલત્સ્ય રાવણનાં બાપા.

(શબ્દ)૨૦-૧૨-૨૦૦૧ (શબ્દ)  સ્વપ્નમાં મન કામ કરતું રહે, સુષુપ્તિમાં મન શાંત રહે. પ્રપંચનો ખરો અર્થ શબ્દ, રસ, રૂપ, ગંધ, સ્પર્શ, આ પાંચ જીવને દુનિયામાં ખેંચે છે.

અતદ્વ્યાવૃત્તિ = ન હા પાડવી, ન ના પાડવી, મૌન રહેવું, મૌન સમ્મતિનું સૂચક છે.

(પુસ્તક) વેદાન્ત ઉપર, ઇચ્છારામ, સૂર્યરામ દેસાઇની પુસ્તક ચંદ્રકાંત (૪ ભાગ છે.), અને પંચદશી વિવેક

(સૂત્ર) ષટ્સંપત્તિ = શમ, દમ, ઉપરતિ, શ્રધ્ધા, તિતિક્ષા, સમાધાન. ન ચોર્ય હરમ - સર્વ ધનત્ પ્રધાનમ્.

(પતંજલિ) પાતંજલ મહાભાષ્ય, વ્યાકરણ ઉપર, સુંદર ગ્રંથ છે. એક શબ્દ જો બરાબર વાપરતા આવડે અથવા અર્થ બરાબર સમજાઇ જાય તો મોક્ષ પ્રાપ્ત થાય (વૈય્યાકરણીનો) આને સ્ફોટવાદ કહેવાય, શબ્દ પણ ફૂટે, ગર્ભિત અર્થ બહાર આવે સ્ફૂરે - સ્ફૂરણ થવું.

પ્રખર વ્યાકરણ શાસ્ત્રી પાણીની નો જન્મ કુંડુજ (કંદહાર પાસે) ગામમાં થયો હતો.

(શબ્દ) વ્યાઘ્ર શબ્દનો અર્થ ગંધ ગ્રહણ કરનાર પશુ.

ધન્ય = ચારે કાંઠે દીવા થવા, ધનધાન્ય, કૃષિમૂલક દેશમાં ધાન્ય, પશુ-ધન ગણાય.

ધન, જેનાં વડે ધન્ય થવાય તે ધન.

પાતંજલિ - એટલે જે ધારણવાન છે તે. બુધ્ધિ માટે એક શબ્દ છે મેધા. આપણા સોળ સંસ્કારમાં એક સંસ્કાર મેધા જનમમ્ સંસ્કાર છે. બાળકની બુધ્ધિ વધે તેનો સંસ્કાર "ધી ધારણાં ઈતિ મેધા" જે બુધ્ધિ ધારણા કરી શકે એટલે, જે બુધ્ધિમાં ગ્રાહ્ય શક્તિ હોય તે ધી (બુધ્ધિ)

ધારણ કરવા માટે, અંધકારમાં જ ધારણાશક્તિ ખીલે. એટલે જ યોગમાં આંખ બંધ કરાવે. (બીજ જમીનની અંદર અંધકારમાં જઈનેજ અંકુરિત થાય છે.) ધારણની સાથે પોષણ શબ્દ આવે. ધારણ માતૃત્વ કરે (ગર્ભ ધારણ થવું) પોષણ એટલે પુષ્ટિ કરવી.

ધારણ એટલે પકડવું, બુધ્ધિનું કામ ધારણ કરવું છે. સૂક્ષ્મદર્શી લોકોએ સૂક્ષ્મબુધ્ધિથી જોયું, અને કૃષ્ણે ગીતામાં કહ્યું.

(ગીતા) ભગવત ગીતા ગૌમુખી શાસ્ત્ર છે. ભગવદ્ગીતા ઉપરથી બહુ અર્થ ન આપે પણ ગર્ભિત અર્થ-ખૂબ ઉંડાણવાળો છે. સંસ્કૃત લચીલી ભાષા છે, આના વાક્યનું ફોરમેશન બદલતા રહો એટલે કે શબ્દો આગળ પાછળ કરો તો પણ અર્થ બદલાતો નથી. વેદાન્તના ગ્રંથો સમજવા, વેદાન્તની ભાષા જ વાપરવી પડે. જેમ ગાય તેનું ચણ વાગોળે અને તેનો રસમાણે, તેમ ગીતાતું ચિંતન મનન નવા ગર્ભિત અર્થો આપે.

અનવિચ્છ = ગોતો (શોધો), શરણ એટલે ભગવાન (ઘર), ભગવાનને, કૃષ્ણને, બુધ્ધિમાં ગોતો. જીવ અને શિવનું મિલન હંમેશા બુધ્ધિને કાંઠે થાય. ઈશ્વર તારી અંદરજ નિહિત છે, તેને ત્યાંજ ગોતો - બહારનાં ફાંફા છોડો, આ શ્લાકોનો આધ્યાત્મિક અર્થ છે. ગીતાને સમજવા અધ્યાત્મની ભાષા વાપરવી પડે. વ્યાસની ભાષા સમાધિની ભાષા છે. જેથી કરી ચિત્તને સમાધાન થાય તેને સમાધિ ભાષા કહેવાય. સમાધાન થવું, સંતોષ થવો, આનન્દ થવો.

(શબ્દ) સમાધાન = સમ+આધાન,આધાન થવું, ગર્ભધારણ થવું. સ્ત્રી, ગર્ભધાન થયા પછી એ બીજને પોતાનાં લોહીથી, બૂંદથી પોષે છે. સ્ત્રી પોતાને મીટાવીને બાળકને જન્મ આપે છે, મોટો કરે છે. આઈ - આ+ઈ સર્વબાજુથી જે બાળકનું બારીકાઈથી નિરીક્ષણ કરે તે આઈ.

એવું બોલો, એવું કરો જેથી સમાધાન થાય. સમ એટલે ઈશ્વરનું આધાન, તમારા ચિંત્તમાં થાય, આજ સાંચું ધન છે. સમાધાન થશે ત્યારે દોડ છૂટશે.

ગુરૂ - પુરૂષ છે, શિષ્ય સ્ત્રી જેવો છે. ગુરૂ આપે તે શિષ્ય ધારણ કરે છે. બુધ્ધિ સ્ત્રી છે તે આધાન કરે. તે એવી એક પકડ કરે કે બીજી બધી પકડો છૂટે છે. સ્ત્રી માં થાય ત્યારે એવો સમાધાન પ્રાપ્ત થાય છે કે તેની નજરનાં આજુબાજુનો ભટકાવ મટે છે. ઈશતત્વ ને અંદર ગોતો - બુધ્ધિમાં ગોતો - આજુબાજુનો ભટકાવ છોડો.

(પરીક્ષિત) રાજા પરીક્ષિતે, મુનિના ગળામાં મરેલો સર્પ નાખ્યો - મુનિનાં પુત્રે રાજાને શ્રાપ આપ્યો કે સાતમે દિવસે તારૂં મૃત્યુ થશે. રાજા પરીક્ષિત જંગલમાં થી પગદંડી ઉપરથી જતા હતા ત્યાં સાપ જોયો, તેને માર્યોક આગળ એક ઝુંપડુ જોયું ત્યાં પાણી પીવા માટે ગયા. ત્યાં મુનિ ધ્યાનસ્થ બેઠા હતા એટલે તેમને રાજાનાં આવવાની ખબર પડી નહીં, રાજાનો અહંકાર જાગ્યો અને વિવકે ચૂક્યા (રાજાને અહંકાર હતો - મારા આશ્રય પર નભે છે પણ મારો સત્કાર કરતો નથી) રાજાએ પોતાનાં માની લીધેલા અપમાન બદલ મુનિનું અપમાન કરવા માટે દરવાજા પાસે પડેલ એક મૃત સર્પ મુનિમાં ગળામાં પહેરાવ્યો - અને આગળ ચાલ્યા - આગળ એક ભગ્ન શિવમંદિર જોયું ત્યાં માથું ટેક્યું ત્યારે પોતાને પોતાનાં અવિવેકનું ભાન થયું.

રાજાએ મેરેલો સાપ મુનિનાં ગળામાં નાખ્યો. પરીક્ષિત એટલે બધી રીતે જોઇ, પરખ કરી જોવા વાળો. અપમાનનો બદલો અપમાનની ભાવનાથી મુનિના ગળામાં સર્પ મુક્યો.

આપણે આ શરીર રૂપી ઝુંપડામાં બેઠેલો, મુનિરૂપી આત્માને, માયારૂપી, સંસાર રૂપી સર્પ પહેરાવેલ છે. એટલે કે આ આત્માનું આપણે અપમાન કરીએ છીએ એટ્લે સાતમે દિવસે આપણું મૃત્યુ નિશ્ચિત છે. સંસાર રૂપી સર્પથી આત્માનું અને જ્ઞાનીઓનું રોજે રોજ અપમાન થાય છે. તેમાંથી શુક્ર છોડાવે છે. સંસાર વાસ્તવમાં મૃતજ છે, આપણે તેમાં ચેતના લાવ્યા કરીએ છીએ. શુક્રદેવ મોક્ષ અપાવે છે.

(અરબિંદો) અરબિંદો વેદની સમાધિ ભાષા બરાબર પકડી છે - કાલ ઝારણમ (કાળને બાળો) = આજને પકડો, કાલને છોડો.

અરબિંદો કહે છે કે કાળને કાપો. આપણે કાળની કાતરમાં કપાતા હોઇએ છીએ, જયારે વર્તમાનમાં રહી તમે કાળને કાપી શકો છો.

(સૂત્ર) સમાધાન પામવું એ ચિત્તનું સર્વોભૌમ ધર્મ છે. જે સમાધાન માટે તમારી દોડ છે તે તો તમારી અંદરજ છે. સમાધાન, શાંતિ, આનન્દ એ તો તમારા આત્માનો સહજ સ્વભાવ છે. જેમ પાણીની પ્રકૃતિ શીતલતા છે તેમ શાંતિ, સમાધાન તમારા આત્માની સહજ પ્રકૃતિ છે. બહારની પકડ છોડો. જ્યારે તમે ઉંઘમાં, બહારથી છુટી પોતાનામાં રહો છો, ત્યારે શાંતિ, સ્ફૂર્તિ પામો છો. આપણે વસ્તુમાં સંસાર પર રાગદ્વેષ, મમત્વનું જે આરોપણ કરીએ છીએ તેજ માયા છે. જયારે તમે પોતાની જાતને છોડી, બીજામાં પોતાની જાતને જોડો છો, ત્યારે પોતાપણુ ગુમાવો છો. આ સંસાર અલાત ચક્ર જેવુ છે. અલાત (અગરબત્તીની ઉપરનું બળતું ટોપકુ) તેને ફેરવો ગોળ તો અલાત ચક્ર દેખાય જે આભાસજ છે.

(શબ્દ) મન ને નમ કરો = નરમ કરો નમન કરો. શરણાગતિ મનને ઉલટું કરવાની પ્રક્રિયા છે. તમારા માં મન નથી. આપણે જ મનને ઉભું કર્યું છે, મનન કરી કરીને. તમે જોયું તે જોયું કોઇ બોલ્યું તો ભલે બોલ્યું તેને પકડો નહીં, પકડશો તો બરફનાં ગોળાની જેમ સોલીડીફાય (ઘનીભૂત) થશે. ખંખેરી દેશો તો પાણી થઇ વહી જશે. સંસારનું કારણ મન જ છે. સર્વ સિધ્ધિઓનું કારણ મન છે. દરેક ઘટનાને વસ્તુને હકારાત્મક રીતે જુઓ.

(ભાગવત) ભાગવતનાં બીજા સ્કંધમાં જ્ઞાનમાર્ગની ચતુઃશ્લોકી છે.

૧) સત્ય શું છે ?  ૨) માયા તે શું છે ?  ૩) જગત તે શું છે ?  ૪) આપણો આત્મા - તે શું છે ?

સંપૂર્ણ નિવૃત્તિ આવે તો, જ્ઞાન આવે તો ભગવાન તરફ સોપાન ખુલે અને ભગવાન તરફ જતા મુક્તિ (મુક્તાબાઇ) આવે, વાસના સાથેની નિવૃતિ હોય તો જ્ઞાન મળે.

જ્ઞાનદેવ, સોપાનદેવ, નિવૃતિનાથ અને મુક્તાબાઇ ભાઇ બહેન. વિઠ્ઠલપંત - બાપા, રૂકમિણી બાઇ-માં સંસારમાં રહીને પણ નિર્લિપ્ત કેવી રીતે રહી શકાય તે એકનાથજીએ શીખવ્યું.

હરિ, ગોદાવરી, ગંગા - બધા એકનાથ નાં વંશ જ છે,

હરિ પિતા કરતા સવાયો.

૮-૨-૨૦૦૨ (મહાભારત) રામાયણ, મહાભારત, ભાગવત આપણા ત્રણ ગ્રંથો - મહાભારત, ભાગવત, બન્ને વ્યાસલિખિત છે. ભાગવત - પાંચમો વેદ છે. વેદોનું સાર ગાયત્રી - ગાયત્રી એટલે સાવિત્રી

ભારત સાવિત્રી વાંચવાથી મહાભારત વાંચવાનું ફળ પ્રાપ્ત થાય - આનાં ૫ શ્લોક - ચર્તુશ્લોકી + ૧ શ્લોક = પંચશ્લોક મહાભારતમાં વ્યાસ કહે છે = ધર્મ નિત્ય છે તેને કદી છોડવો નહીં બીજુ બધુ અનિત્ય છે.

ધર્મની વ્યાખ્યા = સમાજની ધારણા જેના થકી થાય. ધર્મજ સમાજનું ધારણ કરે છે. જે વ્યક્તિ ની ધારણા તેજ સમષ્ટિની ધારણા છે. સમષ્ટિની ધારણા જ ધર્મ છે.

ધર્મ તે જે નીતિને છોડે નહિ - નીતી તે જે ધર્મનો હાથ પકડીને ચાલે - એમ મહાભારત સાવિત્રાનો સંદેશ છે. અધિરથ - ધૃતરાષ્ટ્રનો સારથી તેની પત્ની રાધા - કર્ણનાં પાલક માતા પિતા. દ્રોણનાં ૧૦૭ શિષ્ય. ૧૦૦ કૌરવ, ૫ પાંડવ, અશ્વત્થામા દ્રોણનો પોતાનો દિકરો અને કર્ણ.

દ્રોણનાં પ્રિય શિષ્યો - ૧) અર્જુન ૨) અશ્વત્થામા. દ્રોણે બન્નેને બ્રહ્માસ્ત્ર ચલાવવાની શિક્ષા આપેલી. આ શસ્ત્ર છોડીને પાછી ખેંચવાની શક્તિ ઈન્દ્રમાં હતી. અશ્વત્થામા માં ન્હોતી કારણ એ નીતિવાન ન હતો. ધર્મ હંમેશા નીતિમાન હોવો જોઈએ.

નીતિ એટલે માણસનું આચરણ.

ધર્મ = નીતિનો આધાર ધર્મ પર છે, ધર્મની બેઠક પર નીતી ચાલે.

ધાર્મિક માણસ નીતિમાન હોવો જોઈએ અને નીતીમાન માણસ ધાર્મિક હોવો જોઈએ.

(વેદ) આખુ વિશ્વ એક માળો છે. વેદનું પહેલું જ વાક્ય છે, વેદની પ્રાર્થના સર્વેત્રઃ સુખીનાસન્તુ -

વેદ = બધાને સાથે લઈને ચાલવાનો સંકેત આપે છે.

વિશ્વ બંધુત્વની ભાવના આવે ત્યારે પારકા કોઈ છેજ નહીં.

સર્વનું કલ્યાણ થાય, પરમાર્થની ભાવના, એજ સાચો ધર્મ છે.

(સૂત્ર) કાલ્પનિક વસ્તુમાં આસક્તિ રાખો, તે પરતંત્રતા છે.

ઋતમ્ વરિમ, સત્યમ વરિમ. ઋતમ =પારમાર્થિક સત્ય, સત્ય = વ્યવહારિક સત્ય.

ભગવાન એટલે શું ?

ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, વૈરાગ્ય, જ્ઞાન આ છ ગુણો થી જે સંપન્ન છે તે ભગ-વાન છે. (ધનવાનની જેમ ભગવાન)

સાત ગાંઠ વાળો વાંસ (હૃદયની વાસનાની ગાંઠનો સંકેત છે.)

૧) કામ, ૨) ક્રોધ, ૩) લોભ, ૪) મોહ, ૫) મદ ૬) મત્સર (ઈર્ષ્યા), ૭) અવિદ્યા

(મહાભારત) પાંચ પાંડવ

| | | |
|---|---|---|
| યુધિષ્ટિર | = | અકાશતત્વ છે - શબ્દ તન્માત્રા છે. |
| ભીમ | = | વાયુતત્વ છે - સ્પર્શ તન્માત્રા છે. |
| અર્જુન | = | તેજ તત્વ છે - રૂપ તન્માત્રા છે. |
| નકુલ | = | પાણી તત્વ છે - રસ તન્માત્રા છે. |
| સહદેવ | = | પૃથ્વી તત્વ છે - ગંધ તન્માત્રા છે. |

ઉધ્ધવ બુધ્ધિનું સ્વરૂપ છે.

વિદુર ત્યાગનું સ્વરૂપ છે. (નીતિમાન છે.)

ભક્તિ (ભક્તિમાર્ગની દસ ભૂમિકા)

૧) મહાપુરૂષોની સેવા ૨) મહાત્માની કૃપા ૩) ધર્મ ઉપર શ્રધ્ધા ૪) ભગવાનની કથાનુંશ્રવણ

૫) ભગવાન ઉપર પ્રીતિ ૬) અવિદ્યા નિવૃત્તિ ૭) આત્મજ્ઞાન ૮) દ્રઢ ભક્તિ

૯) ભગવાનનાં તત્વનું જ્ઞાન (સર્વાત્મ ભાવ) ૧૦) ભગવાનનાં ગુણોનો આવિર્ભાવ્ય

(સૂત્ર-કર્મ) જ્ઞાનથી ઉત્પન્ન કર્મ થી શાંતિ, સંતોષ, તૃપ્તિ વધે છે.

અજ્ઞાનથી ઉત્પન્ન કર્મથી, ક્લેશ વધે, અતૃપ્તિ વધે.

કર્મ ને ફળની વચ્ચે અટવાવ નહીં.

જો માંગવુજ હોય તો ભગવાન ઉપર છોડો. પ્રભુ અમે આપના શિશુ છીએ, આપ તે જ આપો, જેમાં અમારૂં કલ્યાણ હોય.

જે બધા દુઃખો છે તે કર્મો થી નથી થતા પણ કર્તાભાવ થી આવે છે, મે કર્યું, મે કર્યું. મે ફલાણા માટે આમ કર્યું, મેં આમ કરી મોટો ત્યાગ કર્યો છે, આ વિચારો દુખ ઉપજાવે છે. કર્તાભાવ છોડો. સહજ કર્મ કરો.

(સૂત્ર) ત્ર્યમ્બકમ્ એટલે અંબામા, ત્રણ માતૃ શક્તિઓ ૧) મહાલક્ષ્મી ૨) મહાકાલી ૩) મહાસરસ્વતી. શંકર ભગવાને પોતે ત્ર્યંબકમ યજામહે મંત્ર આપ્યો છે.

ઈશ્વરની ત્રણ શક્તિઓ ૧) જ્ઞાનશક્તિ ૨) ઈચ્છાશક્તિ ૩) ક્રિયાશક્તિ

(સૂત્ર,રામ) - રામનામથી પથ્થર તરે, રામ કહે છે બધા ખોટું બોલે છે. મારા નામથી પથરા તરતા નથી. ત્યાં પાછળથી હનુમાન બોલ્યા "કે ભગવાન, આ શું કહો છો ? મને કંઈ સમજ પડી નહીં" રામ કહે છે, તમે મારૂં ખોટું મહત્વ વધાર્યું છે, તમે કહો છો, રામનામ થી પથ્થર તરે છે, પણ મેં પોતે દરિયામાં પથ્થર નાખ્યો તો તે ડૂબી ગયો, તર્યો નહીં. હનુમાનજી કહે "પ્રભૂ તમારા નામથી પથ્થર તરે, પરન્તુ તમે જેને છોડ્યો, તે ડૂબે, તે તરે કેવી રીતે ? તમને પકડીને ચાલે તેજ તરી શકે"

(સૂત્ર-સંત) - સાચા સંતો યુગેયુગે અને દેશેદેશે એકજ વાત કરી ગયા છે, કે સત્યાશ્રયી બનો, સરળ બનો. નિરર્ભિમાની બનો, નિર્લોભી, નિર્મોહી અને નિષ્કામ બનો. ચાર ચીજો આપણને આગળ વધતા રોકે છે - શ્રધ્ધાનો અભાવ, વૈરાગ્યનો અભાવ, તાલાવેલીનો અભાવ અને સચ્ચાઈનો અભાવ.

(સૂત્ર ગુરૂ) - ભારતમાં ગુરૂ ત્રણ રૂપે હોય છે.

આધિભૌતિક - આધિદૈવિક - આધ્યાત્મિક

વ્યાસ - દત્ત - દક્ષિણામૂર્તિ શંકર

ગુરૂ બ્રહ્મા - વિષ્ણુ - મહેશ

બ્રહ્મ જન્મઆપે, વિષ્ણુ - પાલનકરે, મહેશ - જરૂર પડે મારે પણ

જ્ઞાનમાર્ગમાં - ગુરૂ જ્ઞાન આપી અજ્ઞાન દૂર કરે, મિથ્યાત્વ દૂર કરે, લાયકાતનું નિર્માણ કરે.

ટીચર - પ્રીચર - રીચર(સદ્ગુરુ) સદ્ ગુરુ - ઈશતત્વ સુધી પહોંચાડે એટલે રીચર.

ભક્તિમાર્ગમાં - ગુપ્તમ રુપમ દર્શયતિ ઈતિ ગુરુ, ઈશ્વર સ્વરૂપનું દર્શન કરાવે.

સ્થૂળ જગતનો ઉદ્ભવ કરવાવાળો એટલે સવિ

સવિતા એટલે પ્રસ્વિતા દુનિયાને જન્મ આપવાવાળો સૂર્ય (સૂર્ય વગર દુનિયામાં જીવન અસંભવ છે.)

સવિતા યુનિવર્સને જન્મ આપનાર દૈવીશક્તિ, "સાવિત્રી" છે.

યજ્ઞકુંડમાં "હું" (અહંકાર) ને હોમતા જે ધડાકો થાય તેનું નામ કૃપા.

(સૂત્ર અધ્યાત્મ) - અધ્યાત્મમાં વસ્તુઓ બાધક નથી બનતી. બાધક છે મનની ચંચળતા. એટલે અધ્યાત્મમાં વસ્તુઓનો ત્યાગ વાસ્તવિક ત્યાગ નથી, મનની ચંચળતાનો ત્યાગ જ વાસ્તવિક ત્યાગ છે.

મન સુધી દ્વૈત છે. મનનો નિગ્રહ કરતા આવડે અને મનથી અતીત થતા (ઉપર ઉઠતાં) આવડે તો માત્ર અદ્વૈત છે - અને આનન્દ આનન્દ જ છે.

સચ્ચિદાનન્દ - સત - અસ્તિત્વ (હોવાપણુ)

ચિત્ત = હોવાપણાનું ભાન

આનન્દ = આનન્દ

(પરીક્ષિત) - રાજા પરીક્ષિતનાં અનેક સવાલોનું મૂળ આ સવાલ છે. જેનું મોત પાસે આવ્યું તેને આ દુનિયામાં કર્તવ્ય શું ? આ દુનિયામાં :

૧) મૃત્યુ અનિવાર્ય છે - અટલ છે. ૨) મૃત્યુ આવશ્યક છે. ૩) મૃત્યુ શિક્ષક છે.

મૃત્યુ તરફ જોવાની દ્રષ્ટિ બદલો, અંતકાળે જો ઈશ્વર સ્મરણ રહેશે તો ભવબંધન છૂટશે, આ ત્યારેજ શક્ય છે જો સતત ઈશ્વર સ્મરણ રહે, કોઈપણ કાળે અંત આવી શકે છે.

પ્રવાહનિત્યતા = સતત પ્રવાહિત. જન્મ, જીવન, મરણ, ફરીજન્મ આ ચક્ર ચાલૂજ રહે છે.

(આત્મજ્ઞાન) અવિકંપ યોગ એટલે સંપૂર્ણ શરણાગતિ, જયાં શ્રધ્ધા ડામાડોળ ન થાય.

ઈશ્વર ઉપર, ગુરૂ ઉપર અચલ શ્રધ્ધા હોવી જોઈએ, ગુરૂ જ ઈશ્વર સુધી પહોંચાડે છે.

દરેક જોનારનું જગત, એ તેની કલ્પનાનું જગત હોય છે, તેથી જગત જેવી કોઈ વસ્તુ નથી. કારણ કે જોનારનાં દ્રષ્ટિબિદુંં સાચા હોતા નથી. દરેક પોતાનાં પૂર્વાગ્રહ પ્રમાણે જગતને જુએ છે. આનું નામજ "દ્રષ્ટિ તેવી સૃષ્ટિ."

નિરતિશય આનન્દમાત્ર, રસસ્વરૂપ બ્રહ્મજ્ઞાન બધી અવિદ્યા અને તેનાં પરિણામ સ્વરૂપ ઉત્પન્ન કલેશનો એટલે કે દ્વૈત પ્રપંચનો નાશ કરી દે છે. દ્વૈતનો અભાવ થવાથી સાધન, સાધ્ય, જુદા જુદા રહેતા નથી તો કર્મનું બંધન શી રીતે રહે ?

અસંગ આત્મામાં સાથે અનાત્મ વસ્તુનો સાચો સંબંધ બંધાયજ નહીં (શક્ય નથી). સંબંધ એટલે સમ+બંધન. જો આત્મા સ્વભાવેજ અસંગી છે ત્યાં કોઈ પણ સંબંધની શક્યતા જ ન ઉદ્ભવે. આત્મા પ્રાપ્ત જ છે એટલે મુક્તિ પણ પ્રાપ્ત જ છે. નિત્ય પ્રાપ્તની પ્રાપ્તિમાં કર્મની જરૂર રહેતી નથી, જ્ઞાનનાં પ્રકાશની જરૂર છે.

ખરી રીતે જોતા તો આત્મા સદૈવ પોતાનાં સ્વરૂપમાં સ્થિરજ છે, છતાં તેનું જ્ઞાન ન નહોય ત્યારે જે જણાય તેને અનાત્મા કહે છે, અનાત્માની નિવૃત્તિ કરવાથી પ્રાપ્તની પ્રાપ્તિની માફક આત્માનો અનુભવ થવા લાગે છે. આત્માનું જ્ઞાન થવા માટે વેદાન્તમાં નીચે પ્રમાણે ઘણી પ્રક્રિયા અથવા પ્રણાલિકા માનેલી છે.

૧) ત્રણ અવસ્થાનો વિચાર - જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ

૨) પાંચ કોષનો વિચાર. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનન્દમય.

૩) ભૂમિકાનો વિચાર, સપ્ત ભૂમિકા

૪) પ્રપંચનું મિથ્યા જાણવું.

૫) આત્માનાં સ્વરૂપ લક્ષણ જાણવા

૬) અતદ્ વ્યાવૃત્તિથી આત્માનો નિશ્ચય કરવો.

૭) ત્રણ દેહથી જુદા દ્રષ્ટા છે એવો અનુભવ લેવો, સ્થૂળ, સૂક્ષ્મ, કારણ

૮) આરોપ, અપવાદની પધ્ધતિ, જગત એ સાચી વસ્તુ નથી, તેને આરોપ અને અપવાદની પધ્ધતિ કહે છે. આ જગતમાં દરેક વસ્તુની રચના અમુક પરમાણુઓનો સંગાથ થવાથી બની છે. તેને ખાસ વિશેષ નામ આરોપિત કરાય છે, ઓળખવા માટે. આ ખુરશી ટેબલ અથવા શરીર સાચી રીતે સમજવું હોય તો (હેયર સ્પ્લીટ) પૃથ્થકરણ કરીને, તેનાં પાર્ટ છુટા પાડીને સમજી શકાય. હેર સ્પ્લીટીંગમાં છેલ્લે જે રહે છે પરમાણુ

જ છે. વસ્તુને જોઇ જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ દેખાય, પણ કયારેક વસ્તુ દેખાય તેવી હોતી નથી. અહીં અપવાદ આવે છે. વસ્તુની ખરી પરખ વેદાંત પ્રમાણે આરોપ અને અપવાદ પધ્ધતીથી થાય.

૧૦-૧-૨૦૦૨ (શબ્દ) ઉપાસના થકી કર્મનું ફળ ઓછું થાય.

દ્વેષ = દ્રિ+વિષ, કરનારને પણ બાળે અને સામેવાળાને પણ બાળે.

સંસ્કૃતમાં દરેક શબ્દની વ્યુત્પત્તિ ગમ્ય અર્થ હોય છે.

રાગ = જે ચોંટીને બેસે, પોતાનો રંગ તેની ઉપર છોડી જાય, કર્મની વાસના જે તેની પાછળ રહે તે રાગ છે, રાગ હોય, રાગની ચીકાશ હોય. તેનો રંગ રહે, રાગ રહેવો એટલે તેમાં લેપાવું - રાગ હોય તો રંગ લાગે. રાગ ઓછો તીવ્ર છે પણ છાનો દુશ્મન છે. દ્વેષમાં તીવ્રતા વધારે છે. રાગ જે રંગ લગાડે, કરેલા કર્મની ચીકાશ રહે તેનું નામ રાગ.

(સીતારામ) સીતારામની શક્તિ છે, શક્તિનો કાયો ત્રણ છે.

ઉદ્ભવ, સ્થિતિ અને સંહાર. દુનિયા જયારથી જન્મી ત્યારથી શક્તિ આ ત્રણ કાર્યો કરી રહી છે. ઉદ્ભવ એટલે ઉપર ઉઠવું. બીજ અંકુરીત થઇ પ્રકાશ લેવા ઉપર આવે છે. બીજી ફૂટયું, ઉપર આવ્યું પછી પાછું શમી ગયું આ થયું ઉદભવ, સ્થિતિ અને સંહાર.

સંહાર = સમ. સમ એટલે સારૂ સંસ્કૃત, જે ભાષા સારી છે.

સંહાર = સંહાર એટલે જે વસ્તુ જરૂરી નથી તેનો નિકાલ કરવો અને બીજું શિલ્લક રાખવું.

સંહાર ઉત્પત્તિનું પૂર્વ રૂપ છે - કોઇ પણ વસ્તુ આ દુનિયામાં નકામી છે જ નહીં - જે મારા માટે નકામું થયું છે - તે બીજે ક્યાંક, બીજી રીતે ઉપયોગી છે જ. આધ્યાત્મ રામાયણમાં આધ્યાત્મનું સૂત્ર લીધેલ છે.

રામ પ્રરબ્રહ્મ = સીતા તેની શક્તિ - બ્રહ્મ અવતાર લ્યે ત્યારે તેની શક્તિ સાથે આવે. પૂજા વિધાનમાં સશક્ત દેવની પૂજાનું વિધાન છે - સ્વીકૃતિ છે. અશક્ત દેવની સ્વીકૃતિ નથી - ઉદ્ભવનો સારામાં સારો દાખલો ખેતર છે - એક દાણો નાખો તો હજાર દાણા આપે - કંઇ ન નાખો તો પણ ઘાસ તો આપેજ. હળથી ખેડાયેલી ભૂમિ એટલે સીતા. સીતાનો જન્મ ધરતીમાંથી થયો છે, સીતા ઉદ્ભવનું રૂપ છે.

દરેક વસ્તુ એક જાતનું ધન છે - સંતતિ પણ આપણું ધન છે. સર્વ બાજુથી સારૂ થવું. રાજા જનકને સીતાના જન્મ પછી બધું સારૂં જ થયું હતું, જનકપુર એટલે આજનું નેપાળ-સીતા નેપાળની હતી.

દશરથની પત્નિ સુમિત્રા બ્રહ્મદેશની હતી. ઉદ્ભવનું એક સૌંદર્ય હોય છે, આ સૌંદર્ય બહારથી નથી આવતું અંદર છે, એ પ્રગટે છે. ઉદ્ભવમાંજ સ્થિતિનું બીજ હોય, સ્થિતિમાં સંહારનું બીજ હોય છે. સમાજનો પણ ઉદ્ભવ, સ્થિતિ અને લય હોય છે.

રાજાની શક્તિ સીતા છે, રાવણનો સંહાર કરવાનો હેતુ છે એટલે રામ સીતાને પોતાની સાથે વનવાસમાં લઇ જાય છે, સશક્ત થઇને જાય છે. શક્તિનો ઉપયોગ વિવેકથી કરવાનો હોય છે. ઉત્પતિ કયાં થાય ? ઉત્પતિ માટે ભૂમિ જોઇએ, ઉદ્ભવ માટે સારામાં સારો આધાર જોઇએ.

રાવણ બગડેલા સમાજનું લક્ષણ છે. બ્રહ્મતત્વ જયારે અવતાર લ્યે ત્યારે પોતાની શક્તિ સાથે અવતરે છે. રામનું બાણ, તેની શક્તિનું સંકેત છે. રાવણે જે સમાજની સંસ્કૃતિને બગાડી હતી તેને રામે સુધારી - રાવણ વિદ્વાન હતો પણ અહંકારી હતો. સારા પિતાનો પુત્ર હતો પણ બગડયો અને અસુરી સંપત્તિમાં ગયો.

વૈશ્વરનો દિકરો કુબેર રાવણનો ભાઇ છે તે લંકાનો રાજા છે. રાવણના પિતા પુલત્સ્ય - માતા કેકસી - માતા બ્રહ્મવાદિની એટલે વેદની જાણકાર, એ પહેલી લેડી જાસૂસ હતી, તે અસુર પુત્રી હતી . રાવણમાં બાપનું સૌંદર્ય જ્ઞાન તથા માતાનાં સંસ્કારોનું કોમ્બીનેશન હતું.

કુબેર એટલે જે કદરૂપો દેખાય. કેકસીની યોજના હતી કુબેરથી રાજસત્તા લઇ રાવણને સોંપવી, તેમાં સફળ પણ થઇ. સત્તા, સંપત્તિ અને સંસ્કૃતિ ને બગડતા વાર નથી લાગતી. સારાકુળમાં જન્મેલો માણસ બગડે તો સમાજનું વધું નુકશાન કરશે.

રામાયણ, મહાભારત, ભાગવતનાં પાત્રોમાં પૂર્વ જન્મોનું વર્ણન ગર્ગસંહિતામાં મળે છે.

રાવણ અને કુંભકર્ણ - જય અને વિજય તરીકે (સ્વર્ગનાં દ્વારપાળ) હતા (પૂર્વજન્મનાં).

ભક્તિમાર્ગનું અનુષ્ઠાન પ્રેમ છે, પ્રેમમાં મીઠાશ છે એટલે તેને માધુર્યભક્તિ કહે છે. જયાં પ્રેમ હોય ત્યાં ગાંઠ ન હોય.

ઈશુ ખ્રીસ્ત હિમાલય પર ૧૧ વર્ષ રહ્યા તેમના પર જૈન ઇસમ ની અસર હતી. તે શૈવ સંપ્રદાયના હતા. કાશ્મીરમાં તેમની કબર છે. દુનિયામાં તમારા અને ઈશ્વર વચ્ચે એક ગર્વનો પડદો છે જે હટાવો તો તમેજ ગણેશ છો, ઈશ્વર છો. આ પડદો હટાવવા માટે ભક્તિમાર્ગ ઉત્તમ રસ્તો છે. જ્ઞાનમાં એક અહંકાર છે. જ્ઞાનના આંબળા, ભક્તિની ચાસણીમાં નાખો તો જે મુરબ્બો તૈયાર થાય છે તેવા બનો. જ્ઞાન-ભક્તિનું સંગમ થવું જોઇએ. ગર્વનો પડદો દૂર કરવા, ગીતા, ગણપિત અને ગાયત્રી ત્રણ સહાયક છે. ગણપતિ અથર્વશીર્ષ બોલો, ગાયત્રી મંત્રનો જાપ કરો. ગીતાનું અધ્યયન કરો. ગીતાનો ૧૫ મો અધ્યાય બોલો. ભોજન, ભજન, પરણ અને મરણ આમાં આપણા સિવાય બીજાનું કરેલું ચાલે નહિ.

ધર્મના ચતુષ્પાદ :

શંકરના મંદિર માં નંદીનું સ્થાન. નંદી ધર્મનું પ્રતીક છે. ધર્મનાં પગ ચાર.

ઋષભ, વૃષભ, નંદી જે આનન્દિત કરે, કરાવે. ધર્મ માણસને આનન્દ તરફ લઇ જાય. નંદીમાં આનન્દનો સાર છે. તેનો એક પગ સત્ય (હું) બીજો પગ અંદર પોતાની તરફ વાળેલો (તપ)

ત્રીજો પગ - દયા, ચોથો પગ - દાન સૂચવે છે.

ચતુષ્પાદ (હું) - જે મૂર્તિની સામે પગ મૂકેલો છે તે તમે એટલે કે તમારૂ હોવું, તમારૂ હોવું તે સત્ય છે.

બીજો પગ (તપ) - મારા જીવનનું જે ધ્યેય છે, ઈશ્વર સાક્ષાત્કાર તેનાં માટે હું તપ કરીશ, કષ્ટ કરીશ.

ત્રીજો પગ (દયા) - એજ અંશના બધા અંશી છીએ એટલે બધાને પ્રેમ કરો

ચોથો પગ (દાન) - સરખી રીતે વહેંચવુ, સમાજનો પણ મારી કમાણીમાં હિસ્સો છે, ભાગ છે.

(કુદરત) કુદરત તમારી મિત્ર છે, તેની સાથે મિત્રતા જોડો, વ્યવસ્થા શીખવશે.

વ્યવસ્થા બે પ્રકારની હોય ૧) શાસ્ત્રીય વ્યવસ્થા, ૨) કુદરતી વ્યવસ્થા

શાંતિનું મૂળ સામર્થ્યમાં છે. - સિંહને શાંતિ છે, હરણ ભયભીત છે. (પોતાને નબળા ન માનો)

સુખ સગવડને આધારે છે, સગવડ વિજ્ઞાનને આધારે છે.

વિજ્ઞાન - બુધ્ધિ (પ્રયોગશાળા) ને આધારે છે.

બુધ્ધિ માણસમાં છે - તે કુદરતી વ્યવસ્થા છે.

આવેગો - વંટોળિયો છે. ધસમસે પણ ક્ષણિક હોય (કામવાસના, જો આવેગ ન હોત તો આ જીવનસૃષ્ટિ ન હોત)

લાગણી - સ્થાયી તત્વ છે.

મહત્વકાંક્ષા - વ્યક્તિગત હોય તો દુખદાયી, સમષ્ટિ માટેની મહત્વકાંક્ષા જગત માટે સુખદાયી શાસ્ત્રો કુદરતી નિયમો સાથે ચાલે તો સુખી થાય.

(સૂત્ર) ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ સ્વસ્તિક ની ચાર ભુજાઓ છે. ભૂલો સુધારવી તે સાધના છે.

કોરી બુધ્ધિ જીંદગીમાં ન ચાલે - ભાવના પણ જીંદગીમાં જરૂરી છે. કોઈપણ વ્યવસ્થા જૂની થાય ત્યારે તેમાં બે દોષો પ્રવેશે. ૧) વિકૃતિ   ૨) વૃધ્ધાવસ્થા.

વ્યક્તિ, રાષ્ટ્ર, સમાજ, વિશ્વની વ્યવસ્થા કરે તે ધર્મ વ્યવસ્થામાંથી શક્તિ ઉત્પન્ન થવી જોઈએ.

બૌધ્ધ ધર્મના પાયાના ત્રણ કારણો.

બીમાર નથી થવું, મૃત્યુ ન આવે, વૃધ્ધાવસ્યા ન આવે, ચાર આર્ય સત્ય છે.

૧) દુખ   ૨) દુખનું કારણ સત્ય   ૩) દુખનું નિવારણ સત્ય   ૪) દુખમાંથી મુક્ત થવું સત્ય છે.

ઈચ્છાનાં બે કેન્દ્રો ૧) લક્ષ્મી   ૨) સ્ત્રી

(ઈચ્છા) ને નાની કરો પછી ત્યાગ કરો. શક્તિનું મૂળ ઈચ્છા છે જીવનનું કેન્દ્ર વ્યાપક બનાવો. પલાયનવાદ ન સ્વીકારો, સંઘર્ષોનો સામનો શક્તિથી, શાંતીપૂર્વક કરો. ઋષિઓ કહે છે કે પરાધીન ન થવું. ઈચ્છાઓ અને લાલસાને પણ આધીન થ થવું - શમન કરતા આવડવું જોઈએ સમજપૂર્વક. આવેગો આવે ત્યારે મધ્યમમાર્ગ પસંદ કરો નહીં તો અશાંતિ ઉત્પન્ન થશે. લાગણીઓની કાતર તીવ્ર છે.

(સૂત્ર) જીવનમાં પુષ્ટિ, ઈશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત થવો, તુષ્ટિ - જીવનમાં સંતોષ આવે.

બ્રમ્હજિજ્ઞાસા કરવી એટલે શું ?

વૈરાગ્ય, ષટસંપત્તિ, મુમુક્ષતા, સાધન, ચતુષ્ટય હોય તો બ્રમ્હજિજ્ઞાસા થઈ શકે.

ષટસંપતિ - શમ (ક્ષમા), દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રધ્ધા, સમાધાન.

શમ - કલ્યાણ, શંકર કલ્યાણ કરવાવાળા શાંતિ અટલે ભગવાન જેમ રાખે તેમ રહો. પરિસ્થિતિનો સ્વીકાર કરો.

ઉપરતિ - તરસ બુઝાવવી પણ તેમાં રત ન રહેવું આહાર, નિદ્રા, ભય, જેટલું વધારો તેટલું વધે.

તિતિક્ષા - સહન કરવું - જેજે આવે તેને, અહોભાવ થી સ્વીકાર કરવાની આદત પાડવી.

(યજ્ઞ) સંધિકાલમાં જે વિચાર તમારા મનમાં ચાલતો હોય તે બાહ્ય મનમાં આખો દિવસ પ્રવર્તે છે. તમારૂં મગજ તે વિચારોને પકડે છે. તેથી સૂર્યોદય, સૂર્યાસ્ત વખતે અગ્નિહોત્ર કરવું.

પાંચયજ્ઞ રોજ કરવાના. ૧) બ્રમ્હ યજ્ઞ   ૨) દેવ યજ્ઞ   ૩) ભૂતયજ્ઞ   ૪) મનુષ્ય યજ્ઞ   ૫) પિતૃ યજ્ઞ

(કાળ) ભાગવતમાં વિધાન છે, જેની પ્રેરણાથી પ્રકૃતિમાં ગુણોની સામ્યાવસ્થામાં ગતિ ઉત્પન્ન થાય છે, તે ભગવાન ને કાળ કહે છે.

સમજ - પ્રકૃતિ પોતે ક્રિયાશીલ નથી. ઈશ્વરની શક્તિ (ચેતના) પ્રકૃતિને ક્રિયાશીલ કરે છે. ઈશ્વરની શક્તિઓ છે. જ્ઞાનશક્તિ, ઈચ્છાશક્તિ, ક્રિયાશક્તિ. સત્ય, રજસ અને તમસ પ્રકૃતિના ત્રણ પ્રકાર છે. પ્રકૃતિની સામે, જ્યારે ઈશ્વરની ક્રિયાશક્તિ, સંક્રામિત થાય ત્યારે પ્રકૃતિની સામ્યાવસ્થામાં ગતિ ઉત્પન્ન થાય છે તેને કાળ કહે છે. દા.ત. પુરૂષ અને સ્ત્રી, પુરૂષમાં કામેચ્છા જાગે અને સ્ત્રી સંગ કરે તો તેથી સ્ત્રી પ્રસવિતા થાય, તેમાંથી નવો જીવ ઉત્પન્ન થાય છે. પ્રકૃતિ (સ્ત્રી)માં ઉત્પન્ન કરવાની શક્તિ તો છે, પણ પુરૂષની ક્રિયાશક્તિ અથવા ઈચ્છાશક્તિ ન હોય ત્યાં સુધી પ્રકૃતિ સામ્યાવસ્થામાં જ સ્થિર રહે છે, તેનામાં ગતિ ઉત્પન્ન થતી નથી.

પરમપુરૂષે જીવોનાં ઉત્પત્તિ સ્થાનરૂપ પોતાની માયામાં શક્તિ સ્થાપી અને તેમાંથી હિરણ્યમય મહત્ તત્વ બનાવ્યું.

જયારે ભગવાનને અનેક રૂપે થવાની ઇચ્છા થઇ ત્યારે પોતે કાળ, કર્મ અને સ્વભાવ ત્રણેનો સ્વીકાર કર્યો. કાળથી ત્રણ ગુણમાં વિષમતા આવી, સ્વભાવથી તેમાં પરિણામ થયું અને કર્મથી મહતતત્વની ઉત્પતિ થઇ.

(ધ્યાન) ધ્યાન એટલે મનની બ્રમ્હાકાર વૃતિ. મનમાં કોઇપણ જાતનો વિષય રહે નહી, એનું નામ ધ્યાન.

વિષયોનાં સેવનથી નુકશાન થતું નથી, પણ વાગોળવાથી (મન સતત વિષયોમાં લાગેલું રહે) નુકશાન થાય છે. વસ્તુનો ત્યાગ થાય છે પણ વસ્તુ વિષયક ત્યાગ જલ્દી થતો નથી. વિષય સામે ન હોય છતાં વિષયાકાર વૃતિ રહે છે.

(વાસના) - સૂતેલી વૃત્તિ, વૃત્તિ-જાગૃત વૃત્તિ

આસક્તિ - સતત વૃત્તિનું ચિંતન. ઉર્મિ - કર્યેજ છુટકો.

કૃતિ - કરી બેસવું (અમલમાં મુકવું)

વેદાન્તશાસ્ત્રમાં અંતઃકરણનાં પરિણામને વૃત્તિ કહે છે. સુષુપ્તિમાં અંત કરણ નથી તેથી ત્યાં અજ્ઞાનનાં પરિણામને વૃતિ કહે છે. વૃત્તિનાં બે પ્રકાર ૧) પ્રમાણ વૃત્તિ   ૨) બ્રમ્હાકાર વૃતિ

ભગવાનની ભક્તિ સારી કરેલ હોય, તેનામાં વાસનાનું જોર અને સંકલ્પ, વિકલ્પનું જોર ઓછું થઇ ગયું હોય તે કૃતોપાસ્તિજ્ઞાની કહેવાય છે.

અકૃતોપાસ્તિ જ્ઞાની - કોઇને પહેલા ઘણી ભક્તિ કર્યા વગર પણ મહાવાક્યનો બોધ થઇ જાય તેને અકૃતોપાસ્તિ જ્ઞાની કહેવાય છે.

કૃતોપાસ્તિ - જેણે ઉપાસના કરી છે.

અકૃતોપાસ્તિ - જેણે ઉપાસના કરી નથી.

દુર્ગણોનું નિવારણ કઇ રીતે ?

૧૫-૧-૨૦૦૨ (મંગળવાર)

ઉપરતિ દુર્ગુણોનું નિવારણ કઇ રીતે કરવું ? - આપણાથી કંઇક ભૂલ થઇ ગઇ, માણસ માત્ર ભૂલને પાત્ર છે. ભૂલ થઇ ગયા બાદ જયારે માણસ સભાન બને અને ઇશ્વર પાસે ક્ષમા માંગે તેને ઉપરતિ કહેવાય ક્રીશ્ચ્યાનીટીમાં કરેલા પાપની કબૂલાત કરી, ક્ષમા માગવી એ ઉપરતિ ફરી ફરી ભૂલ થાય તે ક્ષમ્ય નથી.

(ત્ર્યંબકેશ્વર) ત્ર્યંબકેશ્વરનું મહત્વ (નાસિક) - અહીં ગોદાવરી નદી દક્ષિણ વાહિની થઇ છે એટલે ત્યાં નારાયણ બલિ થાય ૨) સ્વયંભૂ લિંગ છે. ૩) નિવૃત્તિનાથ (તંત્રસાધક) આ લિંગમાં સમાઇ સમાધિ લીધી છે. યોગસ્કૂલ ઓફ બિહારનાં સત્યાનંદજીને અહીં ગોરખવાણી સંભળાઇ અને સત્યાનન્દ નામ પ્રાપ્ત થયું. સત્યાનંદજી અહીં આવ્યા પછી તેઓ યોગ ઉપર અસાધારણના છટાથી બોલાવા માંડ્યા હતા, સત્યાનંદજીએ પંચાગ સાધના કરેલી.

પંચાંગ સાધના એટલે ચાર બાજૂ ચાર - હવન વેદી અને ઉપર સૂર્યનો તાપ. પાર્વતીએ આ સાધના કરેલી તેમ પુરાણોમાં ઉલ્લેખ છે. સત્યાનન્દજીનાં ગુરૂ શિવાનન્દજી હતા.

મેડમ બ્લાવાત્સકીનો અનુભવ સીકરેટ ઓફ ડૉક્ટોરીન લખતી વખતે - તેમનો હાથ પકડી કોઇ અગમ્મ શક્તિ લખાવતી હતી. શ્રી અરબિંદોને પણ આ અનુભવ થયેલ, તેમના ગુરૂ લેલે દ્વારા.

તંત્રમાર્ગમાં - સતી જ્યારે મરણ પામ્યા (પાર્વતી) ત્યારે શંકર તે દેહ લઇ નૃત્ય કર્યું. વિષ્ણુએ આ દેહનાં ૫૨ ટુકડા કર્યા. આ ટુકડા જ્યાં પડ્યા ત્યાં શક્તિપીઠ બન્યા. સતીની છાતીનો ભાગમુંગેર બિહારમાં પડ્યો, જેને ચિત્તાપીઠ કહેવાય છે.

અરબિંદો પહેલા ચિત્તાપીઠમાં રહેલા પછી પાછળથી પોંડીચેરી ગયેલા. અંગ્રેજોનાં ત્રાસથી દૂર થવા.

પ્રશ્ચાતાપ (ઉપરતિ) ઉપરામ, ઉપ+રામ = અલગ થઇને રહેવું. સત્યગુણને ઉપરતિ થી જીતવો (મર્યાદા બાંધતા શીખવું) ભયને યોગથી જીતવો.

ઉપરામ એટલે સદ્ગુણ.

(અદ્વૈત) ભાવ અદ્વૈત, ક્રિયા માં દ્વૈત માટે શ્લોક :

ભાવ અદ્વૈત કાયમ રહેવું જોઇએ પણ ક્રિયામાં દ્વૈત કોઇ દિવસ રાખી શકાય નહીં. બધામાં ઈશ્વર દર્શન કરવું, એ ભાવમાં અદ્વૈત જેમ ઘરની જુદી જુદી સ્ત્રીઓ બધીજ શક્તિઓ છે, પણ જુદા જુદા સંબંધ બંધાયેલા છે, એટલે તેમની સાથે ક્રિયા જુદી જુદી જ હોય. માને વંદન, પત્નિને આલિંગન, છતાં ભાવ અદ્વૈત. આખી દુનિયા અણુઓથી બનેલી છે. પણ આ અણુઓનાં જુદા જુદા મિશ્રણથી જુદા જુદા દ્રવ્યો બન્યા છે.આ દ્રવ્યો, વસ્તુઓ  જે છે, તે ઈશ્વરજ જુદા જુદા રૂપો લઇને રહેલા છે.

(વિનાશ) ભગવદ્ગીતામાં વિનાશના પગથિયા :

સંગાથ સંજાયતે કામ : ..................... બુધ્ધિ નાશાત પ્રણશ્યતિ

(પરિણામ વાદ) સૂક્ષ્મ અહંકારને સંગ કહે છે. જીવનમાં જે ક્ષણે અહંકાર જાય તે ક્ષણે જગતનું અસ્તિતત્વ સાચું નથી તે જણાય. ઈશ્વર જગત થઇને રહ્યા છે. હરિજ જગત છે. જગત હરિજ છે. આવી જેની બુધ્ધિ થઇ ગઇ તેની પરમાર્થ તરફની ગતિ થઇ ગઇ. તે નર સંસાર સાગર તરી જાય છે. આ અદ્વેત વેદાન્તનો ઉદ્ઘોષ છે. ઈશ્વરે દુનિયા બનાવી નથી. ઈશ્વરજ દુનિયા થઇને વ્યાપ્ત થયેલ છે. આ વલ્લભાચાર્યજીનો પરિણામવાદ છે.

પરિણામવાદ - વસ્તુ રૂપ બદલે છે. વિકાર પામતી નથી. પરિણામવાદના બે પાસા ૧) વિકૃત પરિણામવાદ ૨) અવિકૃત પરિણામવાદ

વિકૃત પરિણામવાદ જેમ દૂધમાંથી દહીં થવું. અવિકૃત પરિણામવાદ. જેમ એક વ્યક્તિ બાપ પણ છે, પતિ પણ છે. ગુરૂ પણ છે. (રૂપ બદલાયું) આ છે. અવિકૃત પરિણામવાદ.

(વિનાશ) શંકરાચાર્યજી કહે છે. આગ્રહ રહિત થવું. સન્યાસ લીધો કહો છો ત્યારે નકામો છે. લીધો, કંઇ પણ લીધું છોડ્યું તેનો અહંકાર આવી જાય છે, જે સૂક્ષ્મ છે અને નકામો છે. બધું સહજ થવું જોઇએ.

કામ = કમ (સુખ)+આમ (કાચું) કાચા સુખને કામ કહેવાય. કાચું સુખ જે ટકાઉ નથી. અહંકાર આવે એટલે કામ આવેજ. અહંકારની પગથીપર કામ ચડે. કામના (ઇચ્છા) પૂરી ન થઇ તો ક્રોધ આવે. ઇચ્છા અપૂર્ણ રહે ત્યાં માણસને ક્રોધ આવે.

અભિજાયર્ત, બધી બાજુથી ઘેરી લે છે.

કામ જો અટકી ગયો તો ક્રોધમાં પરિણમે. જો કામના પૂરી થઇ તો લોભ વધે છે. પૂર્ણ કામના (કામના પૂરી થઇ) તો ક્રોધ જન્મતો નથી. કામના પૂરી થઇ, એ વાક્યજ ખોટું છે કારણ ઇચ્છાઓતો એક પછી એક જન્મ્યાજ કરે છે. અગ્નિમાં ઘી રેડો તો અગ્નિ વધારે પ્રજ્વલિત થાય બુઝાય નહીં. (યયાતિ તે ઘરડો થયો. કામના પૂરી થઇ નહોતી. વારાફરતી સાત દિકરાઓની જુવાની ભોગવી તેમ છતાં તેની વાસના પૂરી થઇ નહીં.) ક્રોધનો ખરો અર્થ ગુસ્સો, ચીડ નથી પણ ખળભળાટ છે, ક્ષોભ છે. ક્ષોભ એટલે જેનાં થકી હાડકાં ભાંગી જાય. અતિસુખમાં પણ ક્ષોભ આવે. અતિદુઃખમાં પણ ક્ષોભ આવે (હાર્ટ ફેઇલ થાય છે)

સ્થિત પ્રજ્ઞ - જેની પ્રજ્ઞા સ્થિર થઇ ગઇ. કંઇ આવે તો પણ ક્ષોભ નહીં. કંઇ જાય તો પણ ક્ષોભ નહીં. કોઇપણ પરિસ્થિતિમાં કોઇ ફરક ન પડે એ સ્થિતપ્રજ્ઞ, સ્થિત-પ્રજ્ઞને અહંકાર નથી, કામના નથી, ક્રોધ નથી. અહંકારને નીચુ કરો, મૈં મૈં કરવાનું છોડો, નમ્ર થઇને રહો, અહંકાર કઇ બાબતનું, કઇ ચીજનું કરો છો ? કામ

ને નિઃસંકલ્પતાથી જીતો (ભગવદ્ગીતા અધ્યાય છઠ્ઠો, શ્લોક ૨૪ અને ૨૫)

સાધનાનાં ક્ષેત્રમાં જતા સત સંકલ્પ જરૂરી છે. દ્રઢ સંકલ્પ ઉપયોગી બને છે.

જીવનમાં એક ક્ષણ એવો આવે જ્યારે સંકલ્પ છૂટે. આ સારૂં છે, આ સારૂં છે, કહો એ સંકલ્પ છે. આ સારૂં છે એમાંથી આ મારૂં થાય તેની ભાવના આવે છે. (દુકાનમાં સાડી સારી લાગી પણ તેને ઘરે લાવવાની ભાવના જાગી, કેમ લાવવી વિગેરે વિકલ્પો જાગે. જે વળગણ છે.) સંકલ્પ અને વિકલ્પ, આપણને એમ થાય, આમ કરીશ, પછી પ્રત્યાઘાતો આવે, આમ કરૂં તો સારૂં કે તેમ કરૂ તો સારૂ આ થયાં વિકલ્પ.

મન ગરૂડ છે. સંકલ્પ વિકલ્પ તેની પાંખો છે. સંકલ્પ પણ છોડો, વિકલ્પ પણ છોડો. ભગવાનને પકડો ગરૂડમાં અટકી ન જાઓ.

ભગવાનની સાથે સંગ કરવો હોય તો બુધ્ધિને અનાવૃત કરવી પડે. બુધ્ધિનાં લુગડા જે સંકલ્પ વિકલ્પ કરે છે તેને દૂર કરવા પડે. આના માટે ભક્તિમાર્ગમાં પ્રવેશ કરવો પડે, પૂર્ણ શરણાગતિ એટલે જ ભક્તિ. ભગવાન પાસે જતી વખતે ખુલ્લા મનથી, સંકલ્પ વિકલ્પ રહિત જવું પડે. આ ભાવ, ભક્તિમાર્ગ થી પ્રાપ્ત થાય. અધ્યાત્મમાં જતા માયા નડે. ભક્તિમાં ગયેલાનું રક્ષણ ભગવાન કરે.

દુગુર્ણોને નીચે પ્રમાણે જીતવા

૧) ક્રોધને કામનાનાં ત્યાગથી જીતવો.   ૨) કામને નિઃસંકલ્પતા થી જીતવો.

૩) લોભને, અર્થમાં અનર્થબુધ્ધિ કરવાથી જીતવો.   ૪) ભયને તત્વચિંતનથી જીતવો.

૫) શોકને અને ભયને અધ્યાત્મવિદ્યાથી જીતવો.   ૬)દંભને મહાપુરૂષોની સેવાથી જીતવો.

૭) યોગનાં વિઘ્નોને મૌનથી જીતવાં.   ૮) હિંસાને શરીરની નિશ્ચલતાથી જીતવો.

૯) આધિદૈવિક દુખને કૃપાથી જીતવા.   ૧૦) આધિભૌતિક વેદનાને સમાધિથી જીતવી.

૧૧) આધ્યાત્મિક કષ્ટને યોગબળથી જીતવા.   ૧૨) નિંદ્રાને સાત્વિક આહારથી જીતવી.

૧૩) રજોગુણ અને તમોગુણને સત્વગુણ થી જીતવા.   ૧૪) સત્વગુણને ઉપરતિથી જીતવો (ઉપરતિ=ઉર્ધ્વગતિ)

(ભક્તિ) ૧) ભક્તિમાર્ગમાં પહેલી ભૂમિકા મૂર્તિપૂજા છે.   ૨) ભગવાનનાં ગુણ ગાવા.   ૩) સમપર્ણ અથવા શરણાગતિ   ૪) તન્મયતા પ્રાપ્ત થાય છે અને આત્માનું સ્મરણ થતા રાતરૂપી અજ્ઞાનનો નાશ થાય છે.

સંસારનું આલંબન અવિદ્યા છે, અથવા આત્માનું વિસ્મરણ છે અને તેનેજ જડબુધ્ધિ કહે છે.

બ્રમ્હમાં જ્ઞાન કલ્પિત છે તેથી જ્ઞાન થતાં અજ્ઞાનનો બાધ થાય છે.

છ પ્રકારની શરણાગતિ છે.

૧) ભક્તને પ્રતિફળ સંકલ્પોનો ત્યાગ કરવો.   ૨) ભગવાન રક્ષણ કરશે તેવો વિશ્વાસ રાખવો.

૩) ભગવાનને પોતાનાં કરવા.   ૪) ભગવાન તરફ દીનતા રાખવી.      ૫) કુટિલતા ન રાખવી.

આ પ્રમાણે શરણાગતિથી ત્રણ પ્રકારની ભૂમિકા પ્રાપ્ત થાય છે. પહેલી ભૂમિકા હું ભગવાનનો છું.  બીજી ભૂમિકા ભગવાન મારા છે. ત્રીજી ભૂમિકા હું અને ભગવાન એક છીએ.

હંમેશા પ્રભુ કલ્યાણ જ કરશે. એવી સતત શ્રધ્ધા જરૂરી છે. પરમાત્માની જે મરજી, તે અમારી મરજી તેવી શ્રધ્ધા જોઈએ.

જ્ઞાની ભક્ત યત્તાત્મા છે. યત્તાત્મા-સંયમ. સંયમ મનુષ્યને મહાન બનાવે છે. જ્ઞાનીભક્ત દૃઢ નિશ્ચયી હોય છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસ કહે છે. ઈન્દ્રિયો રાઈનાં દાણા જેવી છે. પકડવી સહેલી નથી, હાથમાંથી સરી પડે છે.

ભૂતકાળ અહંકાર છે, ભવિષ્યકાળ લોભ છે, સંતોષ, સંયમ, દ્રઢનિશ્ચય, મન, બુધ્ધિ સર્વે પ્રભુને અર્પણ કરવા.

૧૮-૭-૨૦૦૨ (પુસ્તક) - પંચદશી, ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ લિખિત - દત્તાત્રેયજી પર ગુરૂચરિત્ર પુસ્તક ગીતાની જેમ વાંચવાની

(પુ) પુરૂષસુક્તનાં ૠષિ નારાયણ

છંદ ૧) અનુષ્ટુપ ૨) ત્રિષ્ટુપ ૩) જાગતીક છંદ

છંદ - વ્યાસે ભાગવતમાં જાગતીક છંદનો વપરાશ કર્યો છે.

જ્ઞાનેશ્વરે જ્ઞાનેશ્વરીમાં ત્રિષ્ટુપ છંદ વાપર્યો છે. જ્ઞાનેશ્વરે ૐના સાડા ત્રણ આંટા પકડી, ઓવીઓ સાડા ત્રણ લીટીમાં લખી છે. ભાગવતનો પહેલા સ્કંધ; સૂર્યની ત્રણ લોકની યાત્રા. ૧) ઉગે આકાશમાં, સ્વર્ગમાં. ૨) બપોરે પૃથ્વીલોક ૩) સાંજે પાતાળ લોકમાં ફરી આકાશમાં બધે પ્રકાશ પાથરે છે. તેવીજ રીતે નારદ ત્રણેયલોકમાં ફરનાર, જગતમાં ફરનાર છે.

સૂર્ય આત્માનું, પરમાત્માનું સ્વરૂપ છે. આદિત્ય હ્રદય સ્તોત્ર રામાયણમાં છે. ઉપનિષદ એટલે વેદાન્ત (વેદ નો છેડો) વેદનો જ્ઞાનવિભાગ છે. વેદનાં સિધ્ધાંતનું વર્ણન જેમાં છે તે વેદાન્ત.

ગુરૂ ત્રિલોકી છે, સ્થૂલ દેહ, સૂક્ષ્મ દેહ, કારણ દેહ બધામાં રહી શકે. આત્માપણ ત્રિલોકી દેહમાં રહે છે.

ગુરૂ પણ ત્રિલોક પર ફરનારો છે. નારદજીને આ સાધના સાધ્ય હતી. ૐ નમો ભગવતે વાસુદેવાય, ભાગવતનો મૂળમંત્ર છે. ભાગવતનું મહાત્મ્ય સત્સંગમાં છે. અસંગ - શસ્ત્રેન છિદ્‌વા.

અસંગ એટલે અ+સંગ, અ એટલે નારાયણનો સંગ કરો.

(ૐ) વેદનો પ્રણવમંત્ર ૐ છે.

તંત્રમાર્ગમાં પહેલા મૂર્તિઓની પૂજા કરાય છે પછી યજ્ઞ થાય આહુતિઓ મંત્ર બોલી અપાય. પહેલામૂર્તિ, પછી યજ્ઞ પછી ધ્યાન છે. ધ્યાનમાં શાંતિ છે.

મૂર્તિપૂજા પણ કરો, યજ્ઞ પણ કરો, મંત્ર પણ બોલો (ત્રણેયમાં રહસ્ય છે, બધા સારાજ છે. જેની જેવી ભાવના તેવું કરો.)

હરિ ૐ, ૐ એકલો વૈરાગ્ય લાવે, તેને મંદ કરવા હરિ ૐ બોલાય. નિર્ગુણની તાકાત સગુણ ઓછી કરે. નિર્ગુણ તીખું છે. તેની તીખાશ સગુણ ઓછી કરે છે. આને મંડલ કહેવાય, મંડલ એટલે વૃત્ત. ચારેય વેદમાં મંડલ છે.

મંડલમાં સંરક્ષણ છે અને બંધન પણ છે.

ભદ્રં, કલ્યાણકારી. યજ્ઞ કરે ત્યારે મંડલ ભરાય.

મંડલના બે પ્રકાર ૧) સવર્તોભદ્ર મંડલ ૨) લઘુભદ્ર મંડલ (સ્વસ્તિક છે.)સર્વતોભદ્ર મંડલ, બધાનું કલ્યાણ થાવ. ૩૩ ખાના ભરાય. તમારૂં બધી તરફથી કલ્યાણ થાવ.

(ઉત્તરાયણ) માન્યતા છે કે ઉત્તરાયણમાં મૃત્યુ પામનાર, ભવનાં ફેરામાં ફરી અટવાતો નથી. સાચો અર્થ ઉત્તરાયણ એટલે જે જીવ ઉર્ધ્વગતિને પામ્યો છે, તે મોક્ષ પામે છે અને તેનાં ભવના ફેરા બંધ થાય છે.

ઉત્તરાયણનું મહત્વ દક્ષિણભારતમાં છે જેને પોંગલ કહેવાય ઉત્તરાયણ સાથે પોષ મહિનાનું મહત્વ જોડાયેલ છે.

પોંગળ એટલે શું ? ઘરનાં આંગણામાં માટીનું વાસણ સૂર્યની દિશામાં રખાય, તેમાં દૂધ મૂકે, દૂધ ઉભરાય તે શુકન ગણાય. ઘરમાં પાયાનો પત્થર પોષ મહિનામાં મુકવો શ્રેષ્ઠ છે. મકર સંક્રાતિ ઉત્તરાયણનો આરંભબિંદુ છે.

સંક્રાતિ - સારી ક્રાંતિ, કોઇ પણ સારો નિશ્ચય કરવાનો ઉત્તમ દિવસ. વેદાન્તી જયાં રહેતા ત્યાં છ મહિનાનો દિવસ, છ મહિનાની રાત્રિ હતી. છ મહિનાની રાત્રિ પૂરી થઇ સવાર થવાની ઘડી, એ સમ+ક્રાંતી છે. ઉત્તરાયણ, પોષ મહિનો, ભીષ્મની ઇચ્છામૃત્યુ ઉત્તરાયણમાં થયું હતું.

સવ-યજ્ઞ-ઉત્સવ, યજ્ઞમાં જવાળા જેમ ઉપર ઉઠે તેમ હું જે ખાઉં, પીવું તેની શક્તિ ઉપર ઉઠે મારી ઉર્ધ્વગતિ થાય જેમાં આનન્દનું, જ્ઞાનનું તેજ ઉપર ઉઠે તે ઉત્સવ. આનન્દ હૈયામાં સમાય નહીં અને ઉપર ઉઠાય નહીં, ત્યારે નૃત્ય, સંગીત ઉદ્ભવે. સંક્રાંતિમાં તલ અને ગોળ શા માટે. આ મૌસમમાં પિત્ત વકરે, તલ-સ્નિગ્ધતા આપે, ગોળ પિત્તશામક છે. પેનક્રિયાસ બગડે નહીં માટે ગોળ (કેમીકલ વગરનો) ખાવો.

તલનું તેલ આરોગ્ય માટે ઉત્તમ છે. યમરાજાએ તલનું નિર્માણ કર્યું છે. એટલે જ પિત્તૃઓનું તર્પણ તલ દ્વારા થાય છે. કાળા તલ આયુર્વેદની દ્રષ્ટિ એ ઉત્તમ. તલ એટલે સ્નિગ્ધતા અને ગોળ એટલે મીઠાશ. વાણીમાં સ્નિગ્ધતા અને મીઠાશ જોઇએ. સૂર્યની ગરમીની શક્તિને કાળો રંગનું શોષણ (એબસોર્બ) કરે છે.

સંક્રાતનાં દિવસોમાં વાસૂદેવની પૂજા ખાસ કરાય. જોડે બધા દેવોની પૂજાનું મહત્વ છે.

ખરી પૂજા- દેવ થઇને દેવની પૂજા કરો. પૂજા દેવની, પૂજક પણ દેવ.

(પુ) વેદનાં મહત્વનાં સૂકતોની ઋચાઓ સોળ છે. ષોડષોપચાર થાય. વિદ્યા ૧૬ છે, શણગાર પણ ૧૬ છે. રેશમી વસ્ત્ર પહેરી પૂજા કરવાનું મહત્વઃ રેશમી વસ્ત્ર બહારનાં દૂષણ (કુસંસ્કાર) ને આપણા સુધી પહોંચવા ન દે. તમે પૂજાપાઠમાં માનતા હો, પૂજાપાઠ કરતા હો, ઘરની વ્યક્તિ કોઇ જેને આના માટે અણગમો હોય તો તે અણગમો આપણા સુધી આવતા રેશમી વસ્ત્રનું કવચ અટકાવે. ધ્યાનપણ રેશમીવસ્ત્ર પહેરી સારૂં થઇ શકે.

તંત્રમાર્ગમાં પણ આનો કવચ છે. મંત્રમાર્ગમાં પણ છે. ભાવમાર્ગમાં આવું કવચ હનુમાન કવચ છે.

(પુ) પુરૂષસૂક્ત-પુરૂષ - પુરીમાં (શરીરરૂપી) જે શયન કરે છે તે શાંતિથી સૂતેલો જે આત્મા છે, પરમાત્મા છે તે પુરૂષ છે. એક પુરૂષ સર્વત્ર વ્યાપ્ત છે, જડ અને ચેતનમાં.

વૃક્ષની ઉપલી ડાળ પર પક્ષી પરમાત્મા (શિવ) બેઠેલા છે. નીચલી ડાળ પરનું પક્ષી (જીવ) બેઠેલ છે. (નાભિ સ્થળ) નીચે બેઠેલ પક્ષી બધું ખા-ખા કરે પછી થૂ થૂ કરે. ઉપર બેઠેલ પક્ષી કંઇ કરે નહી. બધું જોયા કરે.

(સૂત્ર) જીવની ગતિ ૧) તિર્યક ગતિ - પ્રાણ જાય ત્યારે ગુદા દ્વારા, જનનેદ્રિય દ્વારા જાય ૨) સાધારણ ગતિ જીવ નાભિસ્થાન માંથી જાય. જીવ જન્મયો ત્યારે મા સાથે નાભિથી જોડાયો હતો. જાય ત્યારે નાભિદ્વારા ઇશ્વર સાથે સંધાન કરે છે.

જમવામાં પહેલો કોળિયો, ગણપણ વાળો લો, છેલ્લો કોળિયો પણ ગળપણ વાળો લો. આમ પાથરણાં પર (અૃમતનીચે) બીજુ સાત્વિક ભોજન પથરાય, છેલ્લે પણ અમૃત કોળિયો (અમૃત કવચ) જમતા પહેલા થોડુંક પાણી પીવું,જે ગળુ સાફ કરે. ભોજનને નીચે ઉતરવામાં સહાયક બને, જમ્યા પછી થોડું પાણી પીવું, જેથી જમ્યા પછી અન્નનળીની સફાઇ થાય.

જીવ અને શિવની વચ્ચે દશ અંગુલની દૂરી. નમન પણ દશ અંગુલાથી થાય.

(અવિદ્યા) ૨૮-૧-૨૦૦૨

૧) સંસારનું આલંબન અવિદ્યા છે અથવા આત્માનું વિસ્મરણ છે તેને જ જડબુધ્ધિ કહે છે.

જીવ, સંસારને વળગી રહ્યો છે. કારણ તેનાં જ્ઞાન પર અજ્ઞાન અવિદ્યાનું આવરણ (માયાનું આવરણ)

છવાયેલું છે. એ પોતે પોતાનાં સ્વરૂપને, આત્માના સ્વરૂપને ભૂલી ગયો છે. જડમાં, અનિત્યમાં અટવાયો છે. જડબુધ્ધિ બન્યો છે.

સંસારનું આલંબન અવિદ્યા છે અથવા તો કહી શકાય કે આત્માનું વિસ્મરણ તેને જ જડબુધ્ધિ કહે છે.

૨) બ્રમ્હમાં અજ્ઞાન કલ્પિત છે તેથી જ્ઞાન થતા અજ્ઞાનનો બાધ થાય છે.

જ્ઞાન હકારાત્મક છે. અજ્ઞાન નકારાત્મક છે. અજ્ઞાન નું આવરણ જ્ઞાન ઉપર આવી ગયું છે. જેમ સૂર્યતો છે જ તેની ઉપર વાદળા છવાય છે. તેમ જ્ઞાન પ્રકાશિત થાય છે ત્યારે અજ્ઞાન ઉભું રહેતુ નથી. અર્થાત્ કલ્પિત છે નો અર્થ - અજ્ઞાન છે જ નહીં, જ્ઞાન નો અભાવ છે એટલે અજ્ઞાનનો ભાસ થાય છે.

ભગવાનનો જન્મ કારાગૃહમાં અંધારામાં થયો. કૃષ્ણે વાસુદેવને કહ્યું મને નંદ ને ત્યાં લઈ જાઓ. શ્રાવણ મહિનો , વદપક્ષ, આઠમનો દિવસ રાત્રિનાં ૧૨ વાગ્યે. દુષ્કાળની પરાકાષ્ઠા છે ત્યારે ભગવાનનો આશરો લ્યો તો ભગવાન જીવનમાં પ્રવેશે.

કોઈ પણ વસ્તુને જન્મવું હોય તો અંધારાને આશરે થાય. બીજ પૃથ્વીનાં પેટાળમાં અંધારામાં જાય ત્યારેજ ફૂટે, પછી અંકુરિત થઈ સૂર્યપ્રકાશ તરફ ગતિ કરે છે.

(માતૃત્વ) અપત્ય પ્રાપ્તિ ભોગ આનંદ છે.

અપત્ય પ્રાપ્તિ -સ્ત્રીમાં માતૃત્વની ઝંખના હોય છે. સ્ત્રી પોતાનો પ્રેમ બીજાને કંઈક આપવા ઈચ્છે છે. પોતાનો પ્રેમ એ કોઈકની ઉપર વરસાવવા આતુર છે. પતિને સંપૂર્ણ રીતે પોતાનો માનતી નથી. પોતાનાં બાળકને પોતાનું માને છે એટલે મા પોતાનાં બાળક પર ન્યૌછાવર થઈ જાય છે અને સ્ત્રીનું આજ સ્વરૂપ લલિતા સ્વરૂપ છે.

માતાની ફરજ છે બાળકને પ્રેમ સાથે શિક્ષણ પણ આપે ત્યારેજ બાળક સંપૂર્ણ રીતે સારી વ્યક્તિ બને છે. જીવનમાં પહેલા ૭ વર્ષ પાયાના વર્ષ છે. બાળકનાં શિક્ષણ માટે પણ. આપણી સમાજ વ્યવસ્થા પુરૂષપ્રધાન હોવાથી, બાળકની શિક્ષણ વ્યવસ્થા પુરૂષોનાં હાથમાં આવી છે.

(શ્રી) શ્રી યંત્રમાં સેંટરમાં બિંદુ છે. તે પૂર્ણત્વનું બિંદુ છે. તેમાં શિવ અને શક્તિ ભેગા થયેલા છે. તેજ પૂર્ણત્વ છે. તેજ લલિતા છે. તેનું વૈદિક નામ છે. શક્તિ સામંજસ્ય. તંત્રશાસ્ત્રમાં નામ છે - શક્તિસામરસ્ય.

(ભગવાન) ભગવાનનો જન્મ કારાગૃહમાં થયો તેમજ આપણો જન્મ પર સાંસારિક તુરંગમાં થયો.

પુરિતતિનાડી - તમારી બોડીમાં જે બાયો એનર્જીનું વહન કરનાર છે તે નાડી. એ પુરિતતિ નાડી દ્વારા નંદધામ પહોંચાય. ભક્તિમાર્ગમાં યમુનાનદીને પુરૂષાકાર કહેવાય છે. યમુના નદી પાર કરી નંદ ધામ પહોંચાય છે. તેમ પુરતતિ નાડી દ્વારા આત્મા-પરમાત્મા સુધી પહોંચી શકે. ભક્તિ માર્ગમાં યમુના ભક્તિ છે.

(અદ્વૈત) સ્ત્રી-પુરૂષ જયારે સંગ કરે ત્યારે જે સંગનો આનન્દ છે તે દ્વૈતમાંથી જે અદ્વૈતનું નિર્માણ થયું તેનો છે. પણ આ આનન્દ ક્ષણિક છે. જયારે જીવનું શિવ સાથેનું મિલન દ્વૈતમાંથી અદ્વૈત થવું ઘટે છે. ત્યારે આમાં જે આનન્દ પ્રગટે તે ચિરકાળ છે.

પૂર્ણ થવા જે જરૂરી છે તેમાંનુ ૮૦ ટકા સ્ત્રીમાં છે એટલે તંત્રમાર્ગમાં (યોગમાર્ગમાં) સ્ત્રીની (શક્તિની) ઉપાસના થાય છે.

કૃષ્ણનો જન્મ થયો ત્યારે બારણા આપમેળે ખુલ્યા તેનો અર્થ જીવનમાંથી દ્વૈત વાસના જાય ત્યારે બ્રમ્હસંધાન થાય.

વેદાન્તની ક્રમણિકા - ૧) બ્રમ્હ ૨) માયા ૩) ગુણ ૪) પુરૂષાર્થ

આત્માનો સ્વભાવ જ છે આનંદ - તરફ જવાનો.

કૃષ્ણ ચરિત્રમાં,પૂતના વધનો સંકેત છે. જેનો તાત્પર્ય અવિદ્યાનો નાશ થવો છે. જો જીવનમાં અવિદ્યા નષ્ટ થઇ, જ્ઞાનનોઉદય થયો પછી કૃષ્ણકથા આગળ શા માટે ચાલે છે ? વલ્લભચાર્યજી નો જવાબ છે.

અ વિદ્યા તો દૂર થઇ પણ વાસના જે ક્ષિલ્લક રહી છે. (સંસારની) તેને દૂર કરવા માટે કૃષ્ણ ચરિત્ર આગળ વધે છે. કથા રૂપે.

અધ્યાત્મ અસમાધાન - માણસ જો ભાગ્યશાળી હોય તો જ તેને અદ્વૈતની વાસના હોય છે. આ જયારે અસમાધાન જીવનમાં આવે ત્યારેજ સમાધાન તરફ ગતિ થાય.

(અર્થ) સંસારની વાસના ઓછી થતી જાય પણ અદ્વૈતની વાસના પ્રાપ્ત થઇ નથી.

(પાતંજલિ) યોગ એટલે યુક્તિ (જોડાણ)

રાજયોગ એટલે સર્વોત્તમ, પાતંજલિયોગનું મહત્વ, (કલમ કરવાની પ્રક્રિયા) કલમી આંબાને જલ્દી ફળ આવે છે. આ જન્મમાં જ મોક્ષ અપાવે.

વત્સાનું મુજન કવવિત અસમયે, કુશેષ સંભતૂ ઈસા, તેયમ્ સ્વાધ્વત્ વ્યધિદધિમયા:, કુલ્પિતૈ: સ્તેમ યોગૈયિ:

શ્લોક (તંત્ર) તંત્રમાર્ગમાં વત્સ એટલે પશુ છે. પશુ સાંસારિક પાશમાં બંધાયેલ છે. તે પાશમાંથી છોડાવે છે. પશુપતિનાથ.

જ્ઞાનમાર્ગમાં સમયની મર્યાદા છે. આમ કરો તો આમ થાય. ભક્તિમાર્ગમાં કાળબાધ નથી. ઈશ્વર અનુગ્રહ હંમેશા વરસીજ રહ્યો છે.

તંત્રમાર્ગમાં બધુજં કામ ગુરૂ કરે છે. તેનો અનુગ્રહ થવો જોઇએ. તમારી પાત્રતા બનવી જોઇએ. પછીનું બધું કામ ગુરૂ કરે. પહેલા આત્મઅનુગ્રહ કરવો જોઇએ. પછી ગુરૂ આવે પછી ગુરૂનો અનુગ્રહ આવે. ગુરૂકૃપા, પ્રભુકૃપા, શાસ્ત્રકૃપા આ ત્રણેય ક્રમશઃ પહેલા આત્મકૃપા થાય પછીજ પ્રાપ્ત થાય. શ્રુતિ શબ્દનો અર્થ ભગવાનનું નામ સંભળાય તે.

(શબ્દ) સત્યની વ્યાખ્યા - સર્વનું કલ્યાણ કરવાની ભાવના. ભૈરવ-શંકરના દ્વારપાળનું કામ કરે.

વેદ એટલે શું ? ઈશ્વરને માનો અને તેની સૃષ્ટિને પણ માનો. સારો સંબંધ બાંધો. વેદનું તત્વજ્ઞાન પલાયનવાદ નથી શીખવતો.

ગૃહસ્થાશ્રમ - અંગનાશ્રમ, અંગના એટલે સ્ત્રી

વેદવાક્ય - કૃપયા સ્ત્રીનો અનાદર, તિરસ્કાર કરશો નહીં, પત્ની તરફ જોવાનો દ્રષ્ટિબિંદુ કેવો હોવો જોઇએ ? સ્ત્રી-વામા, વામા-સુંદર, વામ એટલે ડાબુ. પત્ની-વામાંગિની સુંદરી સ્ત્રી છે તોજ સંસાર છે.

(પુ) ૨૪-૧૨-૨૦૦૨

ઋગ્વેદનું ૧૦મું મંડળ - નેવુંમું સુક્ત (પુરૂષ સૂક્ત) સારું બોલેલું સૂક્ત

પુરૂષ સૂક્તનાં ઋષિ - નારાયણ.

પુરૂષ દેવતા - પરમેશ્વર - પુરૂષ.

આખું જગત ઈશ્વરમય છે તેની અનુભૂતિ સૂક્તકારને થઇ છે. (સ્નાન વખતે આ પાઠ કરવો) વેદ ઉચ્ચાર વખતે એક જાતની ગૂંજ આવવી જોઇએ. ગણપતિની કૃપાથી વાણી મીઠી થાય છે. ગણેશ ઉપાસનાથી વાકસિધ્ધિ પ્રાપ્ત થાય પણ પથ્ય, પરેજી પાળવી જરૂરી.

વેદ મંત્રોનો દ્વિવિધ અર્થ હોય છે.

પુરૂષ સૂક્તની પહેલી ઋચા પરમેશ્વરનાં આવાહન માટે બોલાય છે. આવાહન સાથે આપણે ધ્યાન પ્રભુનાં રૂપનું કરવું. સગુણ ઉપાસના. સૂક્તની બીજી ઋચા - પ્રભુને આસન સમર્પણ માટે બોલાય છે. મંત્રની શક્તિ પોતાનું કામ કરે છે. મંત્ર બોલો તો કાન થકી, બુધ્ધિ, મન અને આત્મા પર અસર થાય છે. પગની તકલીફ માટે પુરૂષ સૂક્ત ઉપયોગી છે. લક્ષ્મી પ્રભુનાં પગમાં બેસે છે. તેથી ધંધા-વેપાર સંબંધી તકલીફમાં પણ પુરૂષસૂક્ત સહાયક બને છે. બુધ્ધિથી વિચાર કરે અને તારવે તે ફીલોસોફી.

અનુમાન પરંપરા.

સર્વ વિચારો આંખમાં પ્રગટે. સિધ્ધયોગમાં મહત્વ સ્પર્શયોગનું છે. શાંભવી દિક્ષા એટલે દ્દૈગ દિક્ષા અથવા દ્રષ્ટિ દિક્ષા. ગુરૂની દ્રષ્ટિ પડે તો આંખથી અંદર ઉતરે - શક્તિ અને શક્તિમાન સાથેજ અંદર ઉતરે. સૂક્ષ્મ વસ્તુ જેટલી આપો તેટલી ગુરૂકૃપા પાણીની જેમ સપાટી જ પકડે.

દ્રષ્ટિપાત - ગુરૂ શિષ્યની અંદર પ્રવેશે દ્રષ્ટિનાં માધ્યમથી.

(વેદ) વેદમાંથી બે વાદ પ્રાપ્ત થયા ૧) શાશ્વતવાદ - જે આદિ, મધ્ય અને અન્ત રહિત છે. ૨) અનન્તવાદ - બ્રમ્હતત્વ અનન્ત છે.

(ભક્તિ) સ્વામી રામતીર્થ, વિવેકાનન્દ, અરવિંદ, સ્વામી સત્યાનન્દ, પ્રભુપાદ બધા ભક્તિમાર્ગી. (શ્રી અરબિંદો એ તંત્ર ટેકનીક વિગેરે બધું પચાવ્યું છે.)

પ્રભુપાદ - ભક્તિ વેદાન્તી, કાળનો બાધ કરીને જે રહે તે કાલાતીત, કાળ આ કલ્પના છે. માયા કાતરનું કામ કરે છે. કાતરનાં બે પાના ૧) દિક ૨) કાળ આપણે આ બે વચ્ચે કતરાઇએ છીએ. બ્રહ્મતત્વ આમાં સપડાય નહીં.

(રામાયણ) બ્રમ્હજ્ઞાન અને રામનું સ્વરૂપ છે અને વિવેકએ લક્ષ્મણનું સ્વરૂપ છે. વિચારનું નામ શત્રુધ્ન છે અને વૈરાગ્યનું નામ ભરત છે. એ ચારેય જો સાથે હોય તો અયોધ્યામાં જેવું યુધ્ધ વગરનું અથવા ક્લેશ વગરનું રાજ્ય ચાલે પણ વૈરાગ્યરૂપ ભરત અને વિચાર રૂપી શત્રુધ્ન બહાર ગયા હતા ત્યારે જીવરૂપી દશરથે વિષયરૂપી કૈકયીનાં મોહમાં પડીને રામ અને લક્ષ્મણને વનવાસ આપ્યો હતો. સંસારમાં પણ લગભગ બધા જીવ જયારે વિષયોનાં મોહમાં પડે છે ત્યારે જ્ઞાન અને વિવેકનો અનાદર થાય છે.

(ભક્તિ) નવ પ્રકારની નવધા ભક્તિ શબરીની

૧) સત્સંગ ૨) ભગવત કથામાં પ્રેમ ૩) ગુરૂની સેવા ૪) ભગવાનનાં ગુણો ગાવા ૫) જપ અને વિશ્વાસ ૬) ઇન્દ્રિયોને વશ કરવી ૭) આખા જગતને રામમય જોવું. ૮) જે મળે તેમાં સંતોષ માનવો અને સ્વપ્નમાં પણ પારકાનાં દોષ ન જોવા ૯) સરળતા રાખવી અને કપટ રહિત વર્તવું. ભગવાન પર ભરોસો રાખવો અને હર્ષ શોક ન કરવાં.

(યોગ) યોગનાં વિભાગ - તપ, સ્વાધ્યાય, ઇશ્વર પ્રણિધાન, તપ-ગરમ કરવું (સ્થૂળ અર્થ)

કષ્ટ સહન કરતા આવડવું જોઇએ. તપ કરોતો કુંડલિની જાગૃત થાય અને ઉર્જા ઉપર ઉઠે. આ ક્રિયાયોગ નો સંકેત છે. તંત્ર શાસ્ત્રમાં શક્તિની (દેવીની) ઉપાસના.

તંત્ર ૫ પ્રકારનાં શૈવ તંત્ર - લુપ્ત થયું છે, શાકત તંત્ર - બાકી રહ્યું છે, ભક્તિ ઓછી.

વિષ્ણુ તંત્ર - બાકી રહ્યું છે, તંત્ર નીકળી ચૂક્યું છે પણ પ્રધાન્તા ભક્તિની થઇ ગઇ, દેવી તંત્ર.

ગાણપત્ય તંત્ર - આનો એક વિભાગ ચૌરતંત્ર છે.

શાક્ત તંત્રમાં - ભગવાન પાસે માગી શકાય, માંગો મા પાસે, મા વાત્સલ્યમયી છે જે માંગો તે આપે.

વૈષ્ણવતંત્ર અને શૈવતંત્ર, જયાં ભક્તિ પ્રધાન છે ત્યાં પ્રભુ પાસે કંઇ માંગી શકાય નહીં.

શાક્તતંત્રમાં માગે છે તે સમષ્ટિનાં કલ્યાણ માટે. શક્તિ, દેવ અને દાનવ બેઉ પાસે છે. બેઉ ઉપયોગ જુદા જુદા કરે છે. શક્તિ અને ભક્તિ બન્નેનું સમન્વય થવું જોઇએ જે પોતે નિરપેક્ષ ભાવવાળો હોય તેજ જોઇ શકે. વિજ્ઞાન ભૈરવતંત્ર (ઓશો), તંત્રમાર્ગમાં હીપનોસીસ દ્વારા શિક્ષા આપવાની પધ્ધતિ છે.

(વેદ) પંચદશીનો પહેલો શ્લોક, મંગલાચરણ વિદ્યારણ્ય લિખિત પંચદશી પુસ્તક છે. એમણે આ પુસ્તક માં વેદને સરળ કરી સમજાવ્યું છે. આમાં ૧૫ પ્રકરણ છે.

નમઃ શ્રી શંકરાનંદ ગુરુ, પાદાંવું જન્મને સવિલાસ મહામોહ ગ્રાહ ત્રાસૈક કમર્ણ ।।

શંકરાચાર્યજીને નમન છે, જે ગુરૂ જે આનન્દ સ્વરૂપ છે, જેમનાં ચરણ કમળ સ્વરૂપ છે તેમને મારા નમન છે. અજ્ઞાન રૂપી ગ્રહથી હું ગ્રસ્ત છું તેમાંથી આપ મને છોડાવો.

પંચદશી વાંચો તો સ્ટેપ બાય સ્ટેપ વેદાન્ત તમને સમજાતું જાય. પંચદશી ઇચ્છારામ-સૂર્યરામ દેસાઇ એ સરળ ટ્રાન્સલેશન કરી આપ્યું છે.

શંકરાચાર્યનાં-વેદાન્તના અધ્યવર્યુઓ - લેખક (કોઇ વકીલ) રાજકોટમાં (વેદ માલા-આઠ ભાગ)

વેદ એટલે જ્ઞાન, વેદ જ્યારે પુરૂં થવા આવે ત્યારે છેલ્લા પ્રકરણમાં તેનું અર્ક વેદાન્ત (ઉપનિષદ) આવે.

શંકરાચાર્યજીએ વેદ લખ્યું. તેમાંથી લઇને રામાનુજાચાર્યએ લખ્યું. રામાનુજાચાર્યમાંથી - વલ્લભાચાર્યજી તેમાંથી માધ્વાચાર્ય એ લીધું.

માધ્વાચાર્યમાંથી લઇને નિમ્બકાચાર્યજીએ લખ્યું. ઉપ+નિ+ષદ , ગુરૂનાં પગ પાસે બેસીને લીધેલું જ્ઞાન.

આ દુનિયા સંબંધોથીજ બંધાયેલ છે. દુનિયામાં નજીકનો સંબંધ પતિ=પત્નિનો છે. પણ આ સંબંધમાં અહંકાર તો છે જ શારીરિક સંબંધ આધારીત છે. ખરેખર નિકટનો સંબંધ ગુરૂ-શિષ્યોનો છે. ગુરૂ-શિષ્યનો સંબધ ૯૯ ટકા આત્મિક છે. અહીં શિષ્ય સંપૂર્ણ સમર્પિત થાય છે.

યજ્ઞનો આધ્યાત્મિક અર્થ - ગુરૂ શિષ્ય સંબંધ. અરણી એટલે અગ્નિમંથન કરવાનાં લાકડા ઉપરની અરણી ગુરૂ છે, નીચેની અરણી શિષ્ય છે.

ગુરૂ અને શિષ્યનાં મંથનમાંથી વેદાન્ત પ્રગટે ગુરૂમાં એવી શક્તિ હોય કે પોતાનું જ્ઞાન શિષ્યને પ્રસ્થાપિત કરી શકે. આમાં ગુરૂ જ્ઞાન આપે કે અનુભૂતિ ?

અનુભૂતિ તો પોતે અનુભવ કરવાની વસ્તુ છે. તે કોઇ પકડી શકે નહીં. આપી શકાય નહીં. આ જ્ઞાન માર્ગની કચાશ છે. તંત્રમાર્ગમાં આનો ઉપાય છે. સ્પર્શદીક્ષાથી આ શક્ય બને છે. દ્રષ્ટિપાત થી ગુરૂ શિષ્યની અંદર જાય છે. (પડે છે.) ચેતના, ચેતનાથી અંદર ઉતરે છે. આ ભેદનો (દ્વૈત) નો અભેદ (અદ્વૈત) થાય છે.

પ્રેમમાં અદ્વૈત સર્જનની શક્તિ છે અને ભક્તિતો પ્રેમ આધારીત છે. એટલે અહીં આ ક્રિયા આપોઆપજ સંભવે છે. જ્યારે તંત્રમાર્ગમાં આ ક્રિયા કરવી પડે છે.

(પુ) સૂક્તો બોલવાની ત્રણ પધ્ધતિઓ ૧) ઋગ્વેદ પધ્ધતિ ૨) યજુર્વેદ પધ્ધતિ ૩) સામવેદ પધ્ધતિ- આના માટે ગાયન પધ્ધતિ આવડતી જોઇએ.

ઋગ્વેદમાં જેવું છે, તેવુંજ બોલવાનું હોય છે, કોમા વિગેરેનું ધ્યાન રાખવાનું હોય.

માણસનું મન સંકલ્પ, વિકલ્પનાં લુગડાં પહેરીને બેઠું છે. ધ્યાનમાં બેસવા માટે મન સંકલ્પ છોડી, ઉઘાડું થઇને બેસે તોજ નિર્વિકલ્પ ધ્યાન લાગે તેમ જ્ઞાનેશ્વરજી કહે છે.

આ સારૂ છે, એ મનમાં આવે તો સંકલ્પ છે. બીજા કરી શકે તો, હું પણ કરી શકું છું, તેવું નિર્ધાર કરો.

ઘંટારવ કરવું, પૂજા કરતી વખતે ઘંટડી વગાડવી, દેવોનું આવાહન કરવું અને બુરાઇનું નિષ્કાસન કરવું , આ ઉલ્લેખ દેવતા વાદમાં છે. મનરૂપી ગરૂડ છે. અતિઉંચે ઉડી શકે છે. તેની બે પાંખો સંકલ્પ, વિકલ્પની છે.

મનનાં સંકલ્પ, વિકલ્પ મટે તેને માટે પૂજા એક પ્રશીક્ષણ છે. ઘંટડી ઉપર ગરૂડની મૂર્તિ બેસાડવી એનો આ આધ્યાત્મીક સંકેત છે.

પૂજામાં બેસી ઘંટડી વગાડવી એટ્લે દૈવી ગુણોનું આવાહન કરવું અને આસુરી ગુણોને ભગાડવા.

હે મારા મન, તું સારા સંકલ્પો કરનારો થા, અસત્ સંકલ્પો કરીશ નહીં, આ જો તમને અંદર ઉતરી ગયું તો સામે કોઇ વ્યક્તિ આવી તેનો અણગમો ઉભો નહીં થાય. આપણા શરીરરૂપી ધર્મક્ષેત્રમાં ખરાબ વિચારો પહેલા આવે સારા વિચારે ઓછા આવે છે. સારા વિચારા આવે તો કોઇ દિવસ તમારા ઘરે સંતો પધારશે એ શિવસંકલ્પ સૂકતનો આશય છે.

વેદમાં : ૧)સૂક્ત-સૂક્ત એટલે સારૂં બોલેલું પુરૂષસૂક્ત, શ્રીસૂક્ત વિગેરે.

૨) સ્તોત્ર : મહિમ્ન સ્તોત્ર, રામરક્ષા સ્તોત્ર, ભક્તામર - સ્તોત્ર તમે બોલો તો તે તમારૂં રક્ષણ કરે - તમારૂં રક્ષણ કરવા ભગવાન બંધાયેલા છે.

મહિમ્નસ્તોત્ર નો કર્તા પુષ્પદંત (શંકરનો ભક્ત) તે રાજાનાં બગાચામાંથી શિવપૂજા માટેના ફૂલ ચોરી કરતા પકડાયો અને શિવ મહિમ્ન સ્તોત્ર બોલવા માંડ્યો.

જેની સ્તુતિ કરવાથી આપણું રક્ષણ થાય તે સ્તોત્ર.

૩) સ્તુતિ = પ્રભુનાં ગુણગાન ગાવાનાં - ભગવાન સકલ ગુણોનાં ભંડાર છે. ગણપતિ અથર્વશીર્ષ પુરૂષસૂક્ત અનેશ્રી સૂક્ત આ ત્રણેય ઉપનિષદ છે. ઉપ+નિ+ષદ - ગુરૂનાં પગપાસે બેસીને પ્રાપ્ત કરેલ જ્ઞાન, ચોપડીમાં મળે નહીં.

વસ્તુસ્થિતિનું નિરૂપણ કરેલ છે તે સૂક્ત, ભક્તે કરેલી સ્તુતિ છે. જ્ઞાની એ કરેલ છે તે સ્તોત્ર છે.

વિશ્વનું અનંતજ્ઞાન - જે શાશ્વત વાદ પર આધારિત છે.

વિશ્વનાં ચેતન તત્વનું વર્ણન કરેલ છે તે પુરૂષ સૂક્ત છે. એ પુરૂષને (ચેતનાને) સહસ્ત્ર પાદ, સહસ્ત્ર માથા છે. આ ચેતનાની અંદર આખુ વિશ્વ સમાયેલુ છે. ચેતના વિશ્વને વ્યાપીને બેઠી છે. વિશ્વ એટ્લે ભૂમિ (વિષ્ણુની પત્નીનુ એક નામ ભૂમિ) ને આલિંગન આપીને પૂરૂષ (વિષ્ણુ) બેઠેલ છે. ચેતનાનાં વિભાગ :-

૧) ભક્ત ૨) ભગવાન ૩) સાધક ૪) સાધ્ય

૧) ભક્ત - બીજનું સ્થાન, નાભિસ્થળ જીવનું સ્થાન.

૨) ભગવાન - શિવનું સ્થાન, હૃદય સ્થળ.

આ બેની વચ્ચે દશ આંગુલની દૂરી છે. પહેલી ઋચામાં છે. પુરૂષ (ચેતના) આ શરીરમાં સર્વત્ર વ્યાપ્ત છે.

જીવ નાભિસ્થાનમાં શિવ હૃદય સ્થલમાં જીવન ઉર્ધ્વગતિ કરે તો શિવત્વ પામે - પુરૂષતત્વ હંમેશ માટે સતર્કતાથી ઉભો છે, ભક્તનોસાદ સાંભળી દોડી આવે છે.

વિષ્ણુના પગ પાસે લક્ષ્મી બેસેલ છે. પગમાં ગતિ છે. ગતિ છે તો પ્રગતિ છે.

તંત્ર ટેકનીકમાં તાકાત ઘણી છે. તંત્ર માર્ગમાં મૂર્તિ ઓછી યંત્રની પૂજા વધારે હોય છે. કારણ યંત્રપૂજામાં શક્તિ ૧૦ ઘણી વધારે હોય છે.

આ શક્તિનાં બે પ્રકારનાં ઉપયોગ થઇ શકે છે. ૧) સદ્ઉપયોગ ૨) દુરૂપયોગ

તંત્રમાર્ગમાં જ્ઞાન અને વિજ્ઞાન બન્નેનો ઉપયોગ છે. જ્ઞાન જ્યારે પક્વ થાય ત્યારે તંત્ર આવે. તંત્રમાર્ગમાં કંઇ સારૂ નથી, કંઇ ખોટું નથી. બધું સારૂજ છે, સત્કર્મ વધે, સદ્બૂધ્ધિ વધે તેવી પ્રાર્થના કરો. ભક્તિમાર્ગમાં પણ બધું સારૂંજ છે.

ભક્તિમાર્ગમાં ભગવાન પાસે માગતા નથી. તંત્રમાર્ગમાં શક્તિ પાસે સાધકે માંગવાનો હક્ક છે. મા સારૂં જ આપે, ખરાબ ન આપે. માંગનારે માંગવાની બુધ્ધિ હોવી જોઇએ, વિવેક જોઇએ.

(શ્રી) શ્રી સૂક્તમાં એગમાર્ક છે, લલિતા સહસ્ત્રનામ. લલિતાસહસ્ત્ર ભક્તિમાર્ગમાં અશક્યને શક્ય બનાવનાર તંત્રમાર્ગનું ટોચનું અધ્યાત્મ લલિતા સહસ્ત્રનામમાં છે. લલિતાનું જ નામ, ગાયત્રી, ત્રિપુરાસુંદરી છે. શ્રી યંત્રની પૂજા જે કુમકુમ અર્ચનથી થાય છે, એ કુમકુમ ઘણારોગોમાં નિવારક તરીકે ઉપયોગી બને છે.

શ્રી યંત્ર ની પૂજાથી તે જાગૃત રહે છે. અન્યથા અક્રિયાશીલ રહે છે. શ્રીયંત્રનું બિંદુ લલિતા છે.

(ગણપતિ) ગણપિત અર્થવશીર્ષ - જીવ અને શિવનું તત્વજ્ઞાન છે.

૫-૨-૨૦૦૨. (વેદ)

વેદાન્ત કહે છે. જેનો વિકાસ થાય તેનો વિનાશ નક્કીજ છે. ઉત્ક્રાતિના ક્રમમાં માણસને પ્રભુએ વિવકે બુધ્ધિ આપી છે.

એક હાથ વિસ્તૃત થયો. હાથની પકડમાંથી, સાધનો વિકસ્યા અને તેમાંથી વિસ્તાર થતા થતા એટમ બોમ્બ બન્યો. સ્વાર્થ આવે ત્યારે વિવકે જાય.

(યોગ) ધ્યાન કરવું - કંઇ કરવું નહી પણ પોતાની જાત સાથે રહેવું. વિચાર કરવો એટલે પોતાની જાતથી દૂર થવું. વિકાસનો પોઇન્ટ જો મન છે તો વિનાશનો પોઇન્ટ પણ મનજ છે. મનને અમન અવસ્થા પર લાવો.

જેમ તરણકલાનાં જુદા જુદા તબક્કા છે તેમ ધ્યાન પ્રક્રિયામાં ચક્રોપર ધ્યાન કરવું આ પ્રક્રિયાનાં જુદા જુદા તબક્કા જ છે.

મન કંઇ જુએ, એટલે વૃત્તિ ઉઠે છે. યોગ એટલે યુક્તિ, યોગનાં વિભાગ છે. હઠયોગ,

હઠ-ઈડા અને પિંગલા નાડીઓનેજ હઠ કહેવાય છે. એક બાજુ ઇડા બીજી બાજુની નાડીને પિંગળા કહે છે. વચમાં સુષુમ્ના નાડી રહે છે.

સુષુમ્નાનું સોકેટ છે, પુરીતતી નાડી. ઈડા, પિંગલા, સુષુમ્નાનું મિલન બિંદુ પિનિયલ ગ્રંથી છે. દરેક ગ્રથિંમાંથી સ્ત્રાવ ઝરે છે.

પિનીયલ ગ્રંથીમાંથી બે જાતની સ્ત્રાવ ભરે છે. ૧) સેરાટોનિન ૨) મેલાટોનિન

સેરાટોનિન - આખા જીવન, વય દરમિયાન ૧ ચમચી જેટલોજ સ્ત્રાવ કરે છે.

બાળકનાં જીવનમાં સેરાટોનિન નું પ્રાધાન્ય વધારે છે. ખજૂર, કેળા, અંજીર, ગાયનું ઘી માંથી, સેરાટેંનિન મળે છે. (આમ આયુર્વેદ કહે છે.) જયારે સેરાટોનિન માં મેલાટોનિક ભળે ત્યારે જાતિય વૃત્તિ વધે.

(મન) બુધ્ધિની શક્તિ બુધ્ધિથી દૂર થઇજ ન શકે તેની સીમા છે. માઇન્ડ એટલે મન શરીરશાસ્ત્રમાં મનનું ક્યાંય અસ્તિત્વ છે જ નહીં, આપણા શરીરનાં દરેક કોષમાં મન છે.

મનણું (વિચાર) ન થાય તો મનનું અસ્તિત્વજ ન રહે. મન ગતિ કરે એટલે આ ભાસ ઉભો થાય છે એજ સંસાર છે. અગરબત્તી પેટાવીને ગોળ ગોળ ઝડપથી ફેરવો તો એક ચ્રક ઉભું થયાનો આભાસ થશે જેને વેદાન્ત અલાતચક્ર કહે છે. અગરબત્તી જો બુઝાઇ જાય તો વૃત્ત બનેજ નહીં જો ચિંત્તન કર્યા કરો તો મન છે ચિંતન છૂટે તો મન નથી.

જ્ઞાનનું જ્ઞાન હોય અને અજ્ઞાનનું પણ જ્ઞાન છે. છોડવાથી શાંતિ મળે તો પકડવું શા માટે ? ઉંઘી જાવ ત્યારે બધું છૂટે છે, અને શાંતિ પ્રાપ્ત થાય છે. જીવનમાં પણ બધું મારૂં મારૂં કરી પકડો છો તો સંસારની માયામાં અટવાવ છો. જાગૃત રહી સંસારનું મમત્વ છોડો.

ઉંઘમાં તમે એકલા છો ત્યારે શાંતિ છે. પોતાની જાતને એકલા કરો તો શાંતિ છે.

(શ્રધ્ધા) ગાડીમાં બેસો ત્યારે ડ્રાઈવર પર શ્રધ્ધા રાખો છો જેને તમે જાણતા નથી, તો ઈશ્વર પર શ્રધ્ધા રાખોને. શ્રધ્ધા આપમેળે થાય કે વિકાસ કરી શકાય.

શ્રધ્ધા સારામાં પણ સોલીડીફાય થાય. બુરામાં પણ થાય. પાણીનો બરફ બનતા બનતા ઘન થાય છે. ઘનીકરણનું નામ જ શ્રધ્ધા છે. ઘન, શ્રધ્ધા હંમેશા સાચીજ હોય. જો મન સદ્‌વિચારો કર્યા કરે, કર્યા કરે તો તેનું ઘનીકરણ થાય અને જીવની ગતિપણ સત્ તરફ થવા માંડે છે.

(દિક્ષા) શ્રધ્ધાનું વિશ્લેશીકરણ-સંપ્રદાય સં+ પ્ર+દાય

દાય જે દીધું તેના ઉપર નો મારો હક્ક મે છોડી દીધો (મારી વસ્તુ તને આપી, મારો હક્ક છોડી તેની ઉપર તારો હક્ક પ્રસ્થાપિત કર્યો છે.)

પ્ર=ગુપ્ત રીતે આપવું લેનાર-દેનારને ખબર પડતી નથી.

દાય= ભૌતિક વસ્તુનો થાય તેમ સૂક્ષ્મ વસ્તુનો પણ દાય થાય. જ્ઞાન સૂક્ષ્મ છે. તે આપી શકાય છે. માતા-પિતા ને મળતા ગુણ બાળકમાં આવે છે. (સૂક્ષ્મ રીતે આદાન પ્રદાન થયું છે.) વસ્તુની સ્થૂળતા ઓછી ઓછી થતી જાય ત્યારે સૂક્ષ્મ બને છે. પિતાનું વીર્ય સૂક્ષ્મ છે. (પિતાના વીર્યથી માતાને ગર્ભધાન થવું) અહીં બુધ્ધિ કામ કરતી નથી, બુધ્ધિ કરતા પરે છે.

દાદૂ ભગત (અમદાવાદના સંત), દાદૂ ભગતનાં શિષ્ય રજબ આંખે પાટા બાંધી રાખ્યા હતા, ગુરૂનાં મૃત્યુ પછી, ગુરૂમાં જ સૌંદર્ય હતું એમનાં ગયા પછી સંસાર મૃતશરીર જેવું છે તેને શું જોવું (આ ધારણાથી). રજબનો શિષ્ય, સુંદરદાસ.

લેનારે લીધું આપનારે આપ્યું. પણ આ ક્રિયા ક્યારે થઇ કોઇ (લેનાર આપનાર) જાણી શકે નહીં, એ સંપ્રદાય છે. માતા અને બાળકની વચ્ચે આ ઘટના બનતી જ હોય છે. સૂર્યના કિરણો ઝીલી કમળનું ખીલવું આનું ઉદાહરણ છે. શ્રધ્ધા કરતા પરે ગયેલી દીક્ષા છે.

(મન) અર્જુન કહે છે, ચંચલમન છે તેનો નિગ્રહ કેવી રીતે કરાય ?

જ્ઞાનેશ્વરજીનો જવાબ, મન સૂક્ષ્મ છે, પણ બહાર ફરે ત્યારે ત્રૈલોક્યમાં ફરી આવે છે. બુધ્ધિમાં ભેદન કરે છે. (સળી કરે છે.) પછી બુધ્ધિ સંકલ્પ વિકલ્પ શરૂ કરે છે.

નિગ્રહનો ઉપાય - જ્ઞાનેશ્વર મોટા વિખ્યાત છે. આ દુનિયામાં સહુથી ખરાબ વસ્તુમાં પણ કંઈક સારૂ તો તેમાં છે જ. ગધાને નિકૃષ્ટ પશુ ગણીએ છીએ (ગધા - ગલત છે, ધારણા જેની) ગધામાં એક વસ્તુ સારી છે, તેને બાંધતા નથી, ખાય ઉકરડામાંથી પણ પાણી માલિકને ત્યાંજ પીવે છે અને નિયત સમયેજ પીવે છે. જો ગધામાં આ ગુણ છે તો મનમાં પણ કંઈક સારૂં છે. મનની સારપ - જયાં ચોંટે ત્યાંથી ઉખડે નહીં, આપણે નક્કી કરવાનું કયાં ચોટાડવું છે.

સત તત્વને જે હૃદયમાં ધારણ કરે તે શ્રધ્ધા, આને માટે ગુરૂ પાસે જવું પડે.

દુનિયામાં ખરાબ કંઇ છે જ નહીં, સારૂં ખરાબ આપણી નજર આપણું મન નક્કી કરે છે. અસત્‌માં પણ સત પકડતા આવડવું જોઇએ. સાંખ્ય બેને માને - પ્રકૃતિ અને પુરૂષ. વજનના કાંટા પર (બન્ને) પલડા સમતોલ રહેવા જોઈએ. (અહીં સત્ય, રજસ અને તમસનું બેલેન્સ છે.)

ભારતની વિદ્યા રત્નોનો ભંડાર છે તેમાં પાતંજલિ સૂત્ર કોહિનૂર મણિ છે. આપણી પ્રકૃતિ માટે જેમ વાયું, કફ, પિત્ત ત્રણેય જરૂરી છે, કોઈ એક વધારે ઓછું ન ચાલે તેમ સત્ય, રજસ, તમસનું પણ સમત્વ હોવું જોઇએ જીવનમાં.

અતિમનસ - જ્ઞાનેશ્વરજીનો ખુલાસો એક પોપટ ઝાડ પર બેઠો છે. સામેના ઝાડ પર ફળ જુએ છે. ઉડીને તેમાં ચાંચ મારે છે. આ ચાંચ મારવી આ કૂદકો, અતિમનસ છે. મન વેગથી જાય, મનથી પણ વેગથી જે કૂદકો મારે છે તે અતિમનસ. જીવનમાં ક્યારેક ઝબકારો થાય તે ઝબકારો પકડવોએ અતિમનસ છે.

(પુ.) ૭-૨-૨૦૦૨ પુરૂષસુક્ત ૧) અનન્તાવાદ ૨) શાશ્વતવાદ-આ બેનાં પાયા પર પુરૂષસૂક્ત ઉભો છે.

વેદમાં એક નાસદીયસૂક્ત છે ૮ ઋચાઓ છે. પણ આમાં ફિલોસોફી ભરપૂર છે.

સૂક્ત - સૂક્તની ખૂબીજ છે, તેની પાછળ ફિલોસોફી છુપાયેલી છે. આનો પાયોજ ફિલોસોફી છે. વાદ એટલે ફિલોસોફી ની એકે સ્ટાઇલ છે.

ધર્મ - જીવન જીવવાની શૈલી છે.

પુરૂષસૂક્નો ૧૬ સૂક્ત પરથી જીવન જીવવાનાં ૧૬ સિધ્ધાંતો આવ્યાં.

૧) જડ ચેતન વાદ - આવી રીતે વેદમાં ૧૬ વાદ છે. (વાદ એટલે ન્યાય) જડ-ચેતન વાદ માટે એક શ્લોકઃ

“ઉમ યમ્વા એતત પ્રજાપતિઃ” એતત - આ અને તે.

પ્રજાપતિ એકજ છે. જગતમાં જે આ દેખાય છે તે દેખાય છે, બધું તેનુંજ બનાવેલુ છે. વેદનું લખાણ બે પ્રકારનું છે. એક કવિતામાં, બીજુ ગદ્યમાં. પૂજામાં ગણેશપૂજા પહેલા કેમ ? વેદમાં ગણેશનું એક નામ બ્રામ્હણસ્પતિ છે. વેદમાં ગદ્ય-બ્રામ્હણ (ગણપતિ) કહેવાય છે. પદ્ય-મંત્ર (શારદા) કહેવાય છે.

જડ-ચેતન વાદ - પ્રત્યેક જડ, ચેતનથી અધિષ્ઠિત છે, પ્રત્યેક ચેતન જડનું અધિષ્ઠાન છે.

ચેતના નાં અધિષ્ઠાન પરજ જડ અધિષ્ઠિત હોય છે. જડ અને ચેતન બન્નેનાં પ્રજાપતિ એક છે. આ બે માંથી જે પણ ભાવનું પ્રાધાન્ય વધારે તે પ્રમાણે તેનું નામકરણ થાય છે. આખો સંસાર જડ-ચેતનનાં મિશ્રણ થી બનેલો છે. બન્નેનાં ગુણો એક બીજાથી વિપરીત છે.

તમ (અઘંકાર) અને પ્રકાશ બન્ને એકબીજા થી વિરૂધ્ધ ગુણો ધરાવે છે. અંધકાર હોય ત્યાં પ્રકાશ ન હોય અને પ્રકાશ હોય ત્યાં અંધકાર ઉભું ન રહે. પણ બન્ને સાથે દેખાય, એ માયા છે. શરીર જડ છે, આત્મા-ચેતન છે. આ બન્ને એકજ ગણાય. એ માયા છે. સ્થૂળની અધિકતા હોય એટલે પાતાળ, સ્થૂલતા એટલે અચેતનતા.

જેમાં ચેતનતા વધારે છે તે ચેતન કહેવાય છે. વૃક્ષ, પશુ, માણસ આદિ. યોગની ક્રિયા દ્વારા જડની ચેતનતાને વધારી શકાય.

આ દુનિવા જડ અને ચેતનનાં મિશ્રણથી બનેલી છે. જડ સંપૂર્ણ જડ નથી. ચેતન સંપૂર્ણ ચેતન નથી. માણસ મૃત્યુ પામે ત્યારે જડદેહ પડી, ચેતન આત્મા નિકળી જાય. પ્રાણવાયુ નીકળી જાય છે.

યોગમાં વાયુના ૧૦ પ્રકાર છે. એક વાયુનું નામ છે ધનંજય, મૃત શરીરમાંથી પ્રાણવાયુ નીકળી જાય પછી ધનંજય વાયુ અતિ સૂક્ષ્મ રીતે શરીરમાં આવી બેસે છે.

બીજોવાદ, સ્થૂલ સૂક્ષ્મવાદ - અણુ કરતા પણ સૂક્ષ્મ પણ દુનિયામાં જે કંઇ મહત્તમ છે તેનાંથી પણ મહાન છે. આ દુનિયા ને પ્રભુ વ્યાપીને બેઠો છે. છતાં દશ અંગુલ વધારેજ છે (આ મહત્તમતા છે), પણ છે અતિ સૂક્ષ્મ. (અણુ કરતા પણ) આ ચેતન પુરૂષ ભૂમિને આલિંગીને બેઠા છે. એટલે પુરૂષ - પિતા છે અને ભૂમિ માતા છે. આપણે તેમનાં સંતાન છીએ.

(વેદ) વેદમાં એક પણ વાક્ય એવું નથી જે સૂક્ત નથી. સ્ત્રોતમાં માગણી છે. દેવતાની પૂજા કરો તો દેવ તમારી રક્ષા કરે. રામરક્ષાકવક, હનુમાન ચાલીસા વિગેરે. સ્તુતિ દેવોનાં ગુણગાન છે.

(ભાગવત) કૃષ્ણની બાંસુરી વાદન - ભાગવત ચેતના, માનવ ચેતનાને આવાહન કરે છે.

ગોપીભાવ - માનવચેતના નો, ભાગવત ચેતનાને સમર્તિ થવાનો સંકલ્પ છે.

વૃંદાનાં સમર્પિત ભાવથી જયારે જીવન જીવાય છે, એ વૃંદાવન બને છે. આ પૃષ્ઠભૂમિ તૈયાર થાય છે. આ જીવન જયારે વૃંદાવન બને, ત્યારે કૃષ્ણની મોરલી સંભળાય છે. માનવ ચેતના, ભગવત ચેતના નાં આવાહન ને ઓળખી શકે છે, અને માનવ ચેતના જયારે ભાગવત ચેતનાને સંપૂર્ણ સમર્પિત થાય છે ત્યારે રાસલીલા સંભવે છે અને જીવ શિવમાં ભળી જાય છે.

કૃષ્ણની મોરલીનો નાદ સંભળાય તે જીવન નો વળાંક છે.

(પુ) ૧૨-૨-૨૦૦૨ અધ્યાત્મનો પાયામા ૧૬ વાદ છે.

૧) જડ ચેતન વાદ ૨) સ્થૂલવાદ સૂક્ષ્મવાદ ૩) દૃષ્ટ-અદૃષ્ટ વાદ ૪) શાશ્વતવાદ અને વિપરિણામવાદ ૫) અનાદિ-આદિ વાદ ૬) અનન્ત, સાન્તવાદ ૭) પ્રત્યક્ષ પરોક્ષવાદ ૮) અંડ-પિંડવાદ ૯) પાપ-પુણ્યવાદ ૧૦) ભાવનાવાદ ૧૧) શુચિ-અશુચિવાદ ૧૨) લોક પરલોક વાદ ૧૩) દેશ વૈચિત્ર્યવાદ ૧૪) કાલવૈચિત્ર્યવાદ ૧૫) વસ્તુ વૈચિત્ર્યવાદ ૧૬) જાતિ વૈચિત્ર્યવાદ - આ ૧૬ વાદ પુરૂષસૂક્તના ૧૬ શ્લોકનાં પાયામાં છે.

૧) જડ ચેતન વાદ - પ્રત્યેક જડનું અધિષ્ઠાન ચેતન છે. પ્રત્યેક ચેતન ઉપર જડ અધિષ્ઠિત થયું છે.

અર્થ - જડ, ચેતન બન્નેનું વિચિત્ર મિશ્રણ છે. જેમાં જેનું પ્રાધાન્ય હોય તે પ્રમાણે નામકરણ થાય.

જડની પ્રાધાન્યતા હોય તો જડ, ચૈતન્યની પ્રાધાન્યતા હોય તો ચેતન. પાષાણમાં જડતા વધારે એટલે જડ. વનસ્પતીમાં ચૈતન્ય છે પણ દેખાતું નથી. વિશ્વની દરેક વસ્તુ જડ ચેતન મય છે. એટલે હોવાપણુ એટલે અસ્તિત્વ, આ ચેતનનું લક્ષણ છે. આ ટેબલ છે એટલે હોવાપણું.

ઋણાત્મક, ધનાત્મક બે દ્વન્દો જયારે પાસે આવે ત્યારે તેમાંથી ત્રીજુ નિર્માણથાય, તેમાં બન્નેનું પ્રમાણ છે જ. એકાદનું પ્રાધાન્ય વધારે હોય. જડનો સહુથી નાના માં નાનો ભાગ અણુ છે. આખી દુનિયા અણુથી બનેલી છે. અણુ આગળ પૃથક નથી કરી શકાતો.

અદ્વૈતનાં પણ બે પાસા છે - ૧) જડાદ્વૈતવાદ = જડ + અદ્વૈતવાદ-મિથ્યા - મિથા:માં થી જન્મેલું છે - બે માંથી નિર્માણ થાય તે અનુભૂતિવાદ માં મિથ્યાનો અર્થ - "ખોટુ છે" તેવો નથી, પણ આ "પરિવર્તનશીલ છે" - આવો અર્થ થાય છે.

અનુભૂતિ માં દેશ, કાળ ની ઉપસ્થિતિ તો હોય છે - જેવી જેની ભાવના, તેવી અનુભૂતિ

ભૌતિકવાદ - પોતાનાંથી દૂર જવું - પ્રયોગ કરી જાણવું

આધ્યાત્મવાદ - પોતાની અંદર જવું - અનુભવવું.

૨) સ્થૂલ સુક્ષ્મવાદ - આખી દુનિયા સ્થૂલ છે પણ અંદર જાવતો સુક્ષ્મ છે, અણોરણિયામ, મહતો મહિયાર્મ.

મારો આત્મા અણું કરતા પણ સૂક્ષ્મ છે. અને સાથે સાથે મોટા કરતા પણ મોટો છે.

સ્થૂળ પણ સૂક્ષ્મ થઈ શકે - હનુમાન સૂક્ષ્માતિસૂક્ષ્મ (મચ્છર) થઈ ને રાક્ષસીનાં મોઢામાં બેસી ગયા અને વિરાટ થઈ રામ-લક્ષ્મણ-જાનકી ને પોતાનાં ખભા પર બેસાડી દરિયો પાર કરાવ્યો.

ફૂલ સ્થૂળ છે - ગંધ તેની સૂક્ષ્મ છે - લાડવો સ્થૂળ છે તેની મિઠાશ સૂક્ષ્મ છે. લોહચુંબક સ્થૂળ છે તેની આકર્ષણ શક્તિ સૂક્ષ્મ છે.

સ્થૂળ અને સૂક્ષ્મ ભળીને રહે છે - આ દ્વૈત માં નિહિત અંદ્વૈત છે.

૩) દ્રષ્ટ અદ્રષ્ટવાદ - દ્રષ્ટ એટલે જોયેલું

અદ્રષ્ટ એટલે ન જોયેલું.

એક દેવ છે તે દરેક ભૂતમાં અદ્રષ્ટ રૂપે છુપાયેલ છે. તમે કહો છો આ "ભીંત છે" = ભીંત દેખાય છે - તેમાં જે હોવાપણું છે તે દેખાતું નથી.

એક વસ્તુ - પંચ જ્ઞાનોન્દ્રિય દ્વારા જે જણાય છે - પંચ કર્મેન્દ્રિય થી દેખાય, પાંચ જ્ઞાનેન્દ્રિય થી જાણ થાય - નોંધ લેવાય મન અને બુધ્ધિ દેખાતા નથી પણ આપણે મન બુધ્ધિ પ્રમાણે કરીએ છીએ.

કર્મેન્દ્રિય દ્વારા દેખાયું - દ્રષ્ટવાદ

મન + બુધ્ધિ દેખાતા નથી પણ તે અંદર કામ કરે જ છે તે અદ્રષ્ટવાદ જે દેખાતું નથી પણ સૂક્ષ્મરીતે છે - તે અનુભૂતિ થી જ જણાય છે. અત્તર ની બોટલ માં અંદર રહેલી સુગંધ બોટ્લ સ્થૂળ છે, તેની સુગંધ સૂક્ષ્મ છે.

બુધ્ધિ જ્યારે અણીદાર થઇ ત્યારે પ્રજ્ઞા થાય અને ત્યારે જ સૂક્ષ્મને પકડી શકે છે. બુધ્ધિ સૂક્ષ્મ થાય ત્યારે દ્રષ્ટિમાં થી તેની ગતિ અદ્રષ્ટમાં થાય - આ વેદનું વાક્ય છે.

શકુંતલા - કણ્વ ઋષિ અને ઉવર્શી ની કન્યા - બ્રાહ્મણ કન્યા પણ પૂર્ણ બ્રાહ્મણ નહી, દુષ્યંત - ક્ષત્રિય રાજા

અંદરનો અવાજ - સૂક્ષ્મ છે - તે - સત્ય હોય છે - દરેક ને આ સંભળાય છે પણ આપણે આપણા સ્વાર્થને આગળ કરી દઇએ છીએ એટલે અંદરનો અવાજ દબાઇ જાય છે.

ગાંધીજી અંદરનાં અવાજને અનુસરતા - શ્રધ્ધાનાં મૂળમાંથી આવેતે અદ્રષ્ટવાદ - આંખનાં મૂળમાંથી આવેતે દ્રષ્ટવાદ - શ્રધ્ધા સફળ સુખ મૂળ છે. શ્રધ્ધા વિના બધું ધૂળ છે. શ્રધ્ધા વગર બધું - એકડા વગરનાં મિંડા જેવું છે. - દ્રષ્ટ પણ સાચું - અદ્રષ્ટ પણ સાચું.

એકો દેવ: સર્વભૂતેષું ગૂઢા: - સર્વ ભૂતોમાં એક જ દેવ ગૂઢ રીતે બેઠેલો છે - દેવ દેખાતા નથી - ભૂત (પ્રાણીમાત્ર) દેખાય છે.

શાશ્વતવાદ અને વિપરિણામવાદ.

ગીતાનુંસૂત્ર -

વિનશ્યતસુ, અવિનશ્યન્તમ, ય:પશ્યતિ, સપશ્યતિ. જે વસ્તુ વિનાશ થાય છે તેમાં અવિનાશ થાય તેવું એકતત્વ છે.

વિપરિણામવાદ - યાસ્કાચાર્ય - આચાર્યવાદમાં પહેલા આચાર્ય તેમનો ગ્રંથ નિરૂક્તવાદ.

નિરૂક્તવાદમાં યાસ્કાચાર્ય લખે છે -

ષડ ભાવવિકારા:, ભવન્તિ, છ ભાવવિકાર છે. છ ભાવ વિકાર - ૧) અસ્તિ ૨) જાય તે ૩) વર્ધતે, ૪) વિપરિણમતે, ૫) અપક્ષીયતે ૬) નશ્યતિ - દરેક ભાવનાં આ છ પરિણામ વિકૃતિઓ છે.

૧) અસ્તિ - અસ્તિ એટલે છે - છે વર્તમાનકાળમાં બોલાય છે બાઇ પરણી ગર્ભમાં બાળક આવ્યું -

જાયતે - જન્મ થયો, વર્ધતે - વધે છે, વિપરિણમતે - પરિણામ ઉંધું થઇ રહ્યું છે., અપક્ષીયતે - ક્ષીણ થાય છે, નશ્યતિ - નાશ થાય છે.

કિમ, નામ નાશ: ઈતિ

અદર્શનમ ગત: ઈતિ દેખાતો હતો તે અદેખાતો થયો તેનું નામ નાશ છે.

દરેક વસ્તુ આપણે નાશ પામી કહીએ છીએ તે વસ્તુત: નાશતો પામતું નથી એ દ્રશ્ય હતું, હવે અદ્રષ્ય થયું તેનું રૂપાંતરણ થયું.

એક વસ્તુ શાશ્વત છે - તેને વળગેલું વિપરિણામ છે તે પામે છે - પુરૂષ સ્થિર છે, શાશ્વત છે. પ્રકૃતિ પરિવર્તનશીલ છે, આકાશ શાશ્વત છે, તેમાં વાદળ આવે - જાય તે વિપરિણમવાદ થયું.

અનાદિવાદ અને સાદિવાદ - એક વસ્તુ અનાદિ છે અને સાદિ પણ છે.

યાતિ યાંતિ, ઈતિ યાત્રા - તમે જાઓ છો, આવો છો તે ત્યારે તમારૂં રક્ષણ કરે છે - તે ઈશ્વર અને આજ યાત્રા.

૧૪.૦૨.૨૦૦૨ (વિઠોબા) પંઢરપુરનાં વિઠોબા એક ઈંટ પર એક પગે કમર પર હાથ દઈ શા માટે ઉભા છે?

પંઢરપુરનાં વિઠોબા કોઈ પણ જાતનાં શસ્ત્ર વગર ઉભા છે - કારણ માનવતાપર સંપૂર્ણ શ્રધ્ધા વાળા છે - અહિંસાવાદી છે.

પોતાનું કર્તવ્ય કરે તેનું જ નામ ધર્મ છે - પુંડલિક ને મળવા જ્યારે કૃષ્ણ જાય છે - ત્યારે પુંડલિક માં બાપ ની સેવા કરી રહ્યા છે - કૃષ્ણને તેઓ કહે છે - હું અત્યારે મારૂં કર્તવ્ય કર્મ કરી રહ્યો છું - જરા વાર થોભો કાદવ વાળી જમીન છે, એટલે કૃષ્ણ તરફ ઈંટ મુકે છે - એ ઈંટ પર કૃષ્ણ ઉભા રહી ગયા છે તે જ સ્વરૂપ પંઢરપુરમાં વિઠોબાનો છે અહીં કૃષ્ણ કહે છે - જો દુનિયામાં સહુ પોતપોતાનું કર્તવ્ય કર્મ કરે તો દુનિયામાં શસ્ત્રો ની કોઈ જરૂર નથી - આજ ગીતામાં કર્મયોગ છે.

લલિતા સહસ્ત્રનામ = તંત્રશાસ્ત્રમાં ટોચની પુસ્તિકા છે.

શ્રી યંત્ર, શ્રી ચક્ર મધ્ય બિંદુ એટલે લલિતા દેવી, વિષ્ણુ સહસ્ત્ર નામ જેટલું લલિતા સહસ્ત્રનામ પ્રસિધ્ધ થયું નથી - વૈષ્ણવો બહુસંખ્યક માં છે, જ્યારે શાક્તસંપ્રદાય અલ્પસંખ્યક માં છે, તેમાં લલિતા સહસ્ત્રનામ પ્રચલિત છે.

વિષ્ણુસહસ્ત્ર નામનું રહસ્ય - વિષ્ણુ સહસ્ત્ર નામ બોલવામાં સરળ છે. જ્યારે લલિતા સહસ્ત્રમાં રૂપકો વિગેરે બહુ છે.

વિષ્ણુ સહસ્ત્રનામ નું અર્થઘટન શંકરાચાર્યજી એ સારૂં કર્યું છે. લલિતા સહસ્ત્ર નામ માં ઉંડાણ વધારે છે. સૌંદર્ય વધારે છે. સૌંદર્ય લહરી લખાઈ આનું કારણ એ કે તંત્ર શાસ્ત્રમાં ઉંડાણ વધારે છે.

શંકર અને શંકર ની શક્તિ પાર્વતી - બેઉમાં ફેર નથી - ગીતા પહેલવહેલી વાર શંકરજી - પાર્વતી પાસે બોલ્યા - ગીતામાં તત્વજ્ઞાન આ ગંગા વિહાર વખતે નૌકામાં બેસી બોલેલા - ત્યારે વિષ્ણુ એ મત્સ્ય નું રૂપ ધારણ કરી આ સાંભળી લીધેલું - (મત્સ્યાવતાર) શંકર કહે છે, ગીતા નું સ્વરૂપ, પ્રેમિકાનાં રૂપ જેવું - પત્નીનાં રૂપ જેવું - નિત્ય નૂતન લાગે છે.

દૈવી નાં સૌંદર્યનું વર્ણન એટલે આધ્યાત્મક વિદ્યા જ છે. તેમ જ્ઞાનેશ્વરજી કહે છે. અધ્યાત્મ ને દેવી સૌંદર્ય નો ઓપ આપ્યો છે. વિષ્ણુસહસ્ત્રનામ - દુનિયાની બૂરાઈ થી રક્ષણ આપે છે.

નારાયણ કવચ, વિષ્ણુકવચ બન્ને એક જ છે - કવચને ટૂંકુ કર્યુ તે રક્ષાસ્તોત્ર. રક્ષાસ્તોત્ર - જે તમારૂં રક્ષણ કરે. કવચ - તમે પોતે પોતાનું રક્ષણ કરો છો.

પુરૂષ નાં રક્ષણમાં કર્તવ્ય બુધ્ધિ હોય, માંના રક્ષણમાં વાત્સલ્ય હોય,

એટલે લલિતા સહસ્ત્ર નામ બુરાઈ ને તમારી પાસે આવવા જ ન દે.

લલિતા એ જન્મ લઈને ભંડાસુર રાક્ષસની અસુરતા નષ્ટ કરી છે. ભંડાસુર ની વાર્તા લલિતાસહસ્ત્ર નામ નાં તાળા ખોલવાની ચાવી છે.

ભંડા એટલે અરાજક જેવી સ્થિતિ (કોઈ કોઈને માને નહીં)

માણસ અસંતુષ્ટ રહે છે તેનું નામ અરાજક્તા, અનુશાસનહીનતા. સૂક્ષ્મ અર્થ - પોતાનું ભલું થતું નથી,

ફાયદો નથી - છતાં બીજાને હેરાન કરે, નુકશાન કરે તે ભંડાસુર જીવનમાં જ્યારે ભંડાસુરની સ્થિતિ દૂર કરવાની હોયતા માતૃપ્રેમ, પ્રેમથી કરી શકાય - જે કામ શસ્ત્રો નથી કરી શકતા તે પ્રેમ કરે છે.

પ્રેમનો ઉચ્ચ આદર્શ માતા માં મળે છે. અરબિંદો એ આ શક્તિ "માતાનાં પ્રેમ" ને જાણી - મધર ને સ્થાપ્યા અને વ્યવસ્થાનું કામ મધરને સોંપ્યું. અરબિંદોનું બધું લખાણ મધરે જ આપ્યું છે.

અરબિંદોનાં એક શિષ્ય - એમ. બી. પંડિત બીજા નારાયણાૈનામનાં સ્ત્રી હતા.

મંત્રની શક્તિ - રોગ નિવારણ થાય, વ્યાધિ દૂર થાય, લક્ષ્મી આવે તંત્રમાર્ગ કહે છે, દુનિયા છે, તેમાં સારૂપણ છે, ખરાબ પણ છે. ખરાબ છે, કારણ તારી દ્રષ્ટિ એનું ખરાબપણું જુએ છે. ખરાબ જોવાની દ્રષ્ટિ બદલવા માટે "માતાનો પ્રેમ" આપણા હ્યદયમાં પ્રગટ કરવો પડે.

લલિતા સહસ્ત્રનામમાં - કાવ્ય, સાહિત્ય, અલંકાર, સંસ્કૃતિ ભાષાનું સૌંદર્ય અધ્યાત્મક, પ્રેમ બધું જ છે.

વિષ્ણુ સહસ્ત્રનામ - બધી બાજુથી તમારી રક્ષા કરે.

માંગવું મા પાસે જે બાપ પાસે ન થાય વિષ્ણુ સહસ્ત્રનામ પિતૃવત છે, લલિતા સહસ્ત્રનામ, માતૃવત પ્રેમ છે. લલિતાદેવી ને લવીંગ ફળ તરીકે ધરાય છે.

(પુ.) ૨૧.૨.૨૦૦૨ ગણપતિ અથર્વશીર્ષ, પુરૂષસૂક્ત, શ્રીસૂક્ત, ત્રણેય વૈદિક છે.

કન્યાકુમારી ની સાથે તંત્રમાર્ગ જોડાયેલા છે. વિવેકાનંદજી ને તંત્રમાર્ગની દિક્ષા આપીને એક સ્ત્રીએ ત્યાં સાક્ષાત્કાર કરાવ્યો હતો.

વિવેકાનંદજી દક્ષિણેશ્વર માં રહેતા હતા - તેમની બાજુની ઓરડીમાં બીજો એક શિષ્ય રહેતો હતો - તે બધા ભગવાનની મૂર્તિઓ રાખીને પૂજા કરતો - વિવેકાનંદજી ને એક દિવસ ગુસ્સો આવ્યો - તેનાં વિચારોનાં પ્રત્યાઘાત ઝીલી પેલા શિષ્યને દુઃખ થયું તે બધા દેવોને એક પોટલીમાં બાંધી દરિયામાં પધરાવવા ચાલ્યો. સ્વામી રામકૃષ્ણ પરમહંસ પેલાને કહ્યું - તું બધા દેવોની પૂજા કર - અને વિવેકાનંદને શ્રાપ આપ્યો - તારા મનમાં આવા ભાવ આવ્યા છે - તેથી તૂ કદી સમાધિ અવસ્થાનો અનુભવ કરી શકીશ નહીં - કેવલ અંતિમ અવસ્થામાં જ આ અનુભવ તૂ પામી શકીશ. આ સમાધિનો અનુભવ વિવેકાનંદને કન્યાકુમારીમાં એક સ્ત્રીની દીક્ષા દ્વારા પ્રાપ્ત થયો. ત્યાર પછી થોડા વખતમાંજ વિવેકાનંદે દેહ છોડ્યો.

આ બ્રમ્હાંડમાં શક્તિ ની વાહિની છે અને તેજ ઉર્જા આપણા પિંડમાં છે. આ દ્રષ્ટિએ આપણા શરીરનાં દરેક ચક્રોમાં ઉર્જા સંગ્રહિત છે, ચક્રોની શરૂઆત મૂલાધાર થી શરૂ થાય જ્યાં કુંડલિની શક્તિ સ્થિત છે અને ગણપતિ પણ ત્યાં જ વિરાજિત છે. કુંડલીની (શક્તિ થી ભરપૂર) લાલાશ વાળી છે એટલે ગણપતિ સિંદુરીયા રંગ ના છે.

તંત્રમાર્ગ ની સાધનામાં સ્ત્રીનું સર્વોપરિ મહત્વ છે. કુંડલિની જાગૃત થાય તેનું વર્ણન પુરૂષાૅના કરી શકે - સ્ત્રીઓ કરી શકે.

અરબિંદોનો ગુરૂ ૧) લેલે ૨) કાપાલિક શાસ્ત્રી તંત્રશાસ્ત્રમાં પુષ્ટિસંપ્રદાયનાં વલ્લભાચાર્યજી પોતે પણ એક તાંત્રિક જ હતા.

યંત્ર - શરીર, આની ક્રિયા યંત્રવત ચાલે છે. ટી. વી. જોતાં જમવું પણ તે અન્નનો તિરસ્કાર છે.

અન્નની સ્તુતિ કરાય - નિંદા કરાય નહી - ઇશ્વરનો આભાર માની પ્રેમપૂર્વક ઓરોગો - યંત્રવત જમો નહીં.

તંત્ર - અન્ન ખાતી વખતે તેના રસ (બ્રમ્હતત્વ) તરફ ધ્યાન રાખો. અન્નનો રસ - બ્રહ્મતત્વ છે. વલ્લભાચાર્યજી એ આ રસનો અનુભવ કરી ઠાકોરજીનાં ભોગનું મહત્વ વધાર્યુ છે. અન્નરસનો આનંદ લેતા શીખો આ પધ્ધતિ જેણે જાણી એ ખરો તાંત્રિક છે.

પ્રાસાદિકગ્રંથ - એક ગ્રંથમાંથી જાણે કાંઇ ઝરતું હોય, જેમ ફૂલમાંથી સુગંધ ઝરે છે, તેની વાસ જ પ્રસાદ છે.

પ્રસાદ - પ્ર +સદ (બેસવું) સભાસદ (સભામાં બેસવા વાળો) અહીં બિંબ પ્રતિબિંબ વાદ લાગૂ પડે છે. જે વિવાદ ની બિલકુલ વિરૂધ્ધ છે તે પ્રસાદ છે. મન જો બરાબર બેસેલું છે તો પ્રસાદ અને જ્યારે મન ઉંધું બેસે તે વિવાદ - મન જ બંધન અને મુક્તિ નું કારણ છે. દરેક માં હકારાત્મક જુઓ - જે ગ્રંથમાં પૂર્ણ હકારાત્મક્તા ભરેલી છે તે પ્રાસાદિક ગ્રંથ - જેમાંથી પ્રસાદની લહેરો બહાર પડે તે પ્રાસાદિક ગ્રંથ આવા બે ગ્રંથ ૧) ભાગવત ૨) જ્ઞાનેશ્વરી

મન, બુધ્ધિ, ચિત પ્રસન્ન થાય તે પ્રસાદ છે. અતીત થવું, ગુણત્રયાતીત થવું.

જ્યારે જીવનમાં થી ખાલીપો દૂર થયો, એનો અર્થ પ્રભુનો પ્રસાદ તમને પ્રાપ્ત થયો.

હરિવર્દ - આવો એક પ્રાસાદિક ગ્રંથ છે. તે ભાગવતનો દશમ સ્કંધ ઉપર ટીકા છે. આ લખનાર કૃષ્ણ દયાર્ણવ હતા - દયાર્ણવ ઉપનામ છે. કૃષ્ણની દયા મારા ઉપર ઉતરી અને હું સુધરી ગયો એટલે દવાર્ણવ ઉપનામ લીધું - અર્ણવ એટલે દરિયો, કૃષ્ણ કૃપાનો દરિયો જેને પ્રાપ્ત થયો છે તે કૃષ્ણ દયાર્ણવ કોપરડેકર તેમનું સાચું નામ.

સારા વિચારો સમાજ સુધી લઇ જવા એ સંતો માટેનું સાચું શ્રાધ્ધ છે. અભ્યંકર કુટુંબ (પૂના નાં) ની ચાર પેઢીએ ભાગવત નું સંશોધન લખ્યું છે. (ડેકન ઇન્સ્ટીટ્યુટ ઓફ મહાભારત)

બ્રહ્મસુત્ર વ્યાસ રચિત તેનાં ૪ પ્રકરણ છે.

૧લા પ્રકરણના પહેલા સૂત્રમાં "જન્માધસ્ય યતોઽન્વયાત" આ સૂત્ર બ્રહ્મસુત્રનું પહેલું સૂત્ર છે તથા ભાગવતનું પણ પહેલું સૂત્ર છે.

મધ્વાચાર્યજી સંપૂર્ણ દ્વૈતમાં માને છે. અદ્વૈત ખોટું નથી, પણ ભક્તિમાં બાધક છે કારણ "અહં બ્રહ્માસ્મિ" માં માનનાર માટે ઉપાસક કોણ ઉપાસના કોની?

શંકરાચાર્યજી-અદ્વૈત માં માને છે જેમ માછલી પાણીમાં જ છે, તેમ તમે અને હું જુદા નથી તો મારા ધ્યાનમાં હું કોને લાવું? તમે જો સર્વત્ર વ્યાપ્ત જ છો તો મારે યાત્રાધામ સુધી જવું શા માટે? આમ શંકરાચાર્યજી બદરીનાથ ગયા ત્યારે શંકરની મૂર્તિ સામે બોલે છે.

જન્મ +આદિ +અસ્ય + યત: = પહેલો શબ્દ

અસ્ય એટલે આનું, એટલે આ દુનિયાનું પંચ જ્ઞાનેન્દ્રિય દ્વારા જેને જાણો છો તે સંસારની ઉત્પતિ, સ્થિતિ અને લય (મરણ), આ ત્રિક્ષણ સ્થિતિ છે.

માણસ જન્મે છે - જે જીવન ગાળે છે તે સ્થિતિ છે - પછી મરણ પામે તે લય થયો.

પહેલી પંક્તિ - આજે વિશ્વ છે - તેનાં ઉત્પતિ - સ્થિતિ અને લય જેનાં થકી થાય છે.

અન્વયાત - જે હોય તે હોય, હોય તે ન હોય.

સંસ્કૃત ભાષામાં લચીલાપણું છે તેનાં વાક્યોનાં શબ્દો આગળ પાછળ કરો તો અર્થ બદલાતો નથી, આ ભાષાનાં શબ્દો સારગર્ભિત હોય છે. (એક શબ્દ નાં અનેક અર્થ થાય)

સ્ત્રી - સ્ત્ર શબ્દનો સંસ્કૃતમાં અર્થ છે - પકડ, બધાને લઇને ચાલી શકે તે, સ્ત્રી ઘરમાં નાના મોટા બધાને, સમજાવીને સાથે રાખી સંસાર ચલાવે છે. પોતાનાં ગૃહ સંસારને સાથમાં લઇને ફરવાની ક્ષમતા સ્ત્રીમાં છે. જેમ એક થેલામાં વિવિધ શાક રાખી શકાય છે તેને કોઠાસૂઝ છે - આ વેદનો યાસ્કાચાર્યજી એ આપેલો અર્થ છ. વામા-કદમાં ઢીંગણી પણ આકર્ષક, મનોરમા જે મનમાં રમ્યા કરે, ભાર્યા - ભરણ પોષણ કરનારી, સત્યભામા - ખરી વાતને માટે ચંડી (ઉગ્ર) થઇ જાયતે ક્રોધ એટલે ગુસ્સો, મન્યુ એટલે સાચામાટે ગુસ્સો કરવો તે. શબ્દોનો સૂક્ષ્માતિસૂકમ અર્થ આપનાર ગ્રંથ નિરૂક્ત છે. (વ્યાસકાચાર્ય), સકલ એટલે બધું, શક્લ એટલે ટુકડો.

સ્વજન (પોતાનું વ્યક્તિ) સ્વજન એટલે શ્વાન (કુતરો) ઉપસર્ગ માં એવી શક્તિ છે જે ધાતુને (શબ્દને) ધક્કોમારી જમણી, ડાબી, કોઈપણ બાજુ પાડી શકે હાર માં પ્રહાર, વિહાર, આહાર, સંહાર, પરિહાર.

વેદાન્ત શીખવું હોય તો સંસ્કૃતમાં જ શીખવું ઉત્તમ છે બધી ક્ષમતા આ ભાષામાં છે. શબ્દોનાં ઉંડાણમાં લઈ જવાની શક્તિ છે. અન્વયા શ્લોક ગમે તેમ લખેલો હોય, તેની વ્યવસ્થિત ગોઠવણી ગ્રંક્ષમાં કરવી તે "અન્વયા" કહેવાય, સરળ, સુસંગત વાક્ય બનાવી અર્થ આપવો.

ગીતામાં પહેલા શ્લોક માં સંજય શબ્દ છેલ્લો રાખ્યો છે - પણ ગદ્યમાં - અર્થ આપીએ ત્યારે - હે સંજય - બોલીયે છીએ.

ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ગીતા - પ્રસ્થાનત્રયી છે.

વ્યાસ સૂત્રનાં બ્રહ્મસૂત્રના પહેલા શ્લોકની વિસ્તુત્ર કોમેન્ટ્રી છે, ભાગવત. કાદમ્બરી શબ્દનો સંસ્કૃત માં અર્થ છે શરાબ, કાદમ્બરીનાં ઝાડનાં ફૂલ ની સુગંધ નશીલી છે. કાદમ્બરી બાણભટ્ટ લિખિત છે. વાંચવી અતિશય ગમે તેવી સંપૂર્ણ અર્થ સંભર કથા ૧) તમારી જિજ્ઞાસા જેમાં શાંત થાય તે કથા ૨) જે તમારો થાક ઉતારે તે - મરાઠીમાં નવલિકાને કાદમ્બરી કહે છે બાણભટ્ટની કાદમ્બરી ૨૦૦૦ વર્ષની જૂની છે. બાણભટ્ટની અધૂરી રહેલી કાદમ્બરીને તેમનાં નાના દિકરા એ, તેવાજ રસથી પૂર્ણ કરી.

(તંત્ર) સૂક્ષ્મ આદાન પ્રદાનની ક્રિયા તંત્રમાર્ગમાં થાય છે. એકનાથ મહારાજે પોતાનું જ્ઞાન શ્રીખંડી નામક શિષ્ય ને તંત્રમાર્ગ દ્વારા આપ્યું. ઈશ્વર ગુરૂને નિમિત્ત બનાવે છે, જ્ઞાન પ્રદાન માટે ગુરૂ જે ઈશ્વર તરફ લઈ જાય તે.

ઈશ્વરની પ્રાપ્તિ ગુરૂ દ્વારા થાય એટલે શીખો ધાર્મિક સ્થાનને ગુરુદ્વારા કહે છે

(ભાગવત) બાદરાયણ સૂત્રનો પૂરો અર્થ ભાગવતમાં અપાયો છે.

વ્યાસે જ બાદરાયણસૂત્ર લખ્યા અને વ્યાસેજ ભાગવત લખ્યું છે. મંત્રશાસ્ત્રમાં "જ" અત્યંત પવિત્ર શબ્દ છે એટલે ભાગવતનાં મહત્વનાં સૂત્રો "જ" થી શરૂ થાય છે - ગોપીગીત "જ" થી શરૂ થાય છે.

"જયધિતેધિકમ જન્મન્ વ્રજા:"

દશમસ્કંધ પૂરો થતા વેદ સ્તુતિ પ્રકરણ છે - આની ઉપર વિશ્લેષણ અખંડાનંદજી એ "શ્રીમદભાગવત" માં આપ્યું છે.

આ વેદસ્તુતિ પણ "જ" થી શરૂ થાય છે. બધા દેવો દેવીઓની આરતી પણ "જય" થી શરૂ થાય છે - "જય" મંગળ વાચક અક્ષર છે.

બધા આચાર્યો એ બાદરાયણસૂત્રનો આધાર લઈને ટીકાઓ લખી છે.

વેદનો અર્થ ઘટાવતી વખતે છંદનો આધાર લેવાય કાલિદાસે મંદાકાંતા છંદનો આધાર લઈને મેઘદૂતમાં આધ્યાત્મ અને શૃંગાર બંન્ને આપ્યું છે વ્યાસ છંદશાસ્ત્રનાં ખાં કહેવાય

ભાગવત નો પહેલા સ્કંધ નો શ્લોક, વ્યાસ ઉવાચ:

ત્વં પર્યટન અર્ક ઈવ ત્રિલોકીમ, અંતશ્ચરો વાયુરિત આત્મસાક્ષી ।। "જગતીછંદ

નારદનું વર્ણન વ્યાસે જગતી છંદમાં કર્યું છે ત્રણેલોક માં ફરવા વાળા નારદ એટલે મન (ત્રણે લોકમાં ફરવા વાળો)

અર્થ - નારદ, તમે સર્વ બાજુ ફરવા વાળા છો, જેમ સૂર્ય, આકાશ, પૃથ્વી, પાતાળ ત્રણેયલોકમાં ફરે છે તેમ વાયુની જેમ દુનિયામાં બહાર જ નહીં અંદર પણ ફરવા વાળા છો - એક ઉપમા સૂર્યની, બીજી ઉપમા વાયુની.

સૂર્ય અંદર જાય નહીં - તેની ગરમી જાય (અંદર પ્રવેશ કરે). વાયુ - શ્વાસોચ્છવાસ દ્વારા લઈએ છીએ, અને બહાર પણ આવે એટલે વાયુ સૂક્ષ્મ છે સૂર્ય કરતા. વાયુ અને સૂર્ય બન્ને આત્માનાં સાક્ષી છે, એવીજ રીતે નારદ પણ આત્માનાં સાક્ષી છે - નારદ એટલે ગુરૂ.

ગુરૂ સૂરજ નું કામ કરે (હૂંફ આપે)

અને ગુરૂ વાયુ પણ છે, અંદર ની સફાઈ કરે (ઉચ્છવાસની જેમ) નારદ - જ્ઞાનમ, દક્ષતિ ઈતિ નારદ: જ્ઞાન આપવાવાળો, ગુરૂ એટલે નારદ ગુરૂ છે.

નારદ ભટકવાવાળા છે, તેમ ગુરૂપણ ભટકવાવાળા છે, ગુરૂ શિષ્યો પાસે જાય - પાત્રતા જોઈ શિષ્યનો હાથ ઝાલે. ગુરૂ જેવા થવાની ક્ષમતા સત્સંગ માં છે. શ્રીમદ ભાગવત આખો એક બિંદુ પર ઉભો છે - "સત્સંગ પર". તમે સત્સંગ કરો તો નારદની પાત્રતા મેળવી શકો. ગુરૂ શિષ્યને, ગુરૂ જ બનાવે - અહીં ગુરૂ કંઈ ગુમાવતો નથી પણ શિષ્ય ઘણું મેળવે છે.

છંદ - ભાગવત સમજવાની ચાવી છે. છંદ બદલાય જ્યાં પ્રસંગો બદલાય છે.

(રાધા) જીવમાં સત તો છે જ, હું છું એ સત છે, ચિત્ત પણ છે (જીવંત પણું શક્તિ) જે છે એ ચિત્ત છે - ચેતના એજ ચિત્ત.

આનંદ અવ્યક્ત છે આનંદની પ્રાપ્તિ કરો તો જીવન સફળ જ છે.

ભક્તિમાર્ગ - આનંદની શક્તિ છે.

તંત્રમાર્ગ - ઈચ્છા શક્તિ, જ્ઞાન શક્તિ અને ક્રિયાશક્તિ

ઈચ્છાશક્તિ જ - આલ્હાદિની શક્તિ છે.

ભક્તિમાર્ગમાં તત્વજ્ઞાનમાં ઈશ્વરની આલ્હાદિની શક્તિ જ ઈચ્છાશક્તિ છે અને "રાધા" તેનું સ્વરૂપ છે - એટલે રાધાની ઉપાસના કરો તો સત, ચિત તો છે જ, આનંદ પણ પ્રાપ્ત થાય, હું કોણ છું? એ જાણો તો આનંદ પ્રાપ્ત થાય.

રાધા - આનંદ ની અનુભૂતિ છે. આલ્હાદ આપનારી શક્તિ ને રાધા નામ શું કામ? ભક્ત નાં જીવનની ભગવાન તરફ વહેતી ભક્તિ ની ધારા - "રાધા" છે.

વેદમાં - રાધસ શબ્દ આવે છે.

રાધસ (રાધ-સાધ=સંસિધ્ધૈ:) રાધ અને સાધ બે વૈદિક ધાતુ ઓ છે - સંસિધ્ધૌ - સારી રીતે પૂરૂ થવું - રાધ = તૈયાર કરવું (રાંધવું, તૈયાર કરવું)

સિધ્ધિ ગુપ્ત વસ્તુ છે, કારણ સૂક્ષ્મ છે - સિધ્ધિ યોગીમાં ગુપ્ત હોય, લેલે વડોદરા માં આજીવન રહયા પણ કોઈને તેમની સિધ્ધિઓની જાણ થઈ નહીં, તેમનાં પત્ની પણ ઓળખી શક્યા નહીં.

અક્કલકોટ વાળા ગજાનન મહારાજ ને પણ તેમનાં પત્ની ઓળખી શકેલ નહીં. તેમનાં પત્ની ને પણ ગુપ્ત સિધ્ધિ પ્રાપ્ત હતી આખી જિંદગી, ગજાનન મહારાજ જે પાટાલાપર બેસી સાધના કરતા - તેજ પાટલા પર બેસી તેમણે સમાધિ લીધી સિધ્ધિઓ સમજવા બુધ્ધિથી પરે થવું પડે.

અર્જુન રડ્યો કારણ એ જાણે કે રડીશ નહીં તો "ગીતા" મણિ મળશે નહીં. ધૃતરાષ્ટ્ર કૂટનિતી શીખ્યો - કણિક નીતિમાંથી ધૃતરાષ્ટ્રે યુધ્ધની આગલી સાંજે સંજય સાથે એક પત્ર યુધિષ્ઠિર પર મોકલેલ - જે દારૂકે પહેલા કૃષ્ણ સુધી પહોંચાડેલો ધૃતરાષ્ટ્ર ની મંશા હતી કે અર્જુનનાં વૈરાગ્યબીજ પર વાણી નું રોપણ કરાય તો અર્જુનને ઢીલો પાડી શકાય.

યોગીનો જીવ જાય તો જેમ માખણમાં થી વાળ કાઢી શકાય તેમ જીવ જાય, જ્યારે સામાન્ય માણસનો જીવ છાણમાં વીટાયેલ વાળ જેવો હોય (વાસનાલિપ્ત હોય) એટલે જીવ જતા તકલીફ પડે છે - યોગીમાં રાધા છે (સિધ્ધિ) છે, સિધ્ધિનું સ્વરૂપજ છે કે તે ગુપ્ત રહે છે.

રાધ, સાથ, સંસિધ્ધોં માં થી "રાધા" શબ્દ આવ્યો -

વૈદ્યોમાં, શાસ્ત્રીઓમાં અવલોકન શક્તિ જરૂરી છે.

રાધ - કોઈપણ શબ્દને પકડવા તેનાં જેવા બીજા શબ્દો પકડવા જોઈએ.

અપરાધ - (ગુન્હો)

નિરુક્ત - "અપ ગતા રાધા યસ્માત સતા અપરાધ" દૂર ગઈ છે રાધા જેમાંથી તે અપરાધ છે. જોવાની ધારા જ્યાં અવળી થઇ જાય તે અપરાધ છે.

ધારા - અતૂટ, અક્ષુણ્ણ પ્રવાહ.

જેનાં ઉપર પ્રેમ હોય - તેનાં માટે કામ કરીએ તો આપણી ધારા સતત વહેતી રહે - તૂટે નહી - તમે જો કૃષ્ણ ઉપર પ્રેમ કરો અને પ્રેમની ધારા તૂટે નહીં - વહેતી રહે - તે "રાધા" (ભક્તિની ધારા).

(પંચદશી) - વેદાન્તનો અભ્યાસ કરવો હોય તો પંચદશી નો અભ્યાસ આવશ્યક છે.

લેખક - શ્રી વિદ્યારણ્ય - અત્યંત નિસ્પૃહ, વિદ્વાન હતાં - તેમણે રાજાનાં બે દિકરાને તૈયાર કર્યા - હરિહર અને બુક્ક. વિજયનગરનું સામ્રાજ્ય જેમણે સ્થાપ્યું તે હરિહર અને બુક્ક

શંકરાચાર્યજીની ફિલોસોફી અતિ સહેલી કરી પિરસનાર, વિદ્યારણ્યજી છે, અદ્વૈતજ્ઞાનનાં લેખક હતાં, એક પ્રકાંડ પંડિત તથા તાંત્રિક હતા. અલકનંદા નદીનાં પથ્થર પર મોટું શ્રીચક તેમણે બનાવેલ, જેના

પરથી શ્રી નગર નામ પડ્યું તંત્રવિદ્યામાં શ્રી ચક્રની ઉપાસના છે.

પુરૂષ, અને પ્રકૃતિ પ્રકૃતિ = શક્તિ, પુરૂષ = શક્તિમાન (તંત્રમાર્ગનું નામ છે)

શક્તિ અને શક્તિમાનનું સાયુજ્ય (જોડાણ), શ્રીચક્ર નું મધ્ય બિંદુ છે. આજ લલિતા છે.

લલિતા સહસ્ત્રનામનું જે વિવરણ છે તે જ શ્રી વિદ્યા છે આની ઉપર ટોપ ક્લાસ જે ટીકા છે તેનું નામ સૌભાગ્ય ભાસ્કર ટીકા છે - લેખક "શ્રી ભાસ્કર".

આનંદ લહરી અને સૌંદર્યલહરી (દેવી બોલ્યા અને શંકરાચાર્યજી એ લખ્યું) આમાં પણ શ્રીવિદ્યાનું વર્ણન છે.

વિદ્યારણ્ય રચિત પંચદશી - (પંદર અધ્યાય છે) મોટા તાંત્રિક હતા. શંકરાચાર્યજી પહેલા, બીજા વિદ્યારણ્ય તંત્રવિદ્યાનાં ગુરૂઓ હતા.

લલિતાસહત્રનાં મંત્રનું નામ જ પંચદશી છે (વિદ્યારણ્યજીનો ઉપાસના મંત્ર) આ મંત્ર ૧૫ અક્ષરોનું છે.

આ ગ્રંથ નું નામ વિદ્યારર્ણત તંત્ર છે, લેખક સ્વામી વિદ્યારણ્ય - શંકરાચાર્યજી ની તંત્રવિદ્યામાં જે દેવી ની ઉપાસના કરી છે તે શ્રી વિદ્યા ખરી અધ્યાત્મક વિદ્યા આજ છે.શ્રી વિદ્યા નો દરિયો (આર્ણત) તંત્ર શાસ્ત્રમાં જડ્યો, એટલે નામ પાડ્યું "શ્રી વિદ્યાર્ણત તંત્ર" અધ્યાત્મ અને તંત્રવિદ્યા બન્ને સાથે જ ચાલે. આ ગ્રંથ નું બીજું નામ છે "ગ્રંથરાજ" (તંત્રમાર્ગમાં) તંત્રવિદ્યાનું પૂરેપુરૂં વર્ણન આમાં કરેલ છે - આ ગ્રંથ પૂરો થતાં લલિતાદેવી શ્રી વિદ્યાચરણ્યજી સામે પ્રગટ થયા, વરદાન આપવા આવ્યા વિદ્યાચરણજી એ માતા ને વિનંતી કરી, આ ગ્રંથો ઉપર હાથ મુકો - તમારા વરદાનથી તો હું આ પુસ્તક લખી શક્યો છું કલિયુગમાં સાચાગુરૂની અછત રહેશે - દીક્ષા બરાબર થશે નહીં, દીક્ષા વગર પણ કોઇ આ ગ્રંથો વાંચે તો સિધ્ધિ પ્રાપ્ત કરે, તેવું વરદાન આપો, આ ગ્રંથ જ ગુરૂનું કામ કરે. પાછળ થી શ્રી રામાનુંજાચાર્યે - આ શ્રીવિદ્યાને

અનુસર્યા.

લલિતા સહસ્ત્રનું મંત્ર પંચદશી છે પણ ઉપાસના ત્રણ પ્રકારે થાય

૧) સમય મતવાદી, ૨) કૌલ મતવાદી, ૩) મિશ્ર મતવાદી

જૈનો સમય શબ્દ "આત્મા" માટે વાપરે છે.

સામાયિક નો વિદ્યારણ્યજી એ આપેલો અર્થ છે - બધાનો સરખો ભાગ, પ્રમેય નો અર્થ - પ્રમાતા - પ્રમેય અને પ્રમાણ આ ત્રિપુટી છે. પ્ર અને મ બધામાં ઉભય

(ૐ) - આ પ્રણવમંત્ર ઈશ્વરનો વાચક છે - પાતંજલિ યોગસૂત્ર

ૐ નો સૂચિતાર્થ છે -

અ - જાગૃત અવસ્થા = બ્રહ્મા

ઉ - સ્વપ્ન અવસ્થા - વિષ્ણુ

મ - સુર્ષુપ્ત અવસ્થા - શિવ

ઃ - તુરીય અવસ્થા - આત્મિક અવસ્થા

અ નો ઉંડો અને સંવાદી ઉચ્ચાર નાભિમાંથી કરવો,

ઉ હ્યદય માંથી કરવો,

મ કંઠમાંથી નસકોરા દ્વારા કરતા અનુસ્વાર થઈને આવે છે આ પ્રકારે "ૐ" મંત્રોચ્ચાર કરવાથી સમગ્ર શરીરતંત્રમાં જાગૃતિ અને શક્તિ નો અનુભવ થાય છે.

ગુરૂ એ આપેલો મંત્ર, ઈષ્ટમંત્ર ગણાય, ગુરૂનાં અનુગ્રહ થી મંત્રફળ શીઘ્ર મળે છે.

મંત્રનું ગાન કે મંત્રોચ્ચાર ચોક્કસ પ્રકારે થાય તો તેના આંદોલનો, (સ્પંદનો) ચિત્તમાં રહેલા શુભ સંસ્કારો ને જાગૃત કરે છે. મંત્રમાં રહેલા ગર્ભિત અર્થને સમજીને મંત્રગાન કરવું શ્રેષ્ઠ છે.

આપત્તિમાં, વિપતિમાં ઉંચા સ્વરે કરવું

"શ્રી હરય નમ:" નો જાપ કરવાથી આપત્તિ ટળે છે.

એકાક્ષરી મંત્રો - "હ્રૌ" મંત્રથી શિવની આરાધના

હ્રી - ભુવનેશ્વરી

હું - દુર્ગા

કલીં - કાલિકા, શ્રીમંત્રથી મહાલક્ષ્મી ની આરાધના થાય છે.

(મુક્તિ) ૯.૩.૨૦૦૨ મુક્તિનાં ચાર પ્રકાર

૧) સારૂપ્ય મુક્તિ ૨) સાલોક્ય મુક્તિ ૩) સામીપ્ય મુક્તિ ૪) સાયુજ્ય મુક્તિ

વેદનાં આ શબ્દો છે.

મુક્તિ એટલે છુટવું - છુંટવું - શેનાથી? જન્મમરણનાં બંધનથી જ્ઞાનેશ્વર અને વલ્લભાચાર્ય બન્ને સમકાલીન (એક જ સદીમાં થયા છે) બન્ને નાં ગુરૂ એક - રામાનુજાચાર્યજી

સારૂપ્ય મુક્તિ - વલ્લભાચાર્યજી એ રૂપ ઉપર ભાર આપ્યો છે - આંખ થી ઈશ્વર નું રૂપ-દર્શન કરી હું ઘણો જ સુખી થયો - આનંદિત થયો - વારાકરી માર્ગનો અભંગ - રૂપ વાહિણી....

પુષ્ટિમાર્ગમાં અષ્ટયામ સેવા - આમાં દર્શનનું મહત્વ છે. દર્શન આંખ થી થાય છે એટલે આમાં રૂપનું મહત્વ છે - પુષ્ટિમાર્ગમાં ઠાકોરજીનાં શ્રૃંગારનું મહત્વ છે.

ભારતીય તત્વજ્ઞાનનો મજબૂત પાયો "અધ્યાત્મ" છે. અધ્યાત્મક દર્શન શાસ્ત્રનો પાયો છે.

અધ્યાત્મ એટલે આત્માને લગતું - અધિ - તરફ આત્મ અધ્યાત્મક - આત્મા તરફ પહોંચવાનો રસ્તો છે. ભાગવત, રામાયણ બધાનો વળાંક આધ્યાત્મ તરફ છે.

કૃષ્ણનાં ગુરૂ દુર્વાસા હતા, તેમણે કૃષ્ણને તંત્રમાર્ગની શિક્ષા આપી હતી. આદિકાદિ વિદ્યા તંત્રમાર્ગમાં છે. શબ્દ, રસ, રૂપ, સ્પર્શ, ગંધ દ્વારા પ્રભુનો સાક્ષાત્કાર થઇ શકે છે. શક્તિપાત સ્પર્શ થી થાય, શબ્દ દ્વારા (મંત્રથી) સાક્ષાત્કાર થાય, ગોપીઓને રૂપથી સાક્ષાત્કાર થયો, પયગંબરને ગંધ દ્વારા સાક્ષાત્કાર થયો.

ગોપીઓની કૃષ્ણ દર્શનની ઝંખનાની લાલસાથી બ્રહ્માજીએ ગોપીઓને ગોકુળમાં જન્મ આપ્યો છે.

નિજમંદિર નાં બારણા ખોલીએ ત્યારે હળવે થી ખોલાય, અહીં રાધા ની કોમળ ભાવના અને રૂપદર્શનની લાલસા નો સંકેત છે. રાધા અને ગોપીઓ ને કૃષ્ણ દર્શન માં પલક નડે છે. કારણ પલક નાં ઝબકારા થી પણ કૃષ્ણદર્શનમાં વિક્ષેપ આવે છે.

ધારણામાં સર્પદર્શન જોઇએ સાંપને પલકો હોતી નથી, તે અનિમેષ (પલક ઝપકાવ્યા વગર) જોઇ શકે છે એટલે શિવ સર્પને ધારણ કરે છે. આસક્તિ એટલે ચોંટવું - વલ્લભાચાર્યજી એ રૂપાસક્તિ આપી છે. પુષ્ટિમાર્ગમાં:

દર્શનનાં બે પ્રકાર ૧) બહિરંગ દર્શન ૨) આંર્તદર્શન

આંખ બંદ કરીને અંદર દર્શન કરે તે મુનિ

આંખ ખોલીને, અખિલ બ્રહ્માંડમાં કૃષ્ણનાં દર્શન કરે તે ઋષિ શરીરમાં આત્મા અણુ જેટલો જ છે, એટલે પુષ્ટિમાર્ગમાં લાલાને બાળસ્વરૂપ (અણુ સ્વરૂપ) રાખ્યો છે.

રૂપાસક્તિ વાળા ભક્ત માટે કૃષ્ણ (મોટા કૃષ્ણ) નું સ્વરૂપ આપ્યું છે, અખિયાં હરિદર્શન કી પ્યાસી...

મુખ દર્શન દો રઘુરાઇ. ભક્ત ને દર્શન અભિપ્સાથી અષ્ટયામની સેવા છે, જ્યારે ભગવાન બાળસ્વરૂપ છે જેને ખાવાની ઇચ્છા છે, જેથી ભોગ સાયુજ્ય મુક્તિ ભગવાનમાં ભક્ત સમાઇ જાય તે. પ્રેમમાં અદ્વૈત છે પણ પ્રેમની મજા લેવા માટે અદ્વૈત રાખવામાં આવ્યું છે. કૃષ્ણ ઉપર પ્રેમ રાખી જે ભક્તો જીવ છોડે તે સ્વર્ગમાં જાય નરકમાં જાય નહીં કૃષ્ણનાં શ્રી અંગનાં અલંકાર બનીને રહે, એટલે ઠાકોરજી અલંકારથી લદાયેલ હોય છે. ઠાકોરજી ની ફૂલધારની સેવાનું આ રહસ્ય છે. ભક્ત ભગવાનનું સૌંદર્ય છે. ભગવાન થકી ભક્તોનું સૌંદર્ય છે, જેમ સરોવર ની કમળને લીધે શોભે અને કમળ સરોવરમાં શોભે છે. દ્રૌપદી વસ્ત્રાહરણમાં કૃષ્ણ જ દ્રૌપદીનાં વસ્ત્ર બન્યા છે. પૂજા - આવરણ પૂજા દ્રૌપદીની ૨) નિરાવરણ પૂજા ગોપીઓની

(શ્રી) સંપ્રદાયમાં, શક્તિ સંપ્રદાયમાં પૂજા કરતી વખતે બહારથી અંદર જવાય છે. બહારનાં આવરણો - અન્નમય, પ્રાણમય મનોમય, વિજ્ઞાનમય કોષો, દૂર કરતા અંદરનાં સેંટર પર પહોંચાય જે પોતે લલિતાદેવી છે. આનંદ છે. શિવશક્તિ છે. સૌદર્યલહરી છે, ત્રિપુરાસુંદરી છે.

આનંદનાં તલાવડા માં, આનંદનું પાણી છે તેમાં આનંદ નાં મોજાઓ ઉઠે છે - જે આનંદ જ છે. અહીં સાધક, સાધના, સાધ્ય એક જ થઇ જાય છે. તમે આનંદમય થયા નહીં - આનંદ જ થયા, ત્વમેવ પ્રત્યક્ષ તત્વમસિ

માન્ય ઉપનિષદો - ૧૦ છે. અન્ય ૧૭૯ ઉપનિષદો છે.

શ્રી સૂક્ત - નાં શ્રી લલિતાદેવી છે. એમની ઉપાસના શ્રી ચક્ર થી થાય એ જ્ઞાનનું નામ “શ્રી વિદ્યા” છે. દેવીનું નામ “શ્રી દેવી” છે.

“શ્રી સ્વતે - લક્ષ્માસ્વતે” શંકરાચાર્યજી એ યંત્ર બનાવ્યું, “શ્રી ચક્ર” રામાનુજાચાર્યજી નાં સંપ્રદાયનું નામ “શ્રી સંપ્રદાય”

શ્રી શબ્દનાં અર્થ

૧) શોભા - આધિભૌતિક અર્થ ૨) વૈભવ - આધિ દૈવિક અર્થ ૩) કાંતિ - આભા, ચમક, તેજસ્વિતા (આધ્યાત્મીક અર્થ)

શોભા કરવા માટે વૈભવ જોઈએ, શોભા શોભે સૌંદર્ય પર. ઉપનિષદમાં કાંતિ શબ્દ નો સંબંધ આંતરિક ઉર્જા સાથે કરેલો છે. કાંતિ શરીર માં થી બહાર પડે - તે જ ઓજસ્વિતા છે. જેમ અગ્નિની જ્વાળા તેની ઉર્જા છે. તેનો પ્રકાશ તેનું ઓજસ છે, ઓજસ એટલે તેજસ એક વ્યક્તિએ નક્કી કર્યું કે જીવનમાં કદી ખોટું બોલીશ નહીં, તેણે આંતરિક શક્તિ ભેગી કરી છે, જે તેનું આંતરિક વ્યક્તિત્વ છે, તેનો જે બહાર પ્રભાવ પડે તે કાંતિ છે. આ કાંતિ આંખ દ્વારા, વાણી દ્વારા બહાર પડે જો તમારો આત્મા ખુલ્લો પડે તો તેનું ઓજસ (કાંતિ) બહાર પડે ભગવદગીતા નાં ૧૦માં અધ્યાય ના ૪૧ માં શ્લોક માં

“યદયદ વિભૂતિમત સત્વમ

શ્રીમત્ ઉર્જિતમં એવવા

તત દેવાવ ગચ્છત્વમ

મમ તેજોંષ સંભવમ્”

જે જે સત્વમ માં વિભૂતિ તે પદાર્થ છે - તેમાં શ્રી છે, સૌંદર્ય છે. બાહયસૌંદર્ય માટે શ્રી અને આંતરિક સૌંદર્ય માટે ઉર્જા શબ્દ આવે છે જે ઉર્જાપૂર્ણ થઇ જાય તેને ઉર્જીત કહેવાય છે.

ઉર્જા = કુંડલિની, અંબા, રાધા, સીતા બધું જે કંઇ શક્તિરૂપે છે તે બધું જ ઉર્જા છે. એવું બોલો કે સામે વાળાનાં હ્યદયને સ્પર્શ કરે.

બાહય સૌંદર્ય, આંતર સૌંદર્ય થી જ ખીલે.

શંકરાચાર્યજીની દ્રષ્ટિ પૈની છે, સરસ્વતીનું વર્ણન બહુ સરસ રીતે કર્યું છે. વાણી દ્વારા પ્રકટ ઉર્જા - સરસ્વતી છે જે બધું સારૂં છે તેને સરસ કહેવાય.

ચૈતન્યની ઉર્જાથી શરીર શોભે છે.

(સૂત્ર) ઢાળવાળી જમીન પર ફેલાયેલું પાણી ઉપરની તરફ ચડતું નથી, તે જ પ્રમાણે સ્વેચ્છાચારી મન, ન તો સારા વિચારો કરી શકે છે, ન સારા કાર્યો કરી શકે છે. મન ને ખોટામાર્ગે જતું રોકવું એ જ સહુથી મોટો પુરૂષાર્થ છે.

“જીવનની હરક્ષણ - જે આપણા કર્મની હોય - “ભક્તિમયંહો”, “પરમાત્મામયંહો”, “યજ્ઞભાવે હો”.

“કર્મ માં બ્રહ્મદર્શન કરવાથી બ્રહ્મની જ પ્રાપ્તિ થાય છે”.

“જેમ જેમ આપ સાચા માણસ બનતા જાવ છો તેમ તેમ ભગવાનની નજીક પહોંજતા જાવ છો - તે સમયે

આપ ભગવાનનાં સાનિધ્યનો લાભ તથા ભગવાનની રિધ્ધિ અને સિધ્ધિઓ નો લાભ પ્રાપ્ત કરી શકો છો" જેમ જેમ આપનું ચરિત્ર અને ચિંતન ઉંચે ઉઠતા જશે તેમ તેમ આપની અંદર સિધ્ધિઓ આવતી જશે.

(યંત્ર, મંત્ર, તંત્ર) ૧૪.૩.૨૦૦૨ અનપાયિની ભક્તિ - દરેકમાં ભગવાનો વાસ જોવો, એવી ભક્તિ જયાં ભક્ત ભગવાનથી દૂર નથી.

પ્રમાતા, પ્રમાણ, પ્રમેય આ ત્રણની ત્રિપુટી છે.

તેજસ, પ્રાજ્ઞ, સ્વપ્ન આ ત્રણની પણ ત્રિપુટી છે, ત્રણ અવસ્થા છે. આ ત્રણ કોષોની વાત છે.

પ્રમાતા એટલે માપવાવાળો.

લલિતા સહસ્ત્ર નામ માં સંપૂર્ણ તંત્રશાસ્ત્ર છે - તંત્ર એટલે કાળો જાદૂ નહીં પણ યંત્ર, મંત્ર, તંત્ર.

યંત્ર = શરીર, મૂર્તિ (આકૃતિ તે યંત્ર છે) - જે પ્રગટ થયું તે મૂર્તિ છે. આકાર અપાયો અને મૂર્તિ બની. વચન, આપ્ત મને જેની ઉપર વિશ્વાસ છે તે જે બોલે તે મને માન્ય છે. હિન્દુઓમાં મૂર્તિકરણનો અતિરેક થયો છે. અમૂર્ત મૂર્ત માં આવે તેને મૂર્તિ કહેવાય આ સ્ટેંપિંગ થયું, માણસની મનોવૃતિ જોઇ વ્યાસે મૂર્તિની કલ્પના કરી, અમૂર્તની કલ્પના કરી શકાતી નથી, નામને રૂપની છાયા લાગી છે. અરૂપમાં ચિત્ત ચોંટતુ નથી, નિર્ગુણ કરતા સગુણ સારૂ, અરૂપ કરતાં સરૂપ સારૂં. ભક્તિમાર્ગમાં સરૂપ નું અવલંબન છે.

આત્માનાં રૂપમાં તમે સ્ત્રી પણ નથી, પુરૂષ પણ નથી, વેદાન્ત કહ છે, મને રૂપ મળ્યું છે, નામ મળ્યું છે, સંપ્રદાય મળ્યો, આ બધું આઈડેન્ટીફીકેશન છે - પણ વાસ્તવમાં હું શું છું? એ જાણવાની જિજ્ઞાસા આઈડેન્ટીફીકેશન ક્રાઇસીસ છે - હું શું છું? એ બતાવનાર ગુરૂ છે,

તેની ઉપર શ્રધ્ધા રાખો.

રૂપ કલ્પના માં પહેલું સ્ટેપ શરીર છે. શરીર મન થી સંચાલિત છે. બુધ્ધિ ચોંટતી નથી - બુધ્ધિ વિવેક કરે, દૂર કરે, મન ચોંટે, કે આસક્તિ કરે બંધન અને મોક્ષ બન્ને મન નાં કારણ છે.

મન જ પરિકલ્પનામાં રાચે છે. આ સારૂં, આ ખોટું મનોમય કોષ ની પાછળ નો ભાગ બુધ્ધિમય કોષ છે. આજની પેઢી વિજ્ઞાનમય કોષમાં અટવાઇ ગઇ છે. વિજ્ઞાનમય કોષ થી પણ પરે જાવ.

દુનિયા, શરીર, મન, બુધ્ધિ, અહંકાર, આપણો આત્મા આ શરીરરૂપી કારમાં બેઠો છે, આપણો અહં આ કાર ચાલાવી રહયો છે.

અહંકાર = અ + હંકાર = જ્યાં હું નો હંકાર ઢંકાઈ જાય છે તે અહંકાર

આપણે આખો વખત અહંકારમાં જ રાચીયે છીએ, "બુધ્ધે ફુલમ અનાગ્રહ" બુધ્ધિ થી આગ્રહ છૂટે આગ્રહ = આ + ગ્રહ = બધી બાજુથી પકડે તે આગ્રહ. વેદાન્ત વિચારમાં પંચીકરણ છે. તંત્રમાર્ગમાં ત્રિવીધીકરણ છે. દેહ - યંત્ર, યંત્ર ચલાવનાર મન એટલે, મન મંત્ર છે, તેની પાછળ જે સત્તા આને ચલાવે છે તે આત્મા એ તંત્ર છે.

(દેહ = થર્ડ ક્લાસ, મન = સેકન્ડ ક્લાસ, આત્મા = ફર્સ્ટ ક્લાસ)

દુનિયામાં માનવ શરીર જેવું યંત્ર એકેય નથી, આપણા શરીરમાં અન્ન નું રસ થવું, રસનું રક્ત થવું, આબધી કમાલ છે. બાળકને લાળ પડે, વૃધ્ધને લાળ પડે, આ શરીર માટે ઉપયોગી છે, આ કુદરતનો કરિશ્મા છે. આપણા શરીરમાં એન્ટીબોડીસ છે. જે શરીરમાં રોગ આવવા દેતા નથી. સ્વમૂત્રમાં ૮૦% એન્ટીબોડીસ છે. સ્વમૂત્ર થી, બ્લડ ક્લોટીંગ થાય નહીં, અને એન્ટીબોડીસ શરીરનું રક્ષણ કરે, આ યંત્રના મળ પણ ઉપયોગી છે.

શરીર એટલે - "આત્માએ જેનો આશ્રય કર્યો તેને શરીર કહેવાય છે". અને આ આત્મા જ પરમાત્મા છે.

આ દેહ પરમાત્માનું મંદિર છે. શરીરશાસ્ત્રમાં યાતો શરીર નો ઉપયોગ કરો કે શરીર ને ખોવો. શરીર નાં અંગો નો વપરાશ નહીં થાયે તો તે બગડશે, બુધ્ધિ પણ જેમ વપરાય તેવું જીવન થાય.

જેના થી મન તર થાય તે મંત્ર

તંત્ર - દેહમાં બેસી, દેહનું રક્ષણ કરવા વાળો. તન + ત્ર - તંત્ર ચેતના ની હાજરી થીજ આ શરીરનું યંત્ર ચાલે છે. આત્મા = ચેતના. પરમહંસ યોગાનન્દે અમેરિકામાં આ પ્રયોગ કરી બતાવ્યો, તેમણે બધાની હાજરીમાં સમાધિ લીધી, પછી ૨૭ દિવસ સુધી તેમનાં પ્રાણ તેમણે સહસ્ત્રારમાં બાંધી રાખેલ (ધનંજય વાયુ ને બાંધી રાખેલ). ઈસા મસીહે પ્રેમની કલ્પના તંત્રમાર્ગ પર થી જ લીધી. શિવ અને પાર્વતી - પ્રેમનાં પ્રતીક છે.

તમારે સમરસ થવાનું છે. માં અને દિકરી સમરસ થઇ શકે, શિવ અને પાર્વતી સમરસ થયા, આ તંત્રશાસ્ત્ર માં આવે છે. જિસસ પણ ૩૦ વર્ષ હિમાલયમાં રહયા, તંત્રમાર્ગનું અધ્યયન કર્યું, એટલે જિસસ નાં તત્વજ્ઞાનમાં તંત્રમાર્ગનો અંશ આવે છે.

બે હોઠથી એક શબ્દ બહાર પડે, બે આંખ થી દ્રષ્ય એક જ દેખાય, તેમ ભગવાન અને ભગવાન ની શક્તિ સમજવી.

શિવ (શૈવતંત્ર), પાર્વતી (શાક્તતંત્ર) - બંન્નેની સમરસતા એટલે તંત્રશાસ્ત્ર.

અનુભૂતિવાદમાં સમરસતાનું મહત્વ છે.

શૈવમાર્ગ અને શાક્તમાર્ગનું મિશ્રણ જેને સમયમાર્ગ કહે છે. પાર્વતી સવાલ કરે શંકર જ્વાબ આપે, પાર્વતી શંકરનાં પગ પાસે બેસે છે. - શિવને મહત્વ આપનાર શૈવ તંત્ર.

શક્તિને મહત્વ આપનાર = શાક્ત દર્શન અહીં શક્તિજ કર્તાહર્તા છે. અહીંશંકર સૂતેલી અવસ્થામાં દેખાડયા છે અને શક્તિ તેની છાતી પર પગ મૂકેલો છે.

શક્તિનો સ્પર્શ તથા શવ પણ શિવ થાય સમરસ, એક પોઈંટ પર શિવ અને શક્તિ બન્ને એક થઇ જાય તે તંત્ર છે. શક્તિનું એક નામ લલિતા છે. શક્તિ શક્તિ ન રહે (એકત્વ) આત્મા પરમાત્મામાં ભળે તો એક થઈ જાય.

ક્ષર = દેહ, બુધ્ધિ, બધું ક્ષરતાવાળું છે, હળવે હળવે બધું છૂટતું જાય છે, આત્મા તેમાં બેઠો છે આત્મા અક્ષર છે, જીવ છે અક્ષર, દેહ છે ક્ષર, બેમાં સમત્વ કરવાવાળી આ શક્તિ જ તંત્ર છે.

ક્ષર અને અક્ષર જ્યાં એકબીજામાં સમાહિત થઇ જાય ત્યાં પુરૂષોતમનો પ્રાદુર્ભાવ થાય છે.

આ શરીરમાં આત્માની જે શક્તિ કામ કરે છે તે કુંડલિની છે આ કુંડલિની જ પ્રાણશક્તિ છે, બહાર હવામાં પ્રાણશક્તિ છે, તે અંદર લઇએ તો કુંડલિની બને છે.

પ્ર + અન = પ્રાણ પ્ર + સન = પ્રસન્ન

પ્રાણશક્તિ = આ એટલી ઝીણી સૂક્ષ્મ હલચલ છે - જેની કાર્યપ્રણાલી નો પત્તો લાગતો નથી. આ એનર્જી છે - ઈડા, ઈલા, ઉર્જા, ઈષા બધા આના નામ છે, ઈડા નાડી છે, આપણા શરીરમાં ૭૨,૦૦૦ નાડી છે તેમાં ત્રણ પ્રમુખ છે.

ઈડા - ડાબી બાજુ થી જમણે ગણપતિની રિધ્ધિ સિધ્ધિ

પિંગળા - જમણી બાજુ થી ડાબે

આ બેનું એકીકરણ થાય સુષુમ્ના માં

નાડી = સંસ્કૃતનાં નદ ધાતુપર થી બનેલો શબ્દ છે.

કોઈપણ તરલ વહે તેનો આવાજ આવે. નદમાં થી જ નાદ આવે. આપણો પ્રાણ ૭૨,૦૦૦ નાડીઓમાં વહે છે.

ઈડા, પિંગલા એ બે જ્યાં છેદન કરે (સુષુમ્ના ત્યાં આવી ને મળે તે આજ્ઞાચક્ર છે - અહીં કુંડલિની, જાગૃત થાય છે. લલતે ઈતિ લલિતા-

સહસ્ત્રાર માં પહોંચી જ્યાં શિવ છે ત્યાં શક્તિ ભળે છે તે બિંદુ સુષુમ્ના એક નાડી છે - તેમાં અંદર પોલાણ છે - સુષુમ્ના નાડીનો રંગ ગહેરો લાલ છે તે પોલાણ માં એક નાડી છે તેનું નામ છે ચિત્રાનાડી યોગમાં આ ચિત્રાનાડી સુધી પહોંચનારનો બેડો પાર, ચિત્રાનાડી ની અંદર પોલાણ છે, તેમાં અંદર જે પ્રવાડી દોડે છે, તે બ્રહ્મનાડી છે.

ધ્યાનની અવસ્થામાં જ્યારે આભા પ્રગટે તે ઉષા છે.

બ્રહ્મનાડી માં શિવ પણ છે, શક્તિ પણ છે, બન્ને એક થઈ દોડે છે એટલે બ્રહ્મ છે - સદગુરૂ જો મળે તો આની અનુભૂતિ કરાવે, જે માણસ પોતાને સમજી ગયો - તે પરમાત્મા થઈ ગયો, અહી સ્ત્રી નથી, પુરૂષ નથી - બન્ને થી પર - નાન્યતર થઈ ગયા, શક્તિ, શિવ સાથે એકરૂપ થાય ત્યારે જીવને બ્રહ્મની અનુભૂતિ થાય. આનંદ કુમાર સ્વામી ની બુક શિવ તાંડવ (વાંચવા જેવી).

પ્ર + લય = પ્રલય શ્રેષ્ઠ રીતે એક બીજામાં ભેગા થઈ ગયા - બેઉનું તાદાત્મ્ય થવું - એકબીજામાં ઓતપ્રોત થવું.

અહંકાર - અંહ મટે એ પ્રલય

સંહાર - સમ + હાર = પ્રેમમાં બેપણું મટે ત્યાં પ્રલયલીલા, સંહારલીલા થાય છે આજ ભક્તિમાર્ગમાં રસલીલા, રાસલીલા છે.

અનુભૂતિ તંત્રમાર્ગ માં જ શક્ય છે - બધા સંતોએ આ રીતે અનુભૂતિ કરી છે.

યજ્ઞનો મર્મ - યજ્ઞનું રહસ્ય:

ભગવાન કહે છે કે વિષયોનો હવન ઈન્દ્રિયોમાં કરો

ઈન્દ્રિયોનો મનમાં, મન નો ચિત્તમાં

ચિત્તનો હવન અહમ માં કરો, બધા

અહમ નો હવન આત્મામાં કરો,

શુધ્ધ નિરંજન, શુધ્ધ બુધ્ધિમાં આત્મામાં આ પ્રકારે હવન થતાંજ અશુધ્ધિઓ બળવા લાગે છે. ઉર્ધ્વગમન થવા લાગે છે. તથા અનંત સાથેનાં તાદાત્મ્યની પરિસ્થિતિ સર્જાય છે.

“હે પ્રભુ, અમારૂં જીવન યજ્ઞમય કરી દયો”.

“ઘરને તપોવન અને પરિવાર ને પ્રયોગશાળા બનાવો”.

અર્જુનનાં રથ પર હનુમાન નું ચિત્ર કેમ?

મનનો અને પ્રાણનો અતૂટ સંબંધ છે. હનુમાન એટલે પ્રાણવાયુ.

અને અર્જુન ચંચળ મનનું પ્રતીક છે.

રામને વનવાસ શા માટે થયો?

| | |
|---|---|
| રામ બ્રહ્માકાર વૃત્તિ છે | જ્યારે કૈકૈયી એ ભરત માટે રાજ્ય માગ્યું ત્યારે દશરથ પાસે |
| લક્ષ્મણ જ્ઞાન છે | વૈરાગ્ય અને વિચાર સ્વરૂપ ભરત શત્રુઘ્ન હતા નહીં - એટલે |
| ભરત વૈરાગ્ય છે | દશરથ કૈકૈયીનાં મોહમાં ફસાયા - એકલી બ્રહ્માકાર વૃત્તિ અને જ્ઞાન |
| શત્રુઘ્ન વિચાર છે | કામ ન લાગે - વૈરાગ્ય અને વિચારનો સાથ જોઇએ. |

અનપાઈની ભક્તિ = એક ક્ષણ પણ ભગવાનનું વિસ્મરણ થાય નહીં મુચુકન્દ ઋષિ એ ભગવાન પાસે આ ભક્તિ માગેલી, મુચુકન્દ ઋષિજ નરસિંહ મહેતા થયા.

કૃતોપાસ્તિ = ઉપાસના દ્વારા બ્રહ્મની પ્રાપ્તિ - ઉપાસનાથી સિધ્ધિ. અકૃતોપાસ્તિ = આપમેળે બ્રહ્મ પ્રાપ્તિ - ઉપાસના વગર સિધ્ધિ પ્રાપ્તિ.

કંસની પત્નીઓ - (૧) અસ્તિ (છે) (૨) પ્રાપ્તિ (મેળવવું) - કંસને પુત્ર ન્હોતો.

ભક્તિમાર્ગ, અદ્વૈતવેદાંત નો મૂળ તંત્રમાર્ગમાં મળે.

તંત્રમાર્ગમાં બધું બે બે છે - ૧) વામતંત્ર ૨) સવ્યતંત્ર

શ્રીચક્ર યંત્ર છે. યંત્ર, મંત્ર. તંત્ર, બહારથી અંદર જવું, અંદર થી બહાર જવું. ઉપર જવું ને (ઉર્ધ્વગતિ) નીચે આવવું (અવતરણ), એક થવું જુદું છે - સમરસ થવું જુદું છે.

તંત્રમાર્ગ એક થવામાં નહીં સમરસતામાં માને છે.

સમરસ - બે રહે પણ એક થઇ જાય - અર્ધનારીશ્વર

એક થવું - બે મટી એક થવું

ભક્તને ભગવાન મળે તો આનંદ થાય તેમ ભગવાનને પણ ભક્ત મળે તો આનંદ થાય, આ સમરસતા છે, (કૃષ્ણ - સુદામા મળ્યા ત્યારે સુદામાને આનંદ થયો, તેટલો જ કૃષ્ણને પણ આનંદ થયો) આ અન્યોન્ય ભક્તિ છે. તંત્રમાર્ગ સામરસ્ય ઉપાસના ની વાત કરે છે - ભક્તનું ઉધ્ધરણ, ભગવાનનું અવતરણ થવું સામરસ્ય છે. આ સામરસ્ય જ્યાં થાય છે તે બિંદુ છે. તંત્રમાર્ગમાં આ બિંદુનું મહત્વ છે. લલિતા દેવીનું એક નામ સામરસ્યદેવી છે. તંત્રમાર્ગમાં કંઇ શ્રેષ્ઠ નથી - કંઇ કનિષ્ઠ નથી.

૧) પ્રતિષ્ઠા - ચિટકીને બેસવું (મોભો યેનકેન પ્રકારેણ મેળવવો) ૨) પ્રસિધ્ધિ = લોકોમાં વાહવાહી થઇ જવી. ૩) પૈસો

ખરો તાંત્રિક આ ત્રણ, પ થી દૂર જ રહે તેની સાધના - ગુપ્ત રહે, સામાન્ય જીવન જીવે.

યંત્ર, મંત્ર, તંત્ર માં યંત્ર પહેલા આવે છે - યંત્ર એટલે શરીર - શરીર હોયતો મંત્ર, તંત્ર થાય દેહનામક યંત્ર થી મન નામક મંત્ર માં પ્રવેશ થાય. જ્યારે મંત્ર સિધ્ધ થઇ જાય ત્યારે તંત્ર સિધ્ધ થાય છે.

(શ્રી) આહત નાદ = એક ઉપર બીજાનાં આઘાત થી ઉત્પન્ન થતો નાદ. અનાહત નાદ - આ નાદ સ્વયંભૂ છે. ૐ નો નાદ સ્વયંભૂ છે ૐ નો ઉચ્ચાર કરો ત્યારે જે ગૂંજ આવે છે તે અનાહત છે. ૐ નો અનાહતનાદ બતાવાય છે ૐ નાં ઉપર બિંદુ થી - શ્રી દેવીનું નામ પણ બિંદુ છે. બ્રહ્મા ની શક્તિઓ = સાવિત્રી અને ગાયત્રી છે.

સાવિત્રી એટલે સૂર્ય, સૂર્યનું બિંદુ પ્રસવિતા એટલે નારાયણ

સાવિત્રી - અતિમનસ એટલે ઈન્દ્રિયાતીત અનુભવ કરે તે.

ગાયત્રી અને સાવિત્રી માં શું ફેર છે?

ગાયત્રી ઉર્ધ્વગામિત્વ છે - આધ્યાત્મીકતા તરફ જવાનું વલણ ગાયત્રી છે. સાવિત્રી અવતરણ છે - બધાનો સ્વીકાર કરીને (જગત નો સ્વીકાર કરીને). ઉર્ધ્વગમન તરફનું વલણ હંમેશા રહે છે.

શ્રી = (શ્રી સૂક્ત, શ્રી યંત્ર વાળો શબ્દ) - શ્રી એક ઉપપદ છે.

શ્રી નાં ત્રણ અર્થ છે. (૧) શોભા - આવે ને જાય (આધિભૌતિક) (૨) વૈભવ - મોભો (આધિદૈવિક) (૩) કાંતિ - આંતરિક ઉર્જા (અધ્યાત્મિક).

શોભા આવેને જાય તેવી છે - આ દુનિયામાં મોભો કોઇ નો ટકતો નથી. શોભા અને વૈભવ - આવે અને જાય (આવાગમન રહે) કાંતિ - આંતરિક ઉર્જા - એક સ્ત્રીનું બા પણું હંમેશા રહે છે. જ્ઞાન હંમેશા રહે - કાંતિ એટલે ગરિમા - અંદર આત્માનો જે ઓજસ ગુણ છે - તેનું જે ઝરણ થાય છે, એ કાંતિ છે. જેની પાસે આ ઉર્જા છે તે ઉર્જિત થયેલો કહેવાય.

(૧) બાહય સૌંદર્ય-શરીરનું (૨) આંતરસૌંદર્ય - આંતરિક સદ્ ગુણોનું સૌંદર્ય (૩) કાંતિગતસૌંદર્ય = આત્માનું સૌંદર્ય - જેને ઉર્જીતમ પણ કહેવાય.

શોભા અને વૈભવ ને શ્રાપ છે તે ચિરસ્થાયી ન રહે તેને કાળનો શ્રાપ છે અંદરનું લાવણ્ય ખતમ થયું છે. આંતરિક ઉર્જાને કાળ અસર કરે નહીં - ચિરંજીવ છે - આ શ્રી નો તંત્રમાર્ગ પ્રમાણે નો આધ્યાત્મિક અર્થ છે.

આત્માની શ્રીમંતાઇ - શ્રી દેવી છે.

આતતાયી - (૧) ઘર બાળવાવાળો (૨) વિષ આપવાવાળો (૩) શસ્ત્રપ્રહાર કરવાવાળો (૪) ધન લૂટવાવાળો (૫) ઘર જાયદાદ લૂટવાવાળો (૬) તમારી ઘરવાળીને લઇ જવા વાળો

સામેથી આતતાયી મળે તેને પહેલા મારો, વિચાર કરો નહીં

કૌરવો પાંડવો સામે આતતાયી જ હતા.

શ્રી યંત્ર નો મંત્ર - પૂર્ણ મંત્ર ૧૦૮ અક્ષરનો છે.

ૐ તત સવિર્તુવરેણ્યમ ભર્ગોડદેવસ્ય ધીમાહિ ધિયોયન: પ્રચોદયાત

પરો રજસે સાવદોમ, જાતવેદસે સુનનામ સો મ ભરાતિ

યતો નિદહાતિ વેદ:, સનો પર્શયતિ દુર્ગાણિ વિશ્વા નાવેવ સિન્ધુંદુરતિત્ય અગ્નિ:

ત્ર્યંબકમ યજામહે સુગન્ધિમ પુષ્ટિવર્ધનમ - ઉર્વારૂકમિવબંધનાત મૃત્યોમોક્ષીય મામૃતાત ાા

શ્રી યંત્ર સુધી પહોંચવાનાં ૧૦ આવરણ છે. અરવિંદનાં ગુરૂ કપાલી શાસ્ત્રી એ આ ૧૦ વિદ્યાઓનો સરસ આધ્યાત્મિક અર્થ આપ્યો છે.

પ્રમાતા, પ્રમાણ, પ્રમેય = ત્રણેય માં પ્રઉભય છે. પ્ર દૂર કરોતો માતા, માણ અને મેય રહે છે. દરેકમાં મા શબ્દ છે - મા એટલે માપવું તેમાં થી માયા શબ્દ આવ્યો યા નિકળી જાય એટલે બા શિલ્લક રહે - જે દિકરાને પૂરેપૂરી રીતે માપેતે મા-દુનિયાનો આદિશબ્દ મા છે.

પ્રમાતા એટલે માપવાવાળો

પ્રમેય એટલે જેને માપવાનું છે તે

પ્રમાણ એટલે માપવાનું સાધન

પ્ર એટલે સૂક્ષ્મતાથી માપવું, તત્વજ્ઞાનમાં ૧૪ પ્રમાણ છે.

સાંખ્ય શાસ્ત્ર - પ્રકૃતિ અને પુરૂષ

તંત્ર શાસ્ત્ર - દેવી અને શંકર

પુષ્ટિ માર્ગ - સ્વામિનીજી અને શ્રીજીબાવા

શંકર મહાન યોગી છે. અષ્ટાંગયોગનાં બધા ચિન્હો શંકરનાં મંદિરમાં જોવા મળે-

(૧) યમ - ભૈરવ (૨) નિયમ - કાચબો (૩) આસન- નંદી (૪) પ્રાણાયામ - હનુમાન (૫) પ્રત્યાહાર - ગણેશ (૬) ધારણા - સર્પ, ધારણા એટલે ચિત્તને એક જગ્યાએ બાંધી રાખવું, સાંપને પાંપણ નથી એટલે મટકું મારે નહીં. (૭) ધ્યાન- પાર્વતી (૮) સમાધિ - શંકર

યોગનાં બર્હિઅંગ છે.

લલિતા સહસ્ત્રનામ - તંત્રમાર્ગ

શ્રી સૂક્ત - વેદાન્તમાં બન્ને એક જ છે.

આના દેવી શ્રી દેવી - શ્રી દેવીને માટે લખેલું સૂત્ર - શ્રી સૂક્ત, તેમનું રહેઠાણ - શ્રી યંત્ર.

ઘરમાં મૂર્તિ અમુક પધ્ધતિ થી જ રાખવી પડે - ઉભી રાખવી જોઇએ. જ્યારે શ્રી યંત્ર સપાટ - જમીન પર લેટાવીને રાખવું જોઇએ, સાધારણ રીતે દોઢ ઈંચ થી મોટી મૂર્તિઓ ઘરમાં રખાય નહીં. પ્રાણપ્રતિષ્ઠા કરી હોય તે મૂર્તિ ને ૨૪ કલાકમાં પૂજા કરવી જોઇએ અન્યથા તેનું ઓજસ જતું રહે.

તંત્રમાર્ગ અત્યંત શુધ્ધ વેદનો જ માર્ગ છે. ૨ ૧/૨ લાખ વર્ષ પહેલાનું આ શાસ્ત્ર છે.

જસ્ટીસ વૂડ રોફ (સર આર્થર એવલોન) તેમુનું પુસ્તક

ધ ગારલેન્ડ ઓફ લેટરસ, ગાયત્રી મંત્રને માટે સુંદર છે.

(યંત્ર, મંત્ર, તંત્ર)

યંત્ર પર તેનો મંત્ર લખેલ છે.

શ્રી કૃષ્ણ મંત્ર = "ૐ નમો ભગવતે વાસુદેવાય" દ્વાદશ મંત્ર ભાગવત નો આ મહામંત્ર છે. વેદની જુની પરંપરા અનુસાર, નારદજીને વિષ્ણુજી એ આપ્યું છે. નારદજીએ પ્રલ્હાદ અને ધ્રુવને આપ્યો.

વૈષ્ણવોનું તંત્રશાસ્ત્ર - પંચરાત્ર તંત્ર છે. આ શાસ્ત્ર વિષ્ણુ એ "ૐ કલીં કૃષ્ણાય નમ:"

વલ્લભાચાર્યજી પણ તંત્રશાસ્ત્રનાં જ્ઞાતા હતા, તેમણે વૈષ્ણવ ધર્મ માં આ ભેળવ્યું છે.

ગણેશ નું તંત્ર શાસ્ત્ર = ગણેશતંત્ર

સૂર્ય નું તંત્ર શાસ્ત્ર = સૌરતંત્ર

શિવ નું તંત્ર શાસ્ત્ર = શૈવતંત્ર

શક્તિ નું તંત્ર શાસ્ત્ર = શક્તિ તંત્ર

વૈષ્ણવો નું તંત્ર શાસ્ત્ર = પંચરાત્ર તંત્ર

તંત્ર શાસ્ત્રનું અધ્યાત્મક પકડતા આવડવું જોઇએ, અધ્યાત્મક એટલે જ વેદાન્ત છે.

યંત્ર માનવી દેહ છે, શરીર ની અંદર રહેલું મન તેને સ્વરશાત્ર પ્રમાણે અપાયેલ મંત્ર છે. મન ને તાબે કરવા માટે - આન જેનાથી તાબે થઇ જાય તે પધ્ધતિજ તંત્ર છે. તંત્રનો અર્થ:-

તંત્ર = તન + ત્ર = તન = શરીર, ત્ર = રક્ષણ

તનુ કરણે તક્ષ = સર્વ બાજુથી છોલાયેલ - સર્વબાજુથી જે બાઇનું શરીર ફસાયેલ છે. તનુ સ્ત્રીલિંગ શબ્દ છે.

તમારા શરીરનું જે રક્ષણ કરે તે તંત્ર એટલે કે આત્મા, આત્માજ શરીરનું રક્ષણ કરે છે. ચેતના, આત્મા, જીવ, પ્રાણ જે કહો તે.

સંસ્કૃત ભાષા પ્રમાણે ક્ષીરયતે ઈતિ શરીર જે ઘસાતું જાય છે. આત્માએ જેનો આસરો લીધો તે શરીર છે. તમે શરીરને કઇ રીતે જુઓ છો, તમારો આત્મા શરીરમાં જ બેઠો છે, જરા અંર્તમુખ થઇને તેનાં દર્શન કરો.

પરમાત્મા અણુસ્વરૂપ થઇને આપણા શરીરમાં અલિપ્ત રહીને બિરાજે છે, ગોવર્ધન પર્વત ઉચક્યો તેનું અધ્યાત્મ આ છે.

ગોવર્ધન = આપણું શરીર - ગો એટલે ઈન્દ્રિય, વર્ધન જે વધે છે આત્માને સીધા જઇને તેનો મેળાપ કરાવનાર શાસ્ત્ર - તંત્ર શાસ્ત્ર છે. કથાનો અધ્યાત્મ પકડતા આવડવું જોઇએ. તંત્ર = એટલે સીધા આત્મા સુધી પહોંચવાની ટેકનીક રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ, આ પંચતત્વો નો રસ ઈન્દ્રિયો દ્વારા આપણામાં જાય છે.

તમને તારવાનું, મારવાનું કારણ મન છે - આ વાત યોગવાસિષ્ઠ માં આવી છે - યોગવસિષ્ઠ દ્વારા રામને અપાયેલ જ્ઞાન છે.

“મન એવ મનુષ્યાણાં, કારણમ બંધ મોક્ષયો:”

એક સ્ત્રી = ને તેનો પતિ આલિંગન આપે છે પણ તે જ સ્ત્રી કોઇ ની દિકરી છે. એક જ સ્ત્રીનાં જુદા સ્વરૂપ છે. વેદાન્તનો મોદક (મનને મુદિત કરાવે તે) ગણપતિનાં હાથમાં છે વેદ સમજવા ઉપયોગી પુસ્તક ધ વેદાન્ત એસ એ કલ્મીનેશન ઓફ ઈંડિયન ફિલોસોફીકલ થોટસ - લેખક રાનડે રાનડે રાધાકૃષ્ણ નાં ગુરૂ હતા.

શ્રી શંકરાચાર્ય ને થયેલ આત્મ સાક્ષાતકાર.

વેદાન્ત એક બાજુ ઈશ્વરનો હાથ પકડીને ચાલે છે તો બીજી બાજુ ઈશ્વરનો હાથ છોડીને પણ ચાલે છે. તત્વજ્ઞાનનો અર્ક - ગૌડપાદ ની પુસ્તકમાં મળે છે. વેદાન્તનું પહેલું જ્ઞાન એટલે વેદનાં ઋષિઓ - વેદની ઋચાઓનું એકત્રીકરણનું કામ વ્યાસે કર્યુ - આ પરંપરાનું મૂળ વશિષ્ઠ ઋષિ સુધી જાય, વશિષ્ઠ એટલે વ્યાસનાં દાદા યોગવશિષ્ઠ પર પી. સી. અંત્રેનું પુસ્તક છે.

વશિષ્ઠ ઋષિનાં પત્ની - અરૂંધતી (ચમારની દિકરી) હતી.

વશિષ્ઠે અરૂંધતી ન્યાય લખ્યું છે - આકાશમાં એક નક્ષત્ર અરૂંધતી છે. ૧) વશિષ્ઠનાં દિકરાનું નામ શક્તિ છે. શક્તિનો દિકરો પરાશર, પરાશર નો દિકરો વ્યાસ

વ્યાસનો દિકરો શુકદેવ. શુકદેવ પરણ્યા નહીં, પરણ્યા નહીં એટલે પુત્ર પરંપરા ચાલી નહીં અને શિષ્યપાદ શરૂ થઇ.

શુકદેવ નાં શિષ્ય ગૌડદેવ, ગૌડદેવ નાં શિષ્ય ગોવિન્દાપાદ, ગોવિન્દાપાદ નાં શિષ્ય શંકરાચાર્ય.

ગૌડપાદ અતિ વિદ્વાન હતા, ગોવિન્દપાદ ત્યાગી હતા, શિષ્યો કર્યા નહીં, પોતે પોતાનાં ગુરૂનું જ્ઞાન જેમનું તેમ શંકરાચાર્યને આપી દીધું.

તંત્રમાર્ગ માં સ્ત્રીજ દીક્ષા આપે, પુરૂષને આ અધિકાર નથી, કારણ, તંત્રજ્ઞાનમાં દેવીનું પ્રાધાન્ય છે. શ્રી દેવી, રાજરાજેશ્વરી - બધા લલિતાદેવીનાં ૧૦૦૦ નામો છે.

લલિતાસ્ત્રનામ માં જે વિશેષણ અપાયા છે તેની પાછળ અધ્યાત્મ છે - આખી દુનિયામાં જે છે તે બધા

મારા સંતાનો છે - સંતાનપ્રેમથી સ્તનમાંથી દૂધ ઉભરાઇ વસ્ત્રો ભીના થયા છે. એટલે “કલીના” નામ આપ્યું છે, શ્રી દેવી ને.

સાંખ્ય શાસ્ત્ર છે - યોગ તેની યુક્તિ છે, સામરસ્યય નામ નું રહસ્ય - સમ + રસ

શ્રી ચક્રમાં મધ્યમાં બિંદુ છે ત્યાં ત્યાશિવ શક્તિ એક થયા છે, સમરસ થયા છે તેમાં પુરૂષાર્થ પણ છે, સ્ત્રી પણ છે.

પુરૂષ ચેતના છે, તંત્ર માર્ગમાં પુરૂષ નામ પહેલા આવે.

ચેતના આત્મા પરમાત્માનું નામ, તંત્રમાર્ગમાં ચેતનાનું નામ સદાશિવ છે.

ચેતનાનાં મનમાં સંકલ્પ જાગે - આ તાંત્રિક વાક્ય છે. ચેતનામાં જ સંકલ્પ છે, પણ સુતેલો છે, એ જાગે ત્યારે ખબર પડે. મૂળમાં આત્મા અને તેની શક્તિ એક જ છે. ચેતના અને તેની શક્તિ એકજ છે. સંકલ્પ જ્યારે જાગે ત્યારે શક્તિ બને છે તેને જ સાંખ્ય કહે - તેને જ કુંડલિની કહે છે.

મા અને બાળક જેમ એકરૂપ - ઓતપ્રોત થયેલા છે તેમ ચેતના અને સંકલ્પ એક બીજા માં એકરૂપ થયેલા છે - સંકલ્પ જ્યારે જાગૃત થાય ત્યારે પ્રકૃતિ કહેવાય છે. લિંગનો સાચો અર્થ છે ચિન્હ લિંગ એટલે લીનમ ગમયતિ ઈતિ લિંગમ - લીન થયેલ એટલે સંતાયેલ આનંદ છે ત્યાં સુધી લઈ જાયતે સૂક્ષ્મ દેહ - વેદાન્તનો અર્થ સૂક્ષ્મદેહમાં બેસીને જ જાણી શકાય. વેદાન્ત નું કવચ - બદામનાં કોચલા જેવું કડક છે પણ અંદર જતાં બદામ (મગજ) પ્રાપ્ત થાય છે. લિંગ દેહ એટલે આપણે પોતે.

(સંકલ્પ) ભાગવત (દશમ સ્કંધ), નિ:સંકલ્પતા થી કામ જીતાય. નિ:સંકલ્પતા, સંકલ્પ કરવાનો નહીં. કોઈ પણ ધર્મકાર્ય કરતા પહેલા આપણે સંકલ્પ કરીએ છીએ વેદ કહે છે સંકલ્પ કરો છો ત્યારે મન વિકલ્પો પણ ઉભા કરે છે, આમાં અટવાવો નહીં, બધુ સહજ થવું જોઇએ.

સંકલ્પ = સમ + કલ્પ. કલ્પ માં મૂળ ધાતુ કૃ છે યુક્તિ માટે સંસ્કૃત શબ્દ છે કિલ્પ

કિલ્પ માંથી કલ્પ (વ્યાકરણમાં) કલ્પ માંથી કલ્પના શબ્દ આવ્યો

કલ્પ = સમયનો જથ્થો.

આપણે કલ્પના કર્યા કરીએ છીએ, જેની કલ્પના કરીએ ત્યાં શરીર થી પહોંચાતુ નથી પણ કલ્પનાથી, મનથી ત્યાં પહોંચી જઇએ છીએ.

કલ્પના વ્યવહાર માં ઉતરે ત્યારે વિચાર બને. નિર્વિચાર બનો તો વેદાન્ત મળી જાય વિ = દૂર, ચર = જવું, કલ્પના જ વિચાર બને, અને જેનો આપણે વિચાર કરીએ છીએ, તેનામય બની જઇએ છીએ. ઈશ્વરમય થવું હોય તો બીજા વિચારો દૂર કરી શૂન્યાવકાશ ઉભો કરવો પડે, તોજ ઈશ્વરની સ્થાપના માટે જગ્યા થાય.

આપણો સ્વભાવ કલ્પના કર્યા કરવાનો છે - વેદાન્ત કહે છે કલ્પના જ વિચારમાં પરિણમે છે. કોઇ પણ ઈચ્છા ને જ કામ કહેવાય છે.

સર્વ કામનાઓ સંકલ્પ માંથી ઉભી થાય છે. જો સંકલ્પ ન કરીએ તો કામનાઓ પણ ઉભી ન થાય - આમ જ્ઞાનમાર્ગ કહે છે.

ઈચ્છા કરીએ એટલે આપણે આપણી જાતને અપૂર્ણ ગણીએ છીએ - તેવો અર્થ થયો - આપણે જો પૂર્ણ જ છીએ તો સંકલ્પ - વિકલ્પ શા માટે, તેને છોડો. તમારી બુધ્ધિ સંકલ્પ વિકલ્પ નું લુગડું ઓઢીને ફરતી હોય છે. તમારે પરમાત્માને (ધણીને) મળવું હોય તો આ બુધ્ધિ ને સંકલ્પ વિકલ્પ રહિત કરવી પડે, આ જ્ઞાનેશ્વરીની ઓવીનો સંદેશ છે.

રોજીંદી જીંદગી માં સંકલ્પ નો અર્થ છે - ઈદમ સમીચિનમ, ઈદમા સમીચિનમ,

ઈતિ યા બુધ્ધિ: સા સંકલ્પ: ।।

આ સંસાર માં આપણને કંઈક ગમે, પછી આપણી ઈચ્છા જાગે કે આ મારૂં થઈ જાય તો - અને આમાંથી જ મારામારી ઉભી થાય.

શ્લોકનો અર્થ - આ સારૂં છે, આ સારૂં છે - આવી વૃત્તિનું જ નામ સંકલ્પ છે.

ભાગવતમાં પૂતનાવધ છઠ્ઠા સ્કંધમાં શા માટે આવે છે?

સારૂં કહોતો - સામે બુરૂં પણ આવે, અને રાગ - દ્વેષ પણ આવે આ સ્થિતિ ઉભીજ ન થાય જો આવા કલ્પ મન માં ઉભા થાય નહીં તો આને લીધે જ સંસારમાં ખેંચાખેંચી ઉભી થાય છે.

ભક્તિમાર્ગ કહે છે, સારો સંકલ્પ કરો ભગવાન લક્ષી સંકલ્પ થવો જોઈએ, ઘરને મંદિર બનાવો, તમે ટ્રસ્ટી બનો, સન્યાસ એટલે ટ્રસ્ટીશિપજ છે - માલકિયત ભાવ છોડો આપણે સંકલ્પ વિના રહી નથી શકતા, તો સત્ સંકલ્પ કરો, ઠાકોરજીનાં ઘરમાં હું રહું છું તેવી ભાવના કેળવો, આપણો અહંકાર ઘણી જ ઝીણી ઝીણી વાતોમાં આવી જાય છે. જ્યાં સુધી અહંકાર છૂટતો નથી ત્યાં સુધી વેદાન્તમાં પદાર્પણ થતું નથી. અધ્યાત્મમાં ઉતરાતું નથી.

જીવનનાં ત્રણ પ્રકાર છે:-

૧) પત્થર પર કોતરેલી લકીર સાસુ વહુનાં સંબંધ ૨) રેતી પર ખેંચેલી લકીર (રજસ) ૩) પાણી પર કોતરેલી લકીર (સત્વ) - આ ત્રણ કરતા પરે ગયો તે ત્રિગુણાતીત

શ્રી સૂક્તનો પહેલો શ્લોક -

શ્રી સૂક્તનો પાઠ શ્રી યંત્રની પૂજા કરતી વખતે કરવો, હિન્દુઓમાં મૂર્તિની પૂજા છે. તાંત્રિકો યંત્રની પૂજા કરે રોજ પૂજા કરવાથી તે જીવંત બને છે. જીવંતતા માટે - પહેલા પ્રાણપ્રતિષ્ઠા અને રોજ પૂજા થવી જરૂરી છે. બે પૂજા વચ્ચે (૨૪ કલાકથી વધારે સમયગાળો થવો જોઈએ નહીં)

શ્રીયંત્રનો મિડલ પોઈંટ શ્રી દેવી છે અને તેમના ૧૦૦૦ નામો છે. દુર્ગા, સરસ્વતી, લક્ષ્મી, મહાલક્ષ્મી, શારદા વિગેરે શ્રી યંત્રની પૂજા ષોડશોપચાર થી કરવાની હોય છે.

વેદ વિહિત જ્યારે કરો છો ત્યારે શ્રી યંત્રની પૂજા શ્રી સૂક્ત થી કરાય, નિગમમાર્ગ તંત્રમાર્ગમાં શ્રી યંત્રની પૂજા - લલિતા સહસ્ત્ર નામથી કરાય આ આગમમાર્ગ છે. આગમ નો અર્થ - ગુરૂનાં મોઢામાંથી આવ્યું અને શિષ્યનાં કાનમાં ગયું તે આગમ.

“આગતમ શિવ વક્તોમ્યમ” શંકરનાં મોઢામાંથી આવ્યું અને પાર્વતીનાં કાનમાં ગયું આ તંત્રમાર્ગ નો આગમવાદ શિવ અને પાર્વતી વચ્ચે ગુરૂશિષ્ય સંબંધ છે. પ્રેમ સંબંધ છે, આ પ્રેમનો વિસ્તાર સર્વ માટે થવો જોઈએ, આ પ્રેમનો ગુણ, સ્ત્રિયો માં વધારે હોય છે.

(ઈશુ) આ પ્રેમભાવ નો સંપૂર્ણ સ્વીકાર જેસસ ક્રાઈસ્ટે કરેલ છે.

તેનું નામ ઈસા એટલે ઈશ્વર જ છે, તેનાં ગુરૂ શૈવતંત્ર માર્ગી જ હતા, આજે પણ કાશ્મીર માં તેમની કબર છે. ઈસુ હિમાલય પર ૩૦ વર્ષ રહયા, સલમાન રશદી તેની બુક સેતાનિક વર્સેસ માં પયગંબર જ બોલ્યા છે તેવું કહે છે. જે મુસલમાનો સ્વીકારતા નથી મૂર્તિપૂજા કરો ક્રોસ ને નમન કરો અથવા મુસલમાન કાબામાં પથ્થર ને પૂજે આ બધું એક જ છે ઈશ્વરનું કોઈ પણ એક ચીન્હ દરેકે અપનાવ્યું છે.

ઈશ્વર કયા રૂપમાં તમારા આંગણે આવે, કહેવાય નહીં રૂપ, રસ, શબ્દ, ગંધ, સ્પર્શ કોઈપણ રૂપે આવી શકે, પયગમ્બરને અલ્લાહની સુગન્ધ આવી (ત્રણ દિવસ).

તંત્રમાર્ગમાં ગંધ (સુગન્ધ) નું મહત્વ છે. - ભાગવત ની રાસલીલા તંત્રવિદ્યા જ છે - ગોપીઓ ને જ્યારે કૃષ્ણ અંર્તધ્યાન થયા પછી સુગન્ધ રૂપે કૃષ્ણની હાજરી જણાઇ

અઘોર = જે ભયંકર નથી તે, અઘોર તંત્રમાર્ગનો શબ્દ છે શંકર માટે પણ અઘોર શબ્દ વપરાયો છે ભોગનો ત્યાગ કરો તો ઈશ્વર મળે તેમ કહેવાય છે પણ ભોગમાં પણ ઈશ્વર છે. ભોગ ભોગવો પણ તેમાં ચોંટો નહીં ભોગવો પણ સંયમ રાખો, ભોગમાં શક્તિ વેડફો નહીં અવધૂત, અઘોરપંથનો શબ્દ છે. - અવધૂત એટલે છે તો ભલે ન હોય તો પણ ભલે.

જેમ સૂર્ય આવતો નથી તેનો પ્રકાશ આવે છે - તેમ ભગવાન સદેહે ન આવે તેની સાબિતી આવે છે. વેદમાં અદિતિ - જે ખંડન ન કરે તે - અદિતિમાંથી આદિત્ય

દિતિ - જે ખંડન કરે તે - દિતિમાંથી દાનવ

દ્યો (દ્યો) = ખંડન. ખંડન કરીએ છીએ (ભાગલા પડે છે)

બધામાં ઈશ્વરને જુએ તે આદિત્ય - અદિતિ - દેવોની માતા ઈશ્વરની સત્તાને માને નહીં તે અસુર.

દૃષ્ટા એટલે પશ્યક  પશ્યક ને ઉંધુ કરો તો કશ્યપ- દિતિ અદિતિ નાં પિતા દૃષ્ટા દ્વારા દ્રષ્ટિ થકી થાય તે દર્શન, દર્શન ભેદભાવનું થવું જોઇએ નહીં.

વેદાન્તનો વિચાર - અદ્વૈતનો છે - વેદનો સાર છે - એક જે “સત તત્વ” છે આનેજ વિદ્વાનો જુદા જુદા પ્રકાર કરીને બોલે છે.

બધામાં એક જ સત્તા છે - સર્વત્ર એક જ સત્તાનું દર્શન કરવું એ અદ્વૈત છે, અદ્વિયાત્મતાવાદ છે. સર્વત્ર વ્યાપ સત્તા ની અનુભૂતિ - આત્મામાં થાય - અંતરનું આકાશ બહારનાં દૃષ્ટ આકાશ જેટલુંજ વિશાળ છે. વેદાન્ત હૈયામાં ઉતરે તો ભક્તિ, વેદાન્ત બુધ્ધિમાં ઉતરે તો જ્ઞાન, વેદાન્ત હાથ પગમાં ઉતરે તો કર્મ

વેદાન્ત કહે છે, સંસારમાં રહો અલિપ્ત થઇને રહો, બીજાને આપી ને ખાઓ, “ત્યેન ત્યક્તેન ભુંજીપાં”

(શ્રી) સૂક્ત નો પહેલો શ્લોક.

હે અગ્નિદેવ, હે સૂર્ય ને આ વિનંતી છે, જાતવેદ,  હે અગ્નિદેવ. જાતવેદ એટલે, જન્મતાની સાથે જ જ્ઞાન જેને છે તે અગ્નિને વિનંતી શા માટે, બધા દેવોનો નિવાસ અગ્નિમાં છે ૩૩ કરોડ દેવતા અગ્નિમાં રહે . અગ્નિ એટલે દેવોનું મુખ, અગ્નિ એટલે ગતિ, એશ્વર્ય ગતિથી જ મળે, વસ્તુ ની શક્તિ નેજ ગતિ કહે છે.

ચૈત્યપુરૂષ, ચૈતન્યરૂપ પરમાત્મા

તંત્રમાર્ગ માં અગ્નિની શક્તિ ને જ ચૈત્ય પુરૂષ કહે છે, જાતવેદ એટલે ચૈત્યપુરૂષ તંત્રમાર્ગમાં - ઈશ્વરનું અવતરણ ઉપરથી થાય - તેની શક્તિનું અવતરણ પણ ઉપરથી જ થાય, ચેતના ઉપરથી શરીરમાં ઉતરે, બધા ચક્રોને ગતિમાન કરી મૂલાધારમાં સ્થિર થાય છે, તેજ કુંડલિની કહેવાય છે.

માણસ જ્યારે મરે ત્યારે સૂક્ષ્મદેહ છૂટે આ સૂક્ષ્મ દેહ જ લિંગદેહ છે - એસ્ટ્રલ બોડી છે, લિંગદેહમાં, કારણ દેહમાં સ્ત્રી પુરૂષનો ભેદ નથી, આ ભેદ આપણી દ્રષ્ટિમાં જ છે, સ્ત્રી પુરૂષ પણ આપણી કલ્પના છે, જીવાત્મા અને પરમાત્મા બન્ને પુરૂષ છે.

બ્રહ્મ સ્ત્રી પણ નથી પુરૂષ પણ નથી, નાન્યેતર છે.

સર્વત્ર અભેદ દર્શનમ આ વેદનો સાર છે.

(ભાગવત) દશમ સ્કંધ, કૃષ્ણ ચરિત્ર છે.

અગિયારમાં સ્કંધ કૃષ્ણનું તત્વજ્ઞાન છે. કૃષ્ણ પોતાનું જીવન તત્વજ્ઞાન સાથે જ જીવ્યા છે.

દશમ સ્કંધ સર્વ મતમતાંતરો ને ભેગા કરે (ઇતિ-ઇતિ), ૧૧માં સ્કંધ મતમતાંતરો ને નકારે છે (નેતિ - નેતિ) ડિફરન્સેસ માં યુનિટી જોવી, એ વેદાન્ત (જૈનો નો અનેકાંતવાદ) મન શબ્દનો અર્થ જે નથી તે એટલે કે વાસ્તવમાં મન છે જ નહીં. (મનણું કરે તે મન), આપણે વિચારો કરીએ છીએ, સંકલ્પ વિકલ્પ કરીએ છીએ, આનું નામ મનણું, હકીકતમાં મન જેવું કંઇ છે જ નહીં.

(સૂત્ર) કથા મનોરંજન માટે નથી, મનોમંથન માટે હોય છે. શ્રોતાનાં મનમાં અધ્યાત્મ બીજ રોપવાની ક્રિયા "કથા" છે. વાવવાની વાત છે. પાક ઉગે ત્યારે કંઇક નકામું (ઘાસ ઇત્યાદિ) જેવું પણ ઉગી આવે (સત્કર્મોનો અહંકાર સત્સંગ થી પ્રાપ્ત થતા જ્ઞાનનું અભિમાન, વિગેરે), તેનું નિંદામણ ગુરૂ કરે, સદગુરૂ કરે.

"શ્રી રામ પંચવટી માં વસે અર્થાત પંચતત્વોનાં બનેલ આ દેહમાં વાસ કરે છે."

(ભાગવત) ૨.૪.૨૦૦૨ યોગમાં કુંડલિની એક શક્તિ છે તેજ બ્રહ્મ શક્તિ છે. આ શક્તિ ની કળા જ પ્રકૃતિ છે. કલાકાર અને કલા સાથે જ હોય, એનું જ નામ બ્રહ્મ અને માયા, વિષ્ણુ અને લક્ષ્મી, શિવ અને પાર્વતી, શક્તિમાન અને શક્તિ છે. ક્રિયામાં દ્વૈત રાખવાનો ચાલે, ભાવમાં અદ્વૈત રાખો. ઘરમાં દરેક સ્ત્રી લક્ષ્મીસ્વરૂપ છે પણ સંબંધો બધાની સાથે જુદા છે. એક સ્ત્રી માં છે, સાથે કોઇની પત્ની, કોઇની દિકરી છે.

યોગમાં કુંડલિની આપણા છ ચક્રોને ભેદીને સહત્રાર પર પહોંચે, આ સંકેત ભાગવતમાં વપરાતા સાતગાંઠવાળા વાંસ માટે છે. ભાગવત યોગ જ છે. અંતકરણ શુધ્ધિ માટે નો.

ઉપવાસનો અર્થ પેટનાં આકાશને અવકાશ આપો આપણી કુંડલિની આખી જિંદગી ખોરાક પચાવવમાં જ વ્યસ્ત રહે છે.

તેને મોકો મળે તો એ ચક્રભેદ કરે, આ મોકો આપવાનો તે ઉપવાસ છે. ઉપનિષદ, બ્રહ્મસુત્ર, ભગવતગીતા એ પ્રસ્થાનત્રયી છે તેમાં ભાગવત ઉમેરતા પ્રસ્થાન ચતુષ્ટય થયું.

જ્ઞાનેશ્વરી તંત્રમાર્ગની ટીકા છે, ભાગવત માં ગીતા છે, ગીતામાં કૃષ્ણ અર્જુનને આલિંગન આપી શક્તિપાત આપ્યો કહેવાય.

ભાગવત બધા પુરાણોનો પ્રતિનિધી છે.

વેદાન્ત :-

અંત સાર, વેદાન્ત એટલે વેદનો સાર વેદ મૂળ છે, તેમાં યોગ, કલ્પ વિગેરે ભેળવાયાં છે. અરબિંદો વેદને બરાબર સમજીને આપણને વેદનો સાર સાવિત્રી માં આપ્યો છે, સાવિત્રી એટલે ગાયત્રી.

પ્રસ્થાનત્રયી, પ્ર = સારી રીતે, સ્થાન = જગ્યા

એવી જગ્યા જ્યાં બધા વિકલ્પો શાંત થાય છે, કોઇ હલાવી શકે નહીં, માણસને જ્ઞાનનું જ્ઞાન હોય તેમ અજ્ઞાનનું પણ જ્ઞાન હોય.

પગ બે છે પણ ચાલ એક છે, ચાલ બે પગે થાય છે.

જ્યાં કોઇ હલાવી શકે નહીં, એવાં શાસ્ત્ર પ્રસ્થાનત્રયી, પ્રસ્થાનત્રયી, રસ્તો પણ છે અને ધ્યેય પણ છે.

પ્રસ્થાનત્રયી માટે શું સાધના કરવી પડે તેની પુસ્તક શિવાનંદજી એ "સાધના" લખી છે શિવાનંદજીનું લખેલું પુસ્તક ઉત્તમ છે. શિવાનન્દજી (હરિદ્વાર વાળા) (ચિન્મયાનંદનાં ગુરૂ તપોવનજી, તપોવનજી નાં ગુરૂ શિવાનંદજી).

ક્રિયા જગતમાં સંસારમાં રહી - ભાવજગતમાં ઇશ્વર સાથે રહેવાનું આજ બ્રહ્મસંબંધ છે.

કૃષ્ણ યોગી નથી, પણ યોગી છે, ત્યાગી નથી પણ ત્યાગી છે, કારણ એ શિવ પણ છે, પાર્વતી પણ છે,એ પૂર્ણ પુરૂષોતમ છે. કૃષ્ણ વર્તુળ પણ છે, ત્રિજયા પણ છે, કૃષ્ણ અનની છે. તમે પણ કૃષ્ણ જ છો, આખું

વિશ્વ ભગવાન જ છે અહંકારને છોડો સૂક્ષ્મ, સૂક્ષ્મ કરો, કરતા કરતા એ રહે જ નહીં.

જેમ દરેક સ્ત્રીમાં માતૃત્વ છે.

દરેકે દરેક જીવમાં ચેતના છે. બ્રહ્મ પણ ચેતના છે, આપણે પણ ચેતના જ છીએ, આખું જગત ચેતનામય છે. આ ચેતનતત્વથી જગત ઈશ્વર સાથે જોડાયલું છે.

પહેલું પ્રસ્થાન ઉપનિષદ છે, તેનું નામ છે શ્રુતિ પ્રસ્થાન, બીજું પ્રસ્થાન, બ્રહ્મસૂત્રનું નામ છે ન્યાય પ્રસ્થાન ત્રીજું પ્રસ્થાન ભગવત ગીતા નું નામ છે સ્મૃતિ પ્રસ્થાન.

જે દિવસે પોતાની જાતને સમજો હું જ બ્રહ્મ છું, આજ શ્રુતિ પ્રસ્થાન છે તમે સાંભળો છો સમજ્યા અને અજ્ઞાન દૂર થયું, હું જ બ્રહ્મ છું તે જ્ઞાન થયું, સાધિક માં શક્તિ છે, બ્રહ્મતત્વનાં ગોળાને પકડવાની. નાનકડા બીજમાં મોટુંવૃક્ષ થવાની ક્ષમતા છે. તેમ તમારા માં પણ આ સંભાવના છે બ્રહ્મ થવાની તમે બ્રહ્મ છો.

શ્રુતિ જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે બ્રહ્મસૂત્રમાં ૫૫૫ સૂત્રો છે, બ્રહ્મસૂત્ર દર્શનશાસ્ત્ર છે, તત્વજ્ઞાન ભરેલ છે. આમાં તત્વજ્ઞાન ને ન્યાયપૂર્ણ (લોજીકલ) બતાવ્યું છે. સચોટ સમજાવેલ છે.

તૃતીય પ્રસ્થાન છે સ્મૃતિ પ્રસ્થાન આ સ્મૃતિ શિરોમણી છે. ચૂડામણી છે ભાગવત ચૂડા એટલે સિર પર બનાવેલ કેશ સજ્જા, તેમાં રાખેલ શ્રૃંગારિક આભૂષણ, ચૂડામણી એટલે સવશ્રેષ્ઠ બધાને ગમનારૂં ભગવતગીતા સ્મૃતિ ગ્રંથ છે, મુક્તિ પ્રસ્થાનનું અર્થઘટન (બ્રહ્મસૂત્રનું) ભગવતગીતામાં છે.

“ઉર્ધ્વમૂલમ અધ:શાખમ” આપણું મૂળ (શિર) ઉપર છે. શાખાઓ (હાથ-પગ) બધું નીચે છે, આ શ્લોક “ગાગરમાં સાગર” છે. ભગવતગીતામાં ભક્તિને બહુ ઓપ અપાયો નથી, એટલે પુરાણો લખાયા, આ પ્રસ્થાનત્રયી નો ચોથો પગ બન્યું છે આખું તત્વજ્ઞાન આ ચાર પાયા પર ઉભું છે.

અરબિંદો એ સમજાવેલ ભાગવતનું સાર તેમના પટ્ટશિષ્ય એમ. બી. પંડિત એ આપેલ છે. ગુજરાતીમાં અંબાલાલ પુરાણીએ અનુવાદો આપ્યા છે.

જ્ઞાન મેળવવાની વસ્તુ નથી, અજ્ઞાન દૂર કરવાનોછે. ભાગવતનો અધ્યાત્મ નારાયણીમ્ ઉપનિષદ છે. વેદમાંથી વહેતો આવતો ભક્તિમાર્ગ ઉપનિષદ છે, જે પુરાણોમાં આવ્યો, ભક્તિને ઓપ મળ્યો ભાગવતમાં.

ભક્તિમાર્ગેજ કૃષ્ણને પ્રાપ્ત કરી શકાય, જ્ઞાનેશ્વરી માં કહ્યું છે, બધું છોડી ને (ખંખેરીને) એક સારતત્વ (બ્રહ્મતત્વ) ને પકડી રાખો.

જમણાં પગનાં અંગૂઠા પર પિનિયલ ગ્લેન્ડ નો બીજો છેડો આવે છે, વિવેકાનંદની છાતીપર રામકૃષ્ણે જમણાપગનો અંગૂઠો મૂકી સાક્ષાત્કાર કરાવેલ.

મહાભારતનાં ૧૮ પર્વોમાં ૧૮,૦૦૦ ઉખાણા છે. એક ફૂલમાં પાંચ વાસ? (દૂધ, દહીં, છાસ, માખણ, ઘી.)

ગણપતિ અને વ્યાસનો શું સંબંધ?

નેપાલમાં એક જાતિ હતી ગણપતિ, તે લોકોનું કામજ લખવાનું વ્યાસે એક ગણપતિને રોક્યા હતા. રામાયણ, મહાભારતની વચ્ચે ૫૦૦૦ થી ૮૦૦૦ વર્ષનો તફાવત છે. રામાયણ પુરાતન છે.

યુધ્ધ ચાલૂ હતું ત્યારે કૃષ્ણે અર્જુનને આવા શોરબકોર માં ગીતા કહી કઈ રીતે?

યુધ્ધ માટે વેદમાં વાક્ય છે, “મમ સત્યમ” હું જ સાચો છું, આ ધારણાથી જ યુધ્ધ થાય છે. યુધ્ધમાં પ્રકારો જુદા જુદા હોય, કાળાનુસાર રામાયણ સમયે સંકુલ યુધ્ધ થયું, બન્ને પક્ષીય સેના આમને સામને મહાભારત સમયે દ્વન્દ્ર યુધ્ધ થયું અશ્વદળની સામે અશ્વદલ, પાયદલની સામે પાયદલ... અક્ષોહિણી સેનામાં ૪૦ લાખ માણસ (સૈનિકો) હતા.

અધ્યાત્મિક અર્થ કાળ એક કલ્પના છે, અહીં ભારતમાં દિવસ છે તો પશ્ચિમ માં રાત છે, આનંદમાં સમય

ટુકો પડે, દુઃખમાં સમય લાંબો થાય છે, વર્તમાન ક્ષણમાં છે, ભવિષ્ય કલ્પનામાં છે આમ કાળ એક કલ્પના જ છે. કાળથી પરે ગયેલ  કાળાતીત છે.

કાળાતીતનો વિચાર કાળમાં બંધાઈને થાય નહીં, સ્વપ્નમાં કાળ હોતો નથી વાસ્તવમાં પણ કાળ હોતો નથી (સ્વપ્નમાં ટુંક સમયમાં માણસ ઘણું બધું જોઈ જાય છ, મોટો થઇ જાય છે.)

પ્રેમમાં બોલ્યા વગર બધું સમજાય તો જ્ઞાનમાં તો સમજાય જ, જાય ગુરૂ શિષ્યની વચ્ચે એકતંત્રતા હોય તો વિચારોની આપલે ઝડપથી થઇ જાય કૃષ્ણની શક્તિનું આરોપણ અર્જુનમાં થયું અને અર્જુને ગીતાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું અર્જુન સમજ્યો છે એ સંજય સમજી શક્યો ધૃતરાષ્ટ કોરોધાકોર રહી ગયો.

ગીતા નિત્ય નૂતન છે જેટલી વાંચો સાંભળો નવા નવા અર્થો પ્રાપ્ત થાય કૃષ્ણે અર્જુનને પ્રેમથી આલિંગન આપીને શક્તિ પ્રાપ્ત કરી ગીતાજ્ઞાન આપ્યું, આ તંત્રમાર્ગની વિચાર ધારા છે શિષ્યને એક ક્ષણમાં આ જ્ઞાન આપ્યું આ તંત્રમાર્ગ ની વિચાર ધારા છે, શિષ્ય ને એક ક્ષણમાં આ જ્ઞાન પ્રાપ્ત થઇ જાય છે.

પૂનાનાં ગુળવણી મહારાજ તંત્રમાર્ગના હતા શક્તિપાત આપી શકવાની ક્ષમતાવાળા હતા.

મહેતર એટલે મહત્તર (સંસ્કૃત શબ્દ) બધાનું મેલું ઉપાડનાર મહત - મહૈતર - મહત્તમ

ગુળવણી મહારાજ એક મહેતરના સાતવર્ષનાં છોકરાને શક્તિપાત કરાવી વેદની ઋચાઓ બોલાવડાવી,

તંત્રમાર્ગમાં શબ્દ, આંખ, સ્પર્શ, મનની સ્મૃતિ થી ગુરૂ શિષ્યને દીક્ષા આપી શકે છે, બે ધન વિદ્યુત (ચેતના, ઉર્જા) નું આદાન પ્રદાન થાય જીવંત આદાન પ્રદાન. અર્જુન સુપાત્ર હતો એટલે કૃષ્ણે પોતાનું પોતાપણું અર્જુનને આપ્યું.

અર્જુનનાં રથમાં ઉપર કપિધ્વજ હતો, આ કપિધ્વજ એટલે સૂર્યનું પ્રતીક છે.

કપિ = કં + પિ

મંત્રશાસ્ત્ર ની ભાષા “અમકાર” માં છે (મીંડુ)

કુંડલિની જાગૃત થઈને ઉપર આવે ત્યારે વ્હમ નાદ આવે વં, વં, વં. બીજમંત્ર બધાં “અમકાર” વાળા છે. કં નો એક અર્થ (૧) સુખમ (૨) પાણી. કેશ, કે નો ઈશ, સુખનો ઈશ, જે તમને સૌંદર્ય આપે છે તે કેશ.

કાંતા = સુખ આપનાર પત્ની, કાંત = સુખ આપનાર પતિ, કમલ = જલના મલ માંથી ઉપર આવેલ ક ઉપસર્ગ આગળ લાગેતો સુખદર્શક છે, ક પાછળ લાગે તો ખરાબી દેખાડે, નરક.

સુખ આપનાર, જલપીવાવાળો (સૂર્ય) કપિ

સૂર્ય એ યાસ્કાચાર્યજીએ કપિનો આપેલો અર્થ છે, અર્જુન દેવસેનાનો અધિપતિ છે એટલે તેની ધ્વજા પર સૂર્યનું ચિન્હ છે. અર્જુન સૂર્યવંશી છે.

પૂર્ણ કોને કહેવાય? પૂર્ણ નિગુર્ણનું પ્રતીક છે. એને સગુણ બનાવવા કૃષ્ણ બનાવ્યો. પૂર્ણ એટલે આ પણ છે ને તે પણ છે. ચોર પણ છે અને ચોરનો પકડનારો પણ છે.

વસ્તુ મહત્વની નથી તેનું પરિણામ મહત્વનું છે. કૃષ્ણે કદી ગુસ્સો કર્યો નથી કોઇ ને શ્રાપ આપ્યો નથી. ભાગવતમાં ટીકાકારો કેટલા?

શ્રીધરસ્વામી મંત્રવિદ્યા, તંત્રવિદ્યાનાં ખાં હતાં. “શિવો વેતિ શુકો દિત્ત, વ્યાસો વેત્તિ ભાગવત” શિવથી શુક, શુક થી વ્યાસ સુધી આવ્યું. મંત્ર જો ત્રીજી વ્યક્તિ (ગુરૂ-શિષ્ય સિવાય) સાંભળે તો મંત્ર ફોકટ જાય શ્રીધર સ્વામીને નરસિંહ ભગવાન (તંત્રમાર્ગ ના હતા) ની કૃપાથી ભાગવત પૂરેપૂરી સમજાઇ.

તંત્રવિદ્યામાં ઉંબરના ઝાડનાં રસનો ઉપયોગ બહુ થાય ઉંબરનાં ઝાડના રસમાં વશીકરણની ક્ષમતા હોય છે આ રસમાં કર્મ નાશિની શક્તિ છે, મેલી વિદ્યાનાં સંસ્કારો દૂર કરવાની શક્તિ છે રત્નોમાં પણ જે ખોટી શક્તિ છે તે દૂર કરે.

ગુરૂજ્ઞાન આપતો નથી અજ્ઞાનનું આવરણ દૂર કરે. આને આવરણભંગ કહે છે, આ જ્ઞાનમાર્ગ છે., ભક્તિમાર્ગ કૃષ્ણની ભક્તિ કરો તો કૃષ્ણ પ્રેમથી તમારૂં આવરણભંગ કરે (અજ્ઞાન દૂર કરે)

ઉપાસના, આરાધના, સાધના, અંશદાન, સમયદાન આ પાંચ તત્વો તમારા જીવનમાં રોંજિંદા જીવનનો નિયમ બનવો જોઈએ. અંશદાન તમે જે સહજ રીતે કરી શકતા હો તમારી સંપતિમાંથી તેટલું દાન કરો.

સમયદાન કોઈને મદદ કરો, સારા સંસ્કાર આપવા વિદ્યાદાન વિગેરે માટે સમય કાઢવો. ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, ભગવતગીતા પ્રસ્થાનત્રયી કહેવાયું. પ્રસ્થાનત્રયી શંકરાચાર્ય પૂર્વેનાં તત્વજ્ઞાની અને શંકરાચાર્ય સુધી પ્રસ્થાનત્રયી કહેવાયું ત્યારપછી ભાગવત ઉમેરાતા આ પ્રસ્થાનત્રયી, ચતુષ્ટય થયું, ભાગવત માં પુરાણોનો આધાર લીધેલ છે.

ઉપનિષદનું તત્વજ્ઞાન, તત્વજ્ઞાનનું મૂળ વેદમાં છે. તત્વ મસિ શ્વેતકેશો આ વાક્યમાં છે. તત + ત્વમ + અસિ, તે + તૂ + છે તે તૂ છે, આમાં ઉપનિષદ શું કહેવા માગે છે? જ્ઞાનમાર્ગનીવાત છે. તે તૂછે, આ શબ્દનો લક્ષણા અર્થ લેવાનો છે, જે સત્તા તત ની છે તેજ ત્વમ માં પણ છે.

તત માં વ્યાપકતા છે, ત્વમમાં સંકીર્ણતા છે, બન્નેની વ્યાપકતા, સંકીર્ણતા છોડો તો બન્ને નું મૂળ એક જ છે. તેને પકડો.

તત્વમસિ = તસ્ય, ત્વમ, અસિ; તમે, તેના, છો; તેના, તમે, છો.

આ ભક્તિમાર્ગનો અર્થ છે, તમે વાયુનાં નથી, અગ્નિનાં નથી (પંચતત્વનાં નથી) મનના નથી બુધ્ધિનાં નથી, સૂક્ષ્મદેહનાં નથી, કારણદેહનાં નથી, ક્ષિલ્લક રહેલ બ્રહ્મતત્વનાં છો.

અભિધા, લક્ષણા, તાત્પર્ય, આ શબ્દો નાં અર્થોને પકડવાની આપણી વૃત્તિઓ છે.

દુનિયામાં બધું જ્ઞાન વાંચવા લખવા થી નથી મળતું, ઘણું અનુભવથી પણ શિખાય છે.

અનુભવ થી પ્રાપ્ત થયેલ જ્ઞાનથી જે નિચોડ મળે છે તે તત્વજ્ઞાન છે.

તત્વ ધ્યાનમાં આવે તેના માટે શું કરવું? સદગુરૂ મળે તો ક્ષણમાં આ જ્ઞાન પ્રાપ્ત કરાવે, આ અનુભૂતિનું જ્ઞાન, તંત્રમાર્ગમાં ગુરૂ ક્ષણમાં કરાવે, આ ગુરૂગમ્ય અનુભૂતિ છે, જેણે આનો અનુભવ કર્યો છે તે જ આનો અનુભવ કરી શકે અને તે ગુરૂ છે.

આ અર્થો વ્યાસે આપ્યા પછી આવ્યું ચતુષ્ટય, પ્રસ્થાનત્રયી માં ભાગવત સમાહિત થયું, ઉપનિષદો જીવન છે. (તેનું જ્ઞાન જીવન છે) વ્યાસે ઉપનિષદો નો સાર કાઢી સૂત્રોમાં આપ્યું - સર્વ ઉપનિષદોનું સાર "બ્રહ્મ" છે તેનું સાર સુત્રોમાં કાઢીને આપ્યું તે બ્રહ્મસૂત્ર ઉપનિષદ શ્રુતિ પ્રસ્થાન છે.

બ્રહ્મસૂત્રમાં ૫૫૫ સૂત્રો છે, જે ન્યાયસૂત્ર "બ્રહ્મ જન્માદ્યસ્ય યતા:" (ભાગવતનો પણ આ પહેલો શ્લોક છે) બ્રહ્મસૂત્રનાં સૂત્રો ન્યાય પ્રસ્થાન છે, તર્કસંગત છે, આમાં ફિલોસોફી સઘન રૂપ છે.

પ્રસ્થાનમયી નું ત્રીજું પ્રસ્થાન ભગવત ગીતા છે, તે સ્મૃતિ પ્રસ્થાન છે આ લખાણરૂપ માં છે, વ્યાસબોલ્યા ગણેશે લખ્યું બોલાયેલ છે સ્મરણમાં રહ્યું તે લખાયું તે, સ્મૃતિ પ્રસ્થાન (ભગવત ગીતા)

ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, ભગવત ગીતા બધું સૂત્રબધ્ધ છે જીવ જો પોતાની શક્તિ નો વિકાસ કરે,શ્રધ્ધારાખે પુરૂષાર્થ કરે તો તેમાં શિવ થવાની શક્તિ છે, જેમ વડનાં ટેટાનાં નાનામાં નાના બીજમાં વિશાળ વૃક્ષ થવાની ક્ષમતા છે.

વ્યાસની ગીતા નું  જ્ઞાન સ્મૃતિ જ્ઞાન છે. પ્રસ્થાનત્રયી માં ઉપનિષદનું જ્ઞાન બ્રહ્મસૂત્રરૂપે અને બ્રહ્મસૂત્રનું જ્ઞાન ભગવતગીતા રૂપે વ્યાસે આપણને આપ્યું છે.

શ્રુતિગ્રંથોમાં સૂત્ર પધ્ધતિ છે,

સ્મૃતિ ગ્રંથોમાં સૂક્ત પધ્ધતિ છે.

સૂત્રની વ્યાખ્યા (તત્વજ્ઞાનમાં):

"અલ્પાક્ષરમ, અસંદિધમ, સારંવત, વિશ્વતોમુખમ અસ્તોમમ, અનવદ્યંચ સૂત્રમ સૂત્ર કૃતો વિદુ:"

વરૂણનું બીજાક્ષર વં છે (વં બોલાય એટલે વરૂણ સમજવું)

(૧) અલ્પાક્ષરમ - બહુ થોડા અક્ષરો બોલાયેલ હોય (જરૂરી), (૨) અસંદિગ્ધમ - એકદમ સચોટ (૩) સારવત - (બધું રહસ્ય જેમાં આવી ગયું છે) (૪) વિશ્વોમુખમ - જેના મોઢા સર્વ બાજુમાં છે (૫) અસ્તોભમ - ગુંચળા વગરનું, એકદમ સરળ છે અર્થ કાઢતા તમે અટવાતા નથી. (૬) અનવદ્યંચ - ન બોલી શકાય તેવા શબ્દો વાપર્યા નથી.

આવી વાણી હોય તેને સૂત્ર કહેવાય અને બોલનાર સૂત્રધાર કહેવાય.

ઉતરમ્ રામચરિતમ ભવભૂતિ (લેખક) શાકુન્તલ - કાલિદાસ

વ્યાસેજ બ્રહ્મસૂત્રો લખ્યા અને તેમણેજ પુરાણો લખ્યા વિસ્તાર કરવો પડે ત્યાં વિસ્તાર કર્યો. જ્યાં જરૂર હતી ત્યાં સંકુચિત પણ કર્યું. મોરોપંતે ૧૦૮ વાર મહાભારત લખ્યું. જુદા છંદોમાં - મોરોપંત બારામતી ના રહીશ હતાં.

બ્રહ્મ એટલે શું? બ્રહ્મ કલ્પના બે પગ ઉપર ઉભી છે એક માં ફિલોસોફી નો સાર ગર્ભિત છે.

દેવી ની પૂજામાં ગુલાબનું ફૂલ વપરાય, તંત્રમાર્ગમાં લલિતાદેવી અનાહત ચક્રમાં વસે છે.

બ્રહ્મ શબ્દમાં મૂળ ધાતુ છે બ્રહ્મ વિસ્તારે (સંસ્કૃત અર્થ) વ્યાપે થોડીકજ સાકરમાં વિસ્તરી આકાર પામે બૃહતિ એટલે નિતંબ, ગર્ભધારણ માટે સ્ત્રીઓનાં નિતંબ માં પોલાણ મુકેલ છે. ગર્ભધારણ પછી વિસ્તાર પામે છે, ને પછી સંકોચાય છે.

બ્રહ્મસૂત્ર સૂક્ષ્મ છે પણ અતિવિસ્તાર પામે છે. એકમાં બ્રહ્મ સમાયું એટલે બ્રહ્માંડ કહેવાયું અનન્તતા સુધી જે વિસ્તરતું જાય તે બ્રહ્મ છે.

"અણોરણિયાણ મહતો મહિયાણ"

બ્રહ્મ શબ્દનો અર્થ વિકાસ પામવું જ જેની આદત છે તેનું નામ છે, "બ્રહ્મ". વર્ધનશીલ સ્વભાવ છે જેનો તે બ્રહ્મ. વર્ધન ક્યાં સુધી થાય? કલ્પના થી પરે.. રહસ્યનું દ્યોતન કરવાવાળો છે બ્રહ્મ, બ્રહ્મની વ્યાખ્યા ન સ્ત્રીલિંગમાં થાય, ન તો પુલ્લિંગમાં, તે છે સ્ત્રી તે છે પુરૂષ બ્રહ્મ આ દ્વૈતનાં પાટલાપર બેસે છે.

જીવ પોતાનાં અંશનો પરિત્યાગ કરે અને બ્રહ્મ પોતાનાં વિસ્તાર ને સંકોચે તો બન્ને એક જ છે.

બ્રહ્મ તત્વ અણુ પણ છે, અણુ પણ તૂટે તો તે રેણુ છે, બ્રહ્મ અણુ માં પણ છે, રેણુ માં પણ છે. બાળકનું પિંડ બંધાવા માટે ૪૮ ક્રોમોસમસ જોઇએ.

૨૪ + ૨૪ બીજાણુ, શુક્રાણુ તો બાળકી

૨૦ + ૨૮ બીજાણુ, શુક્રાણુ તો બાળક

૨૨ + ૨૬ બીજાણુ, શુક્રાણુ તો બાળક

સ્ત્રીઓ હંમેશા સમતોલ રહી શકે, પુરૂષોમાં ક્ષમતા નથી. તંત્રનાં પ્રકાર (૧) શૈવતંત્ર (શિવની પ્રમુખતા) (૨) શક્તિ તંત્ર (શક્તિ પાર્વતી ની પ્રધાનતા) (૩) ગાણપત્યતંત્ર (ગણપતિ) (૪) વૈષ્ણવ તંત્ર (વિષ્ણુ ની પ્રધાનતા).

આ શરીરમાં બધું બેના સમતોલ થી થાય છે. બધી ક્રિયાઓ બે પગે - ચાલએક, બે કાન - શ્રવણ એક, તેમ તંત્રમાર્ગ માં પણ વામતંત્ર, સત્ય તંત્ર છે. બન્ને તંત્રમાર્ગના જ ફાંટા છે.

દ્વૈતને માન્ય રાખી અદ્વૈત ને પામવાનું છે. બ્રહ્મ સ્ત્રી પણ નથી પુરૂષ પણ નથી છતા બન્ને છે તો શું છે? અનુભૂતિ કરવાની છે. સાકર કેવી છે? જાણવા ચાખવું પડે, અનુભવ લેવો પડે.

ઉપનિષદ - શ્રુતિપ્રસ્થાન, બ્રહ્મસૂત્ર - ન્યાય પ્રસ્થાન, ભગવત ગીતા - સ્મૃતિ પ્રધાન

ન્યાય પ્રસ્થાન વિજ્ઞાન આધારિત છે.

કોઈ પણ શાસ્ત્રમાં આટલી ચીજો હોય જ, વેદાન્ત પ્રમાણે ૧) વિષય ૨) પ્રયોજન ૩) સંબંધ ૪) અધિકારી

આ ચાર ભેગા થઈ અનુબંધન થાય.

૧) વેદાન્ત નો વિષય છે - “બ્રહ્મ”, ૨) વેદાન્ત શાસ્ત્રનું પ્રયોજન છે “મોક્ષ”, ૩) વેદાન્ત નો સંબંધ છે - પ્રતિપાદ્ય અને પ્રતિપાદક સંબંધ છે. ૪) વેદાન્તનો અધિકારી - પાત્રતા જોઈએ, તેની પાસે સાધન ચતુષ્ટય હોવું જોઈએ.

અધિકારી ની સંપતિ ૧) નિત્યાનિત્ય વસ્તુ વિવેક ૨) વૈરાગ્ય ૩) શમ, દમ, આદિ (ષટ્ સંપતિ) ઉપરોક્તિ, તિતિક્ષા, શ્રધ્ધા, સમાધાન.

શ્રધ્ધા ગુરૂ પર અને શાસ્ત્રો પર શ્રધ્ધા હોવી જોઈએ. ઉપર પ્રમાણે સંપતિ જેની પાસે હોય તે વેદાન્ત નો અધિકારી બને છે. સમાધાન એટલે બેલેન્સીંગ, ત્રાજવાનાં બે પલડા બરાબર હોય ત્યારે ઉપરનું જે એરો છે તે ઉર્ધ્વદિશા દેખાડે છે. સમાધાન ચિત્તમાં રહેવું જોઈએ. ક્ષર અને અક્ષર નું બેલેન્સીંગ થાય. ઈશારો પરમતત્વ તરફ તો પુરૂષોત્તમ થવાય. ભાગવતમાં બે શબ્દોમાં પકડાય ૧) નતિ (નમન) - “નમે તે પ્રભુને ગમે” ૨) સ્તુતિ (સ્તવન કરો)

સર્વ વેદાન્તો નું સાર “ભાગવત” છે.

પૂજામાં શંખ શા માટે? અડણી (શંખનું સ્ટેન્ડ) શા માટે? ગીતામાં શબ્દો જુદો અર્થ આપે છે અને રહસ્યવાદ જુદો છે.

(શંખ) પૂજામાં શંખ વગાડવો એ શુભ સૂચક છે, એટલે પહેલા શંખની પૂજા હોય. તંત્રમાર્ગમાં શંખનું મહત્વ ઘણું છે.

શંખ = શં + ખ (ખનતિ)

ખોદી ખોદી ને કલ્યાણ આપનાર તે શંખ છે.

શંખ વેદનું પ્રતીક છે. વેદ = જ્ઞાન

શંખમાં પાણી ભરી રાખી બધી જગ્યાએ છાંટવાથી અનિષ્ટ તત્વો થી બચી શકાય, રક્ષણ થાય.

શંખનાદ થી અનિષ્ટ તત્વો દૂર રહે. ભૂતપ્રેત શંખનો અવાજ સહન કરી શકે નહીં. શંખ ધ્વનિ મંગલ ધ્વનિ છે. જેને જેને ભગવાને વાણી આપી છે તે શબ્દ ઉચ્ચારી શકે છે. શબ્દમાં અસીમ તાકાત છે. તાકાત વહન કરવાવાળું શરીર હોવું જોઈએ.

(કાચબો), કાચબો ઈન્દ્રિય સંયમનું પ્રતીક છે. સંયમ કરી શકે અને વિકાસ કરી શકે તે કુર્માઅવસ્થા છે.

કાચબો સ્થિતપ્રજ્ઞતા નો ધોતક છે. વેદનો અધિકાર પ્રાપ્ત કરવા માટે સ્થિત પ્રજ્ઞ થવું પડે. તંત્રશાસ્ત્ર વેદને માનીને ચાલે છે. આગમ - વેદ , નિગમ - વેદ સિવાયનું શરીર રથ છે - ઈન્દ્રિયો ઘોડા મન લગામ (સ્યનંદન)

શરીરરૂપી રથમાં સારથીરૂપી પ્રભુ બેઠા છે. પ્રભુ બેઠા છે ત્યાં સુધી આ શરીરરૂપી રથ ચાલતો રહે છે. (અગ્નિદત રથ), મારા શરીરરૂપી રથને ભગવાન ચલાવે તેવી ભાવના હોવી જોઇએ, તો પ્રારબ્ધ કર્મ બંધાય નહીં.

બંધન કર્મનું થતું નથી, તેની પાછળ રહેલ કર્તાભાવનાં અહંકાર થી બંધન આવે છે.

શરીરરૂપી રથ વાપરવો પણ તેની માલિકી પ્રભુને સોંપવી. પરાભક્તિ - શ્રેષ્ઠ ભક્તિ

સંન્યાસ = સં + ન્યાસ = પકડતા આવડે તેમ છોડતા પણ આવડવું જોઈએ.

શ્રી સૂક્ત ૧લો શ્લોક

ગીતા, ભાગવતનાં શ્લોકો કહેવાય, વેદમાં તેને સૂક્ત કહેવાય (સારી રીતે બોલેલું) મહિમ્ન માં તેને સ્તુતિ કહેવાય સ્ટેટમેન્ટ ઓફ ફેક્ટ ને સૂક્ત કહેવાય (વસ્તુસ્થિતિ નું નિરૂપણ) સ્વાહા = સૂ + આહા. સમષ્ટિ નો વિચાર આવે ત્યાં “સૂ” વપરાય, હવનમાં જે વનસ્પતિ નાં લાકડા ની સમિધા વપરાય તે મારૂં તથા સમાજ બન્નેનું કલ્યાણ થાય છે એટલે સુ + આહા=સ્વાહા બોલાય, આહા આનંદનો ઉદ્‌ગાર છે.

આહાની અનુભૂતિ = બીજાને થતું દુ:ખ પણ પોતે અનુભવવું.

આપણા શરીરમાં ૭૨૦૦૦ નાડીઓ છે (જ્ઞાત) આપણે જે શ્વાસ લઈએ તેમાં પ્રાણ શક્તિ લેવાની કુદરતી શક્તિ આ નાડીઓમાં રહેલી હોય છે. આ શક્તિ એટલી સૂક્ષ્મ છે, જેનો અનુભવ કેવળ યોગીઓ લઈ શકે છે. પ્રાણ પ્ર(વિશેષ) + અન = (અત્યંત સૂક્ષ્મ હલચલ)

શ્વાસોચ્છવાસ ઝડપી તીવ્ર બને છે જ્યારે મનમાં ઉદ્‌વેગ આવે ત્યારે, તેની ગતિ બદલવા દોડો ઉદવેગ શાંત થશે. વેદનું કોઈપણ સૂત્ર લઈ એક લયમાં બોલો ઉદવેગ શાંત થશે. (ગણપતિ અથર્વશીર્ષ)

અધ્યાત્મ નાં સ્તર પર સૂત્રનાં બે અર્થ છે.

મૂળ સુધી લઈ જતો અર્થ:

શબ્દ નો અર્થ મૂળગામી થવો જોઈએ શબ્દની વપરાશ બરાબર કરતા આવડે અને સારી રીતે સમજાય તો તેનો અધ્યાત્મ “અધિ + આત્મ” સમજાય યાસ્કરાચાર્યજી એ આમ કહ્યું છે.

વેદ પર પહેલું સારી રીતે લખેલ ભાષ્ય યાસ્કરાચાર્યજી નું છે. બે ભાષ્ય ૧) નિરૂક્ત ૨) નિઘટું - વેદમાં જેટલા દેવ દેવીઓ છે તેનું એકત્રીકરણ કર્યુ છે. નિરૂક્ત = નિચોડ કાઢવો (પૂરેપૂરો અર્થ અને ટીકા) સંસ્કૃતમાં દિકરી નો અર્થ - ૧) કન્યા - જે માં બાપ ને બ્રહ્મ સુધી લઈ જાય તે કન્યા ૨) દુહિતા - પિયર + સાસરી બન્ને પક્ષનું હિત કરનાર, દિકરી - મારા ઘરમાં પ્રકાશ કરનારી.

મંત્રશાસ્ત્રને પકડીને તંત્રશાસ્ત્ર આવ્યું, બીજા ઉપર પોતાનાં સંસ્કારોનું આરોપણ કરવા માટે ચોખા વપરાય, ચોખા સારા નરસા બન્ને જાતનાં સંસ્કારો ને ગ્રહણ કરવાની શક્તિ ધરાવે છે.

હાથમાં પાણી લઈ ગાયત્રીમંત્ર બોલવાથી વસ્તુમાં આવેલ કુસંસ્કાર દૂર થાય (પાણી તેના પર છાંટવું), ભોજન ઉપર પર પાણી છાંટવુ. સ્થૂળનો આકાર વિકાર, પ્રકાર જુદા હોય, સૂક્ષ્મનો જુદો હોય, સૂક્ષ્મદેહ ને લિંગભેદ નથી, મનસતત્વમાં લિંગ ભેદ નથી, ગાયત્રીમંત્ર બોલતી વખતે ભૂ: ભુવ: સ્વ: શા માટે બોલવું?

વેદ ત્રિવિધકરણમાં માને - ૩ ગુણ (સત્વ, રજસ, તમસ), ૩ લોક (ભૂલોક, સ્વર્ગ, પાતાળ), ૩ દેહ (સ્થૂળ, સૂક્ષ્મ, કારણ).

જ્ઞાન વધે તેમ સૂક્ષ્મીકરણ વધતું જાય, ત્રિવિધકરણમાં પંચકરણ, પછી સપ્તકરણ આવ્યું.

યાસ્કરાચાર્યજી શબ્દનાં આધ્યાત્મિક અર્થ કાઢનાર, તંત્રશાસ્ત્ર - તંત્ર એટલે ટેકનીક,

આપણું શરીર "શ્રી" ને રહેવાનું તંત્ર છે. સારૂં કોમળતા-પૂર્વક બોલતા શીખવું તો જ્ઞાનેશ્વરજી જેવું બોલો. શબ્દનું ટોનિંગ હોવું જોઇએ. "શ્રી" નાં અર્થ શોભા, સૌંદર્ય, કાંતિ, આત્માવાદી.

શોભાને સૌંદર્ય બાહ્યશરીર તરફ જ્યારે સૌંદર્ય મનવાહી પણ છે.

તંત્ર = તન + ત્ર

શરીરની રક્ષાકરનારો - શરીરનું રક્ષણ કરનાર

તંત્રમાર્ગ શરીરનો તિરસ્કાર કરતું નથી. કોઇપણ વસ્તુનો અતિરેક થવો જોઇએ નહીં, બુધ્ધિ શક્તિ નો વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઇએ.

નંદી-શંકર ભગવાનની સામે જે નંદી બેઠો છે, તે ધર્મનું પ્રતીક છે. તેનાં ૪ પગ છે, પહેલો પગ જે પગ શંકર તરફ છે તે સત્ય છે.

તુ સત્ય છો તારી પ્રાપ્તિ માટે હું કષ્ટ કરીશ, તપ કરીશ આનો સંકેત પોતાની તરફ વાળેલો પગ, ત્રીજો પગ - દયા, ચોથોપગ - દાન છે. (પાછળનાં પગ વજ્રાસનમાં છે) દયા - વ્યવહારિક અર્થ દયાનો અર્થ પ્રેમ (યાસ્કારાચાર્યજી એ આપેલ) બધામાં એજ ઈશ્વરી સત્તા છે. બધાને પ્રેમ કરો, પ્રેમ એજ ઈશ્વર, ઈશ્વર એટલે પ્રેમ, સદભાવના જોઇએ તો પ્રેમ ઉદભવે આને સહાનુકંપા કહેવાય (બીજામાં પોતાનું પ્રતિબિંબ જોવું), આનું નામ દયા.

દયિતા જેનાં ઉપર હું પ્રેમ કરૂં. ભાવ શુધ્ધ રાખવા - એ માનસિક તપ છે. જ્યાં સ્ત્રીત્વ છે ત્યાં માતૃત્વ છે. તે દૈવીનું સ્વરૂપ છે. ભાવમાં અદ્વૈત રાખો, ક્રિયામાં દ્વૈત હોવું જોઇએ, માતા જે જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ થી પરેની તુરીય અવસ્થા સુધી મને લઇ જાય - "મામ તુરીયતે ઈતિ માતા"

અઘોર = દુનિયામાં ભયંકર કંઇ નથી, ભયંકર તમારા મનનો ભાવ છે (આ તંત્રમાર્ગની વ્યાખ્યા છે) વાઘણ તમને ક્રૂર લાગે પણ તેનાં બચ્ચાઓ માટે તેનામાં, માતૃત્વ તો છે જ. દયા ને ઉંધો કરો એટલે યાદ, યાદ રાખો પ્રેમ દુનિયામાં સારામાં સારી ભાવના છે.

ચોથો પગ દાન, દાન અને ત્યાગ માં ભેદ છે. ત્યાગ એટલે છોડ્યું તે છોડ્યું (નેકી કર કુંએ મેં ડાલ) સન્યાસી કરે.

દાનમ સંવિભાગા = દાન તમારી પાસે જે છે તેની સમાજ સાથે સરખે ભાગે વહેંચણી કરવી = ૫૦ + ૫૦

પ્રેમમાં જેટલી ઉણપ આવતી જાય ત્યારે દાનમાં પણ કુભાવ આવતો જાય (ઓછું વધતું થઇ જાય).

શ્રીસૂક્ત - પહેલો શ્લોક

હિરણ્યવર્ણામ હરિણી સૂત્રકાર જેને ઉદ્દેશીને બોલે છે તે જાતવેદ છે, હે જાતવેદ, જાતવેદ એટલે અગ્નિ.

યાસ્કરાચાર્ય એ જાતવેદનાં ૩૬ અર્થો આપ્યા છે. જે બધામાં વસેલો હોય છે તે જાતવેદ, જન્મની સાથે જ બધુ જ્ઞાન લઇને આવેલા અને દરેક જાતમાં નિવાસ કરનાર, તે જાતવેદ તમે અગ્રણી છો, અમે તમારા અનુઆઈઓ છીએ. વેદમાં અગ્નિ ઉપાસના છે, બ્રહ્મસૂત્રમાં કૃતો સાર:, કૃતમ સ્મર: આવે છે, હે અગ્નિદેવ આ મારી જીંદગીમાં જે કર્મો મેં કર્યા છે તે તમે યાદ રાખો સાક્ષી બનો, દુનિયામાં જેજે થાય છે તે જાણવાવાળા જાતવેદ છે.

ઈશ્વર પ્રાણતત્વ થઇને તમારા હૈયામાં બેઠેલો છે, જાતવેદ.

અગ્નિ બે છે ૧) બાહ્ય ૨) આંતર અગ્નિ (જાતવેદ) છે. અગ્નિનો સૂક્ષ્માર્થ ચેતના ઈશ્વર.

ચક્ર ૧) જેમાં ગુચવાળો છે તે અને ગુચળાવાળામાંથી બહાર ફેંકવાની જેનામાં શક્તિ પણ છે તે ચક્ર, ચક્રમાં ગતિ છે, કુંડલિની બે ગતિઓ છે. ઈશ્વરીય શક્તિ દ્વિધા વિભક્ત છે, કુંડલિની મૂલાધાર માં છે, તેનો બીજો છેડો સહસ્ત્રારમાં છે, એ જ્યારે જાગૃત થાય ત્યારે ષટ ચક્રોનું ભેદન (ઉકેલ) કરતી જાય છે.

ચક્રનું એક રહસ્ય હોય છે, જે અહંકાર રાખેતે ચક્રમાં અટવાઈ જાય, ભેદી ન શકે, કુંડલિની ગતિ ઉર્ધ્વ તરફ હોય ત્યારે એકલી જાય છે. એ શ્રીની ગતિ છે, સહસ્ત્રાર સુધી પહોંચીને પાછી આવે ત્યારે શ્રીમાન (શક્તિમાન) ને લઈને આવે ત્યારે તેની ગતિ સરળ હોય છે. કારણ ચક્રોનું ભેદન થઈ ગયું છે, કુંડલિની એકલી ઉપર ચડે (શ્રી) એ સાવિત્રી, એ જ્યારે શ્રીમતી થઈને પાછી ફરે છે ત્યારે એ ગાયત્રી છે (શ્રી અરવિંદો) સાવિત્રી, સવિતા, પ્રસવિતા શક્તિ (સૂર્યની શક્તિ) ગાયત્રી તેનું ગાયન કરવાથી તમારૂં રક્ષણ કરનારી. શ્રી સૂત્ર નાં બે અર્થ ૧) ક્રિયાકાંડ માં અગ્નિ ૨) આત્માને લગતો અર્થ અધ્યાત્મિક અર્થ આત્મા છે.

હીરણ્યમયી - એટલે સોનેરી રંગની વનસ્પતિનો લીલો રંગ છે. હરિણી વનસ્પતિનો લીલો રંગ ક્લોરોફીલ છે.

દુનિયામાં કઈ ભયંકર નથી, દોષ તમારી દ્રષ્ટિ નો છે. અધ્યાત્મમાં હરિણીમ નો અર્થ છે, કુંડલિની જાગૃત થાયતો ખૂબજ ઝડપથી ગતિ કરે એટલે હરિણીમ શબ્દ વાપર્યો છે.

તંત્ર - અરવિંદો ને સમજવા હોય તો એમ. પી. પંડિતને વાંચવા, શંકા = શં-કલ્યાણ, કા -કાપનાર, કલ્યાણ કાપનાર શંકા. તંત્રમાર્ગમાં તમે એક ટુલ છો, ગુરૂ નાં હાથમાં, બ્રહ્મસૂત્ર પ્રસ્થાનત્રયી નું બીજું પ્રસ્થાન છે બ્રહ્મસૂત્ર (સ્મૃતિપ્રસ્થાન) આ ત્રણેય ઉપર (પ્રસ્થાનત્રયી) જેણે ભાષ્ય લખ્યું તે આચાર્ય, આચાર્યોમાં પ્રમુખ પાંચ શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય, નિમ્બાકાંચાર્ય, માધ્વાચાર્ય (મધ્વ આચાર્ય શ્રી પૂર્ણ પ્રજ્ઞ) ક્રમબધ્ધ આ પાંચેય એ સ્પષ્ટીકરણ આપ્યું છે પ્રસ્થાનત્રયીનું. આમનો વિષય છે, વેદાન્ત, વેદાન્તને પકડીને પોતાનાં વિચારો આપ્યા છે. મોખરે શંકરાચાર્ય રહ્યા છે, કારણ

૧) આટલી સહજતાથી બીજા કોઈએ લખ્યું નથી. ૨) પૂર્ણન્યાય આપ્યો છે ત્રણે વિષયોને (પ્રસ્થાનત્રયી) ૩) અદ્વૈત એજ તેનાં મૂળમાં છે.

અદ્વૈત એટલે "તે તું છે" "તત ત્વં અસિ"

તીર્થંકર નો અર્થ થાય માર્ગ શોધનાર (ભોમિયો) શંકરાચાર્ય તીર્થંકર છે. તત્વજ્ઞાનનાં ક્ષેત્રમાં તીર્થંકરો ઓછા થયા છે. "દેશના" દેશના શબ્દ તંત્રમાર્ગનો છે, અર્થ છે ભોમીયા (ગુરૂ) દેશના ગુરૂ (શિષ્યનો હાથ પકડી પોતે જ્યાં ગયા છે (લક્ષ તરફ) ત્યાં લઈ જનાર)

શંકરાચાર્યજી એ બૌધ્ધધર્મ નું છેદન કર્યું છે એટલે બૌધ્ધકલ્પના હિંદુસ્તાન માં ન રહેતા ચીન, લંકા, તિબેટ પહોંચ્યુ.

તેમણે ધર્મને બચાવવા હિન્દુસ્તાન ની ચાર દિશાઓ માં ચાર મઠ સ્થાપિત કર્યા.

અભિનવ ભારતી (દ્વારકાના શંકરાચાર્ય) મદ્રાસ યૂનીવરસીટી નાં ચાન્સેલર હતા, વૈરાગ્ય આવતા હિમાલય પર ગયા ત્યાંથી બોલાવી તેમને શંકરાચાર્ય નીમવામાં આવ્યા. ત્યાગ કરવો સહેલો છે, તપ કરવું અઘરું છે, તપ અસાધ્યને સાધ્ય કરે, તપ માટે આસન જોઈએ, દેશ જોઈએ, એટલે તેઓ કેરાલા ગયા, જંગલમાં જતા હતા ત્યાં તેમણે એક અજાયબી જોઈ, દેડકી જે પ્રસુતા હતી તેનું ભક્ષણ કરનાર, સાપ તેને તડકાથી રક્ષણ આપતો જોઈ તેઓ એ સ્થાનથી પ્રભાવિત થયા, ત્યાં આદિગુરૂ શંકરાચાર્યે મઠ બાંધ્યું.

અભિનવ ભારતી કેરાલા આવ્યા પછી જ્યાં શંકરાચાર્ય તપ કરતા ત્યાં બેસી તપ કર્યું અને તેમને સાક્ષાત્કાર મેથ્સ થયો. ૧૬ પ્રીંસીપલ ઓફ મેથ્સ લેખક અભિનવ ભારતી.

આ પુસ્તક ની ઉત્પતિ નો ઈતિહાસ મેથ્સ નાં આ સૂત્રો નું દર્શન તેમને આકાશમાં વિજળીથી લખાયેલ સૂત્રો

દ્વારા થયું હતું. અદૃશ્ય હાથો દ્વારા આકાશમાં લખાયેલનું દર્શન તેમને થયું, તેમણે ૧૬ નિયમો લખ્યા.

એકમ અધ્યેન ગણિતની ની ચાવી છે આ સૂત્રપર ૪૦૦ પુસ્તકો લખાઇ છે આ સૂત્રો બધા અથર્વ વેદમાં છે. અભિનવ ભારતીને ૧૬ સૂત્રો આકાશદર્શન થી પ્રાપ્ત થયા પણ ભાષ્ય કેવલ "એકમ અર્ધ્યેન" પર જ લખી શક્યા, ૪૫૦ વર્ષ પહેલા ની વાત છે. શ્રીયંત્ર હ્યુમેનબોડી છે, અને શ્રી ચક્ર શરીરનું સંચાલક તંત્ર છે. આમાંજ ઈશ્વર છે પણ ત્યાં સુધી જવાનો રસ્તો ગુરૂ ગમ્ય છે આ રસ્તે જતા બધું છોડવું પડે પણ એક વસ્તુ ભાથા તરીકે રાખવી પડે છે.

પ્રેમને ભાથું લઈને આત્માની ઉપલબ્ધી માટે ગુરૂ પાસે જવાનું હોય છે. ગુરૂ તમને તમારા શરીરમાં જ ઈશ્વરની ઉપલબ્ધી કરાવી શકે. પ્રેમ ગુણ સ્ત્રીમાં વિશેષ હોય એટલે તંત્રમાર્ગમાં સ્ત્રીજ ગુરૂ હોય, શંકરાચાર્યે અદ્વૈતમાર્ગ આપ્યો. તંત્રમાર્ગ આપ્યો, તંત્રમાર્ગ પ્રેમ ઉપર છે. તેમાંથી ભક્તિમાર્ગ આવ્યો

શંકરાચાર્યે ૩ નો આધાર લીધો

૧) શંકર ૨) દેવી ૩) કૃષ્ણ ઉપર, કૃષ્ણજીવન આખો પ્રેમ ઉપર આધારિત છે.

ભક્તિમાર્ગને ઓપ શંકરાચાર્યજીએ તંત્રમાર્ગ આધારે આપ્યો છે. અદ્વૈત માર્ગનાં બે મુખ્ય આચાર્ય ૧) શંકરાચાર્ય ૨) વલ્લભાચાર્ય બીજા ૩) મધ્યાચાર્ય પૂર્ણ દ્વૈત (શુધ્ધ દ્વૈત) હતા.

રામાનુજાચાર્ય - વિશિષ્ટ અદ્વૈત, નિમ્બકાચાર્ય - દ્વૈતઅદ્વૈત,

વલ્લભાચાર્યનાં પુષ્ટિમાર્ગનું મૂળનામ રૂદ્રસંપ્રદાય છે (શંકરની કૃપાથી પ્રાપ્ત થયું) સંપ્રદાય રૂદ્ર સંપ્રદાય છે તેનો માર્ગ પુષ્ટિ માર્ગ છે.

રૂદ્ર સંપ્રદાય પૂર્ણ રીતે તંત્રને માને છે. કૃષ્ણ તાંત્રિક પણ હતા યોગી પણ છે. અહીં પૂર્ણ શ્રધ્ધા અને પ્રેમ જોઈએ. જેમ બાળકને પોતાની મા પર હોય છે. શંકરાચાર્યની બીજી વિશેષતા તેમનું "બાદરાયણ" પર લખેલ ભાષ્ય ની બરાબરી માં કોઈ ભાષ્ય નથી મળ્યું, સંપૂર્ણ દોષ રહિત, ગ્રાહ્ય ભાષામાં (સરળભાષામાં) છે.

શંકરાચાર્ય ની સાથે બેસી શકવાની ક્ષમતા જ્ઞાનેશ્વરજી માં હતી ૧) શંકરાચાર્યજી સંસ્કૃતમાં લખ્યું. ૨) શંકરાચાર્યજી માં મીઠાશ ઓછી શંકરાચાર્યજી વિદ્વતા વધારે અનુભૂતિ ઓછી. જ્ઞાનેશ્વરજીએ મરાઠીમાં લખ્યું, મધમીઠું લખ્યું. અનુભૂતિ વધારે જે અનુભૂતિ નીચે વિદ્વતા દબાઇ ગઇ છે. નમ્રતા વધારે દેખાય છે.

જ્ઞાનેશ્વરજી શંકરાચાર્યને નમનકરીને આગળવધ્યા (નમ્રતા) શંકરાચાર્યનો બાદરાયણ સૂત્ર પર જે પ્રસ્તાવના છે તેને અધ્યાસ ભાષ્યક કહેવાય છે. અધ્યાસ ભાષ્ય એ દર્શન શાસ્ત્રની દુનિયાને શંકરાચાર્યજી ની ભેટ છે જગતને બે વરદાન રૂપ ભાષ્ય:

૧) મહાવીરનો સાપ્તભંગી ન્યાય (સ્વાદવાદ, અનેકાનંત વાદ) ૨) શંકરાચાર્યનો "અધ્યાસ ભાષ્ય" અધ્યાસ શબ્દ શંકરાચાર્યજીની દેન છે. અધ્યાસ = અધિ + આસ = અ + ધિ + આસ

શંકરાચાર્યજીએ ઘટાવેલ અર્થ અ તત્સમિન તદ્ વૃતિ અધ્યાસ જે વસ્તુ જેવી નથી તે વસ્તુ તેવી લાગે, આભાસ ને સત્ય માનીને ચાલવું તેનું નામ અધ્યાસ દુનિયામાં આપણે અધ્યાસ છોડવાનાં છે. આપણો હું, મારી માન્યતાઓ, મારો દેહ એટલે હું આ બધો "અધ્યાસ" છે. તમારો અધ્યાસ રહે ક્યાં?

"અધિશુ આસ્તે ઈતિ અધ્યાસ" જેની પાસે બુધ્ધિ નથી ત્યાં અધ્યાસ બેસે છે

અધિ = બુધ્ધિ, નિબુધ્ધિનાં મગજમાં (અજ્ઞાની) રહે તે અધ્યાસ દુનિયાનો સહુથી અજ્ઞાત પ્રદેશ આપણું મગજ જ છે.

"અધ્યાસ એટલે અજ્ઞાન"

અધિમાંથી અ કાઢો એટલે "ધી" શબ્દ ગાયત્રીમંત્રમાં ગાયત્રીમંત્રમાં ભૂ, ભુવ; વિગેરે સાતલોક એટલે આપણા શરીરનાં સાત ચક્રો છે (આ કલ્પના તંત્રમાર્ગની છે) કુંડલિની ષટ ચક્રોનું ભેદન કરી સહસ્ત્રાર માં પહોંચી શિવને મળે.

આત્માની બે શક્તિઓ ઉર્ધ્વગામી શક્તિ સાવિત્રી.

શક્તિઓ ઉર્ધ્વ જઇને શિવનાં અવતરણ સાથે પાછી ફરે તે ગાયત્રી (શિવશક્તિ નું ઐક્ય થયું) આ પાછી ફરેલી કુંડલિની ભેદ થયેલા ચક્રોને ફરી વ્યવસ્થિત કરે છે, વ્યવહાર જગતમાં રહો પણ જીવનમાં ગુંચવાડો રહે નહીં, આ જ્ઞાનપ્રાપ્ત થઇ જાય શિવશક્તિનાં મિલન પછી. મહાભારતમાં અભિમન્યુ નાં શરીર પ્રવેશેલ રાક્ષસ છે જેને શત્રુવ્યૂહ નો ભેદ કરીને પાછા આવવાની ચાવી પ્રાપ્ત થઇ નહીં, તેમ જીવપણ જીવનમાં ગુંચવાળા માં અટવાયેલ રહે છે. ભેદન કરવાની પાછા ફરવાની ચાવી તંત્રમાર્ગમાં છે જે ગુરૂ જ બતાવી શકે છે.

અધ્યસ્ત અધ્યાસ જેમાં બેસેલ છે તે.

અભિમન્યુ અભિમાન કરે તે

(શ્રી) ૧૮.૪.૨૦૦૨ શ્રી સૂત્રનાં બે અર્થ

૧) વેદાન્ત પ્રમાણે ૨) તંત્ર શાસ્ત્ર પ્રમાણે

પ્રસ્તાવના - કોઇપણ કોયડો સામે આવે ત્યારે તેનો ઉકેલ માસ્ટર કી દ્વારા કરાય, અધ્યાત્મ માસ્ટર કી છે. માસ્ટર કી વગર ઉકેલવું એટલે ચક્રવ્યૂહમાં ફસાવું. (ઉકેલ ન મળે)

મયઉવાચ કૃત્વા સમમ.... કૃષ્ણનાં કહેવાથી મય દાનવ નામના શિલ્પીએ યુધિષ્ઠિર માટે બંગલો બાંધ્યો જેમાં સ્થળ હોય તે જગ્યાએ પાણી હોય, પાણી દેખાય ત્યાં સ્થળ હોય, (જેવું લાગે તેવું હોતું નથી જેવું હોય તેવું લાગે નહીં) આજ અધ્યાત્મીક અર્થ અધિઆસ નો છે, મય ને આવો આભાસિત બંગલો બાંધવાનો વિચાર કૃષ્ણે જ આપેલો.

મહા + ભા + રત મોટામાં મોટી અધ્યાત્મ વિદ્યા આપનાર ગ્રંથ ગીતા નું જ્ઞાન આપનાર ગ્રંથ તે મહાભારત છે. ભગવતગીતામાં બધુંજ તત્વજ્ઞાન છે.

મહાભારતમાં કુંડલિ ની વાત કૃષ્ણ, સુભદ્રાને સાત કોઠાની વાત કરે છે તે છે, સાત કોઠા આપણા શરીરમાં રહેલ સાત ચક્રો છે. અભિમન્યુને પાછા વળતા નહોતું આવડતું, શ્રી વિદ્યામાં આ વિદ્યા શીખવેલ છે.

કુંડલિની જાગૃતિ માટે અનધિકાર ચેષ્ટા કરાય નહીં, જે વિચાર ધારા ચાલતી હોય તેમાં નકારાત્મક ભળવી જોઇએ નહીં, અન્યથા, માનસીક અસમતૂલા થાય, કુંડલિની શક્તિમાન સાથે ભળીને (સહત્રાર) પાછી ફરીને આવે ત્યારે ચક્રો રીપેર થાય.

ગુડીપડવો માટેનો અર્થ, રામ રાવણનો વધ કરી પાછા અયોધ્યા ફરે છે તેની ખુશાલીમાં પ્રજા એ ફરકાવેલ ધજા (અનિષ્ટ તત્વ પર સત તત્વનો વિજય) (દશેરાને દિવસે લંકામાં રાવણનો વધ થયેલ)

રાવણ સીતાને (સ્ત્રીને) ભોગની વસ્તુ સમજતો એટલે તે ગધો (ગલત છે જેની ધારણા)

શરીર કરતા પરે ગયા પછી સ્ત્રી પુરૂષનો ભેદ રહેતો નથી કુંડલિની શક્તિ છે, સહસ્ત્રાર માં શિવ છે, આ બન્ને પાછા નીચે વળે છે.

શિવ વગર શક્તિ મહત્વહીન છે, શક્તિ વગર શિવનું મહત્વ નથી કેવળ શક્તિ હોય તો ન ચાલે, કેવળ શક્તિમાન હોય તો ન ચાલે, બન્નેનું મિશ્રણ હોવું જોઇએ આને (અંધપંગુલાન્યાય) કહેવાય છે.

વેદાન્ત વિચારમાં ભોગનો ત્યાગ છે જ્યારે તંત્રમાર્ગ કહે છે, લલિતાને માનવાવાળાને ભોગ પણ મળે અને

મોક્ષ પણ મળે, કુંડલિની પાછી ફરે છે ત્યારે સંપૂર્ણ વિવેક જાગૃતિ સાથે આવે છે.

આ દુનિયામાં કંઇ ભયંકર નથી, ઈશ્વરની દુનિયા વિવેક પૂર્વક જીવો તેવું તંત્રશાસ્ત્ર કહે છે. મહાભારત અધ્યાત્મમાં રત થવાની વિદ્યા શીખવે એટલે પંચમવેદ છે.

શરીર લાક્ષાગૃહ છે. દેહ વાસના નષ્ટ થાય અને આત્મા શરીર કરતા ઉપર ઉઠે તો દ્રૌપદી એટલે શુધ્ધ બુધ્ધિ મળે. આ બુધ્ધિ પ્રાપ્ત થાય તો જીવને શિવ મળે (દ્રૌપદી ને કૃષ્ણ મળ્યા).

જો બુધ્ધિ શુધ્ધ થાય તો પરમાત્મ તત્વનું પ્રતિબિંબ ઝીલી શકે, વૃતિ માં હલચલ થાય તો અહંકાર, મમત્વ ઉભો થવાનો આભાસ થાય છે.

રાત્રે આપણે સુઇ જઇએ છીએ ત્યારે અજ્ઞાન છે, આપણી સાથે વૃતિ નથી હોતી આ ઉંઘનો આનંદ અજ્ઞાન જન્ય છે. આનંદ જાગૃતિ માં પ્રાપ્ત થાય જો અજ્ઞાન દૂર થાય, અજ્ઞાન દૂર થાય જો વૃત્તિઓ જ ના ઉંડે.

જ્ઞાનની સપાટી સ્થિરતા આપે છે, સ્થિર સપાટીમાં પ્રતિબિંબ પડે, વૃતિ નાં બે પ્રકાર છે, ૧) કિલષ્ટ - કલેશ આપે ૨) અકિલષ્ટ - કલેશ ન આપે

આપણી વૃતિઓ પથ્થર પર પાડેલી લકીર જેવી હોય છે. જ્ઞાનીની વૃત્તિઓ પાણીપર પાડેલી લકીર જેવી છે. ઉઠે કે તરત શાંત થાય બધી મારામારી અજ્ઞાનની છે. જ્ઞાનની જાગૃતિ થવી જોઇએ

(તંત્ર) તંત્રનાં પાંચ પ્રકાર છે.

શૈવતંત્ર, શાક્ત તંત્ર, ગાણપત્યતંત્ર, સૌર તંત્ર, સાત્વત તંત્ર, સાત્વતતંત્રનાં અધિષ્ઠા દેવ વિષ્ણુ છે.

શિષ્ય નારદ છે.

પ્રભુનામ સ્મરણથી જે આનંદ થાય, તે અતિ આનંદ થી રોમાંચ થાય જેનાથી રોમ ઉભા થઇ જાય એટલે જ નારદની ચોટલી ઉંચી રહેતી હોય છે.

(ભક્તિ) ભક્તિમાર્ગમાં નામ સ્મરણનું મહત્વ છે. રામ કરતા રામનામ માં શક્તિ વધારે છે. ગુરૂદેવ રાનડેને ૬ વર્ષની ઉંમરે ટી. બી. થયેલ જે એ જમાનામાં અસાધ્ય બીમારી હતી પણ રામનામ નાં પ્રતાપે રાનડે ૬૬ વર્ષ સુધી જીવ્યા, પુનીત મહારાજ ને પણ ટી. બી. હતો છતાં રામનામ પ્રતાપે લાંબુ જીવન જીવ્યા.

શ્રધ્ધા, અશ્રધ્ધા, કુશ્રધ્ધા ગમે તેમ રામનું નામ લો. વાલ્મીકીજી કહે છે કે,

જીવનમાં ભક્તિ આવવી જોઇએ, ભક્તિમાર્ગ માં પ્રવેશ માટે સત્સંગ જરૂરી છે, નારદ બ્રહ્માનાં માનસપૂત્ર ગણાયા છે, "નારદ દધાતિ ઈતિ નારદ", "ન ભોગેણુ રમતે ઈતિ નર" ભોગમાં જે લીન થાય નહીં તે નર, નારાયણ થઈ જાય.

સંસાર ખોટો નથી તેમ ભક્તિમાર્ગ કહે છે, સંસાર ભોગવો પણ વિવેક પૂર્વક ભોગવો.

(તંત્ર) શંકરાચાર્યનાં પટ્ટશિષ્ય "ભાયતિ"

તંત્રમાર્ગ પણ માને છે કે સંસાર ખોટો નથી કારણ જગત શંકર ભગવાનમાં સ્મિતમાંથી પ્રગટ થયું છે, એટલે હસતાં ખેલતા જીવન જીવો, અધ્યાત્મ અને તંત્રવિદ્યામાં મારામારી નથી.

કૃષ્ણનું ચરિત્ર તાંત્રિક, રામનું ચરિત્ર યાંત્રિક છે

ગોરખનાથ કહે છે હસિબા, ખેલિબા જીવન જીવો

જેણે તત્વજ્ઞાન પચાવ્યું છે તે સદા હસતો રહે છે.

ચક્રોની એક સાયકલ છે, આપણી જીંદગી પણ એક વૃત માં ફરે છે, તેમ ૧૨ વાગે ભૂખ લાગે ૭ વાગે ઉંઘ ઉડે.

ભૃગુ વિષ્ણુ નાં સસરા છે. લક્ષ્મી ભૃગની દિકરી છે.

ભૃગુનો વંશજ પરશુરામ, પરશુરામ તંત્રવિદ્યાનાં નિષ્ણાત, પરશુરામે ભાર્ગવ કલ્પસૂત્ર લખ્યું (તંત્રમાર્ગનાં આધારે) આની ઉપર એમ. પી. પંડિત નું લખાણ સારૂં છે.

દર ૬૦ વર્ષે આકાશમાં એક સરકેડીયમ (એક ચક્ર) પૂરો થાય છે.

ગ્રહમાન તેજ હોય - ૬૦ વર્ષ પૂરા થયી પછી ૬૧ માં વર્ષે.

શાંતિ - "શં અસ્તિ અસ્ય" જેને છેડે શાંતિ છે તે પુનરપિ જનમમ્ નું વૃત્ત ચાલેજ છે. જીવન વિવેકપૂર્વક જીવો.

(કેમ) મીઠું (નમક) સંબંધ બાંધવાનું કલ્પ છે (નમકહરામ, નમકહલાલ) ભગવાનની સામે ભોગની થાળીમાં નમક રખાય નહીં સદગુરુ નાં થાળીમાં નમક મુકાય નહીં પિતૃઓ નાં થાળમાં (બ્રામ્હણની થાળીમાં) નમક મુકાય નહીં.

નમક - એક કરાર નું પ્રતિક છે. ભગવાન સાથે, ગુરૂ સાથે, પિતૃઓસાથે કરાર કરાય નહીં.

(શબ્દ) પૂતના - પૂત + ના

પવત્રિ નથી જે પવિત્ર નથી તે, અજ્ઞાન, અવિદ્યા, દુનિયામાં જ્ઞાન જેવું પવિત્ર કંઈ નથી.

પૂત - દિકરો ના = નથી = અવિદ્યાનું ફળ કંઈ નથી. પૂતના ઉડીને આવી તેનો અધ્યાત્મિક અર્થ - અવિદ્યા - વાસના બધી આકાશની શૂન્યતા માં જ વાસ કરતી હોય છે.

યશોદા - (યશ, ઈશ્વર) આપનારી બુધ્દી - એકદા - એક પરમાત્માને આપનારી યશોદા છે. એકદા શબ્દનો ઉપયોગ ભાગવતમાં વપરાયો છે.

ચતુર્દશ સ્થાન વિદ્યાંનાં છે, ચતુર્દશ (૧૪) સ્થાન અવિદ્યા નાં છે.

હનુમાન ૧૧મા શંકર છે (શંકરનો અગિયારમો અવતાર છે) હનુમાન અગિયારમાં રૂદ્ર છે. શંકર ભૂતપિશાચ નાં દેવ છે. એટલે કાળીચૌદશનાં હનુમાન મંદિરે, અડદના વડા મુકાય છે.

(પંચપર્વ, અવિદ્યા) દુનિયામાં બધી અવિદ્યા - સારપના (લાલચના) આવરણ સાથે લઈને આવે છે. સર્વભૂતો નાં દેવ શંકર છે. અગ્નિને ઓપ વાયુ આપે. પંચ પર્વ અવિદ્યા અધ્યાસના પ્રકાર (૧) દેહાધ્યાસ - દેહને લગતું (૨) ઈન્દ્રિયાધ્યાસ - વાસના, (૩) અંતઃકરણધ્યાસ - હૈયે હોય તે હોઠે આવે - તમારા હૈયામાં હોય તેવાજ વિચારો આવે - ગોપીઓનાં અંતકરણમાં લક્ષ્મીનો અંશ છે, એટલે ગોપીઓને પૂતના લક્ષ્મી જેવી લાગી - તમારૂં જીવન તમારી વૃત્તીઓનું પ્રતિબિંબ છે. (૪) પ્રાણાધ્યાસ - આપણો પ્રાણ બચાવવા, બીજાના પ્રાણોની પરવા કરવી નહીં (૫) સ્વરૂપવિસ્મૃતિ - હું કોણ છું અને કોનો છું તે ભૂલવું. તું આજે જગતમાં અટવાઈ ગયો છું એટલે કોણ છું, કોનો છું તે ભૂલી ગયો છું.

આપણો આનન્દ જ્યારે આપણને છોડીને બહાર જાય ત્યારે ભટકાવ શરૂ થાય છે. અવિદ્યા જીવનમાં પ્રવેશે. આપણો આનંદ બહાર વિષયો માં અટવાય - આ સ્વરૂપવિસ્મૃતિ અધ્યાસ છે.

પંચપર્વ અવિદ્યા નાં ૨૪ મુદ્દા છે. ઝેર જે પચાવી જાણે તે જ અમૃત પામે છે. અવિદ્યા પંચ પર્વ છે, તેમ વિદ્યા પણ પંચપર્વ છે. અવિદ્યારૂપી પૂતના ખતમ થયા પછી પણ વાસનાની ગંધ તો તે મા રહે છે. આ દેહમાં અજ્ઞાનની વાસ ક્ષિલ્લક રહે તેમ સંન્યાસીઓમાં પણ જ્ઞાનની વાસ ક્ષિલ્લક રહે. સાધનાની સુવાસ બાકી રહે એટલે સંન્યાસીને દેહને બાળતા નથી, ગંગાનદીમાં વહાવે છે. પાણી સંસ્કારો ને ગ્રહણ કરી વહન કરે તેથી બીજા જે પણ આ પાણીનો ઉપયોગ કરે તેને આ સંસ્કારો પ્રાપ્ત થાય છે.

પંચપર્વ અવિદ્યા અધ્યાસ - જે છે તે ન દેખાય

જે નથી તે દેખાય.

(૧) દેહાધ્યાસ - દેહને લગતું (૨) ઈન્દ્રિયાધ્યાસ - વાસના

(૩) અંતઃકરણાધ્યાસ - વૃત્તિઓ અનુસાર વિચાર અને વિચારો જેવું જીવન

(૪) પ્રાણાધ્યાસ - બીજા કરતા આપણો પ્રાણ વ્હાલો કરવો

(૫) સ્વરૂપ વિસ્મૃતિ અધ્યાસ - હું કોણ છું કોનો છું તેની વિસ્મૃતિ થવી.

વેદમાં પૂર્ણત્વની સંખ્યા ૧૬ છે ૧૬ કલાઓ તેમ પુરૂષ સૂક્ત, શ્રીસૂક્ત પણ ૧૬ ઋચાઓવાળા છે.

શ્રીદેવી - આદ્યશક્તિ છે - શ્રીદેવીનો આધ્યાત્મિક અર્થ કલા, સાહિત્યથી જુદો જ છે હિ અક્ષર થી શરૂઆત શા માટે ?

અહમ્ - ન હન્યતે ઈતિ અહમ્

આત્મા પર ફટકો પડે નહીં. દુખ મનને લાગે, બુધ્ધીને લાગે, પણ આત્મા તો સાક્ષી ચૈતન્ય છે. આત્મા અલિપ્ત રહે.

અ+હ+મ્ માં "અ"-શિવવાચક, હ - શક્તિવાચક છે - હ્રીં શ્રીં કલીં શક્તિબીજ છે.

આ બે ભેગા થયા અને શિવશક્તિ બીજ થઈ ગયા - દેવીનું બીજ છે એટલે "હિ" થી શરૂ થાય, શિવ નું બીજ હોય એટલે "અ" થી શરૂ થાય.

હ-ઠ યોગ - હ - ચંદ્રનાડી, ઠ - સૂર્યનાડી

એક ડાબી બાજૂ છે. બીજી જમણી બાજુ છે - આ બન્નેને સુષુમ્ના છેદે છે - આજ્ઞાચક્ર પર. એક છે ઈડા, બીજી છે પિંગળા, ત્રીજી સુષુમ્ના, સુષુમ્ના - એટલે સુતેલી છે. અંદરથી પોકળ છે તેની અંદર ચિત્રિણી છે. આ ચિત્રિણી પોકળમાં હાલકડોલક ઉપર ચઢે (એક દિવાલ થી બીજી દિવાલ પર અથડાતી ઉપર ચઢે. જ્યાં અથડાય ત્યાં એક ચિત્ર મુક્તી જાય એટલે આ ચિત્રલેખા કહેવાઈ. આની વચ્ચે થી ચિત્રલેખા એ બનાવેલ જાળા ને ભેદન કરતી ઉષા (બ્રમ્હનાડી) ઉપર ચઢે અને ગ્રંથિ ભેદન કરે, બ્રહ્મનાડીજ લલિતા છે. ગાંઠ છૂટવાનેજ ગ્રંથિભેદન કહેવાય - (ચિત્રિણી હરિણીની માફક કૂદતી જાય છે) (અનિરૂધ્ધ=જેને કાંઈ રોક નથી) શક્તિ મૂલાધાર થી નિકળી કૈલાશ પર (સહસ્રારમાં) શિવ ને મળે અને પછી શક્તિશિવ ભેગા થઈ પાછા નીચે આવે છે. ત્યારે બધી ગ્રંથિ (માનસિક) છૂટે છે - ગાંઠ મડાગાંઠ રહેતી નથી - બધુ શાંત થઈ જાય છે. જીવન સરળ થઈ જાય.

ઈશતત્વનો સ્પર્શ થાય ત્યારે તમારૂં જીવન સહજ થઈ જાય. જીવનમાં હકારાત્મક વલણ આવી જાય. "જેવી તારી મરજી" ગાંઠ તમને ગાંઠ લાગે જ્યાં સુધી તમે ઈશ્વર તત્વને સમજ્યા નથી ભક્તિ આના માટે શ્રેષ્ઠ ઉપાય છે.

જેટલું એક માં છે તેટલું બ્રમ્હાંડ માં છે

જેટલું બ્રમ્હાંડમાં છે તેટલું એક માં છે.

નાભિમાં અગ્નિતત્વ છે - નાભિને અગ્નિકુંડની કલ્પના આપી છે એટલે તેને સૂર્ય કહે છે આને સોલર ચક્ર કહેવાય. આજ્ઞાચક્ર ચંદ્રનું સ્થાન છે, ગણપતિનું સ્થાન છે.

ચંદ્રનાડી છે - આમાંથી અમૃત ઝરે આનેજ લલિતા કહે છે. આ અમૃતની સોળમી કળા છે.

શુકદેવ - જન્મયા ત્યારે સોળ કળામાં પ્રવીણતા સાથે જન્મયા - સંસ્કાર ૧૬ હોય.

ખેચરી મુદ્રા કરવા થી જિવ્હા સીધું અમૃતનું પાન કરે છે. ખેચરી મુદ્રા કર્યા વગર ખેચરી મુદ્રાનો લાભ

મેળવવા (અમૃતપ્રાપ્તિ) માટે શીર્ષાસન કરાય.

શરીર ની સાથે - મન, બુધ્ધિનું વિપરીતકરણી કરાય (ખેચરી મુદ્રા નું વિપરીતકરણ શીર્ષાસન)

બાજુવાળાને શત્રુને બદલે મિત્ર માનો આ મનનું વિપરીતકરણ છે. વ્યવહારનું વિપરીતકરણ કરવું. હસ્તધૂન કરવી. લલિતા સહસ્ત્રમાં દસ મહાવિદ્યાઓ છે તેનું વર્ણન શ્રી અરબિંદોએ કર્યુ છે. આનન્દમયી માં, અરબિંદો બધા તાંત્રિક હતા.

શ્લોકનો અર્થ:

હે અગ્નિદેવ (જાતવેદ), મારા વતી તમે લક્ષ્મીને આવાહન કરો - બોલવો. જાતવેદ એટલે જન્મસાથેજ જેને બધુ જ્ઞાન છે - દરેક જાતિમાં જે છેજ (અગ્નિ સર્વત્ર છે. જાતે જાતે વિદ્યતે હાજર છે.) (દરેકમાં આત્મા છે) ષડભાવ વિકાર જેમાં થાય છે તે સર્વમાં જાતવેદ છે (ચૈતન્ય છે) અગ્નિમાં તે પ્રસ્ફુટિત છે. દરેકમાં વિદ્યમાન જે ચૈતન્ય, (ચેતના, આત્મા, પરમાત્મા છે) તે હે જાતવેદ આવા જે હિરણ્યમયી હરિણીં લક્ષ્મી છે તેનું આવાહન કરો.

શંકરાચાર્યજી એ શાકમ્ભરીદેવીનું વર્ણન કર્યુ છે. લીલોતરી માં ક્લોરોફીલ છે તે જાતવેદ છે અને લીલોતરી નો વૈભવ સૂર્યને પ્રતાપે છે.

(રામાયણ) રામાયણમાં સુંદરકાંડ ખરેજ સુંદકાંડ છે. સુંદ અને ઉપસુંદ બે ભાઈઓ હતા તે બેની વચ્ચે તિલોત્તમા સુંદરીને લીધે મારામારી થઈ. વાલ્મીકી રામાયણ માં સુંદરકાંડ, તુલસી રામાયણમાં સુંદરકાંડ - તુલસીદાસ સૌંદર્યવાદી છે. તેમની ભક્તિભાવના સુંદર છે. ભક્તિ અને ભગવાન અભિન્ન છે. રામ અને સીતા નો ભેંટો કરાવનાર હનુમાન છે. આ કાંડમા આ ઘટનાનું વર્ણન છે એટલે સુન્દરકાંડ છે (ભક્તિનું સુંદરકાંડ નું વર્ણન આ કાંડમાં છે)

તંત્રશાસ્ત્રનો વિચાર અઘોર પંથ માં અપાયો છે. અઘોર - જે ભયંકર નથી તે. સારૂં, ખોટું, ઓછું વધુ બધી મર્યાદાઓ અને માન્યતાઓ આપણે આપણી બુધ્ધી દ્વારા બાંધી છે.

આદ્યાશક્તી - (૧) મહાકાલી - શિવને મહાકાલ કહે. આ કાલતત્વનું પ્રતીક છે (૨) મહાસરસ્વતી - આ ગતિતત્વનું પ્રતીક છે. શાંત પ્રવાહ ચાલતો હોય, સુષુમ્નાનાડી ગતિનું પ્રતીક છે. (૩) મહાલક્ષ્મી - દિક (દિશા) તત્વનું પ્રતીક છે. ગતિ અને દિક - કાલનાં પેટમાં છે. સર્વ વસ્તુઓ નો વિનાશ કાળનાં ગર્ભ માં છે. બધું થંભી જાય છે એટલે ગતિ નથી. ગતિ નથી એટલે દિશા નથી. કાલતત્વના ખેંચાણમાં ગતિ ખેંચાવાઈ જાય અને દિશા ગુમ થઈ જાય છે. આ કાલચક્ર કહેવાય છે.

કાલચક્ર શરુ કરવુ અને કાલચક્ર થંભાવી દેવાની શક્તિ આદ્યશક્તિમાં છે. આદ્યશક્તિ (મહાકાલી) માં ગતિ અને દિશા ને પોતાનાં માં સમાવી લેવાની શક્તિ છે. પાછું નવનિર્માણ પણ પોતાની જ આ ગતિનિર્માણ અને ગતિને દિશા આપવાની શક્તિ દ્વારા કરે છે. આનું જ બીજું નામ છે ત્રિપુરાશક્તિ.

ત્રિપુરા - ત્રિન - ધર્મ, અર્થ અને કામ ને પૂર આપે એટલે ત્રિપૂરા છે આત્રણ પણ જ્યારે છૂટે ત્યારે ચતુર્થ મોક્ષ પ્રાપ્ત થાય. ત્રિપુરસુંદરી - આની ઉપાસના તંત્રમાર્ગમાં ચંદ્રની ઉપાસના તરીકે છે. ચંદ્રની કળા સોળ - સોળમી કળા નિત્ય માનેલી છે. પંદર કલા નો ઉદય અસ્ત થાય સોળમી કલાનો ઉદય અસ્ત ન થાય આને નિત્યષોડશિકા કહેવાય છે. પંદરકલા સુધી ત્રિપુરાસુંદરી છે. સોળમી કલામાં આ મહાત્રિપુર સુંદરી છે. આમાં આનન્દ અને સૌંદર્ય બન્ને છે. એટલે "મહાત્રિપુરા" આનન્દ લહરી અને સૌંદર્યલહરી આવ્યું છે. સૌંદર્ય લહરી માં માતાનાં નખથી શિખ સુધીનું સૌંદર્યનું વર્ણન છે. શંકરાચાર્ય જેવા ભક્તને મળી ને દેવીને જે આનન્દ થયો તે આનન્દલહરી છે. શક્તિતત્વનો ઉત્પતી શક્તિ સાથે મેળ થાય ત્યારે શંભુ શં - શંકર (અ) ભુ - શક્તિ (હં) શંભુ માં શંકર અને પાર્વતી મિશ્ર રૂપમાં છે. શક્તિ સહિત શિવ છે એ શંભુ છે.

લક્ષ્મી - મૂળ શબ્દ છે લક્ષ્મ - લક્ષ્મ એટલે ચિન્હ. જેનાં ચિન્હો સારા હોય તે દિકરાનું નામ લક્ષ્મણ પાંડે

લક્ષ્મી એટલે સારા લક્ષણોથી પરિપૂર્ણ.

ચિન્હ ઓળખાય - ગતિ થી જ્યાં ગતી છે ત્યાં પ્રગતિ થાય, જ્યાં પ્રગતિ છે ત્યાં મહાલક્ષ્મી છે. ગતિમાં વ્યવહાર છે. પ્રગતિમાં ઉર્ધ્વગતિ છે (કુંડલિનીમાં ઉર્ધ્વગતિ છે) ગતિ આડી છે - આ આડી રહે તો ઋણાત્મક કહેવાય. આમાં પ્રગતિ / ઉર્ધ્વગતિ ભળવી જોઈએ - શ્રી-માં સર્વ સારા લક્ષણો સમાહિત છે.

શ્રી - જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે અને ધનુર્ધર પાર્થ છે. શક્તિ અને યુક્તિ, ભક્તિ અને ભગવાનનો સંગમ (ભક્તિમાર્ગ).

શ્રીર્ - શ્રીં - શ્રીર, ધ્રુવ-નિશ્ચિત જ્ઞાની અને જ્ઞાનનો સુમેળ થયો ત્યાં ઐશ્વર્ય છે. સંજય કહે છે - મારી મતિ નિશ્ચિતતા ત્યાં છે જ્યાં ભક્તનીમતિ (અચલ) ભગવાનમાં સ્થિર થઈ ગયેલી છે. ઐશ્વર્ય એટલે ઈશ્વરપણું.

શ્રીં વિજયો પતતે

શ્રીર્ - શ્રી

સંસ્કૃતમાં બ ની જગ્યાએ વ વાપરી શકાય, ર ની જગ્યાએ લ વાપરી શકાય લ ની જગ્યાએ ડ વાપરી શકાય. જલ, જડ, અધ્યાત્મનો અર્થ કાઢવા માટે પાણિની એ આ વ્યવસ્થા આપી છે. શ્રીર - શ્લીલ (જે અશ્લીલ નથી) જ્યાં ભક્ત અને ભગવાન બન્ને છે ત્યાં અશ્લીલતા હોય જ નહીં. શ્લીલમાં થી જ શીલ શબ્દ આવ્યો. શીલ એટલે સ્વભાવ. જેનો જેવો સ્વભાવ હોય તે બહાર આવ્યા વગર રહે નહીં. ક્ષમાશીલ, સહનશીલ, વિચારશીલ, સત્યશીલ. શીલ એટલે ચારિત્ર્ય. શીલ શબ્દને બુધ્ધે સારી રીતે પકડ્યો છે. યમનું બીજું નામ છે ધર્મરાજ.

યમ, અવ્યવસ્થિત વાળ ને બાંધવાને યમ કહેવાય - સારી રીતે સંયમ કરવાની કળાનું નામ યમ છે. યમ એટલે સંયમ કરનાર. સાધના કરવી હોય તો જીવનમા "યમ" આવવો જોઈએ. તમારા જીવનમાં કોઈ ધ્યેય રાખ્યું હોય તેની પ્રાપ્તિ કરવા માટે યમ જરૂરી છે. જીવનમા સંયમ જરૂરી છે. શરીર ની દરેક ક્રિયાઓ માં સંયમ જરૂરી છે, તોજ મનની ભૂમિકા થી ઉપર ઉઠી શકાય- કોઈ પણ ઈન્દ્રિયને નિયંત્રિત કરવા નિયમ કરવા પડે.

(ગાયત્રી) ચિદાનન્દમયી માં ગાયત્રી - પાના - ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૩૯, ૪૦, ૪૭, ૪૮, ૬૧, ૬૩, ૬૪, ૬૫, ૭૧, ૮૩, ૯૩, ૧૦૦, ૧૦૩, ૧૧૪, ૨૧૧

ગાયત્રી મંત્ર જપ પૂર્વે નીચેનાં મંત્રની એક એક માળા કરવી જોઈએ જે શીઘ્ર ફલદાતા છે.

"ૐ ગઁ ગણપતયે નમ:" - ગણપતિવંદન

"ૐ શ્રીં હ્રીં શ્રીં ઈષ્ટગુરૂવે નમ:" - ગુરૂ વંદન

"ૐ હ્રીં નમઃ શિવાય" - શંકર વંદન

(સૂત્ર) અન્ન અને ધનનાં પ્રભાવથી શારીરીક તૃપ્તિ થાય છે. સત્ય અને સંતોષ નાં અવલંબનથી માનસિક તૃપ્તિ થાય છે. અને આત્મતૃપ્તિ પરમાત્મદર્શન મિલન અર્થાત સાક્ષાત્કારથી થાય છે. શારીરિક, માનસિક, આત્મિય તૃપ્તિનું જીવનમાં ઘણું મહત્ત્વ છે.

જેમ પરહેજી વિના ઔષધોપચાર લાભપ્રદ થતું નથી તેમ વહેવારશુધ્ધી વિના પૂજાપાઠ, કર્મકાંડ કે ભક્તિ કદી પ્રભાવત્પાદક બનતી નથી. જીવન નિષ્પાપ, નિસ્વાર્થી, નિખાલસ, નિષ્કામ બનતા ઈષ્ટ આરાધનાની ઝલક.... તુરંત જીવનની પ્રત્યેક ગતિવિધીમાં, ક્રિયાશક્તિ માં દેખાય છે.

(પુસ્તક) "ચિદાનન્દમયી માં ગાયત્રી" લેખક શ્રી શાન્તવનજી. ત્રિમૂર્તી પ્રકાશન, રિલીફ સિનેમાની ગલી, પ્લાઝા હોટલ સામે, અમદાવાદ - ૩૮૦૦૦૧.

(મન) "મન એવં મનુષ્યનાં કારણ બંધનમોક્ષયો" બંધન અથવા મુક્તત્વ આપનાર મન છે.

પાર્થિવ શરીરની પરમચેતન શક્તિ મન છે. નિયંત્રિત મન કલ્પતરૂ સમાન ફલપ્રદાતા બને છે. સ્વર્ગીય સુખ આપે છે. જ્યારે સ્વચ્છંદાચરણને વશ વર્તનાર નિરંકુશ મન દુખાનુભવ કરે છે. અનિયંત્રિત મન શત્રુની ગરજ સારે છે.

જીવસત્તા અને બ્રમ્હસત્તા વચ્ચે સમ્મિલન કરાવનાર યા તો વિમુખ કરાવનાર ચેતનશક્તિ કાર્ય કરે છે. તે મન જ છે. મનની અપૂર્વશક્તિ અને નિગ્રહથી થતા ભૌતિક તેમજ અધ્યાત્મિક લાભથી ભારતનાં ઋષિઓ જ્ઞાત હતા. આજે સાઈકોલોજી, પેરાસાઈકોલોજી, મેટાફિઝિક્સ અને ફેઈથહિલિંગને નામે પાશ્ચાત્ય જગત જેનો અભ્યાસ કરી રહ્યું છે, તેનું જ્ઞાન આપણા ઋષિવરોએ સાધનાભ્યાસથી પ્રાપ્ત કર્યું હતું

(સૂત્ર) દમન એ તો પ્રભુનો હથોડો છે, આપણે બળવાન બનીએ. આપણા ઉપર જે ઘા થઈ રહ્યા છે, તે આપણા નિખાર માટે આપણને નવા ઘાટમાં ઘડવા માટે છે. (વિપત્તી નાં ઘા)

(અરબિંદો) શ્રી અરબિંદોનાં જીવનની અદ્‌ભુતતા તે બહારની નથી આંતરિક ચેતનાની છે. તેમના ચૈતન્યની આંતરિક શક્તિઓની છે. તેઓ જે પરમ દિવ્યચેતના સાથે. અતિમાનસ સાથે સંપર્કમાં આવ્યા અને એ અતિમાનસ તેમની ચેતનામાં નીચે આવ્યું અને માનવ ચેતનાને દિવ્યતાની સાથે જોડવાનું જે અભૂતપૂર્વ કાર્ય કરી ગયું તેની અદ્‌ભુતતા છે - આનું સ્પષ્ટીકરણ તેમના પુસ્તક સાવિત્રીમાં છે.

(મંત્ર) બન્ધનાત ત્રાયતે ઈતિ મન્ત્રઃ

મંત્ર દેવો સાથે અને દેવો મંત્ર સાથે એકબીજાથી અભિન્નત્વ ધરાવે છે. મંત્રનાં મૂળભૂત સોળ અંગો છે. ભક્તિઆસન, આચાર, પંચાંગસેવન, શુધ્ધિ, જપ, ધ્યાન, ધારણા, કીર્તન, દિવ્ય દેશસેવન, પ્રાણક્રિયા, મુદ્રા, હવન, તર્પણ, બલિ અને સમાધિ

હઠયોગ અને પ્રાણોપાસનાનો મૂળ આધાર મંત્રયોગ મનાય છે. પ્રાણદ્વારાજ નાદ ઉત્પન્ન થાય છે. અને નાદદ્વારાજ મંત્ર ઉત્પન્ન થાય છે. અનાહત નાદ થી વેદની ઋચાઓ, અપૌરૂષેય મંત્રો, મુદ્રાઓ ઈત્યાદિનાં વિવિધ અનુભવ થાય છે.

મંત્રના ભિન્ન શબ્દોનું ઉચ્ચારણ સુશુપ્ત ગ્રંથિયો પર, શક્તિકેંદ્રોપર ઝણઝણાટી અને સ્પંદન ઉત્પન્ન કરે છે અને એને જાગૃત કરી સાધકને શક્તિસંપન્ન કરે છે.

શબ્દો કંઠથી તાલૂપર્યતના ક્ષેત્રમાં ઉચ્ચારાય છે અને સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ પર પોતાનો પ્રભાવ જગાવે છે. જ્ઞાનતંતુઓ કેવળ મસ્તક સુધી સીમિત નથી પરંતુ આપાદ મસ્તક વ્યાપ્ત છે. કોઈ પણ દુખ, દર્દ અથવા વેદનાની અસર મસ્તક પર થાય છે. અને આપણે અરરર ઓ બોલી ઉઠીયે છીયે. આ ચિત્કાર કરાવનાર નસો હૃદયમાં હોય છે. શબ્દાર્થને લક્ષ્યાર્થ કર્યા વિના પણ ઉચ્ચારાતા મંત્રનો પ્રભાવ અવશ્ય પડે છે. શબ્દોનાં ઉદ્‌ગમસ્થાન ની આજુબાજુ એની અસર થાય છે અને સંસ્કારો રચાય છે. મંત્રના અર્થાનુસંધાનપૂર્વક જપ કરવાથી એ મંત્રનાં શબ્દોનો પ્રભાવ, મસ્તકની નસ, નાડીઓ અને સૂક્ષ્મ ગ્રંથિયો પર અચૂક પડે છે.

(ગાયત્રી) ગાયત્રી મહામંત્રમાં અંતર્ગત સૂક્ષ્મ શબ્દવિજ્ઞાનની રચનાની મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા છે. ગાયત્રી મહામંત્રનો શબ્દાર્થ અકલ્પ્ય, અકથ્ય અને અપાર છે. અને તેનો ભાવાર્થ તો એથી પણ અધિક શબ્દાતીત છે. ગાયત્રી મહામંત્ર પરબ્રમ્હ પરમાત્માનો નિર્દેશક, સાક્ષાત્કારની કેડીરૂપ અને મુક્તત્વની ચાવીરૂપ છે. આજ સુધી આં મંત્રની જેટલી ઉપાસના આ મંત્રની થઈ છે તેટલી કોઈ મંત્રની થઈ નથી. આ મંત્રની પાછળ

લાખો સાધકો નું સંકલ્પબળ છુપાયેલ છે.

ગુરૂગાયત્રી

ૐદક્ષિણમૂર્તે વિદ્મહે ધ્યાનસ્થાય ધીમહિ

તન્નો ધીશા પ્રચોદયાત

ધ્યાનમાં અત્યંત શાંતિપૂર્વક પ્રેમથી અને ધીરે ધીરે એવા ભાવમગ્ન બનો કે સહસ્રાધાર માં જેમાં સહસ્ર (હજાર) પાંખડીઓ છે. આ સહસ્ર કમળદળ ખોપરીની અંદર શિખાની પાસે આવેલ છે. કલ્પના કરો. ભાવના સેવો કે સહસ્ર પાંખડીનું એક નીલવર્ણુ કમળ છે વચ્ચે ગોળાકારમાં ઓમ છે. શ્વેતવર્ણા આ ઓમકારનું ભવભીના હૃદયે દર્શન કરો. ઓમકાર માંથી ઉદિત થતા બાલસૂર્ય જેવાં પ્રકાશવંતા અસંખ્ય મૃદુકિરણો, દિવ્યકિરણો આજૂબાજૂ રેલાઈ રહ્યા છે. આ દિવ્યરશ્મિનો તેજપુંજ પ્રકાશ મારા રોમરોમમાં પ્રસરી મારા દેહમાં બધાજ અંગોપાંગને પાવન કરી રહ્યો છે. પાપપુંજ દગ્ધ થઈ રહ્યો છે. આ ભાવના માનસિક વિચારોમાં એકરૂપ બનો. આ સમગ્રક્રિયા મનચક્ષુદ્વારાજ કરવાની છે. જયોતિર્ગમય ઓમકારમાંથી ચારેબાજૂએ તેજ કિરણો ફેલાઈ રહ્યા છે. એવા ૐકારનું પ્રણવનું પ્રકાશવંતુ દર્શન કરો.

ૐ ત્ર્યમ્બકં યજામહે સુગંન્ધિમ પુષ્ટિવર્ધનમ્

ઉર્વારુકમિવ બન્ધનાન્મૃત્યોર્મૂક્ષીય મામૃતાત્

જીવમાત્રનાં કલ્યાણકારી પોષક તથા પાલક અને મધુર ભગવાન ત્રિલોચન (શંકર) ને અમે પ્રાર્થિએ છીએ. જેવીરીતે ચીભડાંને તેનાં (વેલા સાથે નાં) બંધનોથી મુક્ત કરવામાં આવે છે, તેવી રીતે અમરત્વની પ્રાપ્તિ માટે મૃત્યુમાંથી (ભગવાન શંકર) અમને મુક્ત કરો.

માનસિક ગાયત્રી મંત્રલેખન પ્રયોગો:

સૂર્યાદયપૂર્વે શૌચસ્નાનાદિ થી શુધ્ધ થઈ સ્વાસ્થ અને પ્રસન્નમનથી એકાન્તમાં કુશનાં આસન પર, સુખાસન, સિધ્ધાસન અથવા પદ્માસન માં બેસો, અગરબત્તી પ્રગટાવી વાતાવરણ સુગન્ધિત બનાવી શાંતિથી ૧૦-૧૧ દીર્ઘશ્વાસ પ્રશ્વાસ લઈ આનન્દમગ્ન થઈ બેસો

આજ્ઞાચક્રમાં (બન્ને ભમરની વચ્ચે ઈડા પિંગળા અને સુષુમ્નાનાં મિલનસ્થલ પર) મધ્યમાં શ્વેતવર્ણ ૐકાર ને મનની કલમ વડે મનની શાંતીથી મનને મંત્રમય બનાવી, મનનાં નેત્રોથી નિહાળતા મંત્રલેખન શરૂ કરો. ઓમકારમાંથી પુનઃ પુનઃ ઝાંખી કરો. ઓમકાર નાં ઉપરનાં ભાગમાં સ્વસ્થતાપુર્વક સ્પષ્ટ જોઈ શકાય તેવીરીતે ભૂર્ભુવઃ સ્વઃ તત્ સવિતુર્વરેણ્યં ભર્ગો આટલો મંત્ર લખો ૐકાર નાં નીચલાભાગમાં દેવસ્ય ધીમહી ધિયોયોનઃ પ્રચોદયાત્ એમ મંત્ર લખી પૂર્ણ કરો.

ગાયત્રીમંત્ર લેખન શ્વેતવર્ણ અથવા નીલવર્ણથી થાય છે. એ સ્પષ્ટ જોવા પુનઃ પુનઃ અભ્યાસ કરો. માનસિક મંત્રોચ્ચાર કરતા રહો. ધીરે ધીરે અભ્યાસ વધતા પ્રાણ, મન, એકરૂપ બની શબ્દરૂપમાં કેન્દ્રિત બનશે. અંતરઆત્મારૂપી ભગવતી જગદમ્બાનું આ ઉત્તમપ્રકારનું ધ્યાન અને ચિંતન છે. આ માનસિક મંત્રલેખન દ્વારા કુંભક પ્રાણાયમ સ્વતઃ થશે. ધ્યાનમાં મનને વારંવાર યોજતા આનન્દ લહરો ઉપજશે. સાધનામાં પ્રગતિ થઈ અવનવા અનુભવો થશે.

(સૂત્ર) કંસની દાસી (કુબ્જા) ત્રણ બાજુએથી વાંકી (વક્ર) હતી જ્યારે તે કંસપક્ષી હતી, પણ જ્યારે તેની રૂચિ કૃષ્ણ તરફ થઈ ત્યારે તે રૂચિરાનના થઈ ગઈ. આપણે આપણામાટે નક્કી કરવાનું છે, કઈ ગતિ જોઈએ છીએ ?

(ગાયત્રી) અષ્ટધાતુથી નિર્માયેલ શરીરતો બધાના સરખાજ હોય છે. ભાવના અને વિચારોના સૂક્ષ્મશરીર

સાથેજ દ્વિજત્વનો સંબંધ છે. ઉચ્ચસંસ્કાર, ઉચ્ચ જીવનસરણી અને પ્રત્યેક કાર્યોમાં તેની ઝલક મહત્વનાં છે.

પંચતત્વનાં શરીરની ક્ષુદ્રતામાં ગણના છે. જ્યારે સત્‌સંસ્કાર અને બ્રહત્વતરફથી ગતિ, પ્રયાણજ, સંસ્કારજન્મ છે. પ્રાણિમાત્રમાં નિવસેલ આત્મજ્યોતિનું અનુસંધાન એજ ગાયત્રી ઉપાસના, ગાયત્રી ઉપાસના, સત્વશીલતા અને બ્રમ્હપ્રદાતા છે. ક્ષુદ્રતાભર્યા કાર્યો છોડાવી ઉચ્ચ કાર્યોમાં યોજે છે અને એટલેજ ગાયત્રી ઉપાસનાનો અધિકારી જીવમાત્ર છે.

ગાયત્રી મંત્રથી આત્મબળ ની વૃધ્ધિ થાય છે.

ભૂ: ભુવઃ અને સ્વ એ ત્રણ વ્યાહ્યતિ બ્રમ્હની પ્રબોધિકા છે.

ભૂ: વિશ્વની પ્રાણદાયી ચેતના "ભૂ:" છે.

ભુવઃ જેના પ્રભાવે સમગ્રસૃષ્ટી અને પ્રાણિમાત્રનું સર્જન થાય છે તે ભુવઃ છે.

સ્વઃ સર્વ સુખાસ્પદ તત્વ સ્વ છે. પ્રાણીમાત્રની શક્તિ સ્વઃ ના અંતર્ગત છે, સ્વઃ સ્વરૂપ છે.

ભૂ: ભુવઃ સ્વઃ - વિશ્વની બ્રમ્હશક્તિનું ત્રિગુણાત્મક નારી સ્વરૂપ હ્રીં કલીં શ્રીં - તે જ ભૂ: ભૂવઃ સ્વઃ છે.

ગાયત્રી, સાવિત્રી, સરસ્વતી - ત્રણ સ્વરૂપો ભિન્ન ભિન્ન કાર્યશક્તિ પ્રભાવે ગણાય છે.

યજ્ઞકાર્યમાં બાકી રહી જતી ત્રુટીઓ, દોષોનું પરિમાર્જન અને નિવારણ કરવાની ક્ષમતા અને સામર્થ્ય ભૂ: ભૂવઃ સ્વઃ માં હોવાથી વ્યાહ્યતિ કહેવાય છે.

યજ્ઞની અપૂર્ણતા ૐકાર અને વ્યાહૃતિઓની કારણે નિવારી શકાય છે.

મહામંત્રનાંત્રણ ચરણ, ત્રણ લોક, ત્રણ દેવ, ત્રણ અગ્નિ, ત્રણ ગુણ આદિનાં સમન્વયને ત્રિવિક્રમનામથી સંબોધાય છે. વિષ્ણુનાં ત્રણ ચરણ પણ તે જ છે.

વિચાર કરવાની શક્તિ આપીને ઈશ્વરીયશક્તિએ માનવને બધુ આપી દીધું છે.

માનવ વિચારદ્વારા દેવ બની શકે અથવા દાનવ

જેમ ખેતરમાં દાણા નાખીએ અને યોગ્ય સમયે તે એકનાં અનેક થાય છે. તેમ માનવનાં વિચારબીજ પણ યોગ્ય સમયે તદ્‌રૂપ ફલ આપે છે. સુખરૂપે અથવા દુખરૂપે સદવિચારનાં સેવનથી આજૂબાજૂ પુણ્યબળ અને પવિત્ર તરંગોનુ પરિબળ રચાય છે.

જ્યારે અસદવિચારો એટલેકે ચાડીચુગલી - પરદોષદર્શન, ઈર્ષ્યા, રાગદ્વેષનાં વિચારબીજોથી આજુબાજુ અશાંતિભર્યા કલુષિત તરંગો ફેલાય છે.

જડ અને ચેતન પદાર્થોમાંથી નિરન્તર આંદોલનો ને યથાર્થ રીતે ગ્રહણકરી, એ નિગૂઢ આંદોલનોને આત્મસાત કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકે છે ગાયત્રીમંત્રસાધક.

નિવૃત્તિ - એટલે વૃત્તિને વાળી લેવી તે - ઈન્દ્રીયોની સ્થૂલસૃષ્ટીમાં થી ઈન્દ્રીયોને વાળી લેવી - અને વાળી લીધા પછી અમુક સ્થળ છે તે હરિ અને તેનું આ જગત (જગત કલ્યાણનાં કામો કરવાં)

(ભાગવત) શ્રીમદ્ ભાગવત - કરસનદાસ માણેક, નવભારત સાહિત્ય મંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ).

વેદ સમજવા જેટલી શક્તિ કે ફુરસદ જેનામાં નથી તેવાઓ માટે વ્યાસજીએ ભાગવત્‌ની રચના કરી - મહાભારત અને ગીતાની રચના કર્યા પછી પણ જ્યારે વ્યાસજી એ શ્રીમદ્ ભાગવત લખ્યું ત્યારેજ તેમને તૃપ્તતાનો અનુભવ થયો. ભાગવત ભક્તિપ્રધાન ગ્રંથ છે.

જેમ ફૂલ પોતાની સુવાસ પસરાવ્યા વિના રહી ન શકે તેમ જ્ઞાનીઓ માટે જ્ઞાનને કર્મમાં પરિણીત કરવું એટલુંજ સહજ હોવું જોઈએ. જ્ઞાન અને કર્મને જો ભક્તિનો સાથ મળે તો પરમને પામી શકાય.

અર્જુનને વિષાદને લીધે ગીતા મળી

અર્જુનનો પ્રશ્ન હતો એણે શું કરવું.

કૃષ્ણનાં પૌત્ર રાજા પરીક્ષિત જે ધર્માનુરાગી, ધર્માચરણ કરનાર છે. પણ એક ક્ષણ માટે જે વિવેક ચૂકે છે અને શમિક ઋષિના પુત્ર શૃંગીથી શાપિત થાય છે, તે પરીક્ષીત નાં પશ્ચાતાપનાં વિચારથી તેમનાં મનમાં ઉદ્‌ભવેલ પ્રશ્નનાં ઉત્તરરૂપે ભાગવત પ્રાપ્ત થયું. તેમનો પ્રશ્ન છે - મૃત્યુ જેનાં જીવન સાથે જોડાયેલ - તેવા માનવીએ શું કરવું? (શું કરવું શું ન કરવું ?) (શું સાંભળવું - શું ન સાંભળવું?) શું ભજવું, શું તજવું ? શું યાદ રાખવું? શું ભૂલવૂ ?

પ્રશ્ન ઉદ્‌ભવેલ છે ક્યારે ?

માનવીનાં મનમાં મૂઝવણ થાય છે, ત્યારે તેને પ્રશ્ન ઉદ્‌ભવેલ છે. પણ મૂંઝવણ થાય ક્યારે ? જ્યારે એ વિચાર કરે, ચિત્ર ત્યારે વિચાર પણ ત્યારે જ આવે જ્યારે તે ઈન્દ્રિયોનાં નશામાં ચકચૂર બની મૂઢ ન બન્યો હોય.

માણસની વિચિત્રતા એ છે કે પોતે પોતાની સાથે અનન્તકાલથી રહેતો આવ્યો હોવા છતા, પોતાને પૂરેપૂરો ઓળખતો નથી. પોતાની જાતમાં ઉંડા ઉતરવાની એને ટેવ જ નથી. ઉંડે ઉતરે તો પણ પોતાની જાતને જોવાની તટસ્થ અને તેજસ્વી દ્દષ્ટી નથી. તે પોતેજ પોતાનો આરોપી છે. વકીલ છે અને જજ પણ પોતેજ બની પોતાનાં ગુનાહીત કૃત્યો બદલ, પોતેજ દલીલો કરી. પોતાની જાતને નિર્દોષ ઠરાવી દે છે એટલે

જીવનમાં સહુથી મહત્ત્વની સાધના હોય તો તે પોતાની જાતને જોવાની, સમજવાની સાધના છે.

સાચા જ્ઞાનની પિપાસા હોય જ્ઞાન મેળવવાની ઝંખના હોય તેમણે,

"જેણે પોતાનાં જીવનમાં ઉતારેલું જ્ઞાન હોય તેવા ગુરુ પાસે જવું જોઈએ"

જ્ઞાની ને મન સંસાર - સરિસૃપ છે. જે હમેશા સરતો રહે છે. જ્યાં કશું પણ સ્થિર નથી - બધુ કાળની ગર્તમાં સમાઈ જાય છે અને કાળમાંથી જ ઉદ્‌ભવે છે - મહાદેવ જે પરમજ્ઞાની છે કાલાતીત થઈ ગયા છે તેઓ સર્પને ગળામાં પહેરે છે.

ઈશ્વર વગરની લક્ષ્મી - એટલે માયા, છેતરપિંડી, ઈશ્વર વગરની તાકત એટલે - રાક્ષસીપણું, અસુંરતા

ઈશ્વર વગરનું પાંડિત્ય - એટલે વાકપટુતા, પ્રપંચ, ઈશ્વર વગરનું રૂપ એટલે - ઈંદ્રિયોને ફસાવવા ઊભી થયેલી ઈન્દ્રજાળ જગતની તમામ સિધ્ધી - જેમાં ઈશ્વરસાથે ઓતપ્રોત નથી તે નિરર્થક છે. ઈશ્વર વિહોણું જે કંઈ છે - તે બધું અસદ છે મિથ્યા છે, શુકંદેવજી રાજા પરીક્ષિતને કહે છે - હે રાજા, મૃત્યુના ભયથી નિર્ભય થવું હોય તો, એકજ રસ્તો છે - ઈશ્વર શરણ અને સ્મરણ. જીવ જાગ્યો ત્યારથી સવાર જીવન અવધિ ટુંકી છે - શું કરવું ? જૂના જગતનું શ્રાદ્ધ કરી, નવા જગતમાં જન્મ લે - ઘરનો મટી ઈશ્વરનો થા વિષયો માં થી ઈન્દ્રિયોને પાછી વાળી ઇશ્વરમાં પરોવ.

ગૃહાત પ્રવ્રજિત થઈ જવું.

શબ્દાર્થ થાય છે. ઘર છોડી સન્યાસી થઈને ચાલ્યા જવું. પણ ભાવાર્થ છે,

ગૃહ - વિરાટ અને આપણી વચ્ચેની જુદાઈ ની દિવાલને કહેવાંયુ છે. આપણી ભૌતિક, નૈતિક, વૈચારિક, અને અધ્યાત્મિક સંકુચિતતાઓનું એ બીજું નામ છે - એ ગૃહમાં થી પ્રવજ્યા લેવી એટલે આપણી તમામ વૈચારિક અને આચાર વિષયક સંકુચિતતાનો ત્યાગ કરી, વિરાટમય થવુ.

ધર્મ - ધારતિ ઈતિ ધર્મ

જે સમાજને ધારણ કરે. એને છિન્નભિન્ન થતો અટકાવે, તૂટી પડતો અટકાવે, આપસમાં અથડાતો, ભીંસાતો અટકાવે એ ધર્મ.

આપણે પોતાની પાર્થિવ જાતને ભૂલીએ નહીં ત્યાં સુધી ભગવાન પોતાની જાતને છતી કરતો નથી. ભગવાને બંસરી બધાને માટે વગાડી. જે ઉઠ્યા તે ગોપીઓ હતી. ન ઉઠ્યા તે અસુરો હતા. ગોપીઓ નાત-જાત, સમાજ, સંકુચિતતાનાં વાડા તોડી, કૃષ્ણની દીવાની થઈ દોડી.

મૂલાધાર ચક્ર - જનરેટર છે. વિવિધ ચક્રો મગજના જુદાં જુદા વિભાગો માટે નાં પ્લગ ઈન પોઈન્ટસ્ છે. કુંડલિની શક્તિ છે. દ્વારા સહસ્રારમાં શિવ (ડીવાઈન ફોર્સ) છે. કુંડલિની દ્વારા સહસ્રારમાં બેસેલ શિવ સાથે શક્તિ નું મિલન થાય અને યોગ અને તંત્રની મદદથી યોગી ઉચ્ચતમ જાગૃતી મેળવે છે.

યંત્ર - શરીર, મંત્ર - શક્તિ, તંત્ર - વિધી, કુંડલીની જાગૃતિ ની રીતો :

૧) પૂર્વજન્મનાં સંસ્કાર દ્વારા ૨) મંત્ર - મંત્ર શક્તિ મસ્તકનાપ્રવાહીને જાગૃત કરે ૩) તપસ્યા - ચિત્તનું શુધ્ધીકરણ ૪) ઔષધી - સોમરસ (ગુરુ - શિષ્ય પરંપરાથી) ૫) રાજયોગ - એકાગ્રતા, ધ્યાન. વ્યક્તિ જાગૃતિ ને અતિમાનસ જાગૃતિમાં ભેળવવી શ્રી. અરવિંદપ્રમાણે. ૬) પ્રાણાયમ - શ્વસન ક્રિયાઓ ૭) ક્રિયાયોગ - ગુરુ - શિષ્ય પરંપરા ૮) તંત્રમાર્ગ - સચોટ માર્ગ. સુષુમ્ના ની જાગૃતિ અને કુંડલિની નું સહસ્રાર પર પહોંચવુ એક સાથે. (ફક્ત ગુરુના માર્ગદર્શન હેઠળ) ૯) શક્તિપાત - (ગુરૂ થી શિષ્યને) ૧૦) પૂર્ણ શરણાગતિ (ભક્તિમાર્ગ), ઉર્ધ્વમૂલમ અધશાખા - મનુષ્ય શરીર એવું વૃક્ષ છે જેનાં મૂળ ઉપર છે શાખાઓ નીચે છે મસ્તક મૂળ છે.

તમારી અને અધ્યાત્મની વચ્ચે મન એક પૂલ છે. મન અને પ્રાણ એક બીજા સાથે આદાન પ્રદાન કરે છે. તમે જ્યારે ક્રિયાઓ કરો છો અને મનને જે કરવું છે તે કરવા દો છો તેના પર બળજબરી નથી કરતા, ત્યારે ઉર્ધ્વીકરણ સંભવે છે. પ્રાણ ઉપર સંયમ કરવાથી મનનો સંયમ થાય.

તંત્રશાસ્રમાં શરીરનાં શક્તિબિંદુઓ ને ચક્ર કહેવાય કે આ ચક્રોને કમળ ની પાંખડી ઉપર નું રૂપક અપાયું છે. કમળનુ ફૂલ ઉગે કાદવમાં પણ તેનાં ગુણ સતત પ્રયત્ન અને ચાહના થી પાણીમાંથી ઉપર ઉઠી જળહળીત થઈ સૂર્ય પ્રકાશ, પ્રકાશપ્રાપ્ત કરે છે. તેથી જ ચક્રોને કમળનું ચિન્હ આવવામાં આવ્યું છે અને વિશિષ્ટ રંગો ગણાયા છે.

મૂલાધાર ચક્ર - ગહેરે લાલ રંગ ૪ (પેટલ્સ)

સ્વાધિષ્ટાન ચક્ર - સિંદુરી રંગ ૬ (પેટલ્સ)

મણીપુર ચક્ર - ચમકતો પિળો ૧૦ (પેટલ્સ)

અનાહત ચક્ર - નીલો - ભૂરો ૧૨ (પેટલ્સ)

વિશુદ્ધી કેંદ્ર - રીંગણી ૧૬ (પેટલ્સ)

આજ્ઞા ચક્ર - સફેદ ૨ (પેટલ્સ)

સહસ્રાર ચક્ર - અનેક રંગોવાળો અથવા લાલ - ૧૦૦૦ દળ

દરેક ચક્રમાં ૬ ચીજોનો સમાવેશ થાય છે.

૧) ચક્રનો રંગ ૨) કમળની પાંખડીયો ૩) યંત્ર ૪) બીજ મંત્ર ૫) પ્રાણી (પૂર્વજન્મના સંસ્કાર) ૬) દેવ/દિવી (ઉચ્ચ જાગૃતિ)

મૂલાધાર ચક્ર મનુષ્ય શરીર માં શરૂઆતનું પહેલું ચક્ર છે. અને જાનવરમાં (પશુમાં) છેલ્લું ચક્ર ગણાય છે

મૂલાધાર થી નીચેનાં ચક્રો છે - અતલ, વિતલ, તલાતલ, રસાતલ, મહાતલ અને છેવટનું પાતાલ. પશુઓમા ઉર્ધ્વગમન પાતાલ થી મૂલાધાર સુધી થાય. મનુષ્યમાં મૂલાધારથી શરૂ થઈ ઉર્ધ્વગમન સહસ્રાર સુધી પહોંચે. પછી ની યાત્રા "લોક" ની શરૂ થાય - દેવયોની ની યાત્રાનું પહેલું પગથિયું સહસ્રારચક્ર બને છે.

માનવયોનિ માં દરેકનાં જુદા જુદા ચક્રો જાગૃત થયા હોય છે. માનવની આ યાત્રા ક્યાં સુધી પહોંચી છે (ક્યા ચક્રસુધી) તે જાણવા ગુરૂની જરૂર પડે.

(ગીતા) - ૧ લો અધ્યાય ૧ લો શ્લોક

ગીતાની ચતુશ્લોકી (૧) ૧ લો અધ્યાય, ૧ લો શ્લોક - કર્મણ્યેવાધિકારસે (૨) ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે (૩) ઉર્ધ્વમૂલઃ અધશાખા ૧૫ મો અધ્યાય (૪) યત્ર યોગેશ્વર કૃષ્ણ - ૧૬ મો અધ્યાય

વ્યાસે આ ત્રણ ઉપનિષદ, બ્રમ્હસૂત્ર, ભગવદ્ગીતાની પ્રસ્થાન ત્રયી બનાવી. આ ત્રણેય નો અભ્યાસ કરી તેનાં પર ભાષ્ય લખે તે આચાર્ય બને. ગીતાનો આધાર મહાભારતનો યુધ્ધ પ્રસંગ છે. અર્જુનને વિષાદ આવ્યો છે - વિષાદ દૂર કરવા કૃષ્ણ અર્જુન ને સમજાવતા ગીતા બોલે છે.

રામ - રાવણ યુધ્ધ - આર્ય વિરૂધ્દ અનાર્ય, કૌરવ પાંડવ યુધ્ધ - આર્ય વિરુધ્ધ આર્ય રામ - રાવણ યુધ્ધ - સંકુલ યુધ્ધ શ્રેણીનું ચતુરંગી સેનાનું રામ-રાવણ યુધ્ધ પછી કૌરવ પાંડવ યુધ્ધ ૧૦,૦૦૦ વર્ષ પછીનું છે ચતુરંગ - ચાર પ્રકાર નું સૈન્ય પાય દળ, રથ દળ, અશ્વ દળ, હસ્તી દળ, બન્ને પક્ષમાં દળો સામસામે ગોઠવાય પછી યુધ્ધ શરૂ થાય આનું વર્ણન આ શ્લોકમાં મળે છે.

"પ્રવૃત્તે શસ્રસંપાતે ..... મહીપતે"

ગીતા અધ્યાય ૧લો શ્લોક ૨૦ મો

યુધ્ધ શરૂ થઈ ગયું હતું પણ ત્યારે અર્જુને ભાગ લીધો નહોતો આ સમયમાં કૃષ્ણે અર્જુન ને ગીતા કહી છે. કૃષ્ણે અર્જુનને આપેલા બોધને વ્યાસમુનિએ શ્લોકબધ્ધ કર્યા, જ્યારે યુધ્ધ ચાલ્યું તેનાથી વ્યાસ વ્યથિત થઈ બદરી કેદારની ગુફામાં જતા રહ્યા અને ૩$^{૧}/_{૨}$ વર્ષ સુધી ત્યાં રહ્યા. કૃષ્ણનાં વિચારોને શ્લોકબધ્દ કરી ગીતા ની રચના કરી - કૃષ્ણનાં બોધ પર ૩$^{૧}/_{૨}$ વર્ષ ચિંતન કરી પછી ગીતા લખી. આમ ગીતા બે વાર જન્મી (૧) એક કુરૂક્ષેત્રનાં યુધ્ધ મૈદાનપર (૨) બીજું વ્યાસનાં ચિંતન બાદ કૃષ્ણના વિચારોનું વિસ્તરણ કરી ગીતા લખાઈ છે. આંખજોઈને માણસનાં મનની હિલચાલ પામી જનાર હનુમાન ઈંગિતજ્ઞમ હતા.

(સૂત્ર) ત્રણ પ્રકારનું જીવન (૧) પથ્થર પરની લકીર - તામસ (૨) રેતી પરની લકીર - રાજસ (૩) પાણી પરની લકીર - સાત્વિક આ ત્રણથી પર જાય તે ગુણાતીત - ગુણત્રયાતીત. પૂર્ણએ નિર્ગુણનું પ્રતીક છે. કૃષ્ણમાં બધું જ છે. કૃષ્ણકથા પૂર્ણમિંદ નું પ્રતીક છે. હૃદય ચક્રની પૂજા કરવા માટે ગુલાબનું ફૂલ વપરાય. જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન, જ્ઞાતા - જાણનાર, જ્ઞેય - જેને જણાવવાનું છે તે, જ્ઞાન - બોધ (આપણા આત્માનું રહસ્ય જણાય તે જ્ઞાન)

સાંખ્ય શાસ્ર - પુરૂષ અને પ્રકૃતિમાં ભેદ ની સમજ આપતું શાસ્ર. જીવ બ્રમ્હજ છે, અજ્ઞાન નું આવરણ દૂર કરવાનું છે. ભગવાન પોતાનાં અંતરંગ ભકતનેજ પોતાનું ઐશ્વર્ય બતાવે છે. અસ્તિત્વના અનુભવ માટે અહંકારને ત્યાગવાની જરૂરત છે. વસ્તુનો ત્યાગ નથી કરવાનો પણ વસ્તુ માટેની આસક્તિનો ત્યાગ કરવાનો છે.

રાધા - રસો + ધાવતી ઈતિ રાધા - કૃષ્ણ રસ તરફ જેની દોટ છે તે રાધા. બુધ્ધિ (જલતત્વ) ને કાંઠે જીવ અને શિવનું મિલન થાય. આ મિલન થવું એટલે રાસલીલા. ગોપીઓ નો અહંકાર છૂટ્યો એ આવરણ લીલા (વસ્રહરણલીલા) જ્ઞાનરૂપી કૃષ્ણ, કર્મજાળ ને બાળે.

સ્થૂલ દેહ માં વાસના સ્થૂલ રીતે રહે (અગ્નિથી બળે), સૂક્ષ્મ દેહ માં વાસના સૂક્ષ્મ રીતે રહે (તપથી બળે), કારણ દેહ માં વાસના સ્થૂલ રીતે રહે (જાર શ્રીકૃષ્ણ શરણ થી બળે), (અહીં કૃષ્ણ - જ્ઞાન)

બુધ્ધે આ ચાર વાત પર ભાર મુક્યો છે - (૧) મૈંત્રી (સુખ) (૨) કરુણા (દુખ) (૩) મુદિતા (પુણ્ય) (૪) ઉપેક્ષા (અપુણ્ય), આપ્રમાણે ભાવના કરો. કૃષ્ણ અર્જુન જ્યારે રણમાં આવ્યા ત્યારે કૃષ્ણે અર્જુનને દુર્ગા સ્તોત્ર બોલવા કહ્યું. દુર્ગા પ્રસન્ન થયા (રક્ષા કરે). ઉર્જાનું વાહક જલતત્વ છે. (ઉર્જામાં તરલતા રહે તો વહેતી રહે નહિતર જડ થઈ જાય - હું પોતે કોણ છું ? તેનું ભાન કરાવે તે ધર્મ. સન્યાસ લેવા માટે મર્યાદા પાળીને પછી સન્યાસ લેવાય. ૧૨ વર્ષ ગુરુ પાસે રહેવાનું સન્યાસ લેનારનું નામ કુટિચક્ર - (ગુરૂની સેવા કરવાની કહે તેમ કરવાનું) ત્યાર બાદ ૧૨ વર્ષ પરિભમણં કરવાનું - તેનું નામ પરિવાજક ત્યાર બાદ એ હંસ કહેવાય. - મઠ વિગેરે ખોલવાનો અધિકાર પ્રાપ્ત થાય. હંસ અવસ્થા પૂરી થાય - પછી પરમહંસની પદવી પ્રાપ્ત થાય. પરમહંસને એક જગ્યા એ સ્થિર થવાનું, પરમહંસ બનો એટલે ચેલો બનાવવાનો નહીં. ગુરૂ બનવાનું નહીં કાંઈ જવાબદારી નહીં ચરણસ્પર્શ કરવાનો નહીં, કોઈને કરવા દેવાનો નહીં. ગુરૂ એક તત્વ છે.

(નિચોડ) વેદાન્ત - વેદનો છેડો, ઉપનિષદ - વેદનો સાર, જ્ઞાન નો નિચોડ રહસ્ય. પ્રસ્થાન ત્રયી - કૈવલ્ય, કેવલ, કેવલી, ઉપનિષદ, બ્રમ્હસૂત્ર, ગીતા, ચોથું ભાગવત. બ્રમ્હ (વિસ્તરણશીલ) - જેનું આદિ નથી અંત નથી - તેવું તત્વં બ્રમ્હ.  એક છું બહુ થાઉ (એકોડહં, બહુ શ્યામ) એવો સંકલ્પ એટલે જગતનું નિર્માણ. બ્રમ્હસૂત્રનાં અધ્યાય ચાર ... ચતુ:સુત્રી (૧) બ્રમ્હજિજ્ઞાસા, (૨) જન્માધ્યાસતા, (૩) શાસ્ત્ર યોનિત્વ, (૪) તત ત્ સમન્વયાત્

ઉપનિષદ ચતુસુત્રી - (૧) તત્વમસિ શ્વેતકેત્તો, (૨) અયં આત્માબ્રમ્હ, (૩) અહં બ્રમ્હાસ્મિ (૪) સર્વ ખલ ઈદમ બ્રમ્હ, ભગવદગીતાની ચતુસુત્રી - (સાંખ્યયોગ શ્લોક ૪થો) કર્મણ્યે વાધિકારસ્તે, મા ફલેષુ કદાચન, મા કર્મ ફલ હેતુ મા તે સંતગો સ્તુ અકર્મણિ આ કર્મયોગની ચતુસૂત્રી છે ૧) કર્મમાંજ તારો અધિકાર છે (ફળમાં અધિકાર નથી) ૨) કર્મનાં ફળમાં અધિકાર છે. પણ ફળમાં અધિકાર વાપરીશ નહીં ૩) ફળનો હેતુ રાખીને કર્મ કરાય નહી - તેટલું ધ્યાનમાં રાખ ૪) માટે કર્મ જ ન કરવા - તેવું કરીશ નહીં

ચતુર્થ પ્રસ્થાન - ભાગવત છે - બીજા સ્કંધમાં જ્ઞાનમાર્ગની ચર્તુસુત્રી છે. છઠ્ઠા સ્કંધમાં ભક્તિમાર્ગની ચતુસુત્રી છે (વૃત્રાસુર ચતુ:સુત્રી) આ બધાનો સાર બ્રમ્હસુત્રનું ચોથુ સૂત્ર માણસને બધામાં સમાતા આવડવું જોઈએ (વ્યવહાર જગતમાં સ્વીકાર) પરમાર્થ માં સમન્વય આ પરંપરા નાં આદિ બિન્દુ - વશિષ્ટ, શક્તિ. ટાગોર ગીતાંજલી - વિષ્ણુ પરંપરા - પરાશર - વ્યાસ - શુક, વશિષ્ટ - યોગ વશિષ્ટ (યોગનો દરિયો) શુક્રથી નાદ પરંપરા શરૂ થઈ (નાદ પરંપરા - કાનમાં મંત્ર આપવો) ગૌડપદાચાર્ય - શુકનાં શિષ્ય,

ગુરુગોવિન્દ, શંકરાચાર્ય.

શંકરાચાર્ય - પૂર્વનાં શાંકર ભાષ્યનાં પ્રકાર લખવાવાળા (૧) ભર્તુ પ્રપંચ (૨) ભર્તુમિત્ર (૩) ભર્તુહરિ (૪) બોધાયન (૫) ટંક (૬) બ્રમ્હાનન્દી (૭) ભારૂચિ (૮) દ્રવિડાચાર્ય (૯) સુન્દરપાંડવ (૧૦) ઉપવર્ષ (૧૧) બ્રમ્હદત્ત ૧૨) ગૌડપાદ. વિષ્ણુ સહસ્ત્ર એક કવચ છે જારણ મારણની અસર ન થાય.

ગૌડપદાચાર્યનું તત્વજ્ઞાન - એક જ ઉપનિષદ પર પૂરી મહેનત લીધી તે ઉપનિષદ એટલે માંડુક્ય ઉપનિષદ. માંડુક્ય ઉપનિષદનાં ૧૨ મંત્રો છે. (૨૧૫ કારિકા લખી) (૧) આગમ પ્રકરણ (૨) વૈતથ્ય પ્રકરણ (૩) (અદ્વૈત પ્રકરણ (અજાતવાદ) (૪) અલાત શાંતિ પ્રકરણ (ચાર ભાગ એક જ ચૈતન્ય સત્તાબધે વિલસે છે તે સમજણ આપી.)

આગમ - શ્રુતિ અને શાસ્ત્રોનાં આધારનું લખાણ (બોલાયેલું અને સાંભળેલુ). વૈતથ્ય. સત્ય - ન નિરોધો, ન ચોત્પત્તિ, ન બધ્ધો, ન ચ સાધકા, ન મુમુક્ષુ, નૈવ મુક્તા:, ઈત્યેશા પરમાર્થતા. આ સમજાય એટલે

પરમાર્થ સમજાય.

અદ્વૈત - ન કશ્ચિત જાયતે જિવ્હા, સંભવો, ન વિદ્યતે એતતુ ઉત્તમ સત્યમ્, યત્ર કિંચિત ન જાયતે

અલાતશાંતિ - મન ની રમત (મન ની અમન અવસ્થા પામવા ની છે.)

યોગમાયા - (વૈષ્ણવીમાયા) ભગવાનની સાથે જ રહે. માયાને કાબૂ કરવાવાળો ઈશ્વર

ઋચા - અક્ષરે પરમે વ્યોમન (આકાશ), ઋચા - અંતઃસ્ફૂરણાથી નિર્માણ થયેલી વાણી પદ્ય. પદ્યમાંથી ગદ્યમાં આવ્યું તે બ્રામ્હણ. જે ગ્રન્થોનો જન્મ અરણ્યમાં થયો તે આરણ્યક. આરણ્યક નો છેડો ઉપનિષદ પ્રપંચ દુન્યવી પ્રપંચમાં માણસ (જીવ) ને ખેંચનાર - શબ્દ, રસ, રૂપ, ગંધ, સ્પર્શ (૫) છે.) અશેષ (૧), શેમુષી (૨), મુષ (૩), માષમ (૪) શ્રૌમિ (૫) અશેષ, - સંપૂર્ણ, શેમુષી - બુધ્ધી, મુષ - ચોરી, માષ - અડદ, અશનાનિ - ખાઉં છું બ્રમ્હતત્વ - બ્રમ્હમાટેનું તત્વ - સંધિકાળની એક ક્ષણ રામપ્રહર. અભિજીતનક્ષત્ર - રોજ ૧૨.૨૦ થી ૧૨.૨૮ સુધી. બુધ્ધી નું ફળ (પરિણામે) આગ્રહ છૂટે છે. આત્મા એજ પરમાત્મા છે - એજ બિંબ પ્રતિબિંબ વાદ

ઈશ્વરનાં ૬ પગ છે.

ભગવાન જેલમાં કોટડી માં દેવકી સમ્મુખ ઉભા રહ્યા તે બે પગ વિષ્ણુરૂપે દેવકીએ સ્તુતિ કરી - દેવને પહેલા સ્તુતિ કરાય - હે ભગવાન તમારા શરણ કમલનો જે આશરો લે તેને મરણ નો ભય નહી અને જીવન સારૂં થાય. ભગવાનના ચરણમાં ગતિ છે - ગતિ હોય ત્યાં પ્રગતિ છે એટલે પુષ્ટિસંપ્રદાય માં ચરણ વંદના નું મહત્તવ છે.

દેવકીની સામે ઉભા રહ્યા તે બેપગ આધિ દૈવિક ચરણ છે. સ્તુતિ પૂરી થયા પછી વસુદેવ કૃષ્ણને ટોપલીમાં નાખી ચાલ્યા કૃષ્ણનાં ચરણસ્પર્શ કરી યમુના ઐશ્વર્યવાન થઈ કૃષ્ણચરણનાં ઐશ્વર્ય થકી ભગવાને પોતાનું ચતુર્ભુજ સ્વરૂપ યશોદાને દેખાડ્યું - દેવકીને આ લાભ પ્રાપ્ત થયો નહીં, એટલે હમેશા કૃષ્ણ મંદિરમાં યશોદાનું ચિત્ર હોય. અહીં આધિભૌતિક પગ. ભગવાનનાં બીજા બે પગ જે આધ્યાત્મિક પગ છે (૧) સત્સંગ (ભક્તિ) (૨) ભાગવત વાંચો (જ્ઞાન). જ્ઞાન માં ભેદનો નિષેધ હોય છે. નેતિ, નેતિ. ભક્તિમાં ભેદનો અભેદ થાય છે. માધવાતીર્થ અરબિંદોના શિષ્ય હતા. ભક્તિનું વ્યવહારમાં આચરણ તેજ પરાભક્તિ છે. ભક્તિનાં સાત ચરણ - (૧) શુભેચ્છા (૨) વિચારણા (૩) તનુમાનસા - શાસ્ત્રોનું વાચન, અને ગુરૂવાણી પ્રમાણે આચરણ કરવું. (૪) અસત્વાપત્તિ (૫) અસંશક્તિ (૬) પદાર્થભાવિની - આ અવસ્થાએ પદાર્થમાત્રનો ભેદનિકળી જાય ૭) તુરયગા - તુરયગા ચોથી અવસ્થા છે (જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ પછીની). તુરીય નો વ્યુત્પત્તિ અને સંકેત પરમ ધામ તરફ પહોંચાય ત્યારે તુરીયમ તુરીય માં થી માતા શબ્દ આવ્યો છે. મામ તુરીયતે ઈતિ માતા. સમાધિ તરફ લઈ જાય તે માતા. ભક્તોને સમાધિ તરફ લઈ જનાર યમુનાજી ચતુર્થપ્રિયા કહેવાય છે. તુરીયા પણ કહેવાય છે, અને મા સ્વરૂપે પૂજાય છે. ગોપીઓ કૃષ્ણનાં ચરણમાં સમાઈ ગઈ. ગોપીઓની રાસલીલા યમુના કાંઠે થઈ કારણ યમુના મુક્તીદાત્રી છે. ગોપીગીતનો ૧૯મો શ્લોક - ગોપીઓ ની દૃષ્ટિ છેલ્લે કૃષ્ણચરણ પર ગઈ અને તેમાં સમાઈ ગઈ. ચૈતન્ય મહાપ્રભુ - જગન્નાથની મૂર્તીમાં સમાઈ ગયા. મીરા - કૃષ્ણની મૂર્તિમાં દ્વારકામાં સમાઈ ગઈ. વલ્લભાચાર્યજી હનુમાન ઘાટ માં તેજનો લિસોટો થઈ ગયા. મુક્તાબાઈ અદેલાબાદમાં વિજળી થઈ ગયા - નિવૃત્તીનાથ ત્ર્યંબકેશ્વર નાં શિવલિંગ માં સમાઈ ગયા. આ ઈતિહાસકારોની આધિભૌતિક દષ્ટી થઈ - જેનું ભવિષ્ય નથી દેખાતું તે ત્યા પુરૂં થઈ જાય છે. ભક્તિની પરાકાષ્ટા જ્ઞાન છે. (ગંગા) (મગજ) જ્ઞાનની પરાકાષ્ટા ભક્તિ છે. (યમુના) (ચરણ). કાગડા ને એક કીકી છે આંખો બે છે એક જ કીકી થી બન્ને આંખ જુએ એને કાકગોલક દૃષ્ટિ કહેવાય. જ્ઞાનમાર્ગ માટે ગંગા પૂજ્ય, ભક્તિમાર્ગ માટે યમુના પુજ્ય, ભક્તિમાં ચરણસેવા, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ માં તત્વ એક જ છે. જ્ઞાન અને ભક્તિ બન્ને ભેગા થાય તો એક વૃત્ત પૂરો થાય છે. કુંડલિની ઉપર જાય ત્યારે સાવિત્રી - ચક્રોનું ભેદન પાછી નીચે આવે ત્યારે ગાયત્રી ચક્રોનું સમારકામ. ગાયત્રી થયા પછી વ્યવહાર જગત અને

પરમાર્થ જગતનું સંતુલન થાય છે.

શંકરાચાર્ય કહે છે - બ્રમ્હ સત્ય - જગતમિથ્યા બીજા બધા આચાર્યો જગતને મિથ્યા કહેતા નથી. ભામતીએ શંકરાચાર્ય ઉપર ભાષ્ય લખ્યું જે વધારે વિદ્વતાપૂર્ણ છે. ભામતી એ બીજા શબ્દો વાપર્યા છે મિથ્યા માટે દુનિયા - ભગવાનનું હાસ્ય તેમ કહ્યું છે - આનો સંદેશ કે તમે હસતા જીવો.

વિનોબા કહે છે - બ્રમ્હ સત્ય જગત સ્ફૂર્તિ. ઈશ્વરની સ્ફૂર્તિ (ચેતના) જગત થઈ - ક્ષીરસાગરને કાંઠે વિષ્ણુ એ નારદને ૫ દિવસ, ૫ રાત્ર આપેલો બોધ પાંચરાત્રબોધ કહેવાય છે. તેમાંથી બધા પુરાણો આવ્યા છે. ભગવાને ગીતા આપી - પોતાનું હૃદય આપ્યું અરવિંદ પરંપરામાં કહેવાય છે કે કોઈ પણ વિચારનો ઉદ્‌ભવ સ્થાન વેદ છે. વેદની ઋચાઓ સ્વયંભૂ છે હૃદયમાંથી ઉદ્‌ભવેલી છે. લગ્નનો આખો વિધી - હૃદયદાનનો છે.

જ્ઞાનદાન મોટું છે પણ તેથી મોટું પ્રેમદાન છે. ભગવાનને અતિપ્રિય ભક્ત હોય છે. ભગવાન ભક્તને પોતાનું હૃદય આપી દે છે. કૃષ્ણે ગીતા સ્વરૂપે અર્જુનને પોતાનું હૃદય આપ્યું આ દૃષ્ટિથી ગીતા જોઈએ તો મહાભારતને જોવાની દૃષ્ટિ બદલાઈ જાય - મહાભારતનું પાંચમાં વેદ તરીકે મહત્ત્વ જણાય.

અનસુયા - જેના મનમાં કોઈને માંટે અસૂયા રહે નહીં તે દત્તાત્રેય થાય - (આ રહસ્ય દત્તાત્રેયની કથા પાછળ છે). બ્રહ્મા - વિષ્ણુ - મહેશ - આદિ ગુરૂઓ છે - તેમને માતૃસુખ મળ્યું નહીં એટલે અનસુયાનાં બાળકો થયા દત્તાત્રેય રૂપે થયા. અધ્યાત્મની ભાષામાં વેદનો અર્થ પહેલો વહેલો અરબિંદોએ આપ્યો છે.

મિથ્યા - મિથા - એકસાથે મળવું - તેમાંથી જે ત્રીજું નિર્માણ થાય તે.

બે ભેગા થાય ત્યારે ત્રીજું જે નિર્માણ થાયું તે મિથ્યા. સાંખ્ય શાસ્ત્ર - પ્રકૃતિ અને પુરૂષ બન્નેને માને છે. માયા ને બ્રમ્હનાં સમાગમથી જગત ઉત્પન્ન થયેલ છે. વલ્લભાચાર્યજી નું શુધ્દ અદ્વૈતવાદ છે. ભગવાન પોતેજ દુનિયા થઈ ને વ્યાપ્ત થયેલ છે. (જગત પણ હું. બ્રમ્હ પણ હું. બ્રમ્હનું બ્રમ્હ પણું ક્યાંય જતું નથી જગતમાં સર્વત્ર વ્યાપ્ત છે જ દૃષ્ટિ ઉઘાડો તો દેખાય. એક નો અનેક થવા માટે માયાનો આસરો લેવો જ પડે (બીજ ફોતરા સાથે હોય તો જ અંકુરિત થાય) આ શંકરાચાર્યની ફિલોસોફી - માયાને માનવી જ પડે આ વાત વલ્લભાચાર્યજી ને માન્ય નથી - તેઓ કહે છે કે માયા - ઈશ્વરની જ એક શક્તિ છે. (ઇશ્વરની અન્ય શક્તિઓ - ઈચ્છાશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ છે.) માધવાચાર્યજી કહે છે - દ્વૈત ખરૂં છે અદ્વૈત ખોટું છે. ભગવાન - ભગવાન છે. જીવ જીવજ છે.

નિમ્બકાચાર્યજી - દ્વૈત પણ સાચું - અદ્વૈત પણ સાચું. દ્વૈતાદ્વૈત વાદ. અલંકારોપ્રિય વિષ્ણુ - જલધારા પ્રિય શિવઃ - ભગવાનને પ્રિય ભક્તોને પ્રભુએ પોતાનાં અલંકાર બનાવી હૃદયસરસા રાખ્યા છે. શંકરાચાર્યજી જગતને મિથ્યા કહે છે - મિથ્યા એટલે અનિર્વચનીય - જેનાં વિષે પૂર્ણપણે બોલી શકાય નહીં - દુનિયા ખરી પણ કહેવાય નહીં - ખોટી પણ કહેવાય નહી - સદ્ પણ નહી - બ્રમ્હ જેટલી સત્ય નથી (રાત્રે સુઈ ગયા પછી દુનિયા ખોવાઈ જાય છે.) અસદ પણ નથી - તેથી મિથ્યા જેના માટે તમે કહીં શકો નહીં આત્મા અનિર્વચનીય છે - કર્યા છે ? શું છે ? કહી શકાય તેમ નથી અનુભવો વિષય હોય છે.

માનવ શરીર રથ છે - ઈન્દ્રિયો તેમાં ઘોડા છે. - દરેક શરીરને સિધ્ધિઓ પ્રાપ્ત જછે - આપણને તેની જાગૃતી નથી - ધર્મરાજા ધર્મ નું રહસ્ય જાણી જીવતા હતા - હનુમાન પ્રાણતત્વ છે - તેમનામાં આ યોગની શક્તિ છે - હનુમાનજી અગિયારમાં રૂદ્ર કહેવાય છે - (શિવ નું સ્વરૂપ છે).

વલ્લભાચાર્યજી ના પુષ્ટીસંપ્રદાય નું વાસ્તવિક નામ રૂદ્ર સંપ્રદાય હતું - પુષ્ટી શબ્દ નો અર્થ અનુગ્રહ થાય છે. અનુગ્રહ - કૃપા - પુષ્ટી સંપ્રદાયનું બીજુનામ કૃપામાર્ગ છે. હવન પુરો થાય પછી ૩ શબ્દો બોલાય (૧) શાંતિરસ્તુ (૨) પુષ્ટિરસ્તુ (કૃપા ઉતારો) ૩) તુષ્ટીરસ્તુ (સંતોષ આવો) શમ - કલ્યાણ થાઓ - તમારા જીવનમાં તમે જે કરો તેનાં છેડે તમારૂં કલ્યાણ થાઓ - ભગવાનની કૃપા ઉતરો અને સંતોષ આવે.

બ્રામ્હણનાં મુખ્ય દેવ અગ્નિ છે. રુદ્ર સંપ્રદાય માં મુખ્ય દેવ શંકર છે. શંકર એટલે અગ્નિ. અગ્નિજ જીવનનું

કલ્યાણ કરે છે. શક્તિ ઘર્ષણથી ઉત્પન્ન થાય છે. - અગ્નિ જીવનની મુખ્ય શક્તિ છે. પુષ્ટી સંપ્રદાય એટલે ભગવાનનાં અનુગ્રહમાં જીવવાનું (૧) મહાપ્રભુ (વલ્લભાચાર્ય) - લક્ષ્મણ ભટ્ટનાં દિકરા (ભટ્ટ એટલે બ્રામ્હણ) સોમયજ્ઞ કરવો એ લક્ષ્મણ ભટ્ટની પરંપરા એટલે તેમની અટક સોમયાગી થઈ સોમ - સોમરસ - ચંદ્ર.

ઉમયા સહિતા સોમ - ઉમા સહિત ના જે છે તે શંકર. શંકર ભગવાનનું એક નામ સોમ છે. ઉમા - પાર્વતીએ શંકરને મેળવતા તપકર્યુ નીચે પડેલ પાંદડુ ખાઈ ને અનશન વ્રત કરેલ એટલે એક નામ અપર્ણા પડયું. પાર્વતી ની માતા - તેમને ખવડાવવા પ્રયત્નો કરે તેમને પાર્વતીના પાડે એટલે ઉમા નામ પડ્યું.

ચેતનામા વિસ્તાર જ શક્તિ કહેવાય - ઈશ્વરની શક્તિનું પ્રગટીકરણ સૂર્યમાં અને અગ્નિમાં દેખાયું. દેવનો આવિર્ભાવ અગ્નિકુંડ માંથી થયો છે. એટલે અગ્નિવેદીને ચાર ખુણા ની કલ્પના ચતુર્ભુજ સ્વરૂપે આવી છે.

કુંડલીની શક્તિ જાગૃત થયા પછી, કુંડલિની જ કામ કર્યા કરે તમારે કરવું પડતું નથી. વલ્લભાચાર્યજી મહાપ્રભુ કહેવાય પણ તેમનાં વંશજ ગુંસાઈ ગોસ્વામી, કહેવાય છે - વલ્લભાચાર્યજી ને બે દિકરા (૧) વિઠ્ઠલનાથજી (૨) ગોપીનાથજી (૩) દિકરી, વિઠ્ઠલનાથજીની વિદ્વતા + સાધુતાથી પ્રભાવિત થઈ અકબરે તેમને ગોસ્વામી ની પદવી આપેલ - એમની નિર્ણકશક્તિ (ન્યાયશક્તિ) અપૂર્વ હતી - વલ્લભાચાર્યજી નો ૮૪ સેવકો હતા ચૌર્યાસી વૈષ્ણવોની વાર્તા, વિઠ્ઠલનાથજીને ૨૫૨ સેવક હતા. વલ્લભાચાર્યજીના ૪ સખા વિઠ્ઠલનાથજીનાં ૪ સખા. વલ્લભાચાર્યજીનાં સંપ્રાદાયનાં ૪ પાયા આ ચારમાં વિઠ્ઠલનાથજી ના ૪ પાયા ઉમેરાયા - વિઠ્ઠલનાથજી ચિત્રકલા અને સંગીતનાં ખાં હતા. તેમનાં સાત દિકરા એટલે સાતઘર ની સેવા. વલ્લભાચાર્યજીનાં જ્ઞાન પર વિઠ્ઠલનાથની ટીકાનું નામ છે, વિદિન મંડન - સુબોધિની પરની ટીકા - નિબંધ પ્રકાશ વલ્લભાચાર્યજીએ સંપ્રદાય માં વિરહ રસને પ્રાધાન્ય આપ્યું. વિઠ્ઠલનાથજીએ સંપ્રદાયમાં સંયોગ રસને પ્રાધાન્ય આપ્યું. ખાયકી, ગાયકી ને પ્રાધાન્ય વિઠ્ઠલનાથજી દ્વારા અપાયું. ભક્તિમાં રસ ઉમેરાયો-

(ગણપતિ યજ્ઞ) ૧૮.૯.૨૦૦૨

ખજૂર, ખારેક, ખોપરૂં, ખસખસ, ખોયા (માવો), ખડી સાકર ના લાડૂ બનાવો.

પાંચ ખકાર ના લાડૂ નો યજ્ઞ ગણપતિ યજ્ઞ તરીકે થાય. દરેક વિચાર વસ્તુને જોવાની અનેક દ્દષ્ટિઓ હોય બ્રમ્હ અને દુનિયા ની વચ્ચે હું ક્યા - એ જોવા માટે ૬ દ્દષ્ટીઓ આપવામાં આવી આને ષટદર્શન કહેવાય છે. જ્ઞાન ને ક્યાંય અંત નથી - ગણપતિ વેદકાલીન દેવતા છે. વેદ માં નામ બ્રમ્હણસ્પતિ હાથમાં ફૂલો લઈને આ મંત્ર બોલાય - બ્રમ્હણસ્પતે બ્રમ્હણસ્પતિ - એટલે સભાપતિ (ગણોનાં પતિ) છે.

યોગ - સાંખ્ય સાથે જોડાયેલ છે - તંત્ર સાથે નહીં. ગણપતિ યોગશાસ્ત્રી તેમનાં બધા અંગો અંદરની તરફ વળેલા છે, પ્રત્યાહાર નો સંકેત આપે છે. દરેક ઈન્દ્રિયનો પ્રત્યાહાર કરો - સાંભળું છું તો સાંભળણાર કોણ છે ? આ જિજ્ઞાસાનાં આધારે અંતર્મુખી થવાશે. તંત્રમાં ગણપતિ - મૂલાધારમાં છે - અધ્યાત્મનિ તંત્રવિદ્યામાં અમુક ખાવુ, પિવું કરવાથી કુંડલિની જાગૃત થઈ શકે તે છે. કુંડલિનીનાં સાત ચક્રોછે. ચક્રો માટે ગ્રંથિ શબ્દ વપરાયો છે. ગ્રંથિ સ્ત્રાવ કરે (સીરમ છોડે) વિચાર પ્રમાણે સ્ત્રાવ છૂટે. નકારાત્મકનો નકારાત્મક,હકારાત્મક વિચારનો હકારાત્મક સ્ત્રાવ થાય.

આ પાંચેય ખકાર કુંડલિની જાગૃતીમાં સહાયક છે. આનો યજ્ઞ થવાથી જે ઘુમાડો આવે તે સૂક્ષ્મ રીતે સમષ્ટિનું કલ્યાણકરે કુંડલિની જાગૃત કરે છે. યજ્ઞમાં સ્વાહા અને સ્વધા બોલાય છે. સ્વાહા - સુ+આહા-સ્વાહા એટલે હાશકારો (સમાધાન થવું) સ્વધા - પોતાનું પણ કલ્યાણ અને સ્વાહા - સમષ્ટિનું કલ્યાણ અગ્નિ એટલે પુરોહિત છે.

પુરોહિત - જે યજમાન નું કલ્યાણ કરે તે પુરોહિત, અગ્નિ - દેવોની પુરોહિત છે. અગ્નિ શક્તિથી ભરપૂર છે. સર્વનું કલ્યાણ કરે - દેવોનાં અગ્નિ એટલે વિષ્ણુ છે. એટલે વિષ્ણુનુ આવાહન કરાય. અગ્નિનાં ૩૬ પ્રકાર છે. અગ્નિદેવોનું મુખ છે. - ઈડા, પીંગળા માં શક્તિ જ છે. સ્વધા - એટલે પોતાની ધારણા પાકી થવી, સ્વાહા - બધાનું કલ્યાણ થવું. સમાધિનો આનન્દ પણ આહા અનુભવ છે સમાધિનો આનન્દ શબ્દોમાં

બાંધી શકાય નહીં.

(વેદ) નિર્ગુણ ને સાકાર રૂપ આવતાનું કામ ઋગવેદે કર્યુ છે. ત્રિવિદ્યા - ઋગ્વેદ, યર્જુર્વેદ, સામવેદ, અથર્વવેદ - પાછળથી ઉમેરાયું - ષટદર્શનની દૃષ્ટથીજ વાસ્તવિક મૂલ્યાંકન કરી શકાય. કોઈ પણ વાંચન કરતી વખતે તમારા મન - બુધ્ધી તેમાંથી કંઈ સારૂ પકડે તેવો અભિગમ હોવો જોઈએ. પિનિયલ ગ્રંથિ માંથી જે સ્રાવ થાય તેમાં સેરાટોનિન તથા મેલાટોનીન બે પ્રકાર ના સ્રાવ આવે છે એ કુંડલિની જાગૃતિમાં સહાયક છે. તત્વમસી મહાકાવ્ય કહેવાય કારણ તેનો અર્થ ઘણો ઉંડો છે. આવા ચાર મહાવાક્યો છે, દરેક વેદમાંથી એક. પુરૂષાર્થ ચાર છે - યજ્ઞવેદી નાં ચાર ખૂણા - વિષ્ણુ ચતુર્ભુજ. તત્ (તે) તે એટલે જે છે તે જાણીએ. તે જે છે તે જ તમે છો.

યોગેન ચિતસ્ય, પદેન વાચામ્, મલમ્ શરીરસ્યચ્ વૈદ્યકેન, યો પાકરોતમ્ પ્રવરમ્ મુનિનામ્  પંતજલીમ્ પ્રાણલીઃ આનતોસ્મિ

પંતજલિએ યોગશાસ્ત્ર લખ્યા - યોગ લખીને જેણે ચિત્તનો મળ ઘોયો વાણીનો મળ ધોયો - વૈદક લખીને શરીરનો મેલ દૂર કર્યો, પાણિની અને પતંજલિ - બન્ને અફગાનમાં જન્મેલા - પતંજલિની માં નું નામ ગુણિકા - પતંજલિ નું વ્યાકરણ પર ભાષ્ય લખેલું છેલ્લું ભાષ્ય ગણાય છે.

વ્યાકરણમાં - શબ્દોનાં અર્થ ખેંચવાની શક્તિનાં ૪ રસ્તા છે, અભિધા, ભક્ષણા, વ્યંજના, તાત્પર્યા - આ ચાર વૃત્તિઓ માણસમાં છે.

અભિધા -  જે શક્તિ વડે તમારામાં અર્થ નું પ્રકટીકરણ થાયતે, વ્યંજન - શબ્દ જુદો હોય પણ બોલવાનું હોય બીજું (જુદો અર્થ નિકળે). બિંદુ પરંપરા - ગુરૂ નાં પુત્ર  - મઠાધીશ થાય, નાદ પરંપરા - યોગ્ય શિષ્ય ગુરૂ પરંપરા સંભાળે.

દંડકારણ્ય - (રામકાલીન) - ઋષિઓ - દ્વાપરમાં કૃષ્ણની ગોપીઓ બની અને કૃષ્ણ સાથે રાસલીલા થઈ. ઋષિઓ એ પરમ અવસ્થાએ પહોંચ્યા ત્યારે આ ઘટના બની - નિષ્કામ પ્રભુએ - ભક્તોની કામના પૂર્ણ કરવા યોગનો આશ્રય લઈ પ્રભુ સકામ થયા અને રાસલીલા કરી (રાસલીલા - રાસપંચાધ્યયી - ભાગવત દશમ સ્કંધ માં) જીવ-શિવ મિલન ની ઘટના).

(શબ્દ) ૧) સત - જિસકી કભી ઉપેક્ષા નહીં કી જા સકતી, જાગૃત સ્વપ્ન, સુષુપ્તિ, સમાધિ મેં મૈં હમેશા હૈ ૨) ચિત્ત - સત હૈ ઉસે જાનના ૩) આનન્દ - સત્, ચિત કી અનુભૂતિ આનન્દ હૈ.

(નચિકેતા) નચિકેતા યમ પાસે ત્રણ દિવસ રહ્યો તેને ખુલાસો?

કઠોપનિષદ - યમ - નચિકેતાની વાત યમ - આધિભૌતિકતા માં યમ - સંયમ, આધિદૈવિક દુનિયામાં યમરાજ - મૃત્યુનાં દેવ, અતિથી અગ્નિ સ્વરૂપ ગણાય - અગ્નિ બાળે - નચિકેતા ત્રણ દિવસ યમરાજનાં બારણે બેસી રહેલો - યમરાજે માનથી તેને અંદર બોલાવી સત્કાર કર્યો - બ્રમ્હજ્ઞાન જિજ્ઞાસા વગર મળતું નથી. અધિદૈવિક અર્થ - યમ - મૃત્યુનો દેવ. આધ્યાત્મિક અર્થ - માણસ નિરાશામાં નતમસ્તક હોય (નરક નો સંકેત). આનન્દમાં માથું ઉંચુ રહે - (સ્વર્ગ નો સંકેત). આત્મા જ તમારો નિયામક છે. આ ઈશ્વરનીજ ઈચ્છાશક્તિ છે. આ ઇચ્છાશક્તિથી જ આપણને અન્ન પાચન થાય. લોહી પરિભ્રમણ થાય. આત્મા જ્યારે નબળો પડે ત્યારે ઘડપણ આવવા માંડે (આત્મા થાકે ત્યારે) પોતાની બીકજ પોતાને ઘરડું બનાવે છે.

(સૂત્ર) વાયુનાં અવતાર ત્રણ - ભીમ, હનુમાન અને માધ્વાચાર્ય (૫માં ને છેલ્લા આચાર્ય)

શાંતિર્સ્તુ - કલ્યાણ થાઓ,  પુષ્ટીર્સ્તુ - ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત થાય,  તુષ્ટિર્સ્તુ - તમારા જીવનમાં સંતોષ આવે. અંજન - કાજળ - નિરંજન - જેની ઉપર કંઈ લેવાયુ નથી. પૂર્ણ પવિત્ર છે.

નિરપેક્ષ - નિઃ + અપેક્ષા - નિર + અપેક્ષા, નિર + અપ + ઈક્ષા, ઈક્ષા  એટલે જોવું,  નિઃ દૂર - અપેક્ષા

નથી, અપ - નીચે (અપઘાત, અપસર વિગેરે) અપેક્ષા કરવી - પોતાની જાત માં ઓછપ ગણો એટલે બીજા પાસે કંઈક માંગવું. એવી રીતે જીવો કે - બીજાને સુખી કરીના શકો તો કઈ નહી, દુખી કરો નહી. બીજાને સુખી કરવા પોતે દુખી થાવ નહી પોતે પણ સુખી થાવ - બીજાને પણ સુખી કરો. ધર્મનો અધિકાર - નીતિમત્તાવાળાને ધર્મનો અધિકાર હોય.

(મહાભારત) મહાભારત વેદ સાથે સંકળાયેલે છે, મહાભારત - ગીતાનો વિસ્તાર છે. સામાજિક દષ્ટિએ ગીતા મહાભારતનું સંક્ષીપ્ત રૂપ છે. ભીમ પ્રાણશક્તિનું ઘોતક છે. - વૃકોદર એટલે જેનું પેટ પીઠ ને મળ્યુ છે. (દુબળો છે.)

મહાભારત શું છે ? - નાલન્દા, તક્ષશિલા વાળાઓ એ આને પાંચમો વેદ કહ્યો છે. ઋગ્વેદ, યર્જુવેદ, સામવેદ, અથર્વવેદ અને પાંચમો વેદ મહાભારત આમ વેદ ત્રણ ગણાયા છે. ઋક, યર્જુ અને સામવેદ વેદ વેદનમ્ (જાણાવું). બુધ્ધી, મન, વાણી આ ત્રણથી જાણી શકાય - ત્રૈવેદી શરીર, વાણી અને મન થી માણસ કર્મ કરે છે. વ્યાસ એટલે વિસ્તાર કરવાવાળો (વેદવ્યાસ). શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂકિત, છંદ, જ્યોતિષ આ છ અંગો થી અભ્યાસ કરવાથી વેદ સમજી શકાય એટલે આ ષડઅંગ છે. દેવાની મૂર્તી બનાવનાર ઋગ્વેદ છે.

સાત વેદ - ૧) ઋગ્વેદ ૨) યજુર્વેદ ૩) સામવેદ ૪) અથર્વવેદ ૫) મહાભારત ૬) ષડઅંગ ૭) ગાયત્રી - પૂર્ણવેદ. કશ્યપની બે પત્નિઓ - ખંડનમાં માને તે દિતિ - દિતિનાં દિકરા દૈત્ય, અદિતી - અદિતીનાં દિકરા દેવો.

માધવાચાર્ય સંપૂર્ણ દ્વૈતમાં માનવાવાળા - બાળકૃષ્ણની પૂજા કરનાર (ઉડુપીમાં બાળકૃષ્ણની પૂજા છે). મહાભારત તાત્પર્ય નિર્ણય - માધવાચાર્ય (આમા આ વાત આવે છે). લોકમાન્ય તિલક ની ગીતા રહસ્ય - તિલકે ગીતાને પૂરણપોળી કહી છે (મિષ્ટાન્ન) - મહાભારતની રોટલીમાં ગીતાનું પૂરણ ભરેલું છે.

(તંત્ર) અરબિન્દોના ગુરૂ કાપાલી શાસ્ત્રી (તંત્રશાસ્ત્ર) (સિધ્ધીપરંપરાવાળા) જ્ઞાનેશ્વરનાં બાપા વિઠ્ઠલપંત - વિઠ્ઠલપંતના માતા નીરાબાઈ - તંત્રમાર્ગના વિદ્વાન નીરાબાઈની પરંપરા ગુપ્ત રહી. નિવૃત્તીનાથ ને આ તંત્રશાસ્ત્રનો અધિકાર પ્રાપ્ત થયો હતો - નિવૃત્તિનાથ નાં ગુરૂ ગૈનીનાથ સંપ્રદાયની એક પરંપરા નિવૃત્તીનાથ તરફથી આવી. જ્ઞાનેશ્વર પણ સિધ્ધમાર્ગીય પણ પ્રેમ માર્ગીય

(સૂત્ર) ધૃતરાષ્ટ્ર - મોહનું પ્રતિક (મોહ આંધળો હોય) ગાંધારી - મમતા - દોષ ન જુએ આંખે પાટા બાંધે (જોયુ ન જોયુ કરે) મમતા આવે ત્યાં ભેદ આવે - ભેદ હોય ત્યાં શંકા આવે, શંકા અશાંતિ લાવે. બર્હિયાગ (સ્થૂલ) , અંતર્યાગ (સૂક્ષ્મ)

(ભાગવત) ભાગવતનું બીજ ગાયત્રી છે. વૃક્ષનું નામ વેદ - વેદ વૃક્ષની ૪ મોટી શાખા (ચારવેદો) છેલ્લુ ફળ ભાગવત, જગતરૂપી વૃક્ષનું છેલ્લુ ફળ મોક્ષ છે. ભાગવતનો રસ પીવાનો છે, જીવનની અંતિમ ક્ષણ સુધી

નિરૂકત - આનાથી આગળ કંઈ કહી ન શકાય તે. નિઘંટુ - આમા બધા દેવોની માહિતી મળે (લેખક છે યાસ્કચાર્ય) કલ્પ - યજ્ઞની માપસર વેદી બનાવવનું જ્ઞાન, જ્યોતિષ ની છેલ્લી કડી ભૃગુ સંહિતા, શ્રી-શોભા, વૈભવ, કાંતિ. શોભા (બાહ્ય - આધિભૌતિક છે) કાંતિ (આંતરિક સૌંદર્ય) જેનું જીવન કાંતિમય છે તેનું બોલેલું બધું સૂક્ત (સારૂં) ગણાય, કથા (ભાગવતની કથા વિગેરે) કં - પરમાત્મા - જેના થકી મારા જીવનમાં આનન્દ થાય. જીવનમાં બ્રમ્હની સ્થાપના કરે તેનું નામ કથા. પરમાત્મા તત્વ એકજ છે. ભાગવત માટે શબ્દ છે અમૃતમ. ભાગવતનાં ૧૨માં સ્કંધ નાં ૪થા અધ્યાય ને ૧૪ માં શ્લોકની વાત અહીં જ્ઞાની સંતો - રાજાઓ ની વાત કરી છે જેથી જીવનમાં જ્ઞાન તથા વૈરાગ્ય પ્રાપ્ત થાય. ઈશ્વર ને ભોગ ધરાવ્યા પછી જે કણિકા ઉપર ભગવાનની અમી દષ્ટિ પડે તે પ્રસાદ બને.

મહાપ્રભુજી (વલ્લભાચાર્ય) કહે છે જીવનમાં ખરેખરો પ્રસાદ જ્યારે પ્રાપ્ત થાય ત્યારે જીવન આનન્દમય બની જાય છે. સાદ - ભગવાનની અમી દષ્ટી રૂપી કણિકા, સાદ, જીવનમાં લલિતા દેવી (શ્રીદેવી) ની કૃપા થી

પ્રાપ્ત થાય. પરમાત્મા અને જીવાત્મા જ્યાં મળે તે કથા વિજ્ઞાન વિશષ્ટિ જ્ઞાન (સંસાર નો થાક, ભગવદ્ કથા ઉતારે). રાત્રે સૂતી વખતે જાતને સવાલ પૂછવાનો છે હું આજ કેવું જીવી/જીવ્યો? સંતોષકારક જવાબ મળે તો જાણવું - સાદરૂપી કણિકા પ્રાપ્ત થાઈ છે. શ્રદ્ધા ચમત્કારનું સર્જન કરે છે.

(સૂત્ર) બધા દેવોનું મુળ તત્વ અગ્નિ છે. શરીર ની શક્તિ અલ્પ જ્યારે અગ્નિ મહાશક્તિ છે. શક્તિ, શક્તિની પૂજા કરે, યજત્રા - નિત્ય અગ્નિહોત્ર કરે તે, રામ - સાક્ષી ચૈતન્ય છે, વરૂણ - ઋતુનો દેવ છે.

સહસ્ત્રાર નાં કમળમાં ગુરૂ બેસેલ છે. ઈડા, પિંગળા અને સુષુમ્ના જ્યારે આજ્ઞાચક્રપર ભેગા થઈ (આંખ, માખ, પાંખ) ઉર્ધ્વગતિ કરે ત્યારે પરમાર્થ જગત દેખાય.

ગુરુને બે પગ ૧) આત્મા, ૨) પરમાત્મા. ગુરૂનાં બે છેડા ૧) સહસ્ત્રાર માં ૨) પગમાં, ગુરૂ બે કામ કરે એક - અજ્ઞાન દૂર કરે બીજું જ્ઞાન ભરે.

ગુરૂ પરંપરા - ૧) બ્રમ્હા ૨) વશિષ્ઠ ૩) શક્તિ ૪) પરાશર ૫) વ્યાસ ૬) શુક ૭) ગૌડપાદ ૮) ગોવિન્દ ૯) શંકરાચાર્ય ૧૦) માતાપિતા

બ્રમ્હાની બે પત્નીઓ ૧) સાવિત્રી ૨) ગાયત્રી, કશ્યપની બે પત્નીઓ ૧) દિતિ ૨) અદિતિ, બ્રમ્હ તત્વ સહસ્ત્રાર માં રહે, કુંડલિની માં બે છેડા ૧) ગાયત્રી ૨) સાવિત્રી. સાધનાની શરૂઆત સાવિત્રી થી થાય. સહસ્ત્રાર પર શિવ + સાવિત્રી ભેગા થાય ત્યારે ગાયત્રી બને. કશ્યપ એટલે પશ્યક - પશ્યક એટલે જોનાર. દ્રષ્ટા. એક દ્વૈત દર્શન, બીજું અદ્વૈત દર્શન, સર્વ જગત, એકજ ઈશ્વરનું સર્જન છે તેમ સમજવું એ અદ્વૈત. તેનાથી ઉંધુ જણાય તે દ્વૈત, અદિતિના સંતાનો આદિત્ય, દિતિના સંતાનો દૈત્ય

(સૂત્ર) ધર્મસિન્ધુ - લેખક કાશીનાથ - વિદ્વાન હતા, પણ ધર્મનાં નામે ઘણું ખોટું ઘુસાડુયં છે. શાલિગ્રામ ની અંદર રહેલી જીવાત ફકત તુલસીનાં પાન ખાઈ જીવે છે. દેડકાઓ સૂર્યની શક્તિ મેળવીને જમીનની અંદર લાંબો સમય રહી શકે છે. શાલિગ્રામ ની અંદર પ્રવાહી સોનું મળે જો તેની જીવાત તુલસીપત્ર ખાતી હોય તો. શાલિગ્રામભગવાન વિષ્ણુનાં પ્રતીક ગણાય છે.

(સૂત્ર) આત્મજ્ઞાન મેળવવા ઈચ્છુક સાધકે છ સંપત્તિ ધરાવવી જોઈએ. ૧) શમ (મનની શાંતતા ૨) દમ (ઈન્દ્રિયો નું દમન) ૩) ઉપરતિ (ઈચ્છા - કામનો ત્યાગ) ૪) તિતિક્ષા (સહનશીલતા - તપ) ૫) શ્રધ્ધા અને સમાધાન (માનસિક સંતુલન (સમત્વ)) ૬) મુમુક્ષુત્વ - (ક્ષણભંગુર સંસારનાં જન્મ મરણનાં ફેરા માંથી છૂટવાની મુક્ત થવાની તીવ્ર ઈચ્છા)

યદગત્વા નિર્વન્તે તદ્યામ પરમં મમ (ભગવદગીતા અધ્યાય ૧૫ શ્લોક ૫)

શ્રીકૃષ્ણ જે પરમધામ વિષે કહે છે તે છે, પરમધામ એટલે ઉપાધિરહિત નિર્વાણ. કામના સાથે કરાયેલા સુકૃત્ય - સ્વર્ગલોક અપાવે પણ પુણ્યકર્મો નો ક્ષય થતા, જીવે ફરી મૃત્યુલોકમાં આવવું પડે માટે જીવે મુમૂક્ષુ થવું પડે.

(સાધન ચતુષ્ટથ) કઠોપનિષદ - જ્ઞાન ના ચાર સ્તંભ છે.

૧) નિત્યાનિત્ય વસ્તુ વિવેક (વિવેકબુધ્દી) - (શું નિત્ય છે સનાતન છે, પરમાર્થિક સુખ આપનારૂં છે તેની જાણકારી, જડ, ચેતનમાં ફેર છે.) ૨) ઈહાપુજા ફૂલ ભોગ વિરાગ (તૃષ્ણાઓથી મુક્તિ) - (જડ ઈન્દ્રિાદિ દ્વારા ઊભો થતો સુખનાં આભાસ ની ક્ષણિકતા નું જ્ઞાન. ૩) શમ, દમ આદિ ધનસંપદા - શમ (મનમાં શાંતિ આવી જવી) દમ (ઈન્દ્રિયોપર વશ) ૪) મુમુક્ષત્વ

નચિકેતા આ સંપદાનો અધિકારી હતો એટલે તે યમરાજાનાં પ્રલોભનો નો અસ્વીકાર કરે છે.

(કર્મ) કર્મણ્યે વાધિકારસ્તે, મા ફલેષુ કદાચન ...

કર્મનાં ફળ માં તારો અધિકાર છે પણ ફળ માટે અધિકાર વાપરીશ નહીં. કર્મમાં અધિકાર વાપર. આંબો

કોઈએ વાવ્યો હતો ત્યારે આજે તુ કેરી ખાઈ શકે છે. બીજા માટે આંબો વાવ કર્મનાં ફળ નો અધિકાર છોડવાથી જ તારૂં કર્મ - કર્મયોગ બનશે. કર્મ જ કરીશ નહી અથવા કુકર્મ કરીશ - તેવી ભાવના ત્યજી દે.

(સૂત્ર) જીવન એવું જીવો કે તમારી ઉપસ્થિતિનો ભાર કોઈ ને જણાય નહી. અહંકાર રહિત થઈ ને જીવો. (ગણપતિ) મહારાષ્ટ્ર માં ગણપતિ - ગણપતિ નૃત્ય શાસ્ત્રી - જ્યોતિષ માટે ગણપતિ ઉપાસના, ગણપતિ વિવેકના સ્વામી, (નવરાત્ર) નવરાત્રી - ગુજરાત માં નવરાત્રિ - નવદુર્ગા (નવ દેવીઓ) (એકજ દેવીનું વિસ્તરણ) સત્વ, રજસ, તમસ, ઉત્પત્તી, સ્થિતિ, લય.

ગરબો - એટલે દીપગર્ભ - (ગર્ભનું અપ્રભંશ થઈ ગરબો બન્યો) જેનાં પેટમાં દીવો રાખ્યો છે તે. ઘટ એટલે દેહ, દીપ એટલે આત્મા, ઘટમાં કાણા - કર્મેન્દ્રિય છે. શરીરરૂપી માટીનાં ઘડામાંથી, આત્માનું તેજ પ્રકાશિત થાય છે. આનન્દની અભિવ્યક્તિ નૃત્ય અથવા સંગીત થી અભિવ્યક્ત થાય છે. આ શરીરમાં ઈશ્વરીય ચેતના નો સમાવેશ છે એ જાણી જે આનંદ થયો તેની અભિવ્યક્તિ ગરબા રાસ રૂપે થાય છે. (નૃત્ય, ગીતનાં સમ્મિલિત રૂપે) કુંડલિની શક્તિ ઉર્ધ્વગામી બને. જેમ દૂધને ઉભરો આવે છે એને ઉપર ઉઠે છે. આત્માની શક્તિનું જ નામ કુંડલિની છે. આ ઉભરો એક સંગીત છે.

આનંદનો ઉભરો પગમાં ઉતરે ત્યારે નૃત્ય બને, રાસગરબા નો સંબંધ કૃષ્ણ સાથે પણ છે. નવરાત્રિ, નવદિવસ શા માટે? નવ દેવીઓ (અંબા નું વિસ્તરણ) મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી આ ત્રણનાં ત્રણ ત્રણ દિવસ એટલે નવ દિવસ.

લલિતાના પિતા ઈન્દ્ર છે, અંબાજ લલિતા છે. જીભ ઉપર ગણપતી રાખો બધી ઈન્દ્રિયો પર ગણપતિનું સ્થાપન એટલે દરેક ઈન્દ્રિયનો વિવેકપૂર્વક ઉપયોગ, દ્વારમાં ગણપતિ સ્થાપન ઇન્દ્રિય નો અર્થ - ઇન્દ્રસ્ય ઇતિ ઇન્દ્રિય - યજ્ઞ વખતે (ઈદમ્ ન મમ) બોલાય છે - ઈન્દ્રને આનન્દ આપવા જેનું નિર્માણ થયું છે તે ઇન્દ્રિય. મન, બુધ્ધી, ચિત્ત, અહંકાર, મનશ્ચ, મંતવ્યમ્, મનન, બુધ્ધિશ્ચ બૌધનમ્ય, ચિત્તસ્ય, ચિંતવ્યમ્ (ચેતઃ) અહંકારશ્ચ અહમ.

મન,બુધ્ધિ, ચિત, અહંકાર - એકજ મનનાં ચાર ખુણા છે - બ્રમ્હા ચતુર્મુખી છે. જૈનો માને છે ચૌદ જગ્યાએથી વિદ્યા પ્રકટે છે. વિદ્યાના પણ ૧૪ સ્થાન અવિદ્યાનાં પણ ૧૪ સ્થાન (રામ વનવાસ ચૌદ વરસ માટે ગયા), સ્વયંભૂ - બ્રમ્હ ઈન્દ્રિયો બર્હિર્મુખ છે તેને અંર્તમુખ કરો - સરસ્વતી વિદ્યાની દેવી છે (માણસે વિદ્યાનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો જોઈએ, વિદ્યા અને વિવેક બન્ને તત્વોનો જીવનમાં ઉપયોગ કરવાનો છે.) ગણપતિ વિવેકના દેવ છે.

લલિતાદેવી ઈન્દ્રનાં તપમાંથી પ્રકટ થયા છે. ભન્ડાસુર ને ઉત્પન્ન કરનાર ગણપતિ ભન્ડા શબ્દ નો અર્થ - એક એવી ક્રિયા જેનો અર્થ કંઈ નહી, પણ અનર્થ ઘણો. જ્ઞાનયજ્ઞની જેમ તપ પણ એક યજ્ઞ છે. (તપોયજ્ઞ) યુદ્ધમાંથી શાંતિ નિપજે નહીં. માણસ જન્મથી ખરાબ નથી તેને સમજાવી સાચે રસ્તે લાવો. પ્રેમથી વશ થાય. આ મધુરા શક્તિનું રહસ્ય છે (લલિતાદેવી એ ભંડાસુર ને ચમેલીનાં ફૂલ અને શેરડીનાં સાંઠા થીજ વશ કર્યો) ચમેલી, એટલે મલ્લિકા, શરદઋતુમાં મલ્લિકા કુસુમ નું મહત્ત્વ છે. રાસલીલામાં પણ આ ફૂલનૂં મહત્વ છે. મધુરા ભક્તિ = કારૂણ્ય + મીઠાશ મધુરાભક્તિનું ક્રીમ છે ઉર્ધ્વીકરણ.

ભસ્મ - વિભૂતિ - ભભૂતિ. શંકરે કામદેવને બાળી નાખ્યો તે ભસ્મરૂપે સૂક્ષ્મ થઈ બધે ફેલાયો. રાસલીલા વખતે ત્રણ પુરૂષ હાજર હતા કૃષ્ણ, મહાદેવ, નારદ (મન) નારદ ત્રણેય લોકમાં ફરનાર અવતાર (હરડેનો અવતાર) કહ્યા છે. હરડે પેટનો મળ સાફ કરે -નારદ સમાજ નો કચરો સાફ કરે. કૃષ્ણની વાંસળી શંકર છે. (ગોપીઓ ને બોલાવવા વગાડેલ) રાસલીલા મધુરાભક્તિ નું પ્રતીક છે. ગોપીઓ કામાતુર થઈને આવેલી પ્રેમથી તૃપ્ત થઈને ગયેલી.

મન-અમન થાય, વિમનસ્ક થાય, ઉન્મનીય થાય (સિધ્ધ પરંપરા) દેવીક ગાંડપણ ઉન્માદી અવસ્થા - મધુરા

ભક્તિની ટોચ છે. મધુરાભક્તિના બે સંત ૧) રામકૃષ્ણ પરમહંસ - સ્ત્રી થઈ કૃષ્ણ ભક્તિ કરી, હનુમાન થઈ રામની ઉપાસના કરી ૨) ગુલાબરાવ બાબા (વિદર્ભમાં થઈ ગયા)

રાસલીલા પછી ગોપીઓ સૂક્ષ્મરૂપે થઈ કૃષ્ણનાં ચરણમાં સમાઈ ગઈ. ચરણમાં ગતિ છે. સારામાં સારી ગતિ ચરણમાં હોય છે. ગોપી કૃષ્ણ ચરણમાં શા માટે સમાઈ ? અંતકાલે જેવી ભાવના હોય તેવો જન્મ મળે - ગોપીની ભક્તિ કૃષ્ણ ચરણારવિંદની હતી એટલે "સ્તવ્ય તવ પાદ મૂલમ્".

જીવન માં લાલિત્ય આવે - નજાકત આવે - મનોહારીતા આવે - મીઠાશ આવે - મધુરાભક્તિથી, મધુરાભક્તિ અનૂભૂતિ આધારિત છે.

ક્લીં કૃષ્ણાય નમઃ - મધુરાભક્તિનો મંત્ર છે.

(યજ્ઞ) - ૨૨.૧૦.૨૦૦૨ આ જીવનમાં જે કંઈ કરો તે યજ્ઞ જ છે. દ્રવ્ય યજ્ઞ, તપયજ્ઞ, દાનયજ્ઞ, સ્વાધ્યાય યજ્ઞ, જ્ઞાનયજ્ઞ, આત્મયજ્ઞ યજ્ઞનાં બે પ્રકાર ૧) આંતર્યજ્ઞ ૨) બાહ્યયજ્ઞ

પ્રસ્થાનત્રયી - ૧) ઉપનિષદ બાદરાયણસૂત્ર (બ્રમ્હસૂત્ર), ગીતા ૨) રામાયણ, મહાભારત, ભાગવત ૩) તુકારામ, જ્ઞાનેશ્વર, એકનાથ આ આખા ભારતીય દર્શનને આવરીલે છે.

(સૂત્ર) નવદુર્ગા કોણ?

આત્મા અને આત્મા ની શક્તી - બ્રમ્હા, વિષ્ણુ, મહેશ

ગરબો - (ગર્ભદ્વીપ) - આત્માનાં પ્રકાશ માં ચૈતન્ય નૃત્ય કરે, સંગીત જન્મે. રાસલીલાની શરૂઆત શરદપૂનમને દવિસે થઈ છે. ચંદ્રની ૧૬ કળામાં એક કળા સાદ છે. સાદ એટલે આમંત્રણ. કૃષ્ણનો સાદ પડી જ રહ્યો છે. આપણા ગ્રહણ કેન્દ્ર એટલા લાગણીશીલ થયા નથી. જેણે આ ગ્રહણ કર્યો તે ગોપીઓ છે.

(પુસ્તક) શિવાનન્દજી ની પુસ્તકો માં ફિલોસોફી છે. અનુભૂતિને આધારે, અરબિંદોની પુસ્તકો માં રહસ્યવાદ છે. શિવાનંદજી ના શિષ્યો - ૧) તપોવનજી, ચિન્મયાનંદજી ૨) સત્યાનંદજી, નિરંજન - શિવાનંદજી લિખિત પુસ્તક માઈન્ડ શ્રેષ્ઠ છે.

(સૂત્ર) નીર ક્ષીર નો ભેદ કરતા આવડે એ હંસ (જડ, ચેતન, જુદુ, જાણી શકે)

આત્મકૃપા થાય તો ગુરૂકૃપા થાય - ગુરૂકૃપા થાય તો પ્રભુકૃપા પ્રાપ્ત થાય. પ્રભુકૃપા તો થઈ જ રહી છે. તેની ઓળખાણ ગુરૂ કરાવે છે. રોજ થોડી ગીતા વાંચો. નાથસમ્પ્રદાય ગુરૂગમ્ય માર્ગ છે કૃપામાર્ગ છે. નાથ સંપ્રદાય ને ઉભરો આવ્યો જ્ઞાનેશ્વરનાં સમયમાં, જ્ઞાનેશ્વરી ગીતા ની ઓવીઓ નાં સાડાત્રણ આંટામાં સંપૂર્ણ જ્ઞાન છે. ધૃતરાષ્ટ્ર ના સચીવ સંજય (દીર્ઘદષ્ટીવાળો)

ગવલગણનો દીકરો છે, સંજય. ગવલગણ - પરમજ્ઞાની સંજય માં વિસ્તાર કરીને રહસ્ય સમજાવવાની કળા હતી. (વ્યાસે સંજયને આ સંપત્તિ આપેલી) ત્રીજું નેત્ર ખોલવા ની ક્ષમતા સંજયમાં હતી આ ક્ષમતા નાથસંપ્રદાય વાળામાં હોય છે.

વેદ-ધ્યાન, ઉપનિષદ - જ્ઞાન, ભાગવત - પ્રેમ. હિન્દુસ્તાનના દરેક પંથોનાં સંપ્રદાય માં યોગ જોડાયેલ છે. ભગવદગીતા આખીયોગ આધારિત છે. યોગના વિભાગો - યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર (બર્હિ), ધારણા, ધ્યાન (અંર્ત) - સમાધિ તેનું ફળ. ધ્યાન જ પરિપકવ દશામાં સમાધિ છે - (ચિત્ત સમાધાનમાં, આનંદમાં રહે) એકાગ્રતાનુંજ બીજું નામ ધારણા (એકજ વસ્તુ પર ચિત્તવૃત્તી બાંધી રાખવી).

ગીતામાં ધ્યાન માંટે સંદર્ભ આવે છેઃ છઠ્ઠો અધ્યાય ૧૨ મો શ્લોક, આઠમો અધ્યાય આઠમો શ્લોક, બારમો અધ્યાય છઠ્ઠો શ્લોક, તેરમો અધ્યાય ચોવીસમો શ્લોક, અઢારમો અધ્યાય, બાવનમો શ્લોક આ શિવાય પણ આડકતરા સંદર્ભ ૩૦ વાર આવેલ છે. ધ્યાનનાં અનંત પ્રકાર - ધ્યાનથી વિષાદ દૂર થાય. બુધ્ધ ઈશ્વરને માનતા નથી. પતંજલિ થોડે અંશે માને છે. ઈશ્વરના અવલંબન વગર પણ ધ્યાન થઈ શકે. કપિલવસ્તુ નાં

રાજા શુધ્ધોધન અને રાણી માયાવતીનાં દિકરા ગૌતમબુધ્ધ. ગૌતમ એટલે શું? બુધ્ધનો જન્મ શાલ્મલી (શાલવૃક્ષ) નીચે થયો હતો. બુધ્ધ ના જન્મ પછી સાતમેં દિવસે માતા મરણ પામી - ધાઈમા ગૌતમીએ તેમનું પાલન પોષણ કર્યુ એટલે ગૌતમ બુધ્ધ કહેવાયા. બુધ્ધનો જન્મ માતાની ઉભી અવસ્થામાં થયો. જન્મીને બુધ્ધ ૭ પગલા ચાલ્યા. ભગવાનનાં પગમાં વિભૂતિ, ઐશ્વર્ય બધું છે. કૃષ્ણને ગોકુળમાં લઈ જવાતા હતા ત્યારે યમુનાએ બાલકૃષ્ણનાં ચરણસ્પર્શ થી આહોભાવ પ્રાપ્ત કરેલ. બુધ્ધ ધર્મ નાં અનેક ફાંટા પડ્યા - બધામાં ધ્યાનનું મહત્ત્વ છે - ૧) ફાલુનગોંગ - એક પ્રકાર ધ્યાનનો છે. ૨) ઝૈન બુધ્ધિઝમ ૩) વિપશ્યના ૪) તાઓધ્યાન.

ફાલુનગોંગ - ફાલુન - ધર્મચક્ર, ગોંગ - ગુણો અને શક્તિનો વિકાસ - ધર્મચક્રના પ્રવર્તનથી સમાજમાં ગુણો અને શક્તિનો વિકાસ થવો જોઈએ. ધર્મચક્ર ની કલ્પના સુદર્શન ચક્રમાં થી આવી છે. અશોક ચક્ર નું જ બીજું નામ ફાલોનગોંગ છે. (સુદર્શન ચક્ર - સારૂં જોવું)

આત્મારૂપી કૃષ્ણતત્વમાં એવી સંભાવના છે કે તે શરીરને ક્યાંય સ્પર્શ કરતો નથી પણ તેમ છતા બધે વ્યાપ્ત થઈને રહ્યું છે. ગોવર્ધન - જ્ઞાનનું વર્ધન થવું. હિન્દુ સંસ્કૃતિ બે પાયા પર ઉભી છે. ૧) મંદિરો ૨) સ્ત્રીઓ, મુસ્લિમો એ આ બે પર જ પ્રહાર કર્યા છે. વલ્લભાચાર્યજીએ વૈષ્ણવોને મંદિરની સેવા આપી, ધર્મ સાંચવવામાં મોટો ફાળો આપ્યો છે.

સુદર્શન ચક્ર - આપણી દૃષ્ટિ જો જાગૃત રહે તો સુદર્શન કરે. દૃષ્ટિ સારી રાખો તો બધે ઈશ્વર દર્શન થાય. વિપશ્યના - વિશેષ રીતે જોવું (પ્રાણાયામ કરવો) શ્વાસ પર ધ્યાન આપવું, વિચાર તમને તમારાતાથી દૂર લઈ જાય છે, તેને એક બિંદુ પર એકાગ્ર કરવો. જૈનોએ પ્રેક્ષાધ્યાન પર જોર આપ્યું છે (યુવાચાર્ય મહાપ્રજ્ઞ ની પુસ્તક છે.) લાડનૂ (રાજસ્થાન) માં ધ્યાનપ્રક્રિયા શીખવાય છે તેના ૬૦૦ કેંદ્ર છે. વિપશ્યના અને પ્રેક્ષાધ્યાન એક જ છે - મોટાભાગનાં રોગી માનસિક હોય છે - ધ્યાન અને મનની વ્યવસ્થા શીખવે છે, આના પ્રભાવે રોગો દૂર થાય છે. હકારાત્મક વિચારો કરો તો નકારાત્મક વિચારો આપમેળે બંદ થશે મનની કૂદાકૂદ છે ત્યાં સુધીજ તેની હાજરી છે.

કોયડા ઉકેલ પણ ધ્યાનનો એક પ્રકાર છે. અનાહતનાદ - એક હાથની તાળી છે. અંદરનો નાદ છે- તાલ, શિવ, શક્તિ નો મેલ છે. તા - તાંડવ - લ - લાસ્ય. વિચાર દૂર થાય તો નરી જાગૃતિ શિલ્લક રહે છે. જાગૃતિજ સાક્ષીભાવ છે.

જૈનધર્મનો પાયો અહિંસા છે. અહિંસા પરમોધર્મ અહિસા ચરમો ધર્મ અહિંસા પ્રથમો ધર્મ.

ધ્યાનમાં કઈ કરવાનું નથી - ફક્ત સ્વસ્થ બેસવાનું છે. નકારાત્મક વિચારો રોકશો તો હકારાત્મક વિચારો વધશે આને અનુપેક્ષા કહેવાય છે. વેદ માં જાત જાત ના ધ્યાનનું વર્ણને આવે છે. વિષાદ - વિ - ઉંધુ, સદ્ - બેસવું. નકારાત્મક વિચારો ઓછો થશે. હકારાત્મક વિચારો નો વધારો થશે, પછી હકારાત્મક વિચારો પણ બંધ કરો, નકારાત્મક વિચારોમાં પ્રભુદત્ત શક્તી નો વ્યય થાય છે.

ગીતા - બે જણા વચ્ચે નો સંવાદ (સમવાદ) છે - આમા વાદ નથી - વિવાદ નથી. તમારો જો તમારી જાત સાથે સંવાદ હશે તો બધા વિવાદ દૂર થશે. પાપ, પુણ્ય ની કલ્પના મનનાં સ્તર પર છે.

ધ્યાનાતિતઅવસ્થા અતિઉચ્ચ અવસ્થા છે. - ચિત્ત - વિત્ત - પિત્ત (શરીરનો એક જરૂરી અંશ) છે. અપચો અન્ન નો પણ થાય. વિચારોનો પણ થાય. રાત્રે સુઈ જાવ છો ત્યારે વિચારો બંધ થાય છે એટલે તાજા થાવ છો. આપણે સંસારને આપણી ઉપર લાદીને ફરીયે છીએ - ખંખેરતા શીખો.

ભગવદ ગીતા પ્રાસાદિક ગ્રંથ છે કારણ વિવાદ ને દૂર કરે છે.

યોગ - કલા, યુક્તિ, જોડાણ.

(સૂત્ર) કોડહમની (જીજ્ઞાસા) જિજ્ઞાસા થી સોડહમ (સિધ્ધિ છે) ની યાત્રાની શરૂઆત થાય.

ભક્તિમાર્ગ - સ્વીકાર નો માર્ગ છે - દરેક પરિસ્થિતિ ઈશ્વરની ઈચ્છા છે, તેવો સ્વીકાર ભક્તના હૃદયમાં આવે છે. જ્ઞાનમાર્ગ : અસ્વીકારનો માર્ગ અપનાવે છે - મન, બુધ્ધિ, ચિત્ત, અહંકાર, દેહ આ બધું હું નથી અને જ્યારે આ નેતિ નેતિ ની અવસ્થા આવે છે પછી સ્વ-સ્વરૂપમાં સ્થિતી આવે છે. (ચિદાનન્દ રૂપ શિવોહમ) જ્ઞાનમાર્ગમાં પરિસ્થિતીનો અસ્વીકાર કરી, પરિસ્થિતિથી ઉપર ઉઠે છે. ભક્તિમાર્ગ - પ્રેમનો માર્ગ છે. પ્રેમમાં સમર્પણ છે કારણ સમર્પણજ પ્રેમનો સ્વભાવ છે. અનાત્મ પદાર્થ - આત્માથી જુદુ તે અનાત્મ.

જીવનમાં સમાધાન થવું - સમ - ઈશ્વર

આધાન - ધારણ થવું (ગર્ભાધાન) જીવન માં ઈશ્વરનું જ્યારે તમારા ચિત્તમાં આધાન થઈ જાય ત્યારે સમાધાન પ્રાપ્ત થાય છે. સમાધાન (સંતોષ, તૃપ્તિ થવી). એક મ્યાન માં બે તલવાર ના રહી શકે. તેવીજ રીતે એક મન માં પ્રીતી અને અભિમાન એક સાથે ન રહી શકે. જ્યારે મન અભિમાનથી ખાલી થઈ જશે ત્યાં ઈશ્વરનો વાસ થશે.

ઘી અને મધ - બન્ને અમૃત છે, પણ સમભાગે લ્યો તો વિષ બને છે.

ઈન્દ્રિયો નું સંયમ, બુધ્ધી ની સમતા, પ્રાણી માત્રની સેવા ત્રણ સકારને જીવન માં ઉતારો.

સારૂં કામ તરતજ કરો. બુરૂં કામ એક દિવસ મુલવતી રાખો. (તમારૂં મન આ એક દિવસમાં બદલાઈ શકે.)

ૐ સર્વેષાં સ્વસ્તિર્ભવતુ ।
સર્વેષાં શાન્તિર્ભવતુ ॥
સર્વેષાં પૂર્ણ ભવતુ ।
સર્વેષાં મંગલં ભવતુ ॥

ૐ સર્વે ભવન્તુ સુખિનઃ
સર્વે ભવન્તુ નિરામયઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ
મા કશ્ચિત દુઃખભાગ ભવેત ॥

કર્મણ્યે વાધિકારસ્તે, માં ફલેષુ કદાચન ।
મા કર્મ ફલ હેતુર્ભૂ:, મા તે સંગોત્સવ કર્મણિ ॥

ૐકારં બિન્દુ સંયુક્તમ્ નિત્ય ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો મઃ ॥

મંગલમ્
ભૂમિ મંગલમ્ । ઉદક મંગલમ્ ॥
અગ્નિ મંગલમ્ । વાયુ મંગલમ્ ॥
ગગન મંગલમ્ । સૂર્ય મંગલમ્ ॥
સૂર્ય મંગલમ્ । જગત મંગલમ્ ॥
જીવ મંગલમ્ । દેહ મંગલમ્ ।
સર્વ મંગલમ્ । ભવતુ ભવતુ ભવતુ
સર્વ મંગલમ્ । ભવતુ ભવતુ ભવતુ

સર્વ મંગલમ્ । ભવતુ ભવતુ ભવતુ

વૃન્દાવન મેં ૩ પર્વત - બરસાના કા પહાડ - રાધા કા ગાંવ - બ્રમ્હ કા રૂપ
ગોવર્ધન કા પહાડ - વિષ્ણુ કા રૂપ
નન્દગાંવ કા પહાડ - શિવ કા રૂપ

ગણ - ગ + ણ. ગ - જેની મને ખબર પડી જે મને બધુ જડ્યુ, ણ - જે મને ખબર નથી પડીતે, જે મન અને બુધ્ધિ કરતા પરે ગયું તે. આના પતિ તે પરમાત્મા - બ્રામ્હણસ્વતિ - ગણપતિ. જ્ઞાત છે તે અને અજ્ઞાત પરમાત્માને મારા પ્રણામ.

પશાયદાન - જ્ઞાન દાન (જ્ઞાનેશ્વરી ગીતા)

જ્ઞાનેશ્વર પોતાનાં ગુરૂ પાસે પસાય દાન માંગે છે. (૧) દુષ્ટોની કુટિલતાનો અંત થાય (૨) જગતમાં લોકો સત્કર્મી બને ૩) જીવનમાં જીવમાત્રમાં પરસ્પરિક મૈત્રી ભાવ વધે.

ઈશ્કે મિજાજી - દુન્યવી પ્રેમ છે - ઈશ્કે હકીકી - પરમતત્વ પરત્વે નો પ્રેમ છે - (અનુભૂતિજન્ય છે). ઉંબરાનાં ઝાડમાં વિષહરણ શક્તિ છે. (ગુરૂદત્તાત્રયનો નિવાસ હોય છે.)

જો કર્મ, ફળ ની આશાવગર કરીયે, કર્તાભાવ વગર કરીએ તો કર્મ બાંધશે કોને? કર્તા છે જ નહી !! કર્તાભાવ, અહંકારની વિદાય થવી જોઈએ. સુખસંપતીમાં નથી શાંતિમાં છે. મહત્વકાંક્ષી થવુ ખોટું નથી, અસંતોષ ના થવો જોઈએ.

ચેતનાના સાત તબકડા છે :

(૧) જાગૃત (૨) સ્વપ્ન (૩) સુષુપ્તિ (૪) સમાધિઅવસ્થા (૫) તુરીય ચેતના (૬) તુરીયાતીત (૭) ભાગવત અથવા બ્રામ્હી ચેતના

મીરા કહે છે - ગગન મંડલ પે સેજ પિછાડી કિસવિધ મિલના હોય. આ બ્રામ્હી ચેતના જે સહસ્ત્રારમાં સ્થિત છે તેને મૂલાધાર સ્થિત કુંડલિની નો મેળાપ થવાની વાત છે. પરમાત્માનું અસ્તિત્વ - પરમાત્મા સર્વમાં છે અને સર્વત્ર છે તે દેખાતો નથી તે તેની મર્યાદા નથી - લીલા છે. વેદમાં ઊક્તિ - એકની હાજરી થી બીજાની હાજરી પુરવાર થાય છે. ખારાશમાં ઉગતી નાળિયેરી માં નાળિયેર માં મીઠુ પાણી કોણે ભર્યું? દાડમને કાપ્યા વગર અંદર દાણા કોણે ગોઠવ્યાં? આ કુદરતને નિહાળો - કળીમાં થી સુંદર પુષ્પ કોણે ખીલવ્યુ. ? ફૂલમાં સુંદર રંગ, સુગન્ધ કોણે મુક્યા? આ સુંદર પંખીઓનું સર્જન કોણે કર્યું? જેમ બાળક જન્મયું છે તો તેના માતાપિતા ક્યાંક તો છેજ તેમ આ સર્જન, આ જગત, આ વિશ્વ જે દષ્યમાન છે તેનો સર્જક ક્યાંક અદૃશ્ય થઈ બેઠો છે જ.

શ્રીમદ્ ભાગવતમાં વારંવાર વાંચવા જેવી મુખ્ય વાતો

૧) ચતુશ્લોકી ભાગવત ૨) કપિલાખ્યાન ૩) જડભરતનું વ્યાખ્યાન ૪) અજામિલ, પ્રહલાદ, અંબરીશ, વૃત્રાસુર, ગજેન્દ્ર મોક્ષ, ૫) દશમ સ્કંધ ૬) એકાદશ સ્કંધ ૭) બારમો સ્કંધ - ૪, ૫, ૬ અને ૧૩ અધ્યાય વારંવાર વાચીને મનન કરવા જેવા.

મંગલં ભગવાન વિષ્ણુ મંગલમ્ ગરુડધ્વજઃ

મંગલં પુન્ડરીકાંક્ષો મંગલાયતનં હરિઃ

એક ઘડી, આધી ઘડી, આધી મેં પુની આધ.

તુલસી સંગત સાધુ કી કટે કોટી અપરાધ.

મોક્ષ એટલે દુખની આત્યાન્તિક નિવૃત્તિ અને પરમ આનન્દની પ્રાપ્તિ.ચુનૌતિયાં મનુષ્ય કો નિખારતી હૈ, મુકાબલા કરો. શિવ તાંડવનાં ત્રણ પ્રકાર - ક્રોધમાં (૧) રૂદ્ર તાંડવ, (૨) નાદંત તાંડવ (૩) આનન્દ તાંડવ આનન્દ સમયે ભક્તોનાં હૃદયમાં શિવતાંડવ કરે છે. શિવરાત્રીના દિવસે ભક્ત - સદ્યોજટા (પૃથ્વી), અઘોરા (અગ્નિ), એષણા (આકાશ), વામદેવ (જળ), તત્પુરૂષ (વાયુ) નામનાં પાંચ મંત્રો દ્વારા શંકર ભગવાનનાં શરીરમાંથી શક્તિ અને ઉર્જા ગ્રહણ કરવા પૂજા કરતા હોય છે. પૂ. દામોદર શાસ્ત્રી નાં દાદાનાં ગુરૂ શ્રી. કળમકર - ત્ર્યંબકેશ્વર નાં હતા. કાલ કુંડલિની યોગનાં વિદ્વાન હતા.

(જ્ઞાન) - (૧) આ સંસારરૂપી, સનાતનવૃક્ષની એક પ્રકૃતિ આશ્રય છે, (૨) સુખ દુખ એ ફળ છે, (૩) ત્રણગુણ એ મૂળ છે. (૪) ચાર પુરૂષાર્થ એ ચાર રસ છે. (૫) પાંચ ઈંદ્રિયો જાણવા નાં સાધન છે. (૬) શોક, મોહ, જરા, મૃત્યુ, ભૂખ અને તરસ એ છ સ્વભાવ છે. (૭) સાત (ધાતુઓ) એ ત્વચા છે. (૮) પાંચ ભૂત અને મન, બુધ્ધિ અને અહંકાર આઠ શાખા છે. (૯) આંખ, નાક વિગેરે છિદ્ર (૧૦) દશ પ્રાણ એ વૃક્ષના પાન છે. તેમાં જીવાત્માને પરમાત્મા એ બે પક્ષી બેઠા છે.

ૐ નો દીર્ઘ ઉચ્ચાર મનોરાજ્ય પર કન્ટ્રોલ કરે છે.

ગ + ણ + પતિ - જ્ઞાત - અજ્ઞાત - આત્મા - જે જ્ઞાત છે તેને તથા જે અજ્ઞાત છે તેવા પરમઆત્માને નમસ્કાર છે. દેવીની પૂજા માટે શ્રીસૂક્ત બોલાય છે. શ્રીયંત્રનો અભિષેક કુમકુમ અર્ચન થી કરાય.

૧૦૮ પ્રસિધ્ધ ઉપનિષદ છે અને મુખ્ય ૧૮ છે. વિદ્યાઓ પણ અઢાર છે. આ વિદ્યાઓ ત્રણતત્વનું નિરૂપણ કરે છે. એક (બ્રમ્હ), શૂન્ય (જીવ) અને પ્રકૃતિનાં આઠ તત્વ (પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, મન, બુધ્ધિ અને અહંકાર). એકઠા થયેલ ત્રણેય તત્વોને આપણે બ્રમ્હાંડ કહીએ છીએ. બ્રમ્હાંડ માં સમસ્ત પદાર્થો સમાય છે. બ્રહ્મ સ્વયં બ્રહ્માંડ બનેલ છે. ઉપનિષદ ત્રણ તત્વોને સમજાવે છે. જીવ, જગત, અને બ્રમ્હાંડ ને સમજવા માટે, ઉપનિષદ સમજવા જરૂરી છે. જ્ઞાન, યોગ, ભક્તિ, સેવા વિગેરે સાધનો માંથી કોઈપણ એક સાધનનું અવલંબન લઈ પોતાનાં સ્વરૂપને સમજવા માટે પુરૂષાર્થ કરે તો તેને નિજ સ્વરૂપનો બોધ થાય.

મહર્ષિ રમણ - જિજ્ઞાસા હતી. કો અહમ્ ? સવારના ત્રણ વાગ્યે જંગલમાં જતા, ભગવાનને મળવા જાઉ છું. ભગવાનની સેવા કરવા જાઉં છું તેમ કહેતા. અખબારો એ આ વાત ફેલાવી. એક ઈસાઈ પાદરી ત્યાં પહોંચ્યા પૂછ્યું આ વાત સાચી છે ? ઉત્સુકતાવશ એ પાદરી બીજા પાદરીઓ સાથે સવારમાં ત્યાં ગયા જોયું તો શ્રી રમણ એક કોઢી દમ્પત્તિની સેવા કરી રહ્યા હતા. તેઓ એ કોઢી દમ્પત્તિમાં ભગવાનને જોતા હતા.

ભગવાનનો સ્વભાવ શું છે?

ભગવાન પરમમિત્ર છે. બધાનું હિત ઈચ્છે છે. જીવનમાં ઉતારો : પ્રેમ, નિષ્ટા, શ્રધ્ધા - ત્રણેય અચલ હોવા જોઈએ. સતત સાવધાન રહો ડગમગો નહી.

વરાહ અવતાર - વરાહ - વર + આહ - શ્રેષ્ટ દિવસ તમારા જીવનમાં સહુથી શ્રેષ્ટ દિવસ એ જ્યારે તમારા જીવનમાં સંતોષ આવે.

શ્રીકૃષ્ણનાં થઈને રહેવું તેજ મોક્ષ છે.

દક્ષની સોળ પુત્રીઓ (૧) શ્રદ્ધા - શુભ (૨) મૈત્રી - પ્રસાદ (૩) દયા - અભય (૪) શાન્તિ - સુખ (૫) તુષ્ટી - મોહ (૬) પુષ્ટિ - અહંકાર (૭) ક્રિયા - યોગ (૮) ઉન્નતિ - દર્પ (૯) બુધ્ધિ - અર્થ (૧૦) મેઘા - સ્મૃતિ (૧૧) તિતિક્ષા - ક્ષેમ (૧૨) હ્રી (લજ્જા) - વિનય (૧૩) મૂર્તિ - નર, નારાયણ (૧૪)
(૧૫) (૧૬)

દિગમ્બરા દિગમ્બરા શ્રીપાદ વલ્લભ દિગમ્બરા

દત્ત ભગવાનની આરતીનો એક ભાગ

દિવસ અને રાત્રિનાં મિલનને સૂર્યોદય અને સૂર્યાસ્તનાં સમયને સંધ્યાકાળ કહેવાય છે. અધ્યાત્મ દષ્ટીએ ભક્ત અને ભગવાનનાં મિલનને વાસ્તવિક સંધ્યા કહેવાય છે. જપ, ધ્યાન, સ્વાધ્યાય અથવા દેવપૂજા પૂર્વે સંધ્યા કર્મ કરવું મહત્ત્વપૂર્ણ ગણાય છે. દેવો ભૂત્વા દેવં યજેત. દેવ જેવા થઈને દેવની આરાધના કરો. એટલે કે સંધ્યા જેવા સત્કર્મ દ્વારા આત્મામાં ચૈતન્ય તેજસ્વીતા સ્ફૂર્તી અને સામર્થ્ય ઉત્પન્ન થાય છે.

સાક્ષીત્વ - જોવું પણ અનાસક્ત થઈને અનાસક્ત રહેવું. રાગ - આસક્તિ જોડવી. ગોકુળ - ગો (ઇન્દ્રિયો) નું પુર (નગર) - આપણા ગોકુળ (શરીર રૂપી શેહરમાં) જ્યારે કૃષ્ણનું અવતરણ થાય, પ્રાગટ્ય થાય ત્યારે આનન્દ જ આનન્દ છે. નંદ ઘેર આનન્દ ભયો.

(કલ્યાણ) મનુષ્યનું કલ્યાણ નિશ્ચિત કરવા આ નિયમો સહાયભૂત છે - (૧) ગુરૂ અને શાસ્ત્રનાં વચનમાં વિશ્વાસ રાખવો. (૨) ભગવાને કહેલા ધર્મોનુ આચરણ કરવું (૩) અધ્યાત્મ યોગની જિજ્ઞાસા રાખવી (૪) યોગેશ્વરોની ઉપાસના (૫) શ્રીહરિની પવિત્ર કથાઓ સાંભળવી (૬) ધન અને ઇન્દ્રિયોમાં સુખ માને તેવા સમાજની વાતો માં રસ ન લેવો અને તેમને પ્રિય લાગે તેવા પદાર્થોનો સંગ્રહ ન કરવો. (૭) એકાન્ત સેવન માં પ્રેમ રાખવો (૮) કોઈ જીવને કષ્ટ ન આપવું (૯) પરમહંસવૃત્તિ નો આશ્રય કરવો (૧૦) ભગવાનનું સ્મરણ કરવું (૧૧) કોઈ જાતની ઈચ્છા ન રાખવી.

(અષ્ટસિધ્ધી) અણિમા, મહિમાં ચૈવ, ગરિમા, લધિમા તથા પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશીચં, વશિત્વં ચાષ્ટ સિધ્ધદ

અણિમા - અણુ જેટલુ સૂક્ષ્મ થવું,

મહિમા - વ્યાસ થવું,

ગરિમા - વજનદાર થવું

લઘુમા - વજનહીન થવું

પ્રાપ્તિ - બધું મળે

પ્રાકામ્યમ્ - સારી ઈચ્છાઓ

ઈશીચ્યમ્ - ઈશ્વરીય શક્તિયો

વશીત્વં - વશીકરણ આવે

જે યોગીઓ આવી સિધ્ધિઓ માં ફસાય નહીં, તે મારા પરમપદ ને પામે છે.

(સૂત્ર) કર્મનો ધણી, પ્રમાતા (જનની) અહંકાર છે - તેનો નાશ કરવામાં આવે તો બધા કર્મનો અંત આવી જાય છે - જેમ કોઈ માણસને ત્રણ સ્ત્રી હોય અને તે વ્યક્તિ મરી જાય તો ત્રણેય સ્ત્રીયોમાં થી કોઈ સધવા રહેતી નથી. તેમ જો અહંકાર ને નાથી શકાય તો સંચિત ક્રિયમાણ અને પ્રારબ્ધ ત્રણેય કર્મનો અંત આવી જાય છે.

જીવ ત્રણ પ્રકારની એષણાઓમાં અટવાય છે. ૧) પુત્રેષણા ૨) વિત્તેષણા ૩) લોકેષણા

૧) પુત્રેષણા - સ્ત્રી પુત્રની ઈચ્છા, ધનની ઈચ્છા, કુટુમ્બનો સ્નેહ પ્રાપ્ત કરવાની ઈચ્છા, લોકોમાં મોટા થવાની ઈચ્છા

૨) વિત્તેષણા - ધ્રુવને સાક્ષાત ભગવાન વિષ્ણુના દર્શન થયા તોયે રાજ્ય મેળવવાનો સંકલ્પ દૂર થયો નહોતો.

૩) લોકેષણા - સતીને શંકર જેવું બ્રમ્હસ્વરૂપ પ્રાપ્ત થયું હોવા છતાં સગાનો સ્નેહ છોડી શકાતો નથી તે

લોકેષણાનું જોર બતાવે છે.

ૐ શ્રી ગુરૂવંદના

યત્રૈવ યત્રૈવ મનોમદીયમ્

તત્રૈવ તત્રૈવ તવસ્વરૂપમ્ ॥

યત્રૈવ યત્રૈવ શિરોમદીયમ્

તત્રૈવ તત્રૈવ પદધ્યમ્ તે ॥

ત્વમેવ માતાચ પિતા ત્વમેવ

ત્વેમવ બંધુશ્ચ સખા ત્વમેવ

ત્વમેવ વિદ્યા દ્રવિણમ્ ત્વમેવ

ત્વમેવ સર્વ મમ દેવદેવ

પુષ્પાંજલી

સુગન્ધિ મલ્લી શત પુષ્પજાતિ

સુગન્ધી ચંપા બકુલોદ્ ભવાની ।

ગ્રહાણિ પુષ્પાણી મયા અર્પિતાની ।

શ્રી જગદંબા શીર્ષા નમામિ ॥

ૐ શ્રી ગુરૂવે નમઃ, ૐ શ્રી પરમ ગુરૂવે નમઃ, ૐ શ્રી પરમેષ્ટિ ગુરૂવે નમઃ ।

શ્રી દત્ત વંદના
ૐ દ્રૌં શ્રી દત્તાત્રયાય નમઃ ૐ દ્રૌં
ૐ નમો ભગવતે દત્તાત્રેય
સ્મરણ માત્રે, સંતુષ્ટાય મહાભયં નિવારયાય
મહાજ્ઞાન પ્રદાયં ચિદાત્મને
દિગમ્બરા દિગમ્બરા શ્રીપાદ વલ્લભ દિગમ્બરા
(દત્તાત્રેય જાગૃતિ મંત્ર)

ભારતીય તત્વજ્ઞાનનાં અંગરૂપ ષડ્દર્શન એટલે (૧) સાંખ્ય ૨) યોગ ૩) ન્યાય ૪) વૈશેષિક ૫) પૂર્વમીમાંસા ૬) ઉત્તરમીમાંસા
વેદાંતનાં મુખ્ય નવ ઉપનિષદ (૧) ઈષોપનિષદ (૨) કેનોપનિષદ (૩) કઠોપનિષદ (૪) પ્રશ્નોપનિષદ (૫) મુન્ડકોપનિષદ (૬) માંડૂક્યોપનિષદ (૭) ઐતરેયઉપનિષદ (૮) છાંદોગ્ય ઉપનિષદ (૯) બૃદહારણ્યક ઉપનિષદ (૧૦) તૈતરીય ઉપનિષદ
શ્રીમદભાગવત માં ભક્તિનાં દ્વાદશ આચાર્યો (૧) ભગવાન બ્રમ્હા (૨) દેવર્ષિનારદ (૩) ભગવાન શંકર (૪) સનકાદિ કુમાર (૫) ભગવાન કપિલ (૬) મનુ (૭) પ્રહલાદ (૮) જનક (૯) ભીષ્મ (૧૦) બલીરાજા

(૧૧) શુકદેવ (૧૨) યમરાજા
વેદાનુસાર ત્રણ કાંડ (૧)કર્મ (૨) જ્ઞાન (૩) ઉપાસના
કર્મમીમાંસા ના બે દર્શન ગ્રંથ (૧) મહર્ષિ જેમિની નું પુર્વમીમાંસા દર્શન (૨) મહર્ષિ ભારદ્વાજનું કર્મમીમાંસા દર્શન
ઉપાસનાકાંડ ત્રણ ગ્રંથો (૧) આંગિરસ ( દૈવીમીમાંસા દર્શન) (૨) શાંડિલ્ય ભક્તિદર્શન (૩) નારદીય ભક્તિ દર્શન
જ્ઞાનમીમાંસા નાં બે દર્શન ગ્રંથ - ૧) કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ રચિત ૧) ઉત્તરમિમાંસાદર્શન (બ્રમ્હસુત્ર) ૨) સિધ્ધાંત દર્શન
જનરલ હેલ્થ સારી રાખવા માટે પીવાના ઉકાળાનો પાવડર
૧) પુનર્નવા - ૫૦ ગ્રામ ૨) કુડુ - ૫૦ ગ્રામ ૩) કરિયાતુ ૧૦૦ ગ્રામ ૪) લીમડાની અંતર છાલ ૧૦ ગ્રામ ૫) લીમડાની ગળો ૧૦૦ગ્રામ ૬) ગોખરૂ - ૧૦૦ ગ્રામ ૭) પીપરી મૂળના ગંઠોડા - ૫૦ ગ્રામ ૮) અર્જુન છાલ - ૫૦ ગ્રામ ૯) વાવડીંગ - ૫૦ ગ્રામ ૧૦) સૂંઠ - ૫૦ - ગ્રામ

અથ કરન્યાસ
ૐ સિધ્ધિલક્ષ્મી અંગુષ્ઠાભ્યામ્ નમઃ ।
ૐ હ્રીં વિષ્ણુહૃદયે તર્જનીભ્યાં નમઃ ।
ૐ કલીં અમૃતાનન્દે મધ્યમાભ્યાં નમઃ ।
ૐ શ્રી દૈત્યમાલિની અનામિકાભ્યાં નમઃ ।
ૐ તં તેજઃ પ્રકાશિની કનિષ્ઠીકાભ્યાં નમઃ ।
ૐ હ્રીં ક્લીં શ્રીં બ્રામ્હીં વૈષ્ણવીં માહેશ્વરીં કરતલ પૃષ્ટાભ્યાં નમઃ ।
અથ હૃદયાદિન્યાસ
ૐ સિધ્ધીલક્ષ્મી હૃદયાય નમઃ ।
ૐ હ્રીં વૈષ્ણવી શિરસે સ્વાહા ।
ૐ ક્લીં અમૃતાનન્દે શિખાયૈ વષટ્ ।
ૐ શ્રીં દૈત્યમાલિની કવચાય હુમ્ ।
ૐ તં તેજ પ્રકાશિની નેત્રત્રયાય વૌષટ્ ।
ૐ હ્રીં ક્લીં શ્રીં બ્રામ્હીં વૈષ્ણવી માહેશ્વરી અસ્રાયફટ્ ।

(સૂત્ર) ત્રણ લોક - ૧) ભૂલોક (પૃથ્વી) - તેનાં નિયામક (કન્ટ્રોલર) છે યમ (ભૂ) (૨) પરલોક - (પિતૃલોક) તેના નિયામક છે અર્યમા (ભૂવ) (૩) સ્વર્ગલોક - તેના નિયામક છે ઈન્દ્ર

તુલસીવિવાહ નું રહસ્ય - તુલસી વૃંદા (શુધ્ધ બુધ્ધી) જે જાલંધર નામના રાક્ષસ (માયામાં) નાં પાશમાં ફસાયેલ છે તેને પાશમાં થી છોડાવી વિષ્ણુ (આત્મા) સાથે જોડવી. જીવ અને શિવનું એક્ય થાય તેની યાદ અપાવવા માટે આ ઉત્સવ દર વર્ષે કરવામાં આવે છે.

તુલસી - પ્રભુની સામગ્રીમાં પધરાવાય છે - કારણ તુલસીનાં છોડને ફળ થતા નથી તેથી ફળની આશા વિનાનાં ભાવ સાથે પ્રભુને સામગ્રી ધરાય છે.

બ્રહ્મસંબંધ - સંબંધ - સમ + બંધન ઈશ્વરનાં ખોળામાં બેસવા તેની સાથે સંબંધ જોડો. તમે જો ભગવાનનાં પ્રેમમાં પડો, તેના થઈને રહો તો ભગવાન, તમે સંન્યાસી થયા કે નહીં, જ્ઞાન પ્રાપ્ત કર્યું કે નહીં - કંઈ જોવા ઉભો નથી રહેતો - સમયાતીત થઈ તમને અપનાવી લ્યે છે.